श्रीमद्

पंचदश गीता

मूळ श्लोक सहित

शुद्ध गुजराती भाषामां

घणाज सुधारा वधारा साथे

મહાત્મા શ્રીધર સ્વામીની

ટીકાને અનુસારે

છપાવી પ્રસિદ્ધકર્ત્તા

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર

ઠે. પાનકોર નાકા—અમદાવાદ

કીમત. રૂ. ૧-૮-૦

આવૃત્તિ ૨ જી   પ્રત. ૫૦૦

સંવત ૧૯૮૨   સને ૧૯૨૬

અમદાવાદ-શાહપુર વનમાળી વાંકાની પોળમાં
પટેલ હરિભાઈ દલપતરામે પોતાના
“ અન્ત્યોદય ” પ્રેસમાં છાપી.

સ્નેહ સમર્પણ

રા. રા. શ્રીમાન્

રામજીભાઇ ભાણજીભાઇ.

મુંબાઈ.

માનનીય મહાશય !

આપની ઉદારવૃત્તિ અને ધર્મકાર્યમાં શુદ્ધ ભાવના ભાળી આ લઘુ તો યે અમૂલ્ય ગ્રન્થ આપને સ્નેહપૂર્વક સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. આપનો સ્નેહાભિલાષી

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા એ નારાયણ અવતાર શ્રીવ્યાસજીના રચેલા અખિલ જ્ઞાનના ભંડાર રૂપ શ્રી મહાભારતનો એક ભાગ છે. કૌરવ પાંડવોના યુદ્ધના આરંભમાં સગાં સંબંધીઓની સાથે યુદ્ધ નહિ કરવું એવો જે અર્જુનને મોહ થયેલો તેનું નિવારણ કરવા તથા આ જગતમાં શું સત્ય છે અને શુ અસત્ય છે એનો બોધ કરવાના હેતુથી શ્રીકૃષ્ણે અર્જુનને આપેલો ઉપદેશ તે શ્રીમદ્ ભગવદ્‌ગીતા (શ્રીભગવાનના મુખથી નીકળેલા જ્ઞાનનું ગીત) છે. અત્રે શંકા થશે કે શ્રીમદ્ ભગવદ્‌ગીતા શ્રીકૃષ્ણે રચી છે કે શ્રી વ્યાસજીએ રચી છે? તેનો ઉત્તર એવો છે કે કેટલાક શ્લોકો વેદ તથા ઉપનિષદોનાંજ વાકય છે અને બીજા શ્રીકૃષ્ણના મુખમાંથી નીકળેલા

છે તેનો સંગ્રહ કરી તે શ્લોકની સંગતિ કરવાને માટે કેટલાક શ્રીવ્યાસજીએ રચેલા છે. એ રીતે શ્રીમદ્ભગવદ્ગીતાની રચના છે.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં આ સંસારનાં કર્મબંધનમાંથી મુક્ત થઇ મનુષ્યે પરબ્રહ્મની પ્રાપ્તિ કેવી રીતે કરવી તે જ્ઞાન બતાવેલું છે. આ હેતુ સિદ્ધ કરવાના ત્રણ માર્ગ કહેલા છે; કર્મયોગ, ભક્તિયોગ અને જ્ઞાનયોગ. શ્રીમદ્ ભગવદ્ગીતામાં અઢાર અધ્યાય છે; તેમાં પહેલા છ અધ્યાયમાં કર્મયોગ સમજાવેલો છે, સુખ દુઃખ તથા રાગ દ્વેષાદિ દ્વંદ્વની લાગણી વિનાનો થઈને ફળની ઇચ્છા રાખ્યા સિવાય કર્મ કરનારો કર્મયોગી કહેવાય છે, તેને કર્મનું બંધન થતું નથી અને તે જીવન્મુક્ત છે. એ કર્મયોગનું રહસ્ય છે. આ છ અધ્યાયમાં સાંખ્ય તથા યોગ સારી રીતે સમજાવેલા છે અને સંસારીઓથી યોગ થઈ શકે નહિ

એવો જે સાધારણ લોકનો મત છે તે અહીં ખોટો પડે છે અને સંસારની ખટપટમાં રહીને તથા ગમે તે સ્થિતિમાં હોઇને પણ મનુષ્ય યોગ કરી શકે છે એમ શ્રીમદ્ ભગવદ્ગીતામાં સિદ્ધ કરેલું છે. બીજા છ અધ્યાયમાં ભક્તિયોગ સમજાવેલો છે. પરબ્રહ્મમાં કોઇના ઉપર ના હોય એવી અપાર પ્રીતિને ભક્તિ કહેવાય છે. શ્રદ્ધાવાળા મનુષ્યને ભક્તિ કરવી કહેલી છે અને તેવો માણસ ભક્તિવડે સ્હેલાઇથી પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. છેલ્લા છ અધ્યાયમાં જ્ઞાનયોગ કહેલો છે. જે માણસ સંસારમાં ધર્માચરણ કરીને તથા સંસારના ભોગ ભોગવીને તેમાં વિરક્ત થઇ ગયો હોય અને તેને જો સંસાર ઉપર પ્રીતિ ન રહી હોય અને સત્ય સુખ અને ખરો આનંદ શો છે તે જાણવાની જેની ઇચ્છા થઇ હોય તેને માટે જ્ઞાનયોગ છે. તેમાં જીવાત્મા અને પરમાત્મા એમ આત્માના

બે ભેદ છે. તેમાં પરમાત્મા એ ઉત્તમ છે. ખરૂં જોતાં જીવાત્મા એ પરમાત્માથી જુદો નથી એવું સમજી જે માયાથી કરેલી ઉપાધિઓને સ્વીકારતો નથી તે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે અર્થાત્ તેમાં ભળી જાય છે. એ જ્ઞાનયોગનો સારાંશ છે. આ પ્રમાણે શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ત્રણ માર્ગ બતાવેલા છે; તે દરેક માર્ગથી મુક્તિ મળી શકે છે. એમાંથી મુમુક્ષુ પોતાની ઇચ્છા પ્રમાણે ગમે તે માર્ગ પકડે તો તેમાં કાંઇ બાધ નથી કારણ કે ત્રણે માર્ગનો આખરનો હેતુ મુક્તિની પ્રાપ્તિ અથવા પરબ્રહ્મની પ્રાપ્તિજ છે. શ્રીમદ્ ભગવદ્ ગીતાની રચના એવી છે કે સંસારમાં દરેક વિષયને લાગુ પડતું જ્ઞાન એમાંથી મળી આવે છે. ટુંકામાં કહીએ તો તે જ્ઞાનનો ભંડાર છે; તેમ છતાં પણ ગ્રંથ ઘણોજ નાનો છે. વળી સામાન્ય બુદ્ધિવાળો પણ એને સહેલાઇથી વાંચી તથા સમજી શકે છે અને બુદ્ધિમાં

પારંગત થયેલા તેને વાંચીને એમ અભિપ્રાય આપે છે કે એનું ખરૂં રહસ્ય તેઓ પુરેપુરૂં સમજી શકયા નથી. શ્રીમદ્ ભગવદ્ગીતાને માટે જેટલું લખીએ તેટલું ઓછું છે; છતાં જેમ "હાથનાં કંકણને આરસીની જરૂર નથી" તેમ આ સર્વમાન્ય ગ્રંથને માટે વધારે લખવાની આવશ્યકતા નથી. ટુંકામાં આખી પૃથ્વીના સર્વ સુધરેલા દેશોની ભાષામાં એનાં ભાષાંતર તથા ટીકાઓ થઈ તેની અનેક આવૃત્તિઓ થઇ ગઇ છે, એજ શ્રીમદ્ ભગવદ્ગીતાની મહત્તા સૂચવે છે.

પરિશિષ્ટ.*

દૈવી સંપત્નાં પાત્રોની સમજ.

પાંડુ એટલે વર્ણ રંગહીન-નિર્મળ વિવેકનું સ્વરુપ છે. તેને બે રાણીઓ છે. એક કુંતિ એટલે દિવ્ય વિભૂતિનું આકર્ષણ કરનારી શક્તિ **મતિ**; અને બીજી **માદ્રી**-એટલે ઉગ્રતાનુ શમન કરી શાંતિ આવેશ ચઢાવનાર-ક્ષમા. આ ક્ષમાને બુદ્ધિના બીજી શુભ વૃત્તિઓનાં ઉપલક્ષણરૂપ જાણવી.

એમાં મતિને ત્રણ પુત્રો થયા અને ક્ષમાને બે પુત્રો થયા; પણ તે વિવેકના સમાગમથી નહીંજ, કેમકે વિવેક કે જે નિત્યાનિત્યને પૃથક્ કરે તેનો જડ મતિ સાથે કે ક્ષમા સાથે સાક્ષાત્ સંબંધ સંભવે નહિ. માટે તે સ્ત્રીયોના પ્રાબલ્યવડે આકર્ષાયલાં પાંચ તત્ત્વોના સૂક્ષ્મ પરમાણુઓથી તેઓ ઉપજ્યા એમ નિરૂપણ કર્યું છે.

મતિનો મોટો પુત્ર **સદ્ધર્મ** એટલે અધર્મ સાથે સંગ્રામમાં સ્થિર રહેનાર તે-યુધિષ્ઠિર વ્યોમતત્ત્વથી ઉપજેલો છે. વચલો **સાહસ** એટલે અન્યને

---

*આ બાબત પૂજ્યપાદ મહારાજ શ્રીનથુરામજી શર્માની ભગવદ્ગીતા ઉપરથી લીધી છે.

ભયંકર લાગે એવું કર્મ કરી શકનાર તે-**ભીમ** વાયુતત્ત્વથી ઉપજેલો છે અને નાનો **મંદવિરાગ એટલે અર્જુન** શ્વેત તેજસ તત્ત્વથી ઉપજ્યો છે. ક્ષમાનો મોટો પુત્ર **ઉપશમ એટલે**-વિક્ષેપરૂપ સર્પનું ભક્ષણ કરનાર તે **નકુલ** જળતત્ત્વથી, ને નાનો પુત્ર **ભક્તિ એટલે સહદેવ**-[આત્મદેવની સાથે રહેનાર] પૃથ્વીતત્ત્વથી ઉત્પન્ન થયેલ છે. તેથી એ પાંચેમાં પોતપોતાના જનકનો સ્વભાવ પ્રધાનપણે વર્તે છે. વ્યોમતત્ત્વ બળવાન છતા સ્થિર સ્વભાવવાળું હોવાથી અને વાયુતત્ત્વ પરાક્રમી છતાં અતિ ચંચળ હોવાથી તે બંને જેમાં પ્રધાનપણે વર્તે છે, એવા સદ્ધર્મ તથા સાહસને યુદ્ધમાં મુખ્ય નાયકની જગ્યા નહિ આપતાં જેના મૂળમાં અલૌકિક આકર્ષણ શક્તિ રહેલી છે એવા મહા બળવાન અને નિયમિત પરાક્રમ દર્શાવનાર તેજસ્તત્ત્વથી ઉપજેલા મંદવિરાગને મુખ્ય યોદ્ધાની જગ્યા આપી છે દૈવી સંપત્તિના ખરા સહાય **આત્મદેવ (શ્રીકૃષ્ણ)** જ છે. માટે તેમને મંદવિરાગના સારથી કલ્પ્યા છે. સત્તાસ્ફુર્તિ આપવા વિના બીજી કાંઇ ક્રિયા નહિ કરનાર હોવાથી તે યોદ્ધારૂપે ગણાયા નથી. **આત્માભિમુખીવૃત્તિ**

(દ્રૌપદી-દ્રુપદ-એટલે શીઘ્રગતિવાળા-તીવ્ર વેગવાન-શુદ્ધપ્રેમ-ની પુત્રી) એ સદ્ધર્માદિ પાંચેની સામાન્યવૃત્તિ હોવાથી તેને પાંચેની પત્ની ઠરાવી છે, અને ઉદાસીનતા (સુભદ્રા-સારી રીતે કલ્યાણ કરનારી) તે મંદવિરાગની પત્નીરૂપેજ શોભે માટે તેને તેની (મંદવિરાગની) પત્ની કલ્પી છે. આત્માભિમુખીવૃત્તિને સદ્ધર્માદિ પાંચ ભાઈઓથી દિવ્ય શબ્દાદિના જ્ઞાનરૂપ પાંચ (પ્રતિવીંધ્ય, સુતસોમ, શ્રુતકીર્તિ શ્રુતકર્મ, શતાનિક ને શ્રુતસેન) પુત્રો થયા છે અને મંદવિરાગથી ઉદાસીનતાને પેટે સંયમ (અભિમન્યુ-ચારે ભણી પ્રકાશ કરનાર એક વિષયમાં થનારાં ધારણા, ધ્યાન ને સમાધિ) ની ઉત્પત્તિ થઈ છે. દૈવીસંપત્તિના સૈન્યની વ્યૂહરચના એકાગ્રતાએ (ધૃષ્ટદ્યુમ્ને-ઉગ્રજ્યોતિએ-અને કાર્યપણાનો તિરસ્કાર કરનાર પ્રકાશે) કરી છે, તે પણ યોગ્યજ છે. એ સેનામાં શ્રદ્ધા, (યુયુધાન-ચૈતન્યનો પ્રકાશ કરવાને અભિલાષવાન) વીર્ય-ઉત્સાહ, (ઉત્તમૌજા-જેનું ઉત્તમ બળ છે તે,) સ્મૃતિ, (ચેકિતાન-જાણનાર,) સમાધિ, (વિરાટ-વિશેષપણે આત્મામાં શોભનાર,) વિચાર,

(કાશીરાજા-પદાર્થોને પ્રકાશીને શોભનાર,) યમ, (ધૃષ્ટકેતુ-આપદાઓનું નિવારણ કરનાર,) નિયમ, (શૈબ્ય-શૈવ્ય-મંગળદાતા,) આસન, (કુંતિભોજ-દિવ્યવિભૂતિનુ આકર્ષણ કરનારી શક્તિનું પાલન કરનાર,) પ્રાણાયામ, (યુધામન્યુ-ચૈતન્યની અભિવ્યક્તિ કરવી એજ જેની ક્રિયા છે તે,) પ્રત્યાહાર, (પુરૂજિત-ઇંદ્રિયોના સમૂહને જિતનાર,) શુદ્ધપ્રેમ, (દ્રુપદ-શીઘ્રગતિવાળો-તીવ્ર વેગવાન,) ને શાંતિ, (શિખંડી-સર્પરૂપે વિષયવાસનાને ગળી જનાર,) એ મહા યોદ્ધાઓ છે. બને પક્ષની સેનાઓ ધર્મનું અનુષ્ઠાન થઇ શકે એવા સ્થાનમાં એટલે અધિકારી મનુષ્ય શરીરના હૃદયપ્રદેશમાં યુદ્ધ કરવા માટે સજ્જ થઇ હતી.

આસુરી સંપતનાં પાત્રોની સમજ.

મોહ (ધૃતરાષ્ટ્ર-શરીરરૂપી દેશને મમતાપૂર્વક ધારણ કરનાર અનાદિ સંસારાસક્તિ) એ આસુરી સંપતનો વડો છે. એને સારાસારના વિવેકરૂપ નેત્રો નથી, માટે તેને આંધળો કલ્પ્યો છે. તેના કામ (દુર્યોધન-દુષ્ટ રીતે યુદ્ધ કરનાર-મંદક્રિયાવાન) આદિ સો પુત્રો કહ્યા છે. એની સેનામાં અસ્મિતા

(ભીષ્મ-ચિરકાળ રહેનાર) સંસ્કાર, (દ્રોણ-દ્રવવાના સ્વભાવયુક્ત,) અવિદ્યા, (કૃપ-એક વસ્તુમાં અન્યની કલ્પના કરનાર,) રાગ (કર્ણ-પ્રવૃત્તિ કરાવનાર,) દ્વેષ (વિકર્ણ-અપ્રવૃત્તિ કરાવનાર,) અભિનિવેશ, (જયદ્રથ-અનુરાગ પામીને ઉત્કૃષ્ટરૂપ રહેનાર,) વાસના, (અશ્વત્થામા-સંચય થઇને રહેનાર સ્થૂળ શરીરના નાશથી નાશ નહિ પામનાર,) અશ્રદ્ધા (ભૂરિશ્રવા-જેનું બહુપણું સાંભળવામાં આવે છે તે,) વિષયાસક્તિ (શલ્ય-સાલની પેઠે મર્મસ્થાનમાં વ્યથા કરનાર,) વિષયસેવન,(કૃતવર્મા-કર્મનું રક્ષણ કરનાર,) પ્રાપ્ત વિષયના રક્ષણની ચિંતા (ભગદત્ત પદાર્થમાં રહેલા સંસ્કારે આપેલ,) ને સ્વાર્થ પરાયણતા, (શકુનિ-સમળીના જેવું વર્તન) એ આદિ મહા યોદ્ધાઓ હતા. અસ્મિતા અંને સંપતના મુખ્ય ગણાવાને યોગ્ય હોવાથી પિતામહનું રૂપ આપ્યું છે. સંસ્કાર અને અવિદ્યા એ પ્રવૃતિના મુખ્ય હેતુઓ હોવાથી તેમને આચાર્યની સંજ્ઞા આપવામાં આવી છે. વાસનાનો ઉદય સંસ્કારમાંથી થાય છે માટે વાસનાને સંસ્કારના પુત્રનું રૂપ આપ્યું છે.

श्रीगणेशायनमः

अथ श्रीगीतामाहात्म्यम्.

॥ ऋषिरुवाच ॥

गीतायाश्चैवमाहात्म्यं यथावत्सूत मे वद ॥
पुराणमुनिना प्रोक्तं व्यासेन श्रुतिनोदितम् १

અનેક પ્રકારની કથાઓ સાંભળ્યા પછી શૌનકાદિ ઋષિયો સૂતજીને પ્રશ્ન કરેછે કે, હે સૂત! શ્રીમદ્ભગવદ્ગીતાનું જે માહાત્મ્ય શ્રીવ્યાસજીએ કહ્યું છે તે યથાવત્ મને કહો. ॥ ૧ ॥

॥ सूतउवाच ॥

पृष्टं वै भवता यत्तन्महद्गोप्यं पुरातनम् ।
नकेनशक्यतेवक्तुं गीतामाहात्म्यमुत्तमम् ॥२

શૌનકનો પ્રશ્ન સાંભળીને સૂત બોલ્યા કે-જે તમે મને પૂછ્યું, તે આ ગુપ્ત, પ્રાચીન અને અતિ ઉત્તમ ગીતાના માહાત્મ્યને કોઇપણ કહેવા સમર્થ નથી ॥ ૨ ॥

कृष्णो जानाति वै सम्यक्कचित्कौंतेय एव च । व्यासो वा व्यासपुत्रो वा याज्ञवल्क्योऽथमैथिलः ॥ ३ ॥

શ્રીમદ્ભગવદ્ગીતાનું માહાત્મ્ય સારી રીતે એકલા શ્રી કૃષ્ણજ જાણે છે અને કિંચિત્ અર્જુન, વ્યાસ, શુકદેવ, યાજ્ઞવલ્ક્ય તથા જનક જાણે છે. ॥ ૩ ॥

अन्ये श्रवणतःश्रुत्वा लोके संकीर्तयंति च । तस्मात्किंचिद्वदाम्यत्र व्यासस्यास्यान्मया श्रुतम् ॥ ४ ॥

અને બીજા માણુસો કાનથી સાંભળીને લોકમાં વર્ણન કરેછે પરંતુ જાણતા નથી, તેથી મેં જેવું શ્રીવ્યાસજીના મુખારવિંદથી સાંભળ્યું

છે તેવું થોડું કહી સંભળાવીશ ॥ ૪ ॥

सर्वोपनिषदो गावो दोग्धा गोपालनंदनः ।
पार्थोवत्स सुधी भोक्ता दुग्धंगीताऽमृतंमहत्॥

સર્વ ઉપનિષદો ગાયરૂપી છે, તેમના દોહનાર શ્રીકૃષ્ણજી થયા અને અર્જુને વાછડા રૂપ થઈ પ્રથમ પાન કર્યું, પછી આ ગીતારૂપ અતિ મિષ્ટ દૂધ લોકોમાં પ્રવૃત્ત થયુ ॥ ૫ ॥

सारथ्यमर्जुनस्यादौ कुर्वन्गीतामृतंददौ ।
सर्वलोकोपकारार्थं तस्मैकृष्णायतेनमः ॥६॥

જે શ્રીકૃષ્ણ ભગવાને પ્રથમ અર્જુનનું સારથીપણું કરતાં છતાં સર્વ લોકના ઉપકારને વાસ્તે અર્જુનને ગીતારૂપી અમૃત આપ્યું તે શ્રીકૃષ્ણને મારા નમસ્કાર છે. ॥ ૬ ॥

संसारसागरंघोरं तर्तुमिच्छति यो जनः ।
गीतानावं समारूह्य परं यातु सुखेन सः ॥७

જે ઘોર સંસારસાગર તરવાની ઇચ્છા કરતો હોય તેણે ગીતારૂપી નાવ ઉપર બેસીને સુખે-

થી પાર જવું. ॥ ૭ ॥

गीताज्ञानं श्रुतं नैव सदंवाभ्यासयोगतः ।
मोक्षमिच्छतिमूढात्मा यातिबालकहास्यताम्॥

જેણે ગીતા સંબંધી જ્ઞાન સદા અભ્યાસયોગથી સાંભળ્યું નથી તે મૂર્ખ જો મોક્ષને ચ્હાય તો તે બાળકની પેઠે ઉપહાસને પામે છે. ॥ ૮ ॥

ये शृण्वंति पठंत्येव गीताशास्त्रमहर्निशम् ।
न ते वै मानुषा ज्ञेया देवा एव न संशयः९

જે રાત દિવસ ગીતા ભણે છે અથવા સાંભળે છે તે મનુષ્ય નથી પણ દેવતા છે આમાં સંશય નથી એમ જાણવું. ॥ ૯ ॥

गीताज्ञानेन संबोध्य कृष्णः प्राहतमर्जुनम् ।
अष्टादशपदस्थानं गीताध्यायेप्रतिष्ठितम्॥१०

શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનને ગીતાના જ્ઞાનથી બોધ કરી બોલ્યા કે, આ ગીતાના એક એક અધ્યાયમા અષ્ટાદશ પદ જે વિષ્ણુ તેમનું સ્થા-

ન જે પરમપદ તેતું સ્થાપન કર્યું છે. ॥ ૧૦ ॥

मोक्षस्थानं परं पार्थ सगुणं वाथनिर्गुणम् ।
सोपानाष्टादशैरेवं परं ब्रह्माधिगच्छति ॥११

હે અર્જુન ! સગુણ અથવા નિર્ગુણ એવા પોતાની ઈચ્છા પ્રમાણે મોક્ષસ્થાનપર આ અઢાર અધ્યાયરૂપ પગથિયાંથી મનુષ્ય પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે. ॥ ૧૧ ॥

मलनिर्मोचनं पुंसां जलस्नानं दिने दिने ।
सकृद्गीतांभसिस्नानं संसारमलनाशनम् ॥१२

નિત્ય જળસ્નાન કરવાથી શરીર મળ નાશ થાય છે અને આ ગીતારૂપ જળનું સ્નાન દુઃખરૂપ સંસાર મળનો નાશ કરે છે ॥૧૨॥

गीताशास्त्रस्य जानाति पठनं नैव पाठनम् ।
परस्मान्न श्रुतं ज्ञानं नैव श्रद्धा न भावना ।
स एव मानुषे लोके पुरुषो विड्वराहकः ।
यस्माद्गीतां न जानाति नाधमस्तत्परो जनः ॥

જે ગીતાશાસ્ત્રનું ભણવું, ભણાવવું નથી

જાણતો અને બીજાથી સાંભળ્યું પણ નથી, જેને શ્રદ્ધા નથી અને ભાવના પણ નથી તે પુરૂષ આ લોકમાં ગ્રામ શુકર-ભુંડ સમાન છે. ગીતા નહીં જાણનારથી બીજો અધમ કોઇ નથી. ૧૩-૧૪

धिक्तस्य मानुषं देहं धिग्ज्ञानं धिक्कुलीनताम् । गीतार्थं न विजानाति नाधमस्तत्परो जनः ॥ १५ ॥

જે ગીતાર્થને જાણતો નથી તેના મનુષ્ય દેહને, જ્ઞાનને અને કુલીનતાને ધિક્કાર છે; કેમકે તેથી અધિક અધમ કોઈ નથી. ॥ ૧૫ ॥

धिक्सुरूपं शुभं शीलं विभवं सद्गृहाश्रमम् । गीताशास्त्रं न जानाति नाधमस्तत्परो जनः ॥

જે ગીતાશાસ્ત્રને જાણતો નથી તેના સુંદર રૂપને, શુભ શીલને, વૈભવને અને શ્રેષ્ઠ ગૃહાશ્રમને ધિક્કાર છે. તેનાથી બીજો કોઇ અધમ નથી. ॥ ૧૬ ॥

धिक्प्रागल्भ्यं प्रतिष्ठां च पूजां मानं महात्मताम् । गीताशास्त्रे रतिर्नास्ति तत्सर्वं निष्फलं जगुः ॥ १७ ॥

જેની ગીતાશાસ્ત્રમાં પ્રીતિ નથી તેની હીંમત પ્રતિષ્ઠા, પૂજા, માન અને મહાત્માપણાને ધિક્કાર છે અને તે સર્વ નિષ્ફળ છે. ॥ ૧૭ ॥

धिक्तस्य ज्ञानमाचारं व्रतं चेष्टां तपो यशः । गीतार्थपठनं नास्ति नाधमस्तत्परो जनः ॥

જે ગીતાર્થ જાણતો નથી તેના જ્ઞાન, આચાર, વ્રત, ચેષ્ટા, તપ અને યશને ધિક્કાર છે. તેનાથી બીજો કોઈ જન અધમ નથી. ॥૧૮॥

गीतागीतं न यज्ज्ञानं तद्विद्ध्यासुरसंज्ञकम् । तन्मोघं धर्मरहितं वेदवेदांतगर्हितम् ॥ १९ ॥

જેણે ગીતાનું જ્ઞાન ગાયું નથી, તેના જ્ઞાનને આસુરીજ્ઞાન જાણવું. તે જ્ઞાન વ્યર્થ અને ધર્મરહિત તથા વેદવેદાંતમાં નિંદિત છે. ૧૯

यस्माद्धर्ममयी गीता सर्वज्ञानप्रयोजिका ।

सर्वशास्त्रमयी गीता तस्माद्गीता विशिष्यते ॥

આ ગીતા ધર્મમય સર્વ જ્ઞાનને પ્રવૃત્ત કરનારી છે અને સર્વ શાસ્ત્રમય છે એવું કહ્યું છે, માટે સર્વ શાસ્ત્રથી ઉત્તમ છે. ॥ ૨૦ ॥

योऽधीते सततं गीतां दिवा रात्रौ यथार्थतः

स्वपन्गच्छन्वदंस्तिष्ठन् शाश्वतंमोक्षमाप्नुयात्

જે નિરંતર-રાત દિવસ સૂતે, ચાલતે, બોલતે, ઉભે ઉભે, ગીતાને અર્થ સહિત ભણતા રહે છે તે સનાતન મોક્ષને પામે છે. ॥ ૨૧ ॥

शालग्रामशिलाग्रे तु देवागारे शिवालये ।

तीर्थे नद्यां पठेद्यस्तु वैकुंठं याति निश्चितम्॥

શાલગ્રામની સામે, દેવમંદિરમાં, શિવાલયમાં, તીર્થમાં અને નદી કિનારે જે ગીતાને ભણતો રહે છે તે નિશ્ચય વૈકુંઠમાં જાય છે.૨૨

देवकीनंदनः कृष्णो गीतापाठेन तुष्यति ।

यथा न वेददानैश्च यज्ञतीर्थव्रतादिभिः ॥२३॥

દેવકીનંદન શ્રીકૃષ્ણ જેવા ગીતા પાઠથી સં-

તુષ્ટ થાય છે તેવા અન્યપાઠ, વેદ, દાન, યજ્ઞ, તીર્થ અને વ્રતાદિકોથી સંતુષ્ટ થતા નથી. ૨૩

गीताऽधीता च येनापि भक्तिभावेन चेतसा।
तेन वेदाश्च शास्त्राणि पुराणानि च सर्वशः॥

જેણે ભક્તિભાવપૂર્વક ચિત્ત લગાડી ગીતાનું અધ્યયન કર્યું તે સર્વ વેદશાસ્ત્ર અને પુરાણ પણ ભણી રહ્યો. ॥ ૨૪ ॥

योगिस्थानेसिद्धपीठे शिष्टाग्रे सत्सभासु च।
यज्ञे च विष्णुभक्ताग्रे पठन् याति परां गतिम्॥

યોગીના સ્થાનમાં, વિંધ્યેશ્વરી ઈત્યાદી સિદ્ધ પીઠમાં, શ્રેષ્ઠપુરૂષની સન્મુખ, સાધુસભામાં, યજ્ઞમાં, અને વિષ્ણુભક્તના સન્મુખ પાઠ કરવાથી મનુષ્ય મોક્ષને પામે છે. ॥ ૨૫ ॥

गीतापाठं च श्रवणं यः करोति दिने दिने।
क्रतवो वाजिमेधाद्याःकृतास्तेन सदक्षिणाः॥

જે દિનદિનપ્રતિ ગીતાનો પાઠ અને શ્રવણ કરે છે તે સર્વ અગ્નિષ્ટોમાદિક અને અશ્વમે-

ધાદિક દક્ષિણા સહિત યજ્ઞો કરી ચુકયો. ૨૬

यःश्रृणोति च गीतार्थं कीर्त्तयेच्च स्वयं पुमा-
न्। श्रावयेच्च परार्थं वै स प्रयाति परंपदम्॥

જે ગીતાના અર્થ સાંભળે, પોતે કરે, અને બીજાને શ્રવણ કરાવે તે મોક્ષ પામે છે. ૨૭

गीतायाः पुस्तकं नित्यं योऽर्चयत्येव सादरम्
विधिना भक्तिभावेन तस्य पुण्यफलं श्रृणु॥

આદરપૂર્વક નિત્ય ગીતાના પુસ્તકને વિધિપૂર્વક ભક્તિભાવ સંયુક્ત પૂજે છે તેનાં પુણ્યફળ સાંભળો. ॥ ૨૮ ॥

सकला चोर्वरा तेन दत्ता यज्ञे भवेत्किल।
व्रतानि सर्वतीर्थानि दानानि सुबहून्यपि॥

ગીતાનો પૂજનાર યજ્ઞમાં સર્વ પૃથ્વીનું દાન આપી ચુકયો તથા સર્વ વ્રત, સર્વ તીર્થ, અનેક પ્રકારનાં દાન પણ આપી ચુકયો. ૨૯

भूतप्रेतपिशाचाद्यास्तत्र नो प्रविशंति वै।
अभिचारोद्भवं दुःखं परेणापि कृतं च यत्॥

જે ઘરમાં ગીતાનું પૂજન થાય છે તે ઘરમાં ભૂત, પ્રેત, પિશાચાદિક અને બીજાના કરેલા મંત્ર યંત્રાદિક અભિચારથી ઉત્પન્ન થયેલાં દુઃખ (મૂઠ ઇત્યાદિકથી થએલી પીડા) પ્રવેશ કરી શકતાં નથી. ॥ ૩૦ ॥

नोपसर्पंति तत्रैव यत्र गीतार्चनं गृहम् । ताप त्रयोद्भवा पीडा नैव व्याधिभयं तथा ॥ ३१

જે ઘરમાં ગીતાનું પૂજન થાય છે ત્યાં દૈહિક, દૈવિક અને ભૌતિક એ ત્રણ તાપોની પીડા તથા રોગની પીડા થતી નથી. ॥ ૩૧ ॥

न शापं नैव पापं च दुर्गतिं न च किंचन ।
देहेरयः षडेते वै न बाधंते कदाचन ॥३२॥

ત્યાં કોઇને શાપ, પાપ, દુર્ગતિ, કે દેહમાં રહેલી પાંચ જ્ઞાનેંદ્રિય અને મન એ ૭ શત્રુઓ પણ પીડા કરતા નથી. ॥ ૩૨ ॥

भगवत्परमेशाने भक्तिरव्यभिचारिणी ।
जायते सततं तत्र यत्र गीताभिनंदनम् ॥३३

જ્યાં ગીતાના અર્થનો નિરંતર વિનોદ થાય છે ત્યાં ભગવાનમાં અતિ ઉત્તમ અખંડ ભક્તિ ઉત્પન્ન થાય છે. ॥ ૩૩ ॥

प्रारब्धं भुञ्जमानोऽपि गीताभ्यासे सदा रतः समुक्तः स सुखी लोके कर्मणा नोपबध्यते॥

જે સર્વ કાળ ગીતાના અભ્યાસમાંજ મગ્ન છે, તે પ્રારબ્ધવશથી સંસાર ભોગવે છે; તો પણ તે મુક્ત અને સુખી છે તથા કર્મથી પણ બંધાતો નથી. ॥ ૩૪ ॥

महापापादिपापानि गीताऽध्यायी करोति चेत्। न किंचित्स्पृशते तस्य नलिनीदलमंभसा ॥ ३५ ॥

જે નિત્ય ગીતાશાસ્ત્રનું શ્રવણ, પઠન અને મનન કરતો હોય તે જોકે દૈવયોગથી ભૂલમાં બ્રહ્મહત્યાદિક મહાપાપ કરે, તો પણ જેમ જળથી કમળપત્ર લિપ્ત થતું નથી તેમ તે પાપ લિપ્ત થતો નથી. ॥ ૩૫ ॥

स्नातोवायदिवास्नातःशुचिर्वायदिवाऽशुचिः
विभूर्तिविश्वरूपंच संस्मरन्सर्वदाशुचि ३६

સ્નાન કર્યું હોય, અથવા ન કર્યું હોય, પવિત્ર અથવા અપવિત્ર હોય તો પણ વિભૂતિયોગ (૧૦મા) અને વિશ્વરૂપદર્શન (૧૧મા) અધ્યાયને ભણુનાર સદા પવિત્ર થાય છે. ॥ ૩૬ ॥

अनाचारोद्भवं पापमवाच्यादि कृतं च यत् ।
अभक्ष्यभक्षजं दोषमस्पृश्यस्पर्शजं तथा ३७
ज्ञाताज्ञातकृतं नित्यमिंद्रियैर्जनितं च यत् ।
तत्सर्वंनाशमायाति गीतापाठेनतत्क्षणात् ३८

અનાચારથી, નિંદિતશબ્દ બોલવાથી, અભક્ષ્યાભક્ષથી, અસ્પૃશ્યને સ્પર્શ કરવાથી, તથા જાણતાં અગર અજાણતાં જે નિત્ય પાપ થયું હોય, અને ઇંદ્રિયોથી પણ જે પાપ થયું હોય તે ગીતા પાઠથી તત્કાળ નષ્ટ થાય છે. ॥ ૩૭ ॥ ૩૮ ॥

सर्वत्र प्रतिभोक्ता च प्रतिग्राही च सर्वशः ।

गीतापाठं मकुर्वाणो न लिप्यते कदाचन ॥

સર્વત્ર ભોજન કરનાર, વથા સર્વ પ્રતિગ્રહણ કરનાર, ગીતાના પાઠથી તે પાપમાં લિપ્ત થતો નથી. ॥ ૩૯ ॥

रत्नपूर्णां महासर्वां मगृह्णाति विधानतः ।
गीतापाठेन चैकेन शुद्धः स्फटिकवत्सदा४०

જે વિધિહીન રત્નપૂરિત પૃથ્વીનું દાન લેછે, તે ગીતાના એક પાઠથી શુદ્ધ સ્ફટિકમણિવત્ નિષ્પાપ થાય છે. ॥ ૪૦ ॥

यस्यांतःकरणं नित्यं गीतायां रमते सदा । सर्वाग्निकः सदा जापी क्रियावान् स च पंडितः ॥ दर्शनीयः स धनवान् स योगी ज्ञानवानपि । स एव याज्ञिको ध्यानी सर्ववेदार्थदर्शकः ॥ ४१ ॥ ४२ ॥

જેનું અંતઃકરણ સદા ગીતામાં રમે છે તે જ અગ્નિહોત્રી, તે જ સદા જપ કરનાર, તે જ ક્રિયાવાન, તે જ પંડિત, તે જ દર્શનયોગ્ય, તે જ

યોગી, તે જ જ્ઞાનવાન, તે જ યાજ્ઞિક, તે જ ધ્યાની અને તેજ સર્વ વેદોના અર્થને જોનાર (જાણનાર) છે. ॥ ૪૧ ॥ ૪૨ ॥

गीतायाः पुस्तकं यत्र नित्यं पाठे प्रवर्त्तते ।
तत्र सर्वाणि तीर्थानि प्रयागादिनि भूतले ॥
निवसंति सदा गेहे देहदेशे सदैव हि । सर्वे
देवाश्च ऋषयो योगिनः पन्नगाश्च ये ॥

જ્યાં ગીતાનું પુસ્તક નિત્ય પાઠમાં રહે છે ત્યાં પ્રયાગાદિ તીર્થ સદા રહે છે, તે જ ઘરમાં તથા દેહમાં બધા દેવ, ઋષિ યોગી અને પન્નગ પણ સદા રહે છે. ॥ ૪૩ ॥ ૪૪ ॥

गोपालबालकृष्णोऽपि नारदध्रुवपार्षदैः ।
सहायो जायते शीघ्रं यत्र गीता प्रवर्त्तते ४५

જ્યાં ગીતા પ્રવૃત્ત થાય છે ત્યાં નારદ, ધ્રુવ અને સર્વ પાર્ષદ સહિત શ્રીગોપાલબાલકૃષ્ણ જલદી સહાય થાય છે. ॥ ૪૫ ॥

यत्र गीताविचारश्च पठनं पाठनं तथा ।

तत्राहं निश्चितं पार्थ निवसामि सदैव हि ।४६

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે–હે પાર્થ ! જ્યાં નિત્ય ગીતાનો વિચાર તથા પઠન પાઠન થાય છે ત્યાં હું સદાય નિશ્ચયપૂર્વક રહું છું. ૪૬

गीता मे हृदयं पार्थ गीता मे सारमुत्तमम् ।
गीता मे ज्ञानमत्युग्रंगीता मे ज्ञानमक्षयम् ४७

હે અર્જુન ! ગીતા મારૂં હૃદય છે, ગીતા મારો ઉત્તમ સાર છે, તથા ગીતા મારૂં મુખ્ય અને અક્ષયજ્ઞાન છે. ॥ ૪૭ ॥

गीता मे चोत्तमं स्थानं गीता मे परमं गृहम्।
गीताज्ञानंसमाश्रित्यत्रिलोकीपालयाम्यहम् ॥

ગીતા મારૂં ઉત્તમ સ્થાન છે, ગીતા મારૂં ઉત્તમ ઘર છે, અને ગીતાના જ્ઞાનને ધારણ કરી ત્રણુલોકનું હું પાલન કરૂં છું ॥ ૪૮ ॥

गीता मे परमा विद्या ब्रह्मरूपा न संशयः ।
अर्द्धमात्राक्षरानित्यात्वनिर्वाच्यपदात्मिका ॥

ગીતા મારી ઉત્તમ વિદ્યા છે, ગીતા બ્રહ્મરૂપ

છે તેમાં સંશય નથી, અર્દ્ધમાત્રા, નાશ રહિત સનાતન, અનિર્વાચ્યપદરૂપ એવી પરા વાણીરૂપ મારી આ ગીતા છે. ॥ ૪૯ ॥

गीतानामानि वक्ष्यामि गुह्यानि शृणु पांडव ।
कीर्त्तनात्सर्वपापानि विलयंयांतितत्क्षणात् ॥

હે પાંડવ! ગીતાનાં જે ગુપ્ત નામ છે તે તમને કહું છું, જેના કીર્તનથી તત્કાળ સર્વ પાપ નાશ પામે છે. ॥ ૫૦ ॥

॥ अथ गीता नामानि. ॥

गीतागंगा च गायत्री सीता सत्यासरस्वती ।
ब्रह्मविद्याब्रह्मवल्लीत्रिसंध्यामुक्तगेहिनी ॥५१
अर्द्धमात्रा चिदानंदा भवघ्नी भयनाशिनी ।
वेदत्रयी परऽनंता तत्वार्थज्ञानमंजरी ॥ ५२
इत्येतानि जपन्नित्यं नरो निश्चलमानसः ।
ज्ञानर्द्धिं लभते शीघ्रं तथांते परमं पदम् ॥५३

ગીતાનાં નામ કહે છે-૧ ગીતા, ૨ ગંગા, ૩ ગાયત્રી, ૪ સીતા, ૫ સત્યા, ૬ સરસ્વતી, ૭

બ્રહ્મવિદ્યા, ૮ બ્રહ્મવલ્લી, ૯ ત્રિસંધ્યા, ૧૦ મુક્તગેહિની, ૧૧ અર્ધમાત્રા, ૧૨ ચિદાનંદા ૧૩ ભવઘ્ની, ૧૪ ભયનાશિની, ૧૫ વેદત્રયી ૧૬ પરા, ૧૭ અનંતા અને ૧૮ તત્વાર્થજ્ઞાન મંજરી. આ ગીતાનાં અઢાર નામ સ્થિર બુદ્ધિથી નિત્ય જપતો રહે તો તે જલદી જ્ઞાન પ્રાપ્ત કરી મોક્ષ પામે છે. ॥ ૫૧–૫૨–૫૩ ॥

पाठेऽसमर्थः संपूर्णे तदर्द्धं पाठमाचरेत् ।
तदागोदानजं पुण्यंलभते नात्र संशयः ॥५४

સંપૂર્ણ ગીતાનો પાઠ ન કરી શકે તો અરધી ગીતા એટલે નવ અધ્યાયનો પાઠ કરે તો એક ગાયદાન જેટલું પુન્ય થાય તેમાં સંશય નથી. ॥ ૫૪ ॥

षडंशं जपमानस्तु गंगास्नानफलं लभेत् ।
त्रिभागं पठमानस्तु सोमयागफलं लभेत्॥५५

છઠ્ઠો અંશ એટલે ત્રણ અધ્યાયનો નિત્ય પાઠ કરે તો ગંગાસ્નાનનું ફળ થાય, અને

ત્રિભાગ એટલે છ અધ્યાયનો નિત્ય પાઠ કરે તો સોમયાગનું ફળ પામે છે. ॥ ૫૫ ॥

तथाऽध्यायद्वयं नित्यं पठमानो निरंतरम् ।
इंद्रलोकमवाप्नोति कल्पमेकं वसेद्ध्रुवम्॥५६

બે અધ્યાયનો રોજ પાઠ કરતો રહે તો ઇંદ્ર લોકને પામી ત્યાં એક કલ્પ સુધી વાસ કરે છે. ॥ ૫૬ ।

एकमध्यायकं नित्यं पठते भक्तिसंयुतः ।
रुद्रलोकमवाप्नोतिगणो भूत्वा वसेच्चिरम्॥५७

જે એક અધ્યાયનો નિરંતર નિયમપૂર્વક ભક્તિથી પાઠ કરતો રહે તો રૂદ્રલોકને પામી શંકરગણ થઈ કલ્પપર્યંત રહીને મુક્ત થાય. આ સર્વ પાઠ કહ્યા તે નિત્ય નિયમ અને ભક્તિથી કરે તોજ ફળ મળે છે. ॥ ૫૭ ॥

अध्यायार्द्धं च पादं वा नित्यं यः पठते जनः।
स प्राप्नोति रवेर्लोकं मन्वंतरशतं समाः॥५८

જે માણસ નિત્યનિયમથી ગીતાનો અરધો

અથવા થોડા ભાગનો પણ પાઠ કરતો રહે છે તે સૂર્યલોકમાં સોમન્વંતર પર્યંત રહે છે.

गीताया श्लोकदशकं सप्त पंच चतुष्टयम् ।
त्रिकद्विकैकमर्द्धं वा श्लोकानां च पठेन्नरः ।
चंद्रलोकमवाप्नोति वर्षाणामयुतायुतम् ॥५९

જો ગીતાના દશશ્લોક અથવા સાત, પંચ, ચાર, ત્રણ, બે એક અથવા અરધા શ્લોકનો પણ નિરંતર પાઠ કરે તો અયુતાયુત વર્ષ એટલે દશકરોડ વર્ષ ચંદ્રલોકમાં વાસ કરે છે.

गीतार्धमेककालेपि श्लोकमध्यायमेव च ।
स्मरंस्त्यक्त्वाजनोदेहं प्रयातिपरमंपदम् ॥६०

જે એકજ વખતે ગીતાના એક શ્લોકનું વા અધ્યાયનું પણ સ્મરણ કરતો દેહ ત્યાગે તે મોક્ષને પામે છે. ॥ ૬૦ ॥

गीतार्थं वापि पाठं वा शृणुयादंतकालतः ।
महापातकयुक्तोपि मुक्तिभागीभवेज्जनः ६१

અંતકાળના સમયમાં ગીતાના અર્થ વા પાઠ

સાંભળતાં દેહ છોડે તો મહાપાપી પણ મુક્ત થાય છે. ॥ ૬૧ ॥

गीतापुस्तकसंयुक्तः प्राणांस्त्यक्त्वाप्रयातियः।
स वैकुंठमवाप्नोति विष्णुना सह मोदते ६२

જે ગીતાના પુસ્તકયુકત થઇ પ્રાણ ત્યાગે તે વિષ્ણુલોકને પામી વિષ્ણુસમીપ આનંદ કરે છે.

गीताध्यायसमायुक्तो मृतो मानुषतां व्रजेत्।
गीताभ्यासं पुनः कृत्वालभतेमुक्तिमुत्तमाम्॥

મરણ સમયમાં ગીતાનો એક અધ્યાય પાસે હોય તો ફરી મનુષ્ય જન્મ લઇ ગીતાનો અભ્યાસ કરી મુક્ત થાય છે. ॥ ૬૩ ॥

गीतोच्चारणसंयुक्तो म्रियमाणो गतिं लभेत्।
यद्यत्कर्म च सर्वत्र गीतापाठं प्रकीर्त्तयेत्॥
तत्तत्कर्म च निर्दोषंकृत्वापूर्णमवाप्नुयात् ६४

મરતાં મરતાં ગીતા એવો ઉચ્ચાર કરે તો પણ મુકિત પામે છે, જે જે કર્મ કરે તે તે કર્મમાં ગીતા પાઠ કરે તો નિર્દોષ કર્મનાં સંપૂર્ણ

ફળ પામે છે. ૬૪

पितृनुद्दिश्य यः श्राद्धे गीतापाठं करोति वै ।
संतुष्टाः पितरस्तस्य निरयाद्यांतिसद्गतिम् ६५

જો શ્રાદ્ધમાં પિતૃઓનિમિત્ત ગીતાનો પાઠ કરે તો તે પિતૃલોક સંતુષ્ટ થઇ નરકથી મુક્ત થાય છે. ૬૫

गीतापाठे तु संतुष्टाः पितरः श्राद्धतर्पिताः ।
पितृलोकं प्रयांत्येव पुत्राशीर्वादतत्पराः ६६

ગીતાપાઠથી પ્રસન્નતા પામેલા પિતૃઓ પુત્રને આશીર્વાદ દઇ પિતૃલોકમા જાય છે. ૬૬

लिखित्वा धारयेत्कंठे बाहुदंडे च मस्तके ।
नश्यंत्युपद्रवाःसर्वे विघ्नरूपाश्च दारुणाः ॥६७

ગીતા લખીને ગળામાં, ભુજ ઉપર અથવા માથા ઉપર ધારણ કરે તો વિઘ્નરૂપ દારૂણ ઉપદ્રવ નાશ પામે છે. ૬૭

गीतापुस्तकदानं च धेनुपुच्छसमन्वितम् ।
दत्त्वातत्सद्दिने सम्यक्कृतार्थो जायते जनः ॥

ગાયનું દાન આપતી વેળા પુંછડા સાથે ગીતા હાથમાં લઈ જે દાન આપે છે તે સર્વ પ્રકારે કૃતાર્થ થાય છે. ૬૮

पुस्तकं हेमसंयुक्तं गीतायाः शुद्धमानसः ।
दत्त्वा विप्रायविदुषे जायते न पुनर्भवे ६९

સુવર્ણ સંયુકત ગીતાના પુસ્તકનું જો શુદ્ધ મનથી વિદ્વાન બ્રાહ્મણને દાન આપે તો તે ફરી જન્મ પામતો નથી. ॥ ૬૯ ॥

शतपुस्तकदानं च गीतायाः प्रकरोति यः ।
स याति ब्रह्मसदनं पुनरावृत्तिवर्जितम् ७०

જો ગીતાનાં સો પુસ્તકનું દાન કરે તો તે વૈકુંઠ લોકમાં જાય છે અને ફરી અહીં જન્મતો નથી. ॥ ૭૦ ॥

गीतादानप्रभावेन सप्तकल्पावधिः समाः ।
विष्णुलोकमवाप्नोति विष्णुनासहमोदते ७१

ગીતાદાનના પ્રભાવથી વિષ્ણુ લોકમાં સાત કલ્પપર્યંત વિષ્ણુ સાથે આનંદ કરે છે. ૭૧

सम्यक्श्रुत्वाचगीतार्थं पुस्तकं यः प्रदापयेत् ।
तस्मै प्रीतोस्मि भगवान्ददामिमनसेप्सितम्॥

શ્રી કૃષ્ણ કહે છે કે, ગીતાનો સંપૂર્ણ અર્થ સાંભળીને પુસ્તકનું દાન કરે તેને હું મનવાંછિત ફળ આપું છું. ॥ ૭૨ ॥

देहं मानुषमाश्रित्य चातुर्वर्ण्येषु भारत ।
न श्रृणोति पठत्येव गीताममृतरूपिणी ॥ ७३
हस्तात्त्यक्त्वाऽमृतं प्राप्तं कष्टात्क्ष्वेडंसमश्नुते ॥
पीत्वागीतामृतंलोके लब्ध्वामोक्षंसुखीभवेत्

જે મનુષ્ય દેહ પામીને આ અમૃત રૂપિણી ગીતા ભણતો નથી, અથવા સાંભળતો નથી તે હાથમાં આવેલા અમૃતને ત્યાગી વિષને કષ્ટથી પીએ છે, જો ગીતારૂપ અમૃતનું પાન કરે તો મોક્ષને પ્રાપ્ત થઈ સુખી થાય છે. ૭૩-૭૪

जनैः संसारदुःखार्तैर्गीताज्ञानं च यैःश्रुतम् ।
संप्राप्तममृतं तैश्च गतास्ते सदनं हरेः ॥७५॥

સંસાર દુ:ખથી પીડિત મનુષ્યો આ ગીત-

ના જ્ઞાનને સાંભળી અમર થઇ વિષ્ણુ લોકને પામે છે. ॥ ૭૫ ॥

गीतामाश्रित्य बहवो भूभुजो जनकादयः ।
निर्धूतकल्मषा लोके गतास्ते परमं पदम् ७६

આ ગીતાના આશ્રયે કરી જનકાદિ ઘણા રાજા પાપ રહિત થઇ પરમપદ પામ્યા છે. ૭૬

गीतासु न विशेषोस्ति जनेषूच्चावचेषु च ।
ज्ञानेष्वेव समग्रेषु समा ब्रह्मस्वरूपिणी ७७

ગીતામાં નીચ કે ઉંચ જનનો ભેદ નથી, ગીતા સમગ્ર જ્ઞાનમાં સમાન છે, અને બ્રહ્મરૂપિણી છે. ॥ ૭૭ ॥

योऽभ्यसूयति गीतां च निंदां वा प्रकरोति च ।
प्राप्नोति नरकं घोरं यावदाभूतसंप्लवम् ७८

જે ગીતાની ઇર્ષ્યા અને નિંદા કરે છે તે પ્રલય પર્યંત નરકમાં રહે છે. ॥ ૭૮ ॥

अहंकारेण मूढात्मा गीतार्थं नैव मयन्ते ।
कुंभीपाके स पच्येत यावत्कल्पलयो भवेत् ७९

જે અહંકારથી ગીતાના અર્થને માનતો નથી તે પ્રલયકાળ સુધી કુંભીપાક નરકમાં રહે છે.

गीतार्थं वाच्यमानं यो न शृणोति समीपतः ।
श्वसूकरभवां योनिमनेकां सोऽधिगच्छति ॥

ગીતા વંચાતી હોય તેની પાસે જઈ જે સાંભળતો નથી તે શ્વાન તથા સૂકરના અનેક જન્મ પામે છે. ॥ ૮૦ ॥

चौर्यंकृत्वाचगीतायाः पुस्तकंयः समानयेत् ।
नतस्यस्यात्फलं किंचित्पठनंचवृथा भवेत्८१

ચોરી કરેલા ગીતાના પુસ્તક વડે જે પાઠ કરે તેને તેનું ફળ મળે નહિ અને વૃથા પરિશ્રમ થાય છે. ॥ ૮૧ ॥

यःश्रुत्वा नैव गीतार्थं मोदते परमादरात् ।
नैवाप्नोति फलं लोके प्रमादाच्च वृथाश्रमम् ॥

ગીતાના અર્થને સાંભળી અતિ આદરથી જેને આનંદ થતો નથી તેને ફળ મળતું નથી, પણ પ્રમાદથી વૃથા શ્રમ થાય છે. ॥ ૮૨ ॥

गीता श्रुत्वा हिरण्यं च पट्टांबरसुवेष्टनम् ।
निवेदयेच्च विप्राय प्रीतये परमात्मनः ८३ ॥

ગીતા સાંભળી સુવર્ણયુક્ત પુસ્તક રેશમી વસ્ત્રમાં બાંધી પરમાત્માની પ્રીતિ માટે વાંચનાર બ્રાહ્મણને આપવું ॥ ૮૩ ॥

वाचकं पूजयेद्भक्त्या द्रव्यवस्त्राद्युपस्करैः ।
अन्नैर्बहुविधैः प्रीत्या तुष्यतां भगवानिति ॥

દ્રવ્ય, વસ્ત્ર, આભૂષણોથી ગીતા વાંચનારનું પૂજન કરી નાનાપ્રકારનાં અન્નાદિ સહિત ભગવાન પ્રસન્ન થાયએવી બુદ્ધિથી આપવું. ૮૪

माहात्म्यमेतद्गीतायाःकृष्णप्रोक्तं सनातनम् ।
गीतांते पठते यस्तु यथोक्तं फलमाप्नुयात् ॥

જો આ શ્રીકૃષ્ણનું કહેલું સનાતન ગીતાનું માહાત્મ્ય પાઠના અંતમાં ભણે તો યથોકત ફળ પામે છે. ૮૫

गीतायाःपठनं कृत्वामाहात्म्यं नैव यः पठेत् ।वृथापाठफलं तस्य श्रमएवहि केवलम् ॥

ગીતા પાઠ કરી માહાત્મ્ય ન વાંચે તો પાઠ કરવાનો શ્રમ વ્યર્થ છે, અને પાઠનું ફળ મળતું નથી. ૮૬

एतन्माहात्म्यसंयुक्तं गीतापाठं करोति यः ।
श्रद्धया यः शृणोत्येव दुर्लभां गतिमाप्नुयात् ॥

જો આ માહાત્મ્ય સંયુક્ત ગીતાનો પાઠ કરે અથવા સાંભળે તો તે દુર્લભપદને પામશે.

श्रुत्वा पठित्वा गीतां च माहात्म्यं यः शृणोति वै । तस्य पुण्यफलं लोके भवेद्धि मनसेप्सितम् ॥ ८८ ॥

જે ગીતાને સાંભળીને, ભણીને, માહાત્મ્યને ભણે છે, અથવા સાંભળે છે તે મન ઇચ્છિત ફળને પામે છે. ॥ ૮૮ ॥

इतिश्रीमद्वाराहपुराणेसूतशौनकसंवादे श्रीकृष्णप्रोक्तं श्रीमद्भगवद्गीतामाहात्म्यम्संपूर्णं ॥

મંગળાચરણ.

नारायणंनमस्कृत्य नरं चैवनरोत्तमम् ।
देवींसरस्वतींचैव ततोजयमुदीरयेत् ॥ १ ॥

નારાયણને નમસ્કાર કરીને તથા નરોમાં ઉત્તમ એવા નરને નમસ્કાર કરીને તથા સરસ્વતી દેવીને નમસ્કાર કરીને પછી ગ્રન્થનો આરંભ કરવો. ૧

व्यासंवसिष्ठनप्तारं शक्तेःपौत्रमकल्मषम् ।
पराशरात्मजंवन्दे शुकतातंतपोनिधिम् ॥२॥

વસિષ્ઠઋષિના, પ્રપૌત્ર, શક્તિ નામના ઋષિના પૌત્ર, પરાશરના પુત્ર, શુકદેવજીના પિતા સર્વ પાપ રહિત અને તપના ભંડારરૂપ વ્યાસમુનિને નમસ્કાર કરૂં છું ॥ ૨ ॥

व्यासायविष्णुरूपाय व्यासरूपायविष्णवे ।
नमोवैब्रह्मविधये वासिष्ठायनमोनमः ॥३॥

વિષ્ણુરૂપ વ્યાસને નમસ્કાર કરૂં છું અને

વ્યાસરૂપ વિષ્ણુને નમસ્કાર કરૂં છું; વસિષ્ઠ કુળમાં ઉત્પન્ન થયેલા અને વેદનો વિભાગ કરનાર વ્યાસમુનિને વારંવાર નમસ્કાર કરૂં છું.

चतुर्वदनोब्रह्मा द्विबाहुरपरोहरिः ।
अभाललोचनःशम्भु र्भगवान्बादरायणः४

ભગવાન વ્યાસમુનિ કેવા છે કે, ચાર મુખ સિવાય સાક્ષાત્ બ્રહ્મા છે; બે હાથવાળા બીજા વિષ્ણુ છે, અને કપાળમાં ત્રીજા નેત્ર સિવાય સાક્ષાત શંકર છે. ॥ ૪ ॥

કરન્યાસ વિધી.

नैनं छिन्दन्ति शस्त्राणि नेनं दहतिपावकः ।

આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી અને અગ્નિ બાળી શકતો નથીઃ આ મંત્ર ભણીને બન્ને હાથના અંગુઠાઓનો સ્પર્શ કરીને તેને પ્રણામ કરવા. ૧

न चैनं क्लेदयन्त्यापो न शोषयतिमारुतः ॥

'પાણી આત્માને ભીનો કરી શકતું નથી તથા પવન આત્માને શોષી શકતો નથી.' આ મંત્ર ભણીને હાથની બન્ને તર્જનીઓ (અંગુઠા પાસેની આંગળીઓ) નો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા. ૨

अच्छेद्योयमदाह्योयमक्लेद्योऽशोष्य एव च॥

'આ આત્મા કપાય નહીં તેવો, બળાય નહીં તેવો, ભીનો કરી શકાય નહીં તેવો અને શોષાય નહીં તેવો છે,' આ મંત્ર ભણીને હાથની

બન્ને વચલી આંગળીઓનો સ્પર્શ કરીને તેને પ્રણામ કરવા. ૩

नित्य सर्वगतः स्थाणुरचलोऽयंसनातनः ॥

'આ આત્મા નિત્ય સર્વવ્યાપી, સ્થિર, અચળ અને સનાતન છે.' આ મંત્ર ભણીને હાથની બંને અનામિકાઓ (ટચલી આંગળીની પાસેની આંગળીઓ) નો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા. ૪

पश्य मे पार्थ रूपाणिशतशोऽसहस्रशः ॥

'હે પાર્થ! તું મારાં સેંકડો અને હજારો રૂપો જો,' આ મંત્ર ભણીને હાથની બંને ટચલી આંગળીઓનો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા.

नानाविधानिदिव्यानिनानावर्णाकृतीनिच ॥

'મારાં રૂપ અનેક પ્રકારનાં, દિવ્ય તથા અનેક વર્ણ અને આકારનાં છે,' આ મંત્ર ભણીને હાથનાં બંને તળિયાંનો અને પાછળના ભાગનો સ્પર્શ કરીને તેને પ્રણામ કરવા ॥ ૬ ॥

અંગન્યાસ વિધિ.

नैनं छिन्दन्ति शस्त्राणि नैनंदहतिपावकः ॥

'આત્માને શસ્ત્રો છેદતાં નથી અને અગ્નિ બાળતો નથી,' આ મંત્ર ભણીને हृदयाय नमः એમ કહીને હાથના અગ્ર ભાગથી હૃદયનો સ્પર્શ કરીને તેને નમસ્કાર કરવા. ॥ ૧ ॥

न चैनं क्लेदयन्त्यापो न शोषयतिमारुतः ॥

'પાણી આત્માને ભીનો કરી શકતું નથી અને પવન શોષતો નથી,' એ મંત્ર ભણીને शिरसे स्वाहा એમ કહીને હાથના અગ્ર ભાગથી મસ્તકનો સ્પર્શ કરવો. ॥ ૨ ॥

अच्छेद्योऽयमदाह्योयमक्लेद्योऽशोष्यएवच ॥

'આ આત્મા કપાય નહીં તેવો, બળાય નહીં તેવો, ભીનો કરી શકાય નહીં તેવો અને શોષાય નહીં તેવો છે,' આ મંત્ર ભણીને शिखायै वषट् એમ કહીને હાથના અગ્ર ભાગથી

ચોટલીનો સ્પર્શ કરવો. ॥ ૩ ॥

नित्यःसर्वगतःस्थाणुरचलोऽयं सनातनः ॥

'આત્મા, નિત્ય, સર્વ વ્યાપી સ્થિર, અચળ અને સનાતન છે,' આ મંત્ર ભણી कवचाय हुं એમ કહીને બન્ને હાથની હથેલીઓ બન્ને ખભાને અડાડીને અદૃશ્ય વાળવી આથી કવચ પહેરવાની ભાવના થાય છે. ॥ ૪ ॥

पश्य मे पार्थ रुपाणि शतशोऽथ सहस्रशः ॥

'હે પાર્થ ! તું મારા સેંકડો અને હજારો રૂપો જો,' આ મંત્ર ભણીને नेत्रत्रयाय वौषट् એમ કહીને હાથના અગ્ર ભાગથી બન્ને નેત્રનો અને ભમર વચ્ચે અદૃશ્ય રહેલા ત્રીજા નેત્રનો સ્પર્શ કરવો. ॥ ૫ ॥

नानाविधानिदिव्यानिनानावर्णाकृतीनिच ॥

'મારાં રૂપો અનેક જાતનાં, દિવ્ય, અનેક રંગનાં તથા અનેક આકારનાં છે,' આ મંત્ર ભણીને अस्त्राय फट् એમ કહી જમણો હાથ

માથા ઉપરથી ફેરવીને તેના વતી ડાબા હાથની હથેલીમાં તાળી વગાડવી ॥ ૬ ॥

ધ્યાન.

ॐ पार्थाय प्रतिबोधितां भगवता नारायणेन स्वयं
व्यासेन ग्रथितां पुराणमुनिना मध्ये महाभारते ।
अद्वैतामृतवर्षिणीं भगवतीमष्टादशाध्यायिनि
मम्ब त्वामनुसन्दधामि भवगद्गीते भवद्वेषिणीम्

શ્રીમદ્ ભગવદ્ ગીતા ભગવાન નારાયણે પોતે અર્જુનને કહી દેખાડેલ છે, પુરાણકર્તા વ્યાસમુનિએ મહાભારતમાં શ્લોકરૂપે રચેલ છે, અદ્વૈતરૂપી અમૃતની વૃષ્ટિ કરનાર છે અઢાર અધ્યાયવાળી અને સંસારનો નાશ કરનારી છે, એવી ભગવદ્ ગીતા! હે જગન્માતા માતા! હું તમારૂં નિરંતર રટણ કરૂં છું. ॥ ૧ ॥

नमोऽस्तुतेव्यास विशालबुद्धे फुल्लारविन्दायतपत्रनेत्र ॥ येनत्वयाभारततैलपूर्णः प्रज्वालितोज्ञानमयःप्रदीपः ॥ २ ॥

હે વિશાળ બુદ્ધિવાળા ! હે પ્રકાશમાન લાંબા નેત્રવાળા ! હે વ્યાસમુનિ ! જેમણે ભારતરૂપી તેલથી સંપૂર્ણ જ્ઞાનરૂપી દીવો પ્રગટ કરેલો છે એવા તમને નમસ્કાર છે. ॥ ૨ ॥

प्रपन्नपारिजातायतोत्रवेत्रैकपाणये ।
ज्ञानमुद्रायकृष्णाय गीतामृतदुहेनमः ॥ ३ ॥

શરણાગતના રક્ષણરૂપ, પરોણો અને છડી હાથમાં રાખનારા, જ્ઞાનસ્વરૂપ તથા ગીતારૂપી અમૃતનું દોહન કરનારા શ્રીકૃષ્ણ ભગવાન તમોને નમસ્કાર કરૂં છું ॥ ૩ ॥

सर्वोपनिषदोगावोदोग्धागोपालनन्दनः ।
पार्थोवत्सःसुधीर्भोक्तादुग्धंगीताऽमृतंमहत् ॥

સર્વે ઉપનિષદો ગાયો રૂપ છે, નંદપુત્ર દોહ-

ન કરનારા છે, અર્જુન વાછડા રૂપે દુગ્ધપાન કરનાર છે, ગીતારૂપી મ્હોટું અમૃત દોહન કરેલું છે અને શ્રેષ્ઠ બુદ્ધિમાન પુરૂષ તેના ભોક્તા છે. ॥ ૪ ॥

वसुदेवसुतंदेवंकंसचाणूरमर्दनम् ॥
देवकीपरमानन्दंकृष्णंवन्देजगद्गुरूम् ॥ ५ ॥

વસુદેવના પુત્ર, દેવ, કંસ અને ચાણુરનો નાશ કરનાર, દેવકીના પરમ આનંદરૂપ અને જગતના ગુરુરૂપ શ્રીકૃષ્ણ પરમાત્માને નમસ્કાર કરૂં છું. ॥ ૫ ॥

भीष्मद्रोणतटाजयद्रथजलागांधार निलोत्पला
शल्यग्राहवतीकृपेणवहनीकर्णेनवेलाकुला ॥
अश्वत्थामाविकर्णघोरमकरादुर्योधनावर्त्तिनी
सोत्तीर्णाखलुपाण्डवैरणनदीकैवर्त्तकः केसवः

ભીષ્મ અને દ્રોણરૂપી તટવાળી, જયદ્રથરૂપી જલવાળી, શકુનિરૂપી નીલ કમળવાળી, શલ્યરૂપી ઝુંડવાળી, કૃપાચાર્યરૂપી વહન-

વાળી, કર્ણરૂપી અંદરના તટવાળી, અશ્વત્થામા તથા વિકર્ણરૂપી ઘોર મગરવાળી, અને દુર્યોધનરૂપી વમળવાળી રણસંગ્રામરૂપી નદી શ્રીકૃષ્ણની મદદથી પાંડવો તરી ગયા.

पाराशर्यवचः सरोजममलं गीतार्थगन्धोत्कटं। नानाख्यानककेसरं हरिकथासम्बोधनाबोधितम्॥ लोके सज्जनषट्पदैरहरहः पेपीयमानं मुदा। भूयाद्भारतपङ्कजं कलिमलप्रध्वंसिनः श्रेयसे ॥ ७ ॥

ગીતાના અર્થરૂપી ગંધે કરીને મઘમઘતું, નાના પ્રકારનાં આખ્યાનરૂપી કેસરાવાળું, હરિકથારૂપી કિરણોથી પ્રકાશમાન થયેલું, લોકમાં સજ્જનરૂપી ભ્રમરાઓએ રોજ વારંવાર હર્ષથી પાન કરેલું, કલિયુગના પાપરૂપી મેલને નાશ કરનારૂં અથવા ક્લેશરૂપી મેલને નાશ કરનારૂં, વ્યાસની વાણી

રૂપી નિર્મળ સરોવરમાં ખીલેલું એવું ભાર-
તરૂપ કમળ અમારૂં કલ્યાણ કરો. ॥ ૭ ॥

मूकं करोतिवाचालं पंगुंलङ्घयतोगिरिम् ।
यत्कृपातमहंवन्देपरमानन्दमाधवम् ॥ ८ ॥

જે ભગવાન કૃપા કરીને મુંગાને વાચાળ બનાવે છે અને પાંગળાને પર્વતનું ઉલ્લંઘન કરાવે છે તે પરમાનન્દ માધવને હું નમસ્કાર કરૂં છું ॥ ૮ ॥

यंब्रह्मावरुणेंद्ररुद्रमरुतः स्तुन्वन्तिदिव्यैस्तवैर्वे-
दैःसाङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः।
ध्यानावस्थिततद्गतेनमनसापश्यंति यंयोगिनो
यस्यान्तंनविदुःसुरासुरगणादेवायतस्मैनमः ९

બ્રહ્મા, વરૂણ, ઇન્દ્ર. રૂદ્ર અને મરૂત જે પરમેશ્વરની દિવ્ય સ્તોત્રે વડે સ્તુતિ કરે છે. તથા સામગાન કરનારા પુરૂષો અંગ પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદોવડે જે પરમેશ્વરનું

ગાન કરેછે તથા ધ્યાનમાં તત્પર એવા યોગી પુરૂષો મનવડે જે પરમાત્માને જુએ છે તથા સુર અને અસુરના સમૂહો જેનો પાર પામતા નથી તે પરમાત્માને નમસ્કાર કરૂં છું. ॥૯॥

॥ इति ध्यानम् ॥

अथ श्रीमद्भगवद्गीता प्रारंभ.

॥ श्रीर्जयति ॥

प्रणम्य परमात्मानं कृष्णं रामानुजं गुरुम् ।
गीताव्याख्यामहंकुर्वे गीतामृततरंगिणीम् ॥ १

॥ अध्याय १ ॥

धृतराष्ट्र उवाच ।

धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सवः ।
मामकाः पांडवाश्चैव किमकुर्वत संजय ॥

જ્યારે કુરૂક્ષેત્રમાં દુર્યોધનાદિક ધૃતરાષ્ટ્રના પુત્ર અને પાંડુપુત્ર યુધિષ્ઠિરાદિક પોતપોતાનું સૈન્ય લઈ યુદ્ધને વાસ્તે તૈયાર થયા ત્યારે હસ્તિનાપુરમાં ધૃતરાષ્ટ્ર સંજયને પૂછે છે કે-હે સંજય! ધર્મક્ષેત્ર[1] એવા કુરૂક્ષેત્રમાં

૧ કુરૂક્ષેત્રને ધર્મક્ષેત્ર એટલા માટે કહે છે કે એ પ્રદેશમાં બુદ્ધિ પવિત્ર થાય છે એવી દંતકથા હતી.

યુદ્ધની ઇચ્છાથી એકઠા થયેલા મારા અને પાંડુના પુત્ર શું કરે છે તે કહો ? ॥ ૧ ॥

संजय उवाच ।

दृष्ट्वा तु पांडवानीकं व्यूढं दुर्योधनस्तदा ।
आचार्यमुपसंगम्य राजा वचनमब्रवीत् ॥
पश्यैतां पांडुपुत्राणामाचार्य महतीं चमूम् ।
व्यूढां द्रुपदपुत्रेण तव शिष्येण धीमता ॥

એ પ્રકારે ધૃતરાષ્ટ્રનાં વચન સાંભળીને સંજય કહે છે કે હે રાજન્! વ્યૂહ રચના યુક્ત પાંડવનું સૈન્ય જોઇને દુર્યોધન દ્રોણાચાર્યની પાસે જઈ કહેવા લાગ્યો કે, હે આચાર્ય ! બુદ્ધિમાન અને તમારા શિષ્ય, દ્રુપદના પુત્ર ધૃષ્ટદ્યુમ્ને યથાયોગ્ય સ્થાનો પર વ્યૂહ રચનામાં ગોઠવેલી પાંડુપુત્રોની સર્વોત્તમ સેના જુવો. ૨-૩

अत्र शूरा महेष्वासा भीमार्जुनसमा युधि ।

युयुधानो विराटश्च द्रुपदश्च महारथः ॥

આ સૈન્યમાં ભીમ અને અર્જુનના સમાન મોટા ધનુષધારી તથા યુયુધાન, વિરાટ, અને મહારથી દ્રુપદ છે ॥ ૪ ॥

धृष्टकेतुश्चेकितानः काशिराजश्च वीर्यवान् ।
पुरुजित्कुंतिभोजश्च शैब्यश्च नरपुंगवः ॥

ધૃષ્ટકેતુ, ચેકિતાન બળવાન કાશીરાજા તથા પુરુજીત, કુન્તિભોજ અને નરોમાં શ્રેષ્ઠ એવો શૈબ્ય રાજા પણ છે. ॥ ૫ ॥

युधामन्युश्च विक्रांत उत्तमौजाश्चवीर्यवान् ।
सौभद्रो द्रौपदेयाश्च सर्व एव महारथाः ॥

વળી અતિ પરાક્રમી યુધામન્યુ, અતિ બળવાન ઉત્તમૌજા, તથા સુભદ્રા અને દ્રૌપદીના પાંચે મહારથી પુત્રો છે. ॥ ૬ ॥

अस्माकं तु विशिष्टायेतान्निबोधद्विजोत्तम ।
नायका मम सैन्यस्य संज्ञार्थंतान्ब्रवीमि ते ॥

હે દ્વિજોત્તમ! મારા સૈન્યના જે જે શ્રેષ્ઠ સેનાપતિ છે તેમનાં નામ પણ આપને જાણવા માટે કહું છું. ૭

भवान्भीष्मश्च कर्णश्च कृपश्च समितिंजयः ।
अश्वत्थामा विकर्णश्च सौमदत्तिस्तथैव च ॥

મારા સૈન્યમાંના એક આપ મુખ્ય છો અને ભીષ્મ, કર્ણ, સંગ્રામને જીતે એવા કૃપાચાર્ય, અશ્વત્થામા, વિકર્ણ અને ભૂરિશ્રવા છે. ૮

अन्ये च बहवः शूरामदर्थे त्यक्तजीविताः ।
नानाशस्त्रप्रहरणाः सर्वे युद्धविशारदाः ॥

એ વિના બીજા શૂરવીરો મારેવાસ્તે જીવને ત્યાગે એવા છે અને સર્વે યુદ્ધમાં નાના પ્રકારનાં શસ્ત્રોથી પ્રહાર કરવામાં બહુ ચતુર છે.

अपर्याप्तं तदस्माकं बलं भीष्माभिरक्षितम् ।
पर्याप्तं त्विदमेतेषां बलं भीमाभिरक्षितम् ॥

ભીષ્મથી સાચવાએલું મારૂં સૈન્ય અસંખ્ય

છે અને તેમની (પાંડવોની) પાસે ભીમની આગેવાની હેઠળ થોડુંજ સૈન્ય છે. ॥ ૧૦ ॥

अयनेषु च सर्वेषु यथाभागमवस्थिताः ।
भीष्ममेवाभिरक्षंतु भवंतः सर्वं एव हि ॥

માટે તમે સર્વ નાકાના ઉપર યથાયોગ્ય ભાગોમાં ગોઠવાઇને ઉભા રહી નિશ્ચય કરીને ભીષ્મનુંજ રક્ષણ કરો. ॥ ૧૧ ॥

तस्य संजनयन्हर्षं कुरुवृद्धः पितामहः ।
सिंहनादं विनद्योच्चैः शंखंदध्मौ प्रतापवान् ॥

એવું સાંભળીને મોટા પ્રતાપી અને કૌરવમાં વૃદ્ધ ભીષ્મે, દુર્યોધનને હર્ષ ઉત્પન્ન કરતાં કરતાં ઉંચે સ્વરે સિંહનાદ જેવી ગર્જના કરી શંખ વગાડ્યો. ॥ ૧૨ ॥

ततः शंखाश्च भेर्यश्च पणवानकगोमुखाः ।
सहसैवाभ्यहन्यंत स शब्दस्तुमुलोऽभवत् ॥

ત્યારે શંખ, ભેરી, તાસાં, નગારાં અને રણશીંગાં એકજ સમયે વાગવા માંડ્યાં તેથી મહાન મિશ્રિત શબ્દ થયો. ॥ ૧૩ ॥

ततः श्वेतैर्हयैर्युक्ते महति स्यन्दने स्थितौ ।
माधवः पांडवश्चैव दिव्यौ शंखौ प्रदध्मतुः ॥

પછી જેને શ્વેત ઘોડા જોડ્યા છે એવા શ્રેષ્ઠ રથમાં બેઠેલા શ્રીકૃષ્ણ અને અર્જુન દિવ્ય શંખોથી નાદ કરવા લાગ્યા. ॥ ૧૪ ॥

पांचजन्यं हृषीकेशो देवदत्तं धनंजयः ।
पौंड्रं दध्मौमहाशंखं भीमकर्मा वृकोदरः ॥

શ્રી કૃષ્ણે પાંચજન્ય તથા અર્જુન દેવદત્ત અને ભયંકર કામ કરવાવાળા ભીમે પૌંડ્ર નામના શંખનો નાદ કર્યો. ॥ ૧૫ ॥

अनंतविजयं राजा कुंतीपुत्रो युधिष्ठिरः ।
नकुलः सहदेवश्च सुघोष-मणिपुष्पकौ ॥

કુન્તિના પુત્ર યુધિષ્ઠિર અનંતવિજય નામ-

નો શંખ, નકુળ સુઘોષ અને સહદેવ મણિ-પુષ્પ નામનો શંખ વગાડવા મંડ્યા ૧૬

काश्यश्च परमेष्वासः शिखंडी च महारथः ।
धृष्टद्युम्नो विराटश्च सात्यकिश्चापराजितः ॥

હે રાજન્! શ્રેષ્ઠ ધનુષવાળો કાશીરાજા, મહારથી શિખંડી, ધૃષ્ટદ્યુમ્ન, વિરાટ અને શત્રુથી ન જીતાય એવો સાત્યકિ, ॥ ૧૭ ॥

द्रुपदो द्रौपदेयाश्च सर्वशः पृथिवीपते ।
सौभद्रश्चमहाबाहु शंखान्दध्मु पृथक्पृथक् ॥

દ્રુપદ, તથા દ્રોપદીના પુત્ર અને મહાબાહુ અભિમન્યુ એ સઘળા જુદા જુદા શંખ વગાડવા લાગ્યા. ॥ ૧૮ ॥

स घोषो धार्तराष्ट्राणां हृदयानिव्यदारयत् ।
नभश्च पृथिवीं चैव तुमुलो व्यनुनादयन् ॥

તેથી મિશ્રિત મોટો ઘોષ આકાશ તથા પૃથ્વીને ભરી દે તો તમારા પુત્રોનું હૃદય

ચીરવા લાગ્યો. ॥ ૧૯ ॥

अथव्यवस्थितान्दृष्ट्वाधार्तराष्ट्रान्कपिध्वजः ।
प्रवृत्ते शस्त्रसंपाते धनुरुद्यम्य पांडवः ॥
हृषीकेशं तदा वाक्यमिदमाह महीपते ।

अर्जुन उवाच ॥

सेनयोरुभयोर्मध्ये रथं स्थापय मेऽच्युत ॥

હે મહીપતે ! જ્યારે લડાઇ શરૂ થવાનો સમય થયો ત્યારે કપિધ્વજ અર્જુન, તમારા પુત્રોને યુદ્ધ માટે ઉભેલા જોઇને ધનુષ ઉંચું કરી શ્રી કૃષ્ણને કહેછે કે—હે અચ્યુત ! મારા રથને બન્ને સૈન્યના મધ્યમાં લઇ જાઓ—
॥ ૨૦-૨૧ ॥

यावदेतान्निरीक्षेऽहंयोद्धुकामानवस्थितान् ।
कैर्मया सह योद्धव्यमस्मिन्रणसमुद्यमे ॥२२

કે હું પ્રથમ યુદ્ધની ઇચ્છાથી ઉભા રહેલાને જોઉં; કેમકે આ રણક્ષેત્રમાં મારે કોની

સાથે યુદ્ધ કરવું યોગ્ય છે તે જાણવુ' જોઈએ.

योत्स्यमानानवेक्षेऽहं य एतेऽत्र समागताः ।
धार्तराष्ट्रस्य दुर्बुद्धेर्युद्धे प्रियचिकीर्षवः ॥

દુર્બુદ્ધિવાળા ધૃતરાષ્ટ્રના પુત્ર દુર્યોધનનું યુદ્ધમાં પ્રિય ઇચ્છનાર જે બધા અહીં એકઠા થયા છે તે યુદ્ધ કરનારાઓને પણ જોઉં. ૨૩

संजय उवाच ।

एवमुक्तो हृषीकेशो गुडाकेशेन भारत ।
सेनयोरुभयोर्मध्ये स्थापयित्वा रथोत्तमम् ॥
भीष्मद्रोणप्रमुखतः सर्वेषां च महीक्षिताम् ।
उवाच पार्थ पश्यैतान्समवेतान्कुरूनिति ॥

સંજય ધૃતરાષ્ટ્રને કહેછે-હે ભારત! અર્જુનના કહેવાથી શ્રીકૃષ્ણે બન્ને સૈન્યના વચ્ચમાં ભીષ્મ, દ્રોણાચાર્ય અને સર્વ રાજાઓની સામે શ્રેષ્ઠ રથ સ્થાપિત કરીને કહ્યું કે હે પા-

ર્થ ! આ એકઠા થયેલા કુરૂવંશીઓને જો.

तत्रापश्यत्स्थितान्पार्थः पितॄनथ पितामहान् ।
आचार्यान्मातुलान्भ्रातॄन्पुत्रान्पौत्रां सखींस्तथा ॥ श्वशुरान्सुहृदश्चैव सेनयोरुभयोरपि ॥
तान्समीक्ष्य स कौंतेयः सर्वान्बंधूनवस्थितान् ।
कृपया परयाविष्टो विषीदन्निदमब्रवीत् ॥

શ્રી કૃષ્ણના કહેવાથી રણમાં ઉભા થએલા અર્જુન, પિતૃ (પિતાસમાન ભૂરિશ્રવાદિક કાકા,) પિતામહ (ભીષ્મ સોમદત્તાદિક) આચાર્ય (દ્રોણાચાર્યાદિક), મામા (શકુનિ શાલ્વાદિક), ભ્રાતા (દુર્યોધનાદિક,) પુત્ર (દ્રૌપદીને પાચેના થએલા પાચ,) પૌત્ર (લક્ષ્મણાદિકનો પુત્ર,) તથા સખા (અશ્વત્થામા, જયદ્રથાદિક) શ્વસુર (દ્રુપદાદિક), અને સુહૃદ (કૃતવર્માદિક,) વગેરેને જોવા લાગ્યા. એમ બંને સૈન્યમાં એ સર્વ બંધુઓને જોઇ-૨૭

अर्जुन उवाच ।

दृष्ट्वेमं स्वजनं कृष्ण युयुत्सुं समुपस्थितम् ।
सीदंति मम गात्राणि मुखं चपरिशुष्यति ॥
वेपथुश्च शरीरे मे रोमहर्षश्च जायते ।
गांडीवं स्रंसते हस्तात्त्वक् चैवपरिदह्यते ॥

અતિ દયાને લીધે ખેદ યુક્ત થતાં અર્જુન બોલવા લાગ્યા—હે કૃષ્ણ! યુદ્ધની ઇચ્છાવાળા ઉભેલા સ્વજનોને જોઇને મારાં ગાત્ર શિથિલ થાય છે, મુખ સુકાય છે, શરીર કંપે છે અને રૂંવાં ઉભાં થાય છે, વળી હાથમાથી ગાંડીવ ધનુષ પડી જાય છે અને ત્વચા ઘણી બળે છે. ॥ ૨૮–૨૯ ॥

न च शक्नोम्यवस्थातुंभ्रमतीव च मे मनः ।
निमित्तानिचपश्यामि विपरीतानिकेशव ॥

મને ઉભા રહેવાની શક્તિ નથી ને મારૂં મન ભ્રમિત થાય છે. હે કેશવ! હૂં નિમિત્ત

પણ વિપરીત દેખુ છું. ॥ ૩૦ ॥

न च श्रेयोऽनुपश्यामिहत्वा स्वजनमाहवे ।
नकांक्षे विजयंकृष्ण न च राज्यंसुखानि च ॥

સ્વજનને સંગ્રામમાં મારીને હું કલ્યાણ પણ જોતો નથી. હે કૃષ્ણ ! હું વિજય તથા રાજ્યસુખને ચ્હાતો નથી. ॥ ૩૧ ॥

किंनोराज्येन गोविंद किंभोगैर्जीवितेन वा ।
येषामर्थे कांक्षितंनोराज्यंभोगाः सुखानिच ॥

હે ગોવિંદ ! મારે રાજ્યથી, ભોગથી ને જીવવાથી શું પ્રયોજન છે ? જેના માટે ભોગ સુખ અને રાજ્ય ચ્હાતો હતો– ॥ ૩૨ ॥

तइमेऽवस्थितायुद्धेप्राणांस्त्यक्त्वा धनानिच ।
आचार्याःपितरःपुत्रास्तथैवचपितामहाः ३३

તેઓ તો પ્રાણનો અને ધનનો ત્યાગ કરી યુદ્ધમાં ઉભા છે. આ સર્વ મારા આચાર્ય, પિતા તુલ્ય કાકા, પુત્ર તેમજ પિતામહ, ૩૩

मातुलाःश्वशुराःपौत्राःश्यालाः संबंधिनस्तथा
एतान्नहंतुमिच्छामिघ्नतोऽपिमधुसूदन ॥३४॥

મામા, સસરા, પૌત્ર અને સાળા વગેરે સંબંધી ઉભા છે. હે મધુસૂદન ! એ મને મારતા હોય તો ભલે મારે, ॥ ૩૪ ॥

अपित्रैलोक्यराज्यस्यहेतोः किंनुमहीकृते ।
निहत्यधार्तराष्ट्रान्नःकाप्रीतिःस्याज्जनार्दन ॥

તથાપિ ત્રણ[1] લોકના રાજ્ય માટે પણ તેમને હું મારવાની ઈચ્છા કરતો નથી તો, પૃથ્વીના માટે કેમ મારૂં ? હે જનાર્દન ! ધૃતરાષ્ટ્રના પુત્રોને મારી મને શો આનંદ થશે ?

पापमेवाश्रयेदस्मान्हत्वैतानाततायिनः ।
तस्मान्नार्हावयंहंतुंधार्तराष्ट्रान्स्वबांधवान् ।
स्वजनंहिकथंहत्वासुखिनःस्याममाधव ॥३६

---

૧ ત્રણ લોક એટલે સ્વર્ગલોક, મૃત્યુલોક અને પાતાળલોક.

એ આતતાયીનો[1] પણ મારવાથી મને પાપજ લાગશે તેથી મારા બંધુ (ધૃતરાષ્ટ્રના પુત્રોને) મારવાને હું યોગ્ય નથી, કારણ કે હે માધવ! સ્વજનને મારી અમે શી રીતે સુખી થઈએ? ॥૩૬॥

यद्यप्येते न पश्यंति लोभोपहतचेतसः ।
कुलक्षयकृतं दोषं मित्रद्रोहे च पातकम् ॥
कथंनज्ञेयमस्माभिः पापादस्मान्निवर्तितुम् ।
कुलक्षयकृतं दोषं प्रपश्यद्भिर्जनार्दन ॥३८॥

હે જનાર્દન! લોભે કરીને ભ્રષ્ટ ચિત્તવાળા દુર્યોધનાદિક કુળક્ષય કરવાના દોષને અને મિત્રદ્રોહના પાપને ન જુએ તોપણ કુળ નાશનો દોષ સમજનાર આપણે આ પાપથી નિવૃત્ત થવાનું કેમ ન જાણવું જોઇએ? ૩૮

---

૧ લ્હાય લગાડે, ઝેર દે, ખેતર તથા સ્ત્રી તથા ધન લઇ લે તથા હાથમાં હથીયાર લઇ સામા થાય, એ છ દોષવાળા મનુષ્યો આતતાયી કહેવાય છે.

कुलक्षयेप्रणश्यंतिकुलधर्माःसनातनाः ।
धर्मेनष्टेकुलंकृत्स्नमधर्मोऽभिभवत्युत ॥३९॥

કુળનો નાશ થવાથી કુળના સનાતન ધર્મ નાશ પામે છે અને ધર્મનાશથી સર્વ કુળને અધર્મ જીતી લેછે એટલે કુળને અપ્રતિષ્ઠિત કરી નાખે છે. ॥ ૩૯ ॥

अधर्माभि भवात्कृष्णप्रदुष्यंति कुलस्त्रियः ।
स्त्रीषु दुष्टासु वार्ष्णेयजायतेवर्णसंकरः ४०

હે કૃષ્ણ ! અધર્મે કરી કુળની અપ્રતિષ્ઠા થવાથી કુળની સ્ત્રીઓ દુષ્ટ થાય છે, અને હે વૃષ્ણિવંશોદ્ભવ ! તે દુષ્ટ સ્ત્રીઓમાં વર્ણ-સંકર પ્રજા ઉત્પન્ન થાય છે. ॥ ૪૦ ॥

संकरो नरकायैव कुलघ्नानां कुलस्य च ॥
पतंति पितरोह्येषां लुप्तपिंडोदकक्रियाः ४१

વર્ણસંકર પ્રજા કુળને તથા કુળના નાશ કરનારને નરકમા મોકલે છે. કારણ કે પિતૃપિંડ તથા તર્પણક્રિયા વિના તેમના

પિતૃઓ નરકમાં પડે છે. ॥ ૪૧ ॥

दोषैरेतैः कुलघ्नानां वर्णसंकरकारकैः ।
उत्साद्यंते जातिधर्माःकुलधर्माश्च शाश्वताः ॥

જે કુલઘાતી છે તેમના વર્ણસંકરકારક દોષે કરી જાતિધર્મ અને સનાતન કુળધર્મ નાશ પામે છે. ॥ ૪૨ ॥

उत्सन्नकुलधर्माणां मनुष्याणां जनार्दन ।
नरके नियतं वासो भवतीत्यनुशुश्रुम ॥ ४३

હે જનાર્દન! જેનું કુળ નાશ થયું તે માણસોનો અવશ્ય નરકમાં વાસ થાય છે, એવું સાંભળીએ છીએ. ॥ ૪૩ ॥

अहो बत महत्पापं कर्तुं व्यवसितावयम् ।
यद्राज्यसुखलोभेन हंतुं स्वजनमुद्यताः ४४

અહો! અમે મોટું પાપ કરવાનો ધમ કરીએ છીએ કેમકે રાજ્યસુખના લોભે કરીને સ્વજનોને મારવાને તૈયાર થયા છીએ. ॥ ૪૪ ॥

यदि मामप्रतीकारमशस्त्रं शस्त्रपाणयः ।
धार्तराष्ट्रा रणे हन्युस्तन्मे क्षेमतरं भवेत् ॥४५

હાથમાં શસ્ત્ર લીધેલાં એવા ધૃતરાષ્ટ્રના પુત્ર શસ્ત્ર વિનાના તથા સામા નહિ થનાર એવા મને રણમાં મારશે તો તે મને અતિ કલ્યાણકારક છે. ॥ ૪૫ ॥

संजय उवाच ।

एवमुक्त्वाऽर्जुनः संख्ये रथोपस्थ उपाविशत् ।
विसृज्य स शरं चापं शोकसंविग्नमानसः ॥

ધૃતરાષ્ટ્રને સંજય કહે છે—શોકથી વ્યાકુળ થએલો અર્જુન ધનુષ બાણ ફેંકી દઇને રથમાં પાછળ જઈને બેઠો. ॥ ૪૬ ॥

इतिश्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेऽर्जुन विषादयोगोनाम प्रथमोऽध्यायः ॥१॥

॥ અધ્યાય પહેલો સમાપ્ત. ॥

अध्याय २ जो.

सञ्जय उवाच ।

तं तथा कृपयाविष्टमश्रुपूर्णाकुलेक्षणम् ।
विषीदंतमिदं वाक्यमुवाच मधुसूदनः ॥१॥

સંજય કહે છે–દયાથી દીન થઇ ગયેલા, જેની આંખોમાં આંસુ ભરાઇ ગયાં છે એવા, તથા શોકથી નરમ થઇ ગયેલા અર્જુનને મધુસૂદને એટલે શ્રીકૃષ્ણે આ પ્રમાણે કહ્યું. ॥ १ ॥

श्री भगवानुवाच ।

कुतस्त्वा कश्मलमिदं विषमे समुपस्थितम् ।
अनार्यजुष्टमस्वर्ग्यमकीर्तिकरमर्जुन ॥ २ ॥

શ્રી ભગવાન કહે છે–હે અર્જુન ! આવા અયોગ્ય સમયમાં આવું કાયરપણું કે જેને આર્ય લોકો ધિક્કારે છે. જે સ્વર્ગ પ્રાપ્તિને આડે આવનાર છે, અને જે અપકીર્તિ કુ-

રનાર છે તે તારામાં ક્યાંથી આવ્યું ? ॥ ૨ ॥

क्लैब्यं मा स्म गमः पार्थ नैतत्त्वय्युपपद्यते ।
क्षुद्रं हृदयदौर्बल्यं त्यक्त्वोत्तिष्ठ परंतप ॥३॥

હે પાર્થ ! આવી નામરદાઈ છોડી દે. એ તારે માટે યોગ્ય નથી. હે શત્રુને જીતવાવાળા ! તારા મનની આ દુર્બળતા તજી દઈ તું ઉભો થઈ જા. ॥ ૩ ॥

अर्जुन उवाच ।

कथं भीष्ममहंसंख्ये द्रोणं च मधुसूदन ।
इषुभिः प्रतियोत्स्यामिपूजार्हावरिसूदन ॥४

અર્જુન કહે છે-હેમધુસૂદન ! હે શત્રુનો નાશ કરનાર ! પૂજ્ય એવા ભીષ્મ તથા દ્રોણની સાથે હું બાણથી કેમ યુદ્ધ કરૂં ? ॥ ૪ ॥

गुरूनहत्वा हिमहानुभावान् श्रेयोभोक्तुं भैक्ष्यमपीहलोके । हत्वार्थकामांस्तुगुरूनिहैव भुंजीय भोगान् रुधिरप्रदिग्धान् ॥५॥

આવા મહા પ્રભાવવાળા ગુરૂઓને હણવા કરતાં આ લોકમાં ભીખ માગીને ખાવું એ વધારે સારૂં છે. સ્વાર્થી છતાં આ ગુરૂઓને મારવાથી તો હું રૂધિરથી ખરડાએલા ભોગ ભોગવું. ॥ ૫ ॥

न चैतद्विद्मः कतरन्नो गरीयोयद्वाजयेमयदि वा नोजयेयुः । यानेवहत्वा नजिजीविषामस्तेऽवस्थिताः प्रमुखे धार्तराष्ट्राः ॥६॥

વળી આપણે જાણતા નથી કે આપણામાંથી વધારે બળવાન કોણ છે? કદાચ અમે જીતીશું કે તેઓ જીતશે; જેમને મારીને અમે જીવવાની ઇચ્છા રાખીએ નહિ તે આ ધૃતરાષ્ટ્રના પુત્રો સામે આવીને ઉભા છે. ॥ ૬ ॥

कार्पण्यदोषोपहतस्वभावः पृच्छामित्वां धर्मसंमूढचेताः । यच्छ्रेयः स्यान्निश्चितंब्रूहितन्मे शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥७॥

હીનતાના દોષને લીધે મારો સ્વભાવ નરમ થઈ ગયો છે અને મારૂં મન ધર્મ વિષયમાં મૂઢ બની ગયું છે. તેથી હું તમને પૂછું છું કે મારે માટે કલ્યાણદાયક શું છે તે નિશ્ચય કરીને મને કહો? હું તમારો શિષ્ય છું મને ઉપદેશ આપો. ॥ ૭ ॥

नहि प्रपश्यामि ममापनुद्याद्यच्छोकमुच्छोषणमिंद्रियाणाम् । अवाप्य भूमावसपत्नमृद्धं राज्यं सुराणामपि चाधिपत्यम् ॥ ८ ॥

સર્વ સમૃદ્ધિ યુક્ત આખી પૃથ્વીનું રાજ્ય તથા દેવોનું આધિપત્ય મને મળે તો પણ ઇંદ્રિયોનું શોષણ કરનાર મારા હૃદયનો આ શોક મટે એવો ઉપાય મને જણાતો નથી.

संजय उवाच ।

**एवमुक्त्वा हृषीकेशं गुडाकेशः परंतपः ।
न योत्स्य इतिगोविंदमुक्त्वातूष्णींबभूवह ९**

સંજય કહે છે કે–હે શત્રુઓને જીતનાર ધૃતરાષ્ટ્ર ! આ પ્રમાણે હૃષીકેશને એટલે શ્રીકૃષ્ણને કહેતાં અર્જુન બોલ્યો કે "હે ગોવિંદ હું યુદ્ધ નહિ કરૂં." એમ કહી પછી ચુપ રહ્યો. ॥ ૯ ॥

तमुवाच हृषीकेशः प्रहसन्निव भारत ।
सेनयोरुभयोर्मध्येविषीदंतमिदंवचः ॥१०॥

પછી હે ભરતવંશી ધૃતરાષ્ટ્ર ! ભગવાને હસીને બે સૈન્યની વચ્ચે ઉભા રહી આ પ્રમાણે ખેદ કરનાર અર્જુનને નીચે પ્રમાણે વચન કહ્યાં. ॥ ૧૦ ॥

श्री भगवानुवाच ।

अशाच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्चभाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचंतिपंडिताः ११

શ્રી ભગવાન કહે છે–જેનો શોક કરવા યોગ્ય નથી તેઓને માટે તું શોક કરે છે અ-

ને પંડિતાઇની વાતો કરે છે, પરંતુ જ્ઞાની માણસો તો મુએલા તેમજ જીવતાઓનો શોક કરતા નથી. ॥ ૧૧ ॥

नत्वेवाहं जातु नासं नत्वंनेमेजनाधिपाः ।
नचैवनभविष्यामः सर्वेव यमत.परम् ॥१२॥

તું અથવા તો હું કે આ રાજાઓ આગળ કોઇવાર નહોતા એમ નથી; અને હવે પછી આપણે સઘળા નહિ હોઇએ એવું પણ નથી. ॥ ૧૨ ॥

देहिनोऽस्मिन्यथा देहे कौमारंयौवनंजरा ।
तथा देहांतरप्राप्तिर्धीरस्तत्रनमुह्यति ॥१३॥

શરીરમાં રહેનાર જીવ તમોને જેમ આ દેહમાં બાળપણ, જુવાની તથા ઘડપણ આવે છે તેમજ તેને આ દેહમાંથી ગયા પછી બીજો દેહ પણ પ્રાપ્ત થાય છે, તેથી બુદ્ધિમાન મનુષ્ય તેનો શોક કરતો નથી. ॥ ૧૩ ॥

मात्रास्पर्शास्तुकौन्तेयशीतोष्णसुखदुःखदाः ।
आगमापायिनोऽनित्यास्तांस्तितिक्षस्वभारत॥

હે કુંતાના પુત્ર! ટાઢ, તાપ, સુખ તથા દુઃખ એ સૌ ઇંદ્રિયોના સંબંધથી થાય છે તે આવે છે અને જાય છે અને અનિત્ય છે માટે તેને તું સહન કર. ॥ ૧૪ ॥

यं हि न व्यथयंत्येते पुरुषं पुरुषर्षभ ।
समदुःखसुखंधीरंसोऽमृतत्वायकल्पते ॥ १५

હે પુરૂષશ્રેષ્ઠ અર્જુન! જે મનુષ્યને એ સૌ પીડા કરતાં નથી તથા જેને સુખ દુઃખ સમાન છે અને જે ધીરજવાળો છે તે જ અમર થઇ શકે છે. ॥ ૧૫ ॥

नासतोविद्यते भावो नाभावोविद्यतेसतः ।
उभयोरपिदृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ॥

જે અસત્ છે તે સત્ થતું નથી; અને સત્ છે તે અસત્ થતું નથી; તત્વજ્ઞાનીઓએ આ

બંનેના તત્વજ્ઞાનનો નિશ્ચય કર્યો છે. ૧૬

अविनाशितु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कर्तुमर्हति ॥

જે સર્વમાં વ્યાપ્ત છે તે વિનાશ રહિત છે એમ જાણ, અને જેનો નાશ થઈ શકે એમ નથી તેનો નાશ કરવાને કોઇ શક્તિમાન નથી. ૧૭

अंतवंत इमे देहानित्यस्योक्ताःशरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्यतस्माद्युद्धयस्वभारत ॥

શરીરમાં રહેનાર આત્મા નિત્ય અવિનાશી અને ન સમજી શકાય એવો છે. તેનાં આ શરીર સર્વ નાશવંત છે માટે હે ભરતવંશી અર્જુન! તું યુદ્ધ કર. ॥ ૧૮ ॥

यएनं वेत्ति हंतारं यश्चैनं मन्यते हतम् ।
उभौतौनविजानीतोनायं हंतिनहन्यते ॥ १९

એને (આત્માને) જે કોઇ મારનાર અ-

થવા મરનાર માને છે તે બંને વાત માનના- રા અજ્ઞાન છે, કારણકે તે મારતો નથી ને મરતો પણ નથી. ॥ ૧૯ ॥

न जायते म्रियते वा कदाचिन्नायं भूत्वा- भविताचा न भूयः । अजानित्यःशाश्वतोऽय पुराणो न हन्यते हन्यमाने शरीरे ॥२०॥

તે કદી જન્મતો નથી તેમ મરતો પણ ન- થી. તે એક વખત થઇને પછી ભવિષ્યમાં થવાનો નથી એમ પણ નથી; તે અજન્મા, નિત્ય, સતત્ અને પ્રાચીન છે. શરીરનો નાશ થતાં તેનો નાશ થતો નથી. ॥ ૨૦ ॥

वेदाविनाशिनं नित्यं य एनमजमव्ययम् । कथंस पुरुष.पार्थ कं घातयति हन्तिकम् २१

હે પાર્થ ! અવિનાશી નિત્ય, જન્મ વિ- નાનો, વધઘટ વિનાનો એવા તે આત્માને જે મનુષ્ય જાણે છે તે કોને મારે છે અથવા

મરાવે છે ? ॥ ૨૧ ॥

वासांसि जीर्णानि यथाविहाय नवानि गृ-
ह्णातिनरोऽपराणि । तथा शरीराणिविहाय
जीर्णान्यन्यानिसंयाति नवानि देही ॥ २२

જેમ મનુષ્ય જીર્ણ વસ્ત્ર તજી દઈને નવાં વ-
સ્ત્ર ધારણ કરે છે, તેમ જીવાત્મા જીર્ણ દેહને
છોડી દઈને નવા દેહને ધારણ કરે છે. ૨૨

नैनं छिंदंति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयंत्यापो न शोषयति मारुतः २३

શસ્ત્ર તેને છેદી શકતાં નથી, અગ્નિ તેને
બાળી શકતો નથી, પાણી તેને પલાળી શક-
તું નથી અને વાયુ તેને શોષી શકતો ન-
થી. ॥ ૨૩ ॥

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्यएवच ।
नित्यःसर्वगतःस्थाणुरचलोऽयं सनातनः ॥

તે છેદાય નહિ એવો, બળે નહિ તેવો, પ-

લળી શકે નહિ તેવો અને શોષાય નહિ તેવો, નિત્ય સર્વવ્યાપ્ત, એકજ રૂપવાળો, અચળ અને સર્વથી જુનો છે. ॥ ૨૪ ॥

अव्यक्तोऽयमचिंत्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवंविदित्वैनं नानुशोचितुमर्हसि ॥२५

તે ન દેખી શકાય તેવો, ન સમજી શકાય તેવો અને બદલાય નહી તેવો કહેવાય છે, તેથી તેને એવો જાણીને એનો શોક કરવો તને ઘટતો નથી. ॥ ૨૫ ॥

अथचैनंनित्यजातं नित्यं वामन्यसे मृतम् ।
तथापि त्वंमहाबाहो नैनंशोचितुमर्हसि २६

હે મહાબાહુ અર્જુન ! જો તુ એમ માનતો હોય કે એ હંમેશ જન્મ લે છે અને હંમેશ મરણ પામે છે તો પણ તારે શોક કરવો યોગ્ય નથી. ॥ ૨૬ ॥

जातस्यहिध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥

કારણ કે જેનો જન્મ છે તેનું મરણ નક્કી જ છે અને મુએલાનો ફરી જન્મ પણ નક્કી જ છે, માટે જે વસ્તુ બન્યા વિના રહે એવી નથી તેને માટે શોક કરવો એ તને ઘટતું નથી. ॥ ૨૭ ॥

अव्यक्तादीनि भूतानि व्यक्तमध्यानि भारत ।
अव्यक्तनिधनान्येव तत्र का परिदेवना ॥२८

હે ભારત! ભૂતોનું મૂળ જોઈ શકાતું નથી, તેઓની વચલી સ્થિતિ જોઈ શકાય છે અને તેઓનો નાશ જોઈ શકાતો નથી ત્યારે તેને માટે શોક શો કરવો ? ॥ ૨૮ ॥

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः । आश्चर्यवच्चैनमन्यः शृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥ २९ ॥

તેને (આત્માને) કોઈ આશ્ચર્ય જેવો જુ-

એ છે, કોઈ તે આશ્ચર્ય જેવો છે એમ કહે છે, અને કોઈ તેને આશ્ચર્ય જેવો સાંભળે છે અને સાંભળવા છતાં પણ કોઈ તેને જાણી શકતું નથી. ॥ ૨૯ ॥

देही नित्यमवध्योऽयं देहे सर्वस्य भारत ।
तस्मात्सर्वाणिभूतानि नत्वंशोचितुमर्हसि ॥

હે ભારત ! દેહમાં રહેનાર તે (આત્મા) નો કદી નાશ થઇ શકતો નથી તેથી કોઇ પણ જીવનો શોક કરવો યોગ્ય નથી. ॥ ૩૦ ॥

स्वधर्ममपि चावेक्ष्य न विकंपितुमर्हसि ।
धर्म्याद्धियुद्धाच्छ्रेयोऽन्यत्क्षत्रियस्यन विद्यते॥

તારો પોતાનો ધર્મ વિચારતાં પણ તારે કંપારી ખાવી યોગ્ય નથી કારણ કે ધર્મયુદ્ધ વિના ક્ષત્રિયોને બીજું કાંઇ કલ્યાણદાયક નથી. ॥ ૩૧ ॥

यदृच्छया चोपपन्नं स्वर्गद्वारमपावृतम् ।

सुखिनः क्षत्रियाः पार्थ लभंते युद्धमीदृशम् ॥

હે પાર્થ ! જાણે સ્વર્ગનું દ્વારજ ખુલ્લું મુ· કર્યું હોય એવું દૈવેચ્છાથી આવી મળેલું યુદ્ધ ભાગ્યશાળી ક્ષત્રિયો હોય તેનેજ પ્રાપ્ત થાય છે.

अथचेत्त्वमिमं धर्म्यं संग्रामं न करिष्यसि ।
ततःस्वधर्मंकीर्तिंच हित्वा पापमवाप्स्यसि ॥

પણ જો તું આ ધર્મ યુદ્ધ નહિ કરે તો તું તારા પોતાના ધર્મ તથા કીર્તિનો નાશ કરી પાપી થઇશ. ॥ ૩૩ ॥

अकीर्तिंचापिभूतानिकथयिष्यंतिते ऽव्ययाम्
संभावितस्य चाकीर्तिर्मरणादतिरिच्यते ॥

સર્વ લોક સદા તારી અપકીર્તિ બોલશે, અને આબરૂદાર મનુષ્યની અપકીર્તિ મરણ કરતાં પણ વધારે દુઃખદાયી સમજવી. ॥૩૪॥

भयाद्रणादुपरतं मंस्यंते त्वां महारथाः ।
येषांच त्वंबहुमतोभूत्वा यास्यसिलाघवम् ॥

મહારથી યોદ્ધાઓ એમ માનશે કે તું ભયનો માર્યો યુદ્ધમાંથી નાસી ગયો, અને જેઓ તારે વિષે ઉંચો મત ધરાવે છે તેના આગળ તારી હલકાઈ જણાશે. ॥ ૩૫ ॥

अवाच्यवादांश्च बहून्वदिष्यंति तवाहिताः ।
निंदंतस्तवसामर्थ्यं ततो दुःखतरं नु किम् ॥

જેઓ તારૂં અહિત ઇચ્છનારા છે તે તારે માટે નહિ બોલવાના બોલ બોલશે અને તારા બળની નિંદા કરશે, એથી મોટું દુઃખ બીજું કયું છે? ॥ ૩૬

हतोवाप्राप्स्यसिस्वर्गंजित्वावाभोक्ष्यसेमहीम् ।
तस्मादुत्तिष्ठ कौंतेय युद्धाय कृतनिश्चयः ॥

જો તું યુદ્ધમાં મરીશ તો તને સ્વર્ગપ્રાપ્તિ થશે અને જીતીશ તો પૃથ્વીનું રાજ્ય ભોગવીશ. માટે હે કુંતાના પુત્ર! યુદ્ધ કરવાનો નિશ્ચય કરીને તું ઉભો થઇ જા. ॥ ૩૭ ॥

सुखदुःखेसमेकृत्वालाभालाभौजयाजयौ ।
ततोयुद्धाय युज्यस्व नैवंपापमवाप्स्यसि ॥

સુખ તથા દુઃખ, લાભ અને ખોટ, જીત ને હાર સૌ સમાન ગણીને યુદ્ધમાં જોડાઈ જા. તેમ કરતાં તને પાપ લાગશે નહિ. ૩૮

एषातेऽभिहितासांख्येबुद्धिर्योगेत्विमांशृणु ।
बुद्धयायुक्तोययापार्थ कर्मबंधं प्रहास्यसि ॥

આ પ્રમાણે મેં તને સાંખ્યશાસ્ત્રનો ઉપદેશ કર્યો છે; હવે યોગશાસ્ત્રનો બોધ સાંભળ; હે પાર્થ ! જે બોધવડે કરીને તું કર્મબંધનથી મુક્ત થઈશ. ॥ ૩૯ ॥

नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायोनविद्यते ।
स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतोभयात् ॥

એમાં કરેલો ઉદ્યોગ વૃથા થતો નથી અને તેમાં કાંઈ બાધ પણ નથી, એ ધર્મની અલ્પ ક્રિયા પણ મહા ભયમાંથી રક્ષણ કરેછે. ૪૦

व्यवसायात्मिका बुद्धिरेकेह कुरुनंदन ।
बहुशाखाह्यनंताश्चबुद्धयोऽव्यवसायिनाम् ॥

હે કુરુનંદન! અહીં નિશ્ચયાત્મક બુદ્ધિ તે એકજ છે, અને અનિશ્ચયવાળી બુદ્ધિ અનંત અને બહુ શાખાવાળી હોય છે ॥ ૪૧ ॥

यामिमां पुष्पितां वाचं प्रवदंत्यविपश्चितः ।
वेदवादरताःपार्थ नान्यदस्तीतिवादिनः ॥
कामात्मानः स्वर्गपरा जन्मकर्मफलप्रदाम् ।
क्रियाविशेषबहुलां भोगैश्वर्यगतिंप्रति ॥४३
भोगैश्वर्यप्रसक्तानां तयापहृतचेतसाम् ।
व्यवसायात्मिकाबुद्धिःसमाधौनविधियते ॥

વેદ વાદમાં મગ્ન, ઈચ્છાઓથી ભરપૂર, સ્વર્ગપ્રાપ્તિના ઉદ્યમવાળા અને એ વિના અન્ય કાંઈ છેજ નહિ એમ વદનારા અજ્ઞાની મનુષ્યો અનેક જન્મમાં કરેલાં કર્મનાં ફળ આપનાર તથા ક્રિયાઓથી ભરપૂર એવી છટા-

દાર વાણી, ભોગ તથા ઐશ્વર્યની પ્રાપ્તિને માટે બોલે છે, તેવાઓની તથા તેમની વાણીથી જેઓનું ચિત્ત આકર્ષાયેલું છે એવા ભોગ તથા ઐશ્વર્યમાં આસક્ત જનોની નિશ્ચયાત્મક બુદ્ધિ સમાધિમાં સ્થિર થતી નથી. ॥ ૪૨-૪૪ ॥

त्रैगुण्यविषयावेदा निस्त्रैगुण्यो भवार्जुन ।
निर्द्वंद्वोनित्यसत्वस्थोनिर्योगक्षेमआत्मवान् ॥

વેદમાં (સત્ત્વ, રજ અને તમ) એ ત્રણ ગુણનું કથન છે. માટે હે અર્જુન ! તું એ ત્રણ ગુણથી રહિત, (સારૂં નઠારૂં, સુખ દુઃખ, ટાઢ તથા તડકો એ) દ્વંદ્વની લાગણી રહિત, હમેશાં સત્ત્વગુણમાંજ રહેનાર, અલભ્ય વસ્તુના લાભમાં તથા પ્રાપ્ત વસ્તુના રક્ષણમાં દરકાર રહિત અને તારા આત્મામાં રમી રહેનાર થા. ॥ ૪૫ ॥

यावानर्थ उदपाने सर्वतः संप्लुतोदके ।
तावान्सर्वेषु वेदेषु ब्राह्मणस्य विजानतः ॥

કુવા વાવ વગેરે નાનાં જળાશયો કે સરોવર જેવાં મોટાં જળાશયો બંને જેમ તરસ મટાડવામાં એક સરખાં ઉપયોગી છે તેમ વેદનાં કર્મોથી જે ફળ મળે છે તે જ ફળ બ્રહ્મને ઉપાસવાથી પણ મળે છે. ॥ ૪૬ ॥

कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।
मा कर्मफलहेतुर्भूर्मा ते संगोऽस्त्वकर्मणि ॥

તને માત્ર કર્મ કરવાનો અધિકાર છે, તેના ફળનો વિચાર કદી રાખીશ નહિ. કર્મ કરતી વેળા તેના ફળનો હેતુ તો રાખવોજ નહિ, તેમ કર્મ કર્યા વિના પણ રહેવું નહિ. ॥ ૪૭ ॥

योगस्थःकुरु कर्माणि संगंत्यक्त्वाधनंजय ।
सिद्ध्यसिद्ध्योःसमोभूत्वासमत्वंयोगउच्यते

હે ધનંજય ! સંગનો ત્યાગ કરીને અને

યોગમાં રહીને કર્મ કરનાર થા; કર્મની સિદ્ધિ તેમજ અસિદ્ધિ સમાન ગણી કર્મ કરવાં તેને યોગ કહે છે. ॥ ૪૮ ॥

दूरेणह्यवरं कर्म बुद्धियोगाद्धनंजय ।
बुद्धौ शरणमन्विच्छ कृपणाः फलहेतवः ॥

હે ધનંજય ! બુદ્ધિયોગના કરતાં કર્મયોગ ઘણોજ ઉતરતો છે માટે બુદ્ધિનોજ આશ્રય લે. ફળની ઈચ્છાથી કર્મ કરનારા હીન છે એમ સમજવું. ॥ ૪૯ ॥

बुद्धियुक्तोजहातीह उभे सुकृतदुष्कृते ।
तस्माद्योगाययुज्यस्वयोगःकर्मसुकौशलम् ॥

બુદ્ધિયોગવાળો સારાં કર્મ તથા નઠારાં કર્મ બંનેનો ત્યાગ કરે છે, માટે તું યોગનેજ વળગી રહે, કર્મ કરવામાં કુશળતા તેજ યોગ છે. ॥ ૫૦ ॥

कर्मजंबुद्धियुक्ताहि फलंत्यक्त्वामनीषिणः ।

जन्मबंधविनिर्मुक्ताः पदंगच्छंत्यनामयम् ॥

બુદ્ધિયોગમાં લીન થયેલા જ્ઞાનીઓ કર્મથી ઉત્પન્ન થતાં ફળનો ત્યાગ કરી જન્મ બંધનથી મુક્ત થાય છે અને પરમાનંદ પદને પામે છે. ॥ ૫૧ ॥

यदा ते मोहकलिलं बुद्धिर्व्यतितरिष्यति ।
तदागंतासि निर्वेदं श्रोतव्यस्य श्रुतस्य च ॥

જ્યારે તારી બુદ્ધિ તારા મોહના મેલને તરી જાશે ત્યારે સાંભળવાનું તેમજ સાંભળેલું બંનેમાં તને વૈરાગ્ય થશે. ॥ ૫૨ ॥

श्रुतिविप्रतिपन्नाते यदास्थास्यतिनिश्चला ।
समाधावचला बुद्धिस्तदायोगमवाप्स्यसि ॥

શ્રુતિથી ગુંચવણમા પડી ગયેલી તારી બુદ્ધિ જ્યારે અચલ થઇને સમાધિમાં સ્થિર થઇ રહેશે ત્યારે તને યોગની પ્રાપ્તિ થશે. ॥ ૫૩ ॥

अर्जुन उवाच ।

स्थितप्रज्ञस्यकाभाषा समाधिस्थस्य केशव ।
स्थितधीःकिंप्रभाषेतकिमासीतव्रजेतकिम् ॥

અરજુન કહે છે-હે કેશવ ! જેની બુદ્ધિ સ્થિર છે તથા જે સમાધિવાળો છે તેના શાં લક્ષણ છે તે મને કહો ? સ્થિર બુદ્ધિવાળો કેવી રીતે બોલે છે, બેસે છે તથા કેવી રીતે ચાલે છે ? ॥ ૫૪ ॥

श्री भगवानुवाच ।

प्रजहातियदाकामान्सर्वान्पार्थमनोगतान् ।
आत्मन्येवात्मनातुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥

શ્રી ભગવાન કહે છે-હે પાર્થ ! જ્યારે મનમાં ઉત્પન્ન થતી સર્વ કામનાને માણસ તજી દે છે અને પોતાના આત્માને વિષેજ પોતે સંતુષ્ટ રહે છે, ત્યારે તે સ્થિર બુદ્ધિવાળો કહેવાય છે. ॥ ૫૫ ॥

दुःखेष्वनुद्विग्नमनाः सुखेषु विगतस्पृहः ।
वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

દુઃખમાં જેનું મન ખેદયુક્ત થતું નથી, જે સુખની સ્પૃહા રાખતો નથી, રાગ, ભય અને ક્રોધ જેણે તજી દીધેલા છે તે સ્થિર બુદ્ધિવાળો મુનિ કહેવાય છે. ॥ ૫૬ ॥

यः सर्वत्रानभिस्नेहस्तत्तत्प्राप्यशुभाशुभम् ।
नाभिनंदति न द्वेष्टि तस्य प्रज्ञाप्रतिष्ठिता ॥

જે સર્વ ઠેકાણે માયા રહિત છે, શુભ અથવા અશુભની પ્રાપ્તિથી જે સુખી અથવા દુઃખી થતો નથી તે માણસની બુદ્ધિ સ્થિર છે એમ જાણવું. ॥ ૫૭ ॥

यदा संहरते चायं कूर्मोऽङ्गानीव सर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्यप्रज्ञाप्रतिष्ठिता ॥

જેમ કાચબો સર્વ બાજુએથી પોતાનાં અંગ અંદર ખેંચી લે છે તેમ જ્યારે માણસ

પોતાની ઇંદ્રિયોને ઇંદ્રિયોના વિષયમાંથી ખેંચી લે છે ત્યારે તેની બુદ્ધિ સ્થિર થઇ છે એમ જાણવું. ॥ ૫૮ ॥

विषया विनिवर्तंते निराहारस्य देहिनः ।
रसवर्जंरसोऽप्यस्य परंदृष्ट्वा निवर्तते ॥५९॥

ભૂખ્યા માણસનાથી ઇંદ્રિયોના વિષય દૂર જતા રહે છે, માત્ર રસ (સ્વાદ) એકલોજ વિષય રહે છે, અને તે રસ પણ પરબ્રહ્મનું દર્શન થતાંજ જતો રહે છે. ॥ ૫૯ ॥

यततो ह्यपि कौंतेय पुरुषस्य विपश्चितः ।
इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः ॥

હે કુંતાના પુત્ર ! યત્ન કર્યા છતાં પણ બુદ્ધિવાન માણસના મનનું મંથન કરી ઇંદ્રિયો તેને જોરથી (વિષયો પ્રત્યે) ખેંચી જાય છે. ॥ ૬૦ ॥

तानिसर्वाणिसंयम्य युक्त आसीतमत्परः ।

वशेहियस्येंद्रियाणि तस्य प्रज्ञाप्रतिष्ठिता ॥

માટે સર્વ ઇંદ્રિયોને વશમાં રાખી, યોગમાં રહી, મારામાંજ ધ્યાન રાખીને બેસવું; કારણ કે જેણે ઇંદ્રિયો વશ કરી છે તેનીજ બુદ્ધિ સ્થિર છે. ॥ ૬૧ ॥

ध्यायतो विषयान्पुंसः संगस्तेषूपजायते ।
संगात्संजायतेकामःकामात्क्रोधोभिजायते ॥

વિષયોનું ધ્યાન કરતાં પુરૂષને તેમાં આસક્તિ થાય છે અને આસક્તિથી તેનામાં કામના ઉત્પન્ન થાય છે અને કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે. ॥ ૬૨ ॥

क्रोधाद्भवतिसंमोहः संमोहात्स्मृतिविभ्रमः ।
स्मृतिभ्रंशाद्बुद्धिनाशोबुद्धिनाशात्प्रणश्यति

ક્રોધથી મોહ થાય છે, મોહથી સ્મૃતિનો ભ્રમ થાય છે, સ્મૃતિના ભ્રમથી બુદ્ધિ નાશ પામે છે અને બુદ્ધિ નાશ પામવાથી માણસ

પોતે નાશ પામે છે. ॥ ૬૩ ॥

रागद्वेषवियुक्तैस्तु विषयानिंद्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्माप्रसादमधिगच्छति ॥

પણ રાગ અને દ્વેષથી મુક્ત થઈને, મનને વશ રાખી જે ઇંદ્રિયોના વિષયો ભોગવે છે અને પોતાના ઉપર અંકુશ રાખે છે તે શાંતિ પ્રાપ્ત કરે છે. ॥ ૬૪ ॥

प्रसादे सर्वदुःखानां हानिरस्योपजायते ।
प्रसन्नचेतसोह्याशु बुद्धिःपर्यवतिष्ठते ॥६५॥

શાંતિ મળવાથી તેનાં સર્વ દુઃખનો નાશ થાય છે કારણ કે જેનું મન શાંત હોય છે તેની બુદ્ધિ સ્થિર થઇ જાય છે. ॥ ૬૫ ॥

नास्तिबुद्धिरयुक्तस्य नचायुक्तस्यभावना ।
न चाभावयतःशांतिरशांतस्यकुतःसुखम् ॥

જેનું ચિત્ત સ્થિર હોતું નથી તેને સ્થિરબુદ્ધિ હોતી નથી અને તેનાથી ધ્યાન પણ થતું ન-

થી. જેને ધ્યાન નથી તેને શાંતિ નથી અને જેને શાંતિ નથી તેને સુખ ક્યાંથી હોય ?

इंद्रियाणां हि चरतांयन्मनोऽनुविधीयते ।
तदस्य हरति प्रज्ञां वायुर्नावमिवांभसि ॥

જેમ સમુદ્રમાં વહાણને પવન નાશ કરી નાંખે છે તેમજ વિષયોમાં ભટકતાં ઇંદ્રિયોવાળાનું મન એવું થઈ જાય છે કે તે તેની બુદ્ધિનો નાશ કરે છે. ॥ ૬૭ ॥

तस्माद्यस्यमहाबाहो निगृहीतानिसर्वशः ।
इंद्रियाणींद्रियार्थेभ्यस्तस्यप्रज्ञाप्रतिष्ठिता ॥

માટે હે મહાબાહુ અર્જુન ! વિષયોથી જેણે ઇંદ્રિયોને નિયમમાં રાખી છે તેની બુદ્ધિ સ્થિર છે. ॥ ૬૮ ॥

यानिशा सर्वभूतानां तस्यांजागर्तिसंयमी ।
यस्यांजाग्रतिभूतानिसानिशापश्यतोमुनेः ॥

સઘળા જીવોની જે રાત છે તેની વિષે યો-

ગી જાગે છે અને જેમાં સઘળા જીવો જાગે છે તે સત્ય જ્ઞાનવાળા મુનિને મન રાત છે. ॥ ૬૯ ॥

आपूर्यमाणमचलप्रतिष्ठं
समुद्रमापः प्रविशंति यद्वत् ।
तद्वत्कामा यं प्रविशंति सर्वे
स शांतिमाप्नोति न कामकामी ॥ ७० ॥

જેમ સંપૂર્ણ ભરેલા સમુદ્રમાં બીજાં પાણી આવીને પડે છે છતાં તે પોતાની હદ મૂકતો નથી તેમ સર્વ મનકામનાઓ પ્રાપ્ત થતાં જે ડગતો નથી તેને શાંતિ મળે છે. પણ જેને નવા નવી કામનાઓ થાય છે તેને શાંતિ મળતી નથી. ॥ ૭૦ ॥

विहायकामान्यः सर्वान्पुमांश्चरतिनिस्पृहः ।
निर्ममोनिरहंकारः स शांतिमधिगच्छति ॥

જે માણસ સર્વ ઈચ્છાઓને તજી દઈને ફો-

ઈની દરકાર કર્યા વિના ફરે છે, અને જેને અહંકાર નથી તેમજ સ્વાર્થ નથી તે શાંતિ મેળવે છે. ॥ ૭૧ ॥

एषाब्राह्मीस्थितिः पार्थनैनांप्राप्यविमुह्यति ।
स्थित्वास्यामंतकालेऽपिब्रह्मनिर्वाणमृच्छति॥

હે પાર્થ ! આ ખરી બ્રહ્મ અવસ્થા છે. એની પ્રાપ્તિ થયા પછી મનુષ્યને મોહ થતો નથી. માત્ર અંતકાળને સમયે પણ જો તે આ અવસ્થામાં હોય તો તે મનુષ્યને બ્રહ્મમાં સમાસ થાય છે. ॥ ૭૨ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे सांख्ययोगो नाम द्वितीयोऽध्यायः ।

॥ બીજો અધ્યાય સમાપ્ત. ॥

अध्याय २ जो.

अर्जुन उवाच ।

ज्यायसीचेत्कर्मणस्ते मता बुद्धिर्जनार्दन ।
तत्किंकर्मणिघोरे मां नियोजयसि केशव ॥

અર્જુન કહે છે—હે જનાર્દન ! જ્યારે આપનો એવો મત છે કે કર્મ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે, ત્યારે હે કેશવ ! મને આવું ઘોર કર્મ કરવાને તમે શા માટે પ્રેરો છો ? ૧

व्यामिश्रेणेववाक्येन बुद्धिं मोहयसीव मे ।
तदेकंवद निश्चित्य येन श्रेयोऽहमाप्नुयाम् ॥

ઉલટ સુલટ વાક્યોથી તમે મારી બુદ્ધિને ગુંચવણમાં નાંખી દે છો માટે કલ્યાણ થાય એવો એક માર્ગ નક્કી કરીને મને કહો. ૨

श्री भगवानुवाच ।

लोकेऽस्मिन्द्विविधानिष्ठापुराप्रोक्तामयानघ ।

ज्ञानयोगेनसांख्यानांकर्मयोगेनयोगिनाम् ॥

શ્રી ભગવાન કહે છે–હે પાપ રહિત અર્જુન! મેં તને પહેલાં કહ્યું કે આ લોકમાં બે માર્ગ છે, એક સાંખ્યનો જ્ઞાનયોગ અને બીજો યોગીઓનો કર્મયોગ. ॥ ૩ ॥

न कर्मणामनारंभान्नैष्कर्म्यं पुरुषोऽश्नुते ।
नचसंन्यसनादेव सिद्धिं समधिगच्छति ॥

કર્મનો બિલકુલ આરંભ કર્યા વગર માણસ કર્મથી મુક્ત થઇ શકતો નથી તેમજ સર્વનો ત્યાગ કરવાથી પણ સિદ્ધિ મળતી નથી. ॥૪॥

नहिकश्चित् क्षणमपि जातुतिष्ठत्यकर्मकृत् ।
कार्यते ह्यवशः कर्म सर्वः प्रकृतिजैर्गुणैः ॥

કોઈ માણસ એક પળવાર પણ કર્મ કર્યા વિના રહી શકતો નથી, કેમકે સર્વને સ્વભાવથીજ પરવશ થઇને કર્મ કરવાં પડે છે.૫

कर्मेन्द्रियाणि संयम्य य आस्तेमनसास्मरन्।

इंद्रियार्थान्विमूढात्मामिथ्याचारःसउच्यते ॥

જે માણસ કર્મેન્દ્રિયોને વશ રાખી પાછો ઇંદ્રિયોના વિષયનું મનથી ધ્યાન કરતો રહે છે તે મુઢમતી મિથ્યા આચાર (ખોટીચાલ) વાળો કહેવાય છે. ॥ ૬ ॥

यस्त्विंद्रियाणि मनसा नियम्यारभतेऽर्जुन ।
कर्मेन्द्रियैः कर्मयोगमसक्तः स विशिष्यते ॥

પણ હે અર્જુન ! જે મનની ઇંદ્રિયોને વશ કરી તેમાં આસક્ત થયા વગર કર્મેન્દ્રિયો વડે કર્મ યોગનું આચરણ કરે છે તે શ્રેષ્ઠ છે ૭

नियंत कुरु कर्म त्वं कर्मज्यायो ह्यकर्मणः ।
शरीरयात्रापि च ते न प्रसिद्ध्येदकर्मणः ॥

માટે નિત્ય કરવાનાં કર્મ તું કર. કર્મ નહિ કરવાં તેના કરતાં કરવાં એ સારૂં છે, વળી કર્મ કર્યા વગર તો આ શરીર પણ રહી શકે એમ નથી. ॥ ૮ ॥

यज्ञार्थात्कर्मणोऽन्यत्र लोकोऽयं कर्मबंधनः ।
तदर्थं कर्म कौंतेय मुक्तसंगः समाचर ॥९॥

યજ્ઞ સિવાય બીજું કર્મ છે તે જ લોકોને બંધનકારક છે માટે મમતા તજી, હે અર્જુન ! યજ્ઞના હેતુથી તું કર્મ કર. ॥ ૯ ॥

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥

પૂર્વે યજ્ઞ કરનાર લોકોને ઉત્પન્ન કરીને પ્રજાપતીએ કહ્યું હતું કે યજ્ઞવડેજ તમારી વૃદ્ધિ થશે અને એજ તમારી કામધેનુ (સર્વ મનકામના પુરી પાડનાર કામદુગ્ધા ગાય) છે. ॥ ૧૦ ॥

देवान् भावयताऽनेन ते देवा भावयंतु वः ।
परस्परं भावयंतः श्रेयः परमवाप्स्यथ ॥

એનાથી તમે દેવોનું પોષણ કરશો એટલે દેવો તમારૂં પોષણ કરશે, એ પ્રમાણે પર-

સ્પર એક બીજાનું પોષણ કરતાં તમારૂં કલ્યાણ થશે. ॥ ૧૧ ॥

इष्टान् भोगान्हि वोदेवादास्यंतेयज्ञभाविताः ।
तैर्दत्तानप्रदायैभ्यो यो भुंक्ते स्तेन एव सः ॥

યજ્ઞથી સંતોષ પામેલા દેવતાઓ તમને ઇચ્છિત ભોગ આપશે. તેઓ તમને આપે અને જ્યારે તેમને અર્પણ કર્યા વિના જો કોઈ ભોગવે તો તેને ચોર જાણવો. ॥ ૧૨ ॥

यज्ञशिष्टाशिनः संतो मुच्यंते सर्वकिल्बिषैः ।
भुंजते ते त्वघं पापाये पचंत्यात्मकारणात् ॥

યજ્ઞનું ઉચ્છિષ્ટ જમનારા સંતો સર્વ પાપથી મુક્ત થાય છે, અને જે પાપી માણસો માત્ર પોતાનેજ કાજે રાંધે છે તે ખરેખર પાપનુંજ ભોજન કરનાર છે. ॥ ૧૩ ॥

अन्नाद्भवंति भूतानि पर्जन्यादन्नसंभवः ।
यज्ञाद्भवति पर्जन्यो यज्ञः कर्मसमुद्भवः ॥

અન્નથી સર્વે જીવ ઉત્પન્ન થાય છે અને અન્ન વરસાદથી પેદા થાય છે, યજ્ઞથી વરસાદ થાય છે અને યજ્ઞ કર્મથી થાય છે. ॥ ૧૪ ॥

कर्म ब्रह्मोद्भवं विद्धि ब्रह्माक्षरसमुद्भवम् ।
तस्मात्सर्वगतं ब्रह्म नित्यं यज्ञे प्रतिष्ठितम् ॥

કર્મની ઉત્પત્તિ બ્રહ્મથી છે અને બ્રહ્મની ઉત્પત્તિ અક્ષર (નહિ નાશ પામે એવા) બ્રહ્મથી છે તેથી સર્વવ્યાપક એવો જે બ્રહ્મ તે યજ્ઞમાં પણ રહેલો છે. ॥ ૧૫ ॥

एवं प्रवर्तितं चक्रं नानुवर्तयतीह यः ।
अघायुरिंद्रियारामो मोघं पार्थ स जीवति ॥

હે પાર્થ ! આ પ્રમાણે ચક્ર ચાલી રહ્યું છે તેને અનુસરીને જે ચાલતો નથી, તેનું જીવન પાપથી ભરેલું છે, અને જે ઇંદ્રિયોના સુખ માં આસક્ત થઇ રહે છે તે વૃથા જીવે છે. ૧૬

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।

आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते॥

પણ જે પોતાના આત્મામાંજ પ્રીતિ રાખીને રહેલો છે અને પોતાના આત્માથીજ જેને તૃપ્તિ છે તેવા માણસને કંઈપણ કરવાનું છેજ નહિ. ॥ ૧૭ ॥

नैव तस्य कृतेनार्थो नाकृतेनेह कश्चन ।
न चास्य सर्वभूतेषु कश्चिदर्थव्यपाश्रयः ॥

તેને તો જે કર્મ કર્યું તેમાં અને જે કર્મ નથી કર્યું તેમાં પણ કંઇ લાગતું વળગતું નથી તેમજ તેનું પોતાનું હિત કોઇ જીવ ઉપર આધાર રાખતું નથી. ॥ ૧૮ ॥

तस्मादसक्तः सततं कार्यं कर्म समाचर ।
असक्तो ह्याचरन् कर्म परमाप्नोति पुरुषः ॥

માટે કંઇ પણ આસક્તિ રાખ્યા વગર જે કર્મ કરવાનું છે તે હમેશાં કર્યા કર કેમકે

આસક્તિ વિના કર્મ કરનાર મોક્ષ પામે છે.

कर्मणैव हि संसिद्धिमास्थिता जनकादयः ।
लोकसंग्रहमेवापि संपश्यन् कर्त्तुमर्हसि ॥

જનક અને બીજાઓ કર્મ વડેજ ઉંચી ગતિને પામ્યા છે, વળી લોકના ભલાને અર્થે પણ વિચાર કરતાં તારે કર્મ કરવાની જરૂર છે. ॥ ૨૦ ॥

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः ।
स यत्प्रमाणं कुरुते लोकस्तदनुवर्त्तते ॥

મોટા માણસ જે જે કામ કરે છે તે તે કામ બીજા માણસો પણ કરે છે, અને તે જે કરે છે તે પ્રમાણ મનાય છે અને લોકો તેનેજ અનુસરે છે. ॥ ૨૧ ॥

न मेपार्थास्ति कर्त्तव्यं त्रिषुलोकेषुकिंचन ।
नानवाप्तमवाप्तव्यं वर्त्ते एव च कर्मणि ॥

હે પાર્થ ! ત્રણે લોકમાં મારે કંઈ પણ ક-

મેં કરવાની જરૂર નથી. કોઈ વસ્તુ મને નથી મળેલી ને મારે મેળવવાની છે એમ પણ નથી તથાપિ હું પણ કર્મ કર્યાંજ કરૂં છું. ॥ ૨૨ ॥

यदि ह्यहं न वर्त्तेयं जातु कर्मण्यतन्द्रितः ।
ममवर्त्मानुवर्तन्ते मनुष्याः पार्थ सर्वशः ॥

આળસ દૂર કરીને જો હું કર્મ કરવામાં તત્પર ન થાઉં તો હે પાર્થ ! સર્વ લોકો મારાજ માર્ગને અનુસરશે. ॥ ૨૩ ॥

उत्सीदेयुरिमे लोका न कुर्यां कर्म चेदहम् ।
संकरस्यच कर्त्तास्यामुपहन्यामिमाः प्रजाः ॥

જો હું કર્મ ન કરૂં તો આ દુનિઆનો નાશ થાય, વર્ણસંકર પ્રજા ઉત્પન્ન થાય અને પ્રજાનો નાશ થઇ જાય એ સઘળું કરનાર હું થાઉં. ॥ ૨૪ ॥

सक्ताः कर्मण्यविद्वांसो यथा कुर्वंति भारत ।

कुर्याद्विद्वांस्तथाऽसक्तश्चिकीर्षुर्लोकसंग्रहम् ॥

હે ભારત! કર્મમાં આસક્તિ રાખીને અજ્ઞાની લોકો જેવી રીતે કર્મ કરે છે તેવી રીતે લોકોનું ભલું ઇચ્છીને કર્મમાં આસક્તિ રાખ્યા વગર જ્ઞાનીઓએ કર્મ કરવાં જોઇએ.

न बुद्धिभेदं जनयेदज्ञानां कर्मसंगिनाम् ।
जोषयेत्सर्वकर्माणिविद्वान्युक्तःसमाचरन् ॥

કર્મમાં આસક્ત એવા અજ્ઞાની લોકોનાં મન જ્ઞાની લોકોએ ભમાવવાં નહી પણ યોગ્ય વર્તણુંક રાખી સર્વ કર્મ ઉપર લોકોનું વલણ થાય એમ તેમણે કરવું જોઇએ. ૨૬

प्रकृतेः क्रियमाणानिगुणैः कर्माणि सर्वशः ।
अहंकारविमूढात्मा कर्त्ताहमिति मन्यते ॥

સર્વ કર્મો પ્રકૃતિના ગુણ વડેજ થાય છે, તો પણ અહંકારથી મૂઢ થયેલી બુદ્ધિથી 'હુંજ તે કરનાર છું' એમ મનુષ્ય માને છે. ૨૭

तत्त्ववित्तु महाबाहो गुणकर्मविभागयोः ।
गुणा गुणेषु वर्तंत इति मत्वा न सज्जते ॥

હે મહાબાહુ અર્જુન ! પણ ગુણ તથા કર્મનો ભેદ સમજનાર જ્ઞાનીઓ ઇંદ્રિયો પોત પોતાનું કર્મ કરી રહી છે એમ માની અહંકાર કરતા નથી. ॥ ૨૮ ॥

प्रकृतेर्गुणसंमूढाः सज्जन्ते गुणकर्मसु ।
तानकृत्स्नविदोमंदानकृत्स्नविन्नविचालयेत् ॥

પ્રકૃતિના ગુણ વડે જેઓની બુદ્ધિ મૂઢ બની ગઈ છે તેઓને ઇંદ્રિયોનાં કર્મ ઉપર બહુ આસક્તિ રહે છે. તેવા ટુંકી બુદ્ધિવાળાના મનને સંપૂર્ણ જ્ઞાનવાળાએ ચલિત કરવાં નહી. ॥ ૨૯ ॥

मयिसर्वाणिकर्माणिसंन्यस्याध्यात्मचेतसा ।
निराशीर्निर्ममोभूत्वायुध्यस्वविगतज्वरः ॥

સર્વે કર્મ મને અર્પણ કરી, આશા વિનાનો,

મમતા વિનાનો અને સંતાપથી મુક્ત થ-
ઇને તું યુદ્ધ કર. ॥ ૩૦ ॥

ये मे मतमिदं नित्यमनुतिष्ठंति मानवाः ।
श्रद्धावंतोऽनसूयंतोमुच्यंतेतेऽपिकर्मभिः ॥

આ મારા મત પ્રમાણે જે માણસો ચાલે છે
તથા શ્રદ્ધા રાખી ઇર્ષ્યાનો ત્યાગ કરે છે તે-
ઓ કર્મબંધનથી મુક્ત થાય છે. ૩૧

ये त्वेतदभ्यसूयन्तो नानुतिष्ठंति मे मतम् ।
सर्वज्ञानविमूढांस्तान् विद्धि नष्टानचेतसः ॥

અને જેઓ મારા મતને ધિક્કારી કાઢી તે
પ્રમાણે વર્તતા નથી, તેઓ સર્વ જ્ઞાનમાં મુ-
ર્ખ અને નષ્ટ બુદ્ધિવાળા જાણવા. ૩૨

सदृशं चेष्टते स्वस्याः प्रकृतेर्ज्ञानवानपि ।
प्रकृतिं यांतिभूतानिनिग्रहः किंकरिष्यति ॥

જ્ઞાની માણસો પણ પોતાની પ્રકૃતિ પ્રમા-

હેજ ચાલે છે. પ્રાણી માત્ર પ્રકૃતિનેજ અનુસરે છે તો ઇંદ્રિયો કેવી રીતે વશ રાખી શકાય ? ॥ ૩૩ ॥

इंद्रियस्येंद्रियस्यार्थे रागद्वेषौ व्यवस्थितौ ।
तयोर्नवशमागच्छेत्तौह्यस्यपरिपंथिनौ ॥३४॥

ઇંદ્રિયોના વિષય ઉપરજ ઇંદ્રિયોની પ્રીતિ થાય છે તેથી તેને વશ થવું નહિ કારણ કે તે (પ્રીતિ અપ્રીતિ) મનુષ્યને (મોક્ષમાં) વિઘ્નકર્તા છે. ॥ ૩૪ ॥

श्रेयान्स्वधर्मोविगुणःपरधर्मात्स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावहः॥३५

ઉંચા ગુણવળા પારકા ધર્મ કરતાં ઓછા ગુણવાળો પણ પોતાનો ધર્મ કલ્યાણદાતા છે. પોતાના ધર્મમાં મરણ થાય તે શ્રેય કરનાર છે અને પારકો ધર્મ જોખમકારક છે. ૩૫

अर्जुन उवाच ।

अथ केन प्रयुक्तोऽयं पापं चरति पूरुषः ।
अनिच्छन्नपि वार्ष्णेय बलादिव नियोजितः ॥

અર્જુન કહે છે–હે કૃષ્ણ ! જાણે બળથી કોઇ ખેંચતું હોય તેમ પોતાની ઇચ્છા વગર પણ મનુષ્ય પાપ કરે છે તે કરવાને તેને કોણ પ્રેરે છે ? ॥ ૩૬ ॥

श्रीभगवानुवाच ।

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ॥

શ્રી ભગવાન કહે છે–તે કામ તથા રજોગુણથી ઉત્પન્ન થયેલો ક્રોધ છે, તે સર્વનો નાશ કરનાર મહા પાપી અને આલોકમાં મનુષ્યનો શત્રુ છે એમ જાણજે. ॥ ૩૭ ॥

धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ॥३८

જેમ ધુમાડાથી અગ્નિ ઢંકાઇ જાય છે તથા જેમ દર્પણ મેલથી ઢંકાઈ જાય છે તેમ આ (જ્ઞાન) તેનાથી ઢંકાઈ જાય છે. ॥ ૩૮ ॥

आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौंतेय दुष्पूरेणानलेन च ॥३९

હે કુંતાના પુત્ર ! વળી અગ્નિની પેઠે જેને કોઈ વેળા પણ તૃપ્તિ થતી નથી એવો અને જ્ઞાનીઓનો હમેશાંનો શત્રુ જે કામ, તેનાથી જ્ઞાન ઢંકાઈ જાય છે. ॥ ૩૯ ॥

इंद्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ॥४०

ઇંદ્રિયો મન અને બુદ્ધિ એ તેનાં રહેવાનાં સ્થાન છે, અને તેમના વડે કરીને એ જ્ઞાનને ઢાંકી દઇને આત્માને મોહમાં નાંખે છે. ૪૦

तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ॥

માટે હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન! પ્રથમથી જ ઇંદ્રિયોને વશ રાખીને જ્ઞાન અને આત્મ જ્ઞાનનો નાશ કરનાર પાપથી ભરેલા કામનો તું નાશ કર. ॥ ૪૧ ॥

इंद्रियाणि पराण्याहुरिंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिर्यो बुद्धेः परतस्तु सः ॥

ઇંદ્રિયો (સ્થુલ દેહથી) પર (શ્રેષ્ઠ) છે ઇંદ્રિયોથી મન પર છે, મનથી બુદ્ધિ પર છે અને બુદ્ધિથી પર તે (આત્મા) છે. ॥૪૨॥

एवं बुद्धेः परं बुद्धा संस्तभ्यात्मानमात्मना ।
जहि शत्रुं महाबाहो कामरूपं दुरासदम् ४३

એ પ્રમાણે બુદ્ધિથી પણ જે પર છે તે સમજીને, અને આત્મા વડે આત્માને વશ રાખીને હે મહાબાહુ અર્જુન! જેને જીતવો છે એવા કામરૂપી શત્રુનો નાશ કર. ॥ ૪૩ ॥

ત્રીજો અધ્યાય સમાપ્ત.

अध्याय ४ थो.

श्रीभगवानुवाच ।

इमं विवस्वते योगं प्रोक्तवानहमव्ययम् ।
विवस्वान्मनवे प्राह मनुरिक्ष्वाकवेऽब्रवीत् ॥

શ્રી ભગવાને કહ્યું કે જેનો નાશ ન થાય એવો આ યોગ મેં પ્રથમ વિવસ્વત (સૂર્ય) ને કહ્યો હતો, તેમણે મનુને કહ્યો હતો અને મનુએ ઇક્ષ્વાકુને કહ્યો હતો. ॥ ૧ ॥

एवं परंपराप्राप्तमिमं राजर्षयो विदुः ।
स कालेनेह महता योगो नष्टः परंतप ॥२॥

એ પ્રમાણે પરંપરાથી મળેલા આ યોગને રાજર્ષિઓ જાણતા હતા; હે શત્રુઓને સંતાપ કરનાર અર્જુન ! તે યોગ હાલ દીર્ઘકાળે કરીને નાશ પામ્યો છે. ॥ ૨ ॥

स एवायं मया तेऽद्य योगः प्रोक्तः पुरातनः ।

भक्तोऽसि मे सखा चेतिरहस्यंह्येतदुत्तमम् ॥

એ પુરાતન યોગ તને મારો ભક્ત તથા મિત્ર જાણીને મેં આજે કહ્યો છે કારણ કે એ એક રહસ્ય છે. ॥ ૩ ॥

अर्जुन उवाच

अपरं भवतो जन्म परं जन्म विवस्वतः ।
कथमेतद्विजानीयां त्वमादौ प्रोक्तवानिति ॥

અર્જુને કહ્યું કે, તમારો જન્મ તો પછીથી થયો છે અને વિવસ્વતનો જન્મ તો પહેલાં થઈ ગયો ત્યારે પહેલાં તેમને તમે આ યોગ કહ્યો હતો એ મારે શી રીતે સમજવું ? ૪

श्रीभगवानुवाच

बहूनि मे व्यतीतानि जन्मानि तव चार्जुन ।
तान्यहं वेद सर्वाणि न त्वं वेत्थ परंतप ॥५

શ્રી ભગવાને કહ્યું–હે અર્જુન ! તારા તથા મારા બહુ જન્મ થઈ ગયા છે. હું તે બ-

પણ જાણું છું પણ હે શત્રુઓને તાપ કરનાર! તું જાણતો નથી. ॥ ૫ ॥

अजोऽपि सन्नव्ययात्मा भूतानामीश्वरोऽपि सन् ।
प्रकृतिं स्वामधिष्ठाय संभवाम्यात्ममायया ॥

જો કે હું જન્મ વિનાનો છું, અવિનાશી છું, સર્વ પ્રાણીનો ઈશ છું તથાપિ મારી પોતાની પ્રકૃતિના આશ્રયે કરીને મારી પોતાનીજ માયાથી હું જન્મ ધારણ કરૂં છું. ॥ ૬ ॥

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥

હે ભારત! જ્યારે જ્યારે ધર્મનું જોર નરમ પડી જાય છે અને અધર્મનું બળ વધે છે ત્યારે ત્યારે હું પોતે અવતાર લઉં છું. ૭

परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥८॥

સાધુ પુરૂષોનું રક્ષણ કરવા અને દુષ્ટોનો

નાશ કરવા તથા ધર્મનું સ્થાપન કરવા હું યુગે યુગે અવતાર લઉં છું. ॥ ૮ ॥

जन्म कर्म च मे दिव्यमेवं यो वेत्ति तत्त्वतः ।
त्यक्त्वा देहं पुनर्जन्म नैति मामेति सोऽर्जुन ॥

હે અર્જુન! એ પ્રમાણેનાં મારાં દિવ્ય જન્મ તથા કર્મ જે તત્ત્વથી સમજે છે તે આ દેહ તજીને ફરીથી જન્મ લેતો નથી પણ તે મને પામે છે. ॥ ૯ ॥

वीतरागभयक्रोधा मन्मया मामुपाश्रिताः ।
बहवो ज्ञानतपसा पूता मद्भावमागताः ॥१०

રાગ, ભય, અને ક્રોધથી મુક્ત અને મારામાંજ ચિત્ત રાખનારા તથા મારેજ આશ્રયે રહેલા, જ્ઞાનરૂપી તપથી પવિત્ર થયેલા ઘણાએ મારા સ્વરૂપને પામેલા છે. ॥ ૧૦ ॥

ये यथा मां प्रपद्यंते तांस्तथैव भजाम्यहम् ।
मम वर्त्मानुवर्तंते मनुष्याः पार्थ सर्वशः ॥

માણસો મને જેવી રીતે ભજે છે તેવી રીતે તેમને હું પ્રસન્ન થાઉં છું, કારણ કે હે પાર્થ! મનુષ્યો સર્વ તરફથી મારાજ માર્ગને અનુસરેછે. ॥ ૧૧ ॥

कांक्षंतः कर्मणां सिद्धिं यजंत इह देवताः ।
क्षिप्रंहिमानुषेलोकेसिद्धिर्भवतिकर्मजा ॥ १२

કર્મના ફળની ઈચ્છા રાખનારા આ સંસારમાં દેવતાઓનું પૂજન કરે છે, કારણ કે મૃત્યુલોકમાં કર્મનું ફળ શીઘ્ર મળી આવે છે. ૧૨

चातुर्वर्ण्यंमया सृष्टं गुणकर्मविभागशः ।
तस्यकर्त्तारमपिमांविद्ध्यकर्त्तारमव्ययम् ॥

ગુણ અને કર્મના વિભાગવડે કરીને મેં ચાર વર્ણ પેદા કરી છે, જો કે તેનો કર્તા હું છું તોપણ હું અકર્તા અને અવિનાશી છું એમ જાણજે. ॥ ૧૩ ॥

न मां कर्माणिलिंपंतिन मे कर्मफले स्पृहा ।

इति मां योऽभिजानाति कर्मभिर्न स बध्यते॥

મને કર્મ વળગતું નથી તેમજ હું કર્મના ફળની પણ ઇચ્છા રાખતો નથી; એ પ્રમાણે જે મને ઓળખે છે તે કર્મથી બંધાતો નથી.

एवं ज्ञात्वा कृतं कर्म पूर्वैरपि मुमुक्षुभिः।
कुरु कर्मैव तस्मात्त्वं पूर्वैः पूर्वतरं कृतम्॥१५

પૂર્વે થઈ ગયેલા મુમુક્ષુઓએ (મોક્ષની ઈચ્છા રાખનાર) એવું જાણીનેજ કર્મ કરેલાં છે, તેથી અસલના વખતથી ચાલતા આવેલા રિવાજ પ્રમાણે તું પણ કર્મ કર. ॥ ૧૫ ॥

किं कर्म किमकर्मेति कवयोऽप्यत्र मोहिताः
तत्ते कर्म प्रवक्ष्यामि यज्ज्ञात्वा मोक्ष्यसेऽशुभात्॥

કર્મ શું અને અકર્મ એ શું એ વિષયમાં વિદ્વાનો પણ મોહ પામી ગયા છે, તેથી કર્મ એ શું તે હું તને કહીશ કે જે જાણવાથી અશુભ ફળથી તું મુક્ત થઇશ. ॥ ૧૬ ॥

कर्मणो ह्यपि बोद्धव्यं बोद्धव्यं च विकर्मणः।
अकर्मणश्च बोद्धव्यं गहना कर्मणो गतिः १७

કર્મ (કામ કરવું) તે શું તે જાણવું જોઇએ તેમજ વિકર્મ (ખોટું કામ) તે શું એ પણ જાણવું જોઇએ તથા અકર્મ (કર્મ નહિ કરવું) તે શું એ પણ જાણવાની જરૂર છે; કર્મની ગતિ ગહન (કોઇથી ન સમજી શકાય તેવી) છે. ॥ ૧૭ ॥

कर्मण्यकर्म यः पश्येदकर्माणि च कर्म यः।
स बुद्धिमान् मनुष्येषु स युक्तःकृत्स्नकर्मकृत् ॥

જે માણસ કર્મમાં અકર્મ અને અકર્મમાં કર્મ જુએ છે તે સર્વ મનુષ્યોમાં બુદ્ધિમાન છે, તે યોગી છે તથા સર્વ કર્મ કરી ચુક્યો છે એમ જાણવું. ॥ ૧૮ ॥

यस्य सर्वे समारंभाः कामसंकल्पवर्जिताः।
ज्ञानाग्निदग्धकर्माणं तमाहुः पंडितंबुधाः ॥

જેનાં સઘળા આરંભ ઇચ્છા તથા સંકલ્પ વિનાના છે, અને જ્ઞાનરૂપી અગ્નિથી જેનાં કર્મ બળી ગયાં છે તેને બુદ્ધિમાન મનુષ્યો ખરો જ્ઞાની કહે છે. ॥ ૧૯ ॥

त्यक्त्वा कर्मफलासंगं नित्यतृप्तो निराश्रयः।
कर्मण्यभिप्रवृत्तोऽपि नैव किंचित्करोति सः॥

કર્મના ફળમાં આસક્તિ તજી દઇને તેમજ સદા સંતોષી અને કોઇના આશ્રય વિનાનો રહીને જો કોઇ કર્મમાં પ્રવૃત્ત થયેલો હોય તો તે કંઇ પણ કર્મ કરતોજ નથી એમ જાણવું. ॥ ૨૦ ॥

निराशीर्यतचित्तात्मा त्यक्तसर्वपरिग्रहः।
शारीरं केवलं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्॥

કંઇ પણ આશા વિનાનો, મન અને આત્માને નિયમમાં રાખીને રહેલો તથા સર્વ મમતાનો જેણે ત્યાગ કર્યો છે, અને માત્ર શ-

રીરજ જેનું કર્મ કર્યે જાય છે એવા મનુષ્યને પાપ લાગતુંજ નથી. ॥ ૨૧ ॥

यदृच्छालाभसंतुष्टो द्वंद्वातीतो विमत्सरः ।
समः सिद्धावसिद्धौ च कृत्वापि न निबध्यते॥

ઈશ્વરેચ્છાથી જે કંઈ મળી આવ્યું તેનાથી સંતોષી (સુખ દુઃખ, લાભ ખોટ, ટાઢ તાપ વગેરે) દ્વંદ્વો જેને બંધ કરતાં નથી એવો, મત્સર વિનાનો, કાર્યની સિદ્ધિ તથા નાશમાં સમદૃષ્ટિવાળો એવો મનુષ્ય કર્મ કરવા છતાં પણ બંધાતો નથી. ॥ ૨૨ ॥

गतसंगस्य मुक्तस्य ज्ञानावस्थितचेतसः ।
यज्ञायाचरतः कर्म समग्रं प्रविलीयते ॥ २३

આસક્તિ રહિત, પાપથી મુક્ત તથા જેનું મન જ્ઞાનમાંજ લાગી રહ્યું છે અને જે યજ્ઞને માટેજ કર્મ કરી રહ્યો છે (એટલે જે ઈશ્વરને નામેજ કર્મ કરે છે) તેનાં સઘળ

કર્મ નાશ પામી જાય છે. ॥ ૨૩ ॥

ब्रह्मार्पणं ब्रह्म हविर्ब्रह्माग्नौ ब्रह्मणा हुतम् ।
ब्रह्मैव तेन गंतव्यं ब्रह्मकर्मसमाधिना ॥ २४

બ્રહ્મનેજ અર્પણ કરવાનું, બલિદાન પણ બ્રહ્મ, જેમાં હોમ કરવાનો તે અગ્નિ પણ બ્રહ્મ, અને હોમ કરનાર પણ બ્રહ્મ. એ પ્રમાણે બ્રહ્મમાંજ એક ચિત્ત રાખીને કર્મ કરનારો પણ બ્રહ્મનેજ પ્રાપ્ત થાય છે. ॥ ૨૪ ॥

दैवमेवापरे यज्ञं योगिनः पर्युपासते ।
ब्रह्माग्नावपरे यज्ञं यज्ञेनवोपजुह्वति ॥ २५

કેટલાએક યોગીઓ દેવોને માટે યજ્ઞ કરે છે અને કેટલાક બ્રહ્મરૂપી અગ્નિમાં યજ્ઞનેજ હોમીને યજ્ઞ કરે છે. ॥ ૨૫ ॥

श्रोत्रादीनींद्रियाण्यन्ये संयमाग्निषु जुह्वति ।
शब्दादीन्विषयानन्य इंद्रियाग्निषु जुह्वति ॥

કેટલાક સંયમ (ઇંદ્રિયોને વશ રાખવી)

રૂપી અગ્નિમાં કાન ઇત્યાદિ (કાન, ત્વચા, નેત્ર, જીભ અને નાક) ઇંદ્રિયોને હોમે છે અને કેટલાક શબ્દાદિ (શબ્દ, સ્પર્શ રૂપ, રસ અને ગંધ) ઇંદ્રિયોના વિષયોને ઇંદ્રિયો રૂપી અગ્નિમાં હોમે છે. ॥ ૨૬ ॥

सर्वाणींद्रियकर्माणि प्राणकर्माणि चापरे ।
आत्मसंयमयोगाग्नौ जुह्वति ज्ञानदीपिते ॥२७

વળી કેટલાક જ્ઞાનથી સતેજ થયેલા આત્મધ્યાનરૂપી અગ્નિમાં સઘળી ઇંદ્રિયોનાં કર્મ તથા શરીરમાં રહેલા પાંચ વાયુ- (પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન) નાં કર્મને હોમે છે. ॥ ૨૭ ॥

द्रव्ययज्ञास्तपोयज्ञा योगयज्ञास्तथापरे ।
स्वाध्यायज्ञानयज्ञाश्चयतयः संशितव्रताः ॥

કેટલાક દ્રવ્યયજ્ઞ કરનારા (શાસ્ત્ર વિધિ પ્રમાણે દ્રવ્યનો ઉપયોગ કરનારા) છે. કેટલાક

તપરૂપી યજ્ઞ કરનારા છે, કેટલાક યોગરૂપી યજ્ઞ કરનારા છે અને બીજાઓ વેદાભ્યાસ તથા જ્ઞાનરૂપી યજ્ઞ કરનારા છે. વળી કેટલાક દૃઢવ્રતવાળા યતિઓ હોય છે. ॥ ૨૮ ॥

अपाने जुह्वति प्राणं प्राणेऽपानं तथाऽपरे ।
प्राणापानगती रुध्वा प्राणायामपरायणाः ॥

વળી બીજા કેટલાક અપાનમાં (અધોમાર્ગે નીકળતો વાયુ) પ્રાણુને (હૃદયમાં રહેતો વાયુ) તથા પ્રાણુમાં અપાનને હોમે છે, અને પ્રાણુ તથા અપાન બંનેની ગતિનો નિરોધ કરી પ્રાણુયામમાં લીન થાય છે. ॥ ૨૯ ॥

अपरे नियताहाराः प्राणान्प्राणेषु जुह्वति ।
सर्वेऽप्येते यज्ञविदो यज्ञक्षपितकल्मषाः ॥

વળી બીજાઓ મિતાહારી (નિયમિત ભોજન કરનારા) થઈ પ્રાણુમાં પ્રાણુનેજ હોમે છે. ઉપર કહ્યા તે સર્વ યજ્ઞને જાણનારા છે.

અને યજ્ઞોવડે કરીને તેઓનાં પાપ નાશ પામે છે. ॥ ૩૦ ॥

यज्ञशिष्टामृतभुजो यांति ब्रह्म सनातनम् ।
नायं लोकोऽस्त्ययज्ञस्य कुतोऽन्यः कुरुसत्तम॥

યજ્ઞમાં શેષ રહેલું તે અમૃત રૂપ છે, તેનું ભોજન કરનારને સનાતન બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જે યજ્ઞ કરતા નથી તેમને માટે આ-લોક પણ નથી તો હે કુરૂકુળમાં શ્રેષ્ઠ અર્જુન! પરલોકની પ્રાપ્તિ તો તેમને ક્યાંથીજ થાય? ૩૧

एवं बहुविधा यज्ञा वितता ब्रह्मणो मुखे ।
कर्मजान्विद्धि तान्सर्वानेवंज्ञात्वाविमोक्ष्यसे॥

એ પ્રમાણે વેદમાં બહુ પ્રકારના યજ્ઞ વર્ણ-વેલા છે, એ સર્વની ઉત્પત્તિ કર્મથી છે એમ તું જાણ અને એમ જાણવાથી તું મુક્ત થઈ જઈશ. ॥ ૩૨ ॥

श्रेयान्द्रव्यमयाद्यज्ञाज्ज्ञानयज्ञः परंतप ।

सर्वं कर्माखिलं पार्थ ज्ञाने परिसमाप्यते ॥

હે શત્રુઓને તાપ કરનાર અરજુન ! દ્રવ્યથી થતા યજ્ઞ કરતાં જ્ઞાનયજ્ઞ વધારે કલ્યાણદાયક છે, કારણ કે હે પાર્થ ! સઘળાં કર્મ જ્ઞાનમાં સમાપ્ત થાય છે. ॥ ૩૩ ॥

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया।
उपदेक्ष्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ॥

તે જ્ઞાન તું નમ્રતાથી વારંવાર પ્રશ્ન પૂછીને અને સેવાવડે કરીને શીખી લે. એમ કરવાથી તત્ત્વ જાણનાર જ્ઞાનીઓ તને જ્ઞાનનો ઉપદેશ કરશે. ॥ ૩૪ ॥

यज्ज्ञात्वा न पुनर्मोहमेवं यास्यसि पांडव ।
येन भूतान्यशेषेण द्रक्ष्यस्यात्मन्यथो मयि ॥

હે પાંડવ ! એ જાણ્યા પછી તું ફરીથી મોહમાં પડીશ નહિ, અને કોઈ પણ બાકી ન રહે એવી રીતે સઘળાં પ્રાણીઓને તા-

રા અને મારામાં જોઇશ. ॥ ૩૫ ॥

अपि चेदसि पापेभ्यः सर्वेभ्यः पापकृत्तमः ।
सर्वं ज्ञानप्लवेनैव वृजिनं संतरिष्यसि ॥३६॥

જો કે સર્વ પાપ કરનારાઓમાં તું સૌથી મોટો પાપ કરનાર હોઇશ તોપણ જ્ઞાનરૂપી નાવથી તું સર્વ પાપનો સમુદ્ર તરી જઇશ.

यथैधांसि समिद्धोऽग्निर्भस्मसात्कुरुतेऽर्जुन ।
ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात्कुरुते तथा ॥

હે અર્જુન ! જેમ બળતો અગ્નિ તેમાં નાંખેલાં કાષ્ઠને ભસ્મ કરી દે છે, તેમ જ્ઞાનરૂપી અગ્નિ સઘળાં કર્મને ભસ્મ કરી દે છે. ૩૭

नहि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ।
तत्स्वयं योगसंसिद्धः कालेनात्मनि विंदति ॥

આ સંસારમાં જ્ઞાનના જેવું બીજું કંઇ પવિત્ર નથી, તે જ્ઞાનયોગમાં સિદ્ધ થયેલો મનુષ્ય કાળે કરીને પોતાના આત્મામાં પ્રાપ્ત

કરે છે. ॥ ૩૮ ॥

श्रद्धावाँल्लभते ज्ञानं तत्परः संयतेंद्रियः ।
ज्ञानंलब्ध्वापरांशांतिमचिरेणाधिगच्छति ॥

ઇંદ્રિયોને વશ રાખી જ્ઞાન મેળવવામાં ત-ત્પર અને શ્રદ્ધાવાળો મનુષ્ય જ્ઞાન પ્રાપ્ત કરે છે, અને જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી થોડાજ વખ-તમાં મોટામાં મોટી શાંતિને પ્રાપ્ત કરે છે. ૩૯

अज्ञश्चाश्रद्दधानश्च संशयात्मा विनश्यति ।
नायंलोकोऽस्तिनपरोनसुखंसंशयात्मनः ॥

અજ્ઞાની, શ્રદ્ધા વિનાનો અને સંશયવાળો મનુષ્ય નાશ પામે છે. સંશયવાળા મનુ-ષ્યને માટે તો આલોક પણ નથી તેમ પર-લોક પણ નથી અને સુખ પણ નથી. ૪૦

योगसंन्यस्तकर्माणं ज्ञानसंछिन्नसंशयम् ।
आत्मवन्तंनकर्माणिनिबध्नन्तिधनंजय ॥ ४१

જેણે યોગથી કર્મનો ત્યાગ કર્યો છે અને

જ્ઞાનથી સંશયનો નાશ કર્યો છે તથા જે સદા આત્મામાંજ લીન છે તેને, હે ધનંજય! કર્મના બંધ છેજ નહી. ॥ ૪૧ ॥

तस्मादज्ञानसंभूतं हृत्स्थं ज्ञानासिनात्मनः ।
छित्त्वैनंसंशयं योगमातिष्ठोत्तिष्ठ भारत ॥४२

માટે અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા અને અંતઃકરણમાં રહેલા પોતાના સંશયને જ્ઞાનરૂપ તરવારથી છેદી નાખી હે ભારત! તું યોગને વળગીને ઉભો થઈ જા. ॥ ૪૨ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे कर्मब्रह्मार्पणयोगो नाम चतुर्थोऽध्यायः ।

ચોથો અધ્યાય સમાપ્ત.

अध्याय ५ मो.

अर्जुन उवाच ।

संन्यासं कर्मणां कृष्ण पुनर्योगं च शंससि ।
यच्छ्रेय एतयोरेकं तन्मे ब्रूहि सुनिश्चितम् १

અર્જુને કહ્યું:-હે કૃષ્ણ ! એકવાર કર્મનો ત્યાગ કહો છો અને વળી પાછી યોગની પ્રશંસા કરો છો, માટે એ બેમાંથી જે કલ્યાણકારક હોય તે નક્કી કરીને મને કહો. ॥ ૧ ॥

श्री भगवानुवाच ।

संन्यासः कर्मयोगश्च निःश्रेयसकरावुभौ ।
तयोस्तुकर्मसंन्यासात्कर्मयोगो विशिष्यते २

શ્રીભગવાન બોલ્યા—કર્મનો સંન્યાસ અને કર્મયોગ બંને કલ્યાણકારક છે, તેમાં જ્ઞાન વિનાના સંન્યાસ કરતાં કર્મયોગ ચઢીઆતો છે. ॥ ૨ ॥

ज्ञेयः स नित्यसंन्यासीयो न द्वेष्टि नकांक्षति ।
निर्द्वंद्वो हि महाबाहो सुखं बंधात्प्रमुच्यते ॥

જે કોઈનો દ્વેષ કરતો નથી તેમજ કંઈ ઇચ્છા કરતો નથી અને જે દ્વંદ્વ રહિત છે તે સદા સંન્યાસી જાણવો; કારણ કે તે સ્હેલાઈથી બંધનમાંથી મુક્ત થઇ જાય છે. ॥ ૩ ॥

सांख्ययोगौपृथग्बालाः प्रवदंतिनपंडिताः ।
एकमप्यास्थितः सम्यगुभयोर्विन्दतेफलम् ॥

સાંખ્ય અને યોગ જુદા છે એવું અજ્ઞાની લોકો હોય તે જ બોલે છે, પંડિતો એમ કહેતા નથી. એ બેમાંથી એકને સારી રીતે વળગી રહેનારને પણ બંનેનાં ફળ મળે છે. ૪

यत्सांख्यैः प्राप्यते स्थानं तद्योगैरपिगम्यते
एकंसांख्यंचयोगंच यःपश्यति स पश्यति ॥

જે પદની પ્રાપ્તિ સાંખ્યથી થાય છે તે યોગથી પણ થાય છે. જે સાંખ્ય તથા યોગને એ-

કજ સમજે છે તે જ ખરૂં સમજે છે એમ જાણવું. ॥ ૫ ॥

संन्यासस्तु महाबाहो दुःखमाप्तुमयोगतः ।
योगयुक्तो मुनिर्ब्रह्म न चिरेणाधिगच्छति ॥

હે મહાબાહુ અર્જુન ! યોગ વિના સંન્યાસની પ્રાપ્તિ કરવી એ ઘણી કઠણ છે, પણ યોગ જાણનારો મુનિ જલ્દીથી બ્રહ્મપદની પ્રાપ્તિ કરે છે. ॥ ૬ ॥

योगयुक्तोविशुद्धात्माविजितात्माजितेंद्रियः ।
सर्वभूतात्मभूतात्माकुर्वन्नपिनलिप्यते ॥७॥

શુદ્ધ અંતઃકરણવાળો, જેણે આત્માને તથા ઇંદ્રિયોને વશ કર્યાં છે એવો અને સર્વ ભૂતોનો આત્મા એજ જેનો આત્મા છે એવો યોગી કર્મ કરવા છતાં પણ બંધન પામતો નથી.

नैव किंचित्करोमीतियुक्तोमन्येततत्त्ववित् ।
पश्यन्शृण्वन्स्पृशन्जिघ्रन्नश्नन्गच्छन्स्वपन्श्वसन्

प्रलपन्विसृजन्गृह्णन्नुन्मिषन्निमिषन्नपि ।
इंद्रियाणींद्रियार्थेषु वर्तंत इतिधारयन् ॥९॥

તત્ત્વ જાણનારો યોગી, જોવામાં, સાંભળવા- માં, સ્પર્શ કરવામાં, સુંઘવામાં, ખાવામાં, ચાલવામાં, ઉંઘવામાં, શ્વાસ લેવામાં, બોલ- વામાં, કાઢી નાંખવામાં, ઝાલવામાં, આંખ ઉ- ઘાડવામાં તથા મીંચવામાં, ઇંદ્રિયો પોતપો- તાના વિષયોમાં પ્રવર્તી રહી છે એમ ધારી, હું કંઈ કરતો નથી એમ માને છે. ॥૮॥૯॥

ब्रह्मण्याधायकर्माणिसंगंत्यक्त्वाकरोतियः ।
लिप्यते न स पापेन पद्मपत्रमिवांभसा ॥ १०

સંગને ત્યાગ કરીને અને બ્રહ્મને અર્પણ કરીને જે મનુષ્ય કર્મ કરે છે તેને, કમળ- પત્રને જેમ પાણી અડકતું નથી તેમ પાપ લાગતું નથી. ॥ ૧૦ ॥

कायेन मनसा बुद्ध्या केवलैरिंद्रियैरपि ।

योगिनः कर्मकुर्वंतिसगंत्यक्त्वात्मशुद्धये ॥

મમતાનો ત્યાગ કરી માત્ર આત્માની શુદ્ધિ-
નેજ અર્થે એકલા શરીરથી, મનથી, બુદ્ધિથી
અને ઇંદ્રિયોથી યોગીઓ કર્મ કરે છે. ૧૧

युक्तःकर्मफलंत्यक्त्वाशांतिमाप्नोतिनैष्ठिकीम् ।
अयुक्तः कामकारेण फले सक्तो निबध्यते ॥

યોગી કર્મના ફળનો ત્યાગ કરતાં સદાની
શાંતિ એટલે મોક્ષ પામે છે, અને યોગરહિ-
ત મનુષ્ય ફળની આશાથી કર્મ કરતાં બંધ-
નમાં પડે છે. ॥ ૧૨ ॥

सर्वकर्माणि मनसा संन्यस्यास्ते सुखं वशी ।
नवद्वारे पुरे देही नैव कुर्वन्न कारयन् ॥

જેને સર્વ ઇંદ્રિયો વશ છે એવા યોગીનો
આત્મા સઘળાં કર્મનો મનથી ત્યાગ કરીને
નવ દરવાજાવાળા દેહરૂપી નગરમાં નિરાંતે
રહે છે અને કંઇ કરતો નથી તેમ કરાવતો

પણ નથી. ॥ ૧૩ ॥

न कर्तृत्वं न कर्माणि लोकस्य सृजति प्रभुः।
न कर्मफलसंयोगं स्वभावस्तु प्रवर्तते ॥१४

સૃષ્ટિકર્તા પ્રભુ લોકમાં કર્તાપણું, કર્મ તથા કર્મ અને ફળનો સંયોગ એમાંનું કાંઈ ઉત્પન્ન કરતો નથી એ સર્વ કુદરતથી થાય છે. ૧૪

नादत्ते कस्यचित्पापं न चैव सुकृतं विभुः ।
अज्ञानेनावृतं ज्ञानं तेन मुह्यंति जंतवः ॥१५

સર્વવ્યાપક ઇશ્વર કોઇનાં પાપ કે પુણ્ય લેતો નથી, માત્ર અજ્ઞાનને લીધે જ્ઞાન ઢંકાઇ ગયું છે તેથીજ પ્રાણી મોહમાં પડે છે. ॥ ૧૫ ॥

ज्ञानेन तु तदज्ञानं येषां नाशितमात्मनः ।
तेषामादित्यवज्ज्ञानं प्रकाशयति तत्परम् ॥

જ્ઞાનથી જેમનું અજ્ઞાન નાશ પામ્યું છે તેમનું આત્મજ્ઞાન સૂર્યની પેઠે પરમાત્માને

પ્રકાશિત કરે છે. ॥ ૧૬ ॥

तद्बुद्धयस्तदात्मानस्तन्निष्ठास्तत्परायणाः ।
गच्छंत्यपुनरावृत्तिं ज्ञाननिर्धूतकल्मषाः ॥१७

ઇશ્વરમાંજ જેની બુદ્ધિ છે, તેનેજ જે પોતાનો આત્મા માને છે, તેનામાંજ જે ચિત્ત પરોવે છે, તેનાજ ઉપર જે આધાર રાખે છે અને અજ્ઞાનથી જેનાં સઘળાં પાપ ધોવાઇ ગયાં છે એવા જ્ઞાનીઓ એવા પદને પામે છે કે જ્યાંથી અહીં પાછું આવવું પડતું નથી. ૧૭

विद्याविनयसंपन्ने ब्राह्मणे गवि हस्तिनि ।
शुनि चैव श्वपाके च पंडिताः समदर्शिनः ॥

વિદ્યા અને વિનયવાળો બ્રાહ્મણ, ગાય, હાથી, શ્વાન અને ચાડાળ એ સર્વને જ્ઞાનીઓ સમદષ્ટિથી જુએ છે. ॥ ૧૮ ॥

इहैव तैर्जितः सर्गो येषां साम्ये स्थितं मनः।
निर्दोषं हि समं ब्रह्म तस्माद्ब्रह्मणि ते स्थिताः॥

જેઓનું મન સમતાવાળું થયું છે તેઓએ આ સંસારમાં સર્વ જીતી લીધું છે, સમતાવાળું બ્રહ્મ કંઇ પણ દોષ વિનાનું છે માટે એવા જ્ઞાનીઓ બ્રહ્મમાંજ રહેલા છે. ॥ ૧૯ ॥

न प्रहृष्येत्प्रियं प्राप्य नोद्विजेत्प्राप्य चाप्रियम् ।
स्थिरबुद्धिरसंमूढो ब्रह्मविद्ब्रह्मणि स्थितः ॥

વ્હાલી વસ્તુ મળવાથી જેને હર્ષ થતો નથી તેમજ અણગમતી વસ્તુથી જેને શોક નથી, જેની બુદ્ધિ સ્થિર છે, જેણે મોહનો નાશ કર્યો છે એવો બ્રહ્મજ્ઞાની બ્રહ્મમાંજ રહેલો છે. ૨૦

बाह्यस्पर्शेष्वसक्तात्मा विंदत्यात्मनि यत्सुखम् ।
स ब्रह्मयोगयुक्तात्मा सुखमक्षय्यमश्नुते ॥

બહારની વસ્તુઓ ઉપર જેને મમતા નથી તેને પોતાના આત્મામાં જે સુખ મળે છે તે અક્ષય સુખને યોગવડે પોતાના આત્માને જોડ કરનારો ભોગવે છે ॥ ૨૧ ॥

ये हि संस्पर्शजा भोगा दुःखयोनय एव ते ।
आद्यंतवंतः कौंतेय न तेषु रमते बुधः ॥

બહારના સંબંધથી જે સુખ ઉત્પન્ન થાય છે તે સુખ દુઃખનું મૂળ છે કારણ કે તે ક્ષણિક છે માટે હે કુંતાના પુત્ર ! જ્ઞાની તેમાં આસક્ત થતો નથી. ॥ ૨૨ ॥

शक्नोतीहैव यः सोढुं प्राक्शरीरविमोक्षणात् ।
कामक्रोधोद्भवं वेगं स युक्तः स सुखी नरः ॥

આ શરીરથી મુક્ત થતા પહેલાં કામ તથા ક્રોધથી જે વેગ ઉત્પન્ન થાય છે તે વેગને જે સહન કરી શકે છે તે જ યોગી અને સુખી જાણવો. ॥ ૨૩ ॥

योऽतःसुखोऽतरारामस्तथांतर्ज्योतिरेवयः ।
स योगी ब्रह्म निर्वाणं ब्रह्मभूतोऽधिगच्छति

જે પોતાના અંતરને વિષે સુખી છે. જે પોતાના અંતરમાંજ આરામ પામી રહ્યો છે અ-

ને જેનું હૃદય તેજથી પ્રકાશિત થઇ રહ્યું છે, તે યોગી બ્રહ્મ રૂપ થઇને બ્રહ્મપદને પ્રાપ્ત કરે છે.

लभंते ब्रह्मनिर्वाणमृषयः क्षीणकल्मषाः ।
छिन्नद्वैधायतात्मानः सर्वभूतहितेरताः ॥ २५

જેમનાં પાપ નાશ પામી ગયાં છે, જેમણે સુખ દુઃખાદિ દ્વંદ્વની લાગણીઓ ટાળી દીધી છે, જેણે પોતાનું મન વશ કરેલું છે અને ભૂત માત્રના હિતમાં નિમગ્ન છે એવા ઋષિઓ બ્રહ્મમાં લય પામી જાય છે. ॥ ૨૫ ॥

कामक्रोधवियुक्तानांयतीनांयतचेतसाम् ।
अभितोब्रह्मनिर्वाणंवर्ततेविदितात्मनाम् ॥

જેમણે કામ તથા ક્રોધથી મુક્ત થઇ પોતાનું ચિત્ત વશ કરેલું છે અને જેમણે પોતાના આત્માને ઓળખ્યો છે એવા યતિઓ માટે બ્રહ્મનિર્વાણ નક્કી થએલ છે. ॥ ૨૬ ॥

स्पर्शान्कृत्वा बहिर्बाह्यांश्चक्षुश्चैवांतरे भ्रुवोः ।

यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधोयः सदा मुक्तएव सः२८

બહારની વસ્તુઓને બહારજ રાખીને, આંખને ભમરોની વચ્ચે રાખીને, તથા પ્રાણ અને અપાનને બરોબર રાખીને, અને તેમને નસકોરાંમાં બરાબર ચલાવીને, ઇંદ્રિયો, મન તથા બુદ્ધિને વશ રાખીને અને મોક્ષમાંજ ચિત્ત રાખીને, જે મુનિ ઇચ્છા, ભય અને ક્રોધનો ત્યાગ કરે છે તે સદા મુક્તજ છે.

भोक्तारं यज्ञतपसां सर्वलोकमहेश्वरम् ।
सुहृदसर्वभूतानांज्ञात्वा मांशांतिमृच्छति ॥२९

યજ્ઞ અને તપનો ભોક્તા, સર્વલોકનો ઇશ્વર અને સર્વ પ્રાણીઓનો સ્નેહી એવો મને જાણનાર શાંતિ (સદાકાળનું સુખ) પ્રાપ્ત કરે છે. ॥ ૨૯ ॥

પાંચમો અધ્યાય સમાપ્ત.

अध्याय ६ ठो.

श्री भगवानुवाच ।

अनाश्रितः कर्मफलं कार्यं कर्मकरोति यः ।
स संन्यासीचयोगी च न निरग्निर्नचाक्रियः॥

શ્રીભગવાન કહે છે-જે માણસ કર્મના ફળની ઇચ્છા રાખ્યા વિના પોતાનો ધર્મ છે એમ જાણી કર્મ કરે છે, તે જ સંન્યાસી અને યોગી છે, પણ જે યજ્ઞ કરતો નથી તેમ-જ કર્મ પણ કરતો નથી તે સંન્યાસી અને યોગી નથી. ॥ ૧ ॥

यं संन्यासमिति प्राहुर्योगंतंविद्धि पांडव ।
न ह्यसंन्यस्तसंकल्पोयोगी भवतिकश्चन ॥२

હે પાંડવ ! જેને સંન્યાસ કહે છે તે જ યોગ છે એમ તું જાણ; જેણે મનના સંકલ્પને વશ કર્યાં નથી એવો કોઈ પણ માણસ યોગી થઈ શકતો નથી. ॥ ૨ ॥

आरुरुक्षोर्मुनेर्योगं कर्म कारणमुच्यते ।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते ॥३

યોગીની પદવીએ ચઢવા ઇચ્છનારા માણસ-
ને કર્મ એજ પ્રાપ્ત કરવનું સાધન છે;
અને જે યોગીની પદવીએ પહોંચેલો છે તેને
જ્ઞાન પ્રાપ્ત કરવાનું સાધન શમ (શાંતિ)
છે. ॥ ૩ ॥

यदा हि नेन्द्रियार्थेषु न कर्मस्वनुषज्जते ।
सर्वसंकल्पसंन्यासी योगारूढस्तदोच्यते ॥४

જ્યારે ઇંદ્રિયોના વિષયોમાં તથા કર્મમાં
માણુસ આસક્ત થતો નથી અને સર્વ મનના
સંકલ્પને ટાળી રાખે છે ત્યારે તે યોગપદને
પહોંચેલો છે એમ કહેવાય છે. ॥ ૪ ॥

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बंधुरात्मैव रिपुरात्मनः ॥५

આત્મા (પરમાત્મા) વડેજ આત્મા (જી-

વાત્મા) નો ઉદ્ધાર કરવો જોઇએ, અને આત્મા એજ આત્માનો બંધુ છે અને તેનો શત્રુ પણ તે જ છે. ॥ ૫ ॥

बंधुरात्मात्मनस्तस्य येनात्मैवात्मना जितः ।
अनात्मनस्तु शत्रुत्वे वर्तेतात्मैव शत्रुवत् ६

જેણે આત્મા વડે પોતાના આત્મા ઉપર જય મેળવ્યો છે તેના આત્માનો તે આત્મા મિત્રજ છે, પણ જેણે આત્માના ઉપર જય મેળવ્યો નથી અને જે પોતાના આત્માના શત્રુરૂપે છે તેનો તે આત્મા શત્રુજ છે. ॥ ૬ ॥

जितात्मन प्रशांतस्य परमात्मासमाहितः ।
शीतोष्णसुखदुःखेषुतथामानापमानयोः ॥७

જેણે પોતાના આત્માને જીતેલો છે અને જેનું મન ટાઢ અને તાપ, સુખ અને દુઃખ તથા માન અને અપમાનમાં શાંત થઈ ગયું છે તેનાંમાંજ પરમાત્મા રહેલો છે. ॥ ૭ ॥

ज्ञानविज्ञानतृप्तात्मा कूटस्थोविजितेंद्रियः ।
युक्त इत्युच्यतेयोगीसमलोष्टाश्मकांचनः ८

જે જ્ઞાન તથા અનુભવવાળા: જ્ઞાનથી તૃપ્ત થઈ ગયેલો છે, જે સાક્ષી રૂપે વર્તે છે, જેણે ઇંદ્રિયો વશ કરી લીધી છે, અને જે માટી પ-થ્થર તથા સોનાને સમાન માને છે તે ખરે-ખરો યોગી કહેવાય છે. ॥ ૮ ॥

सुहृन्मित्रार्युदासीनमध्यस्थद्वेष्यबंधुषु ।
साधुष्वपि च पापेषु समबुद्धिर्विशिष्यते ९

પ્રીતિ રાખનાર, મિત્ર, શત્રુ, તટસ્થ, (બે પક્ષની વચ્ચે રહેનાર) દ્વેષીઓ, સગાં, સત્પુરૂષો તેમજ પાપીઓ એ સર્વ ઉપર સમાન દૃષ્ટિથી જોનાર સહુથી શ્રેષ્ઠ છે. ॥૯॥

योगी युंजीत सततमात्मानं रहसि स्थितः ।
एकाकी यतचित्तात्मा निराशीरपरिग्रहः १०

એકાંત સ્થાનમાં એકલા રહીને ચિત્ત તથા આત્માને વશ રાખીને, આશાનો ત્યાગ કરીને, કંઈપણ ગ્રહણ કરવાનું તજી દઈને, યોગીએ સદાકાળ યોગ સાધનામાં તત્પર રહેવું. ૧૦

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमासनमात्मनः ।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥

પવિત્ર સ્થાનમાં, બહુ ઉંચું નહી તેમ બહુ નીચું પણ નહી એવું વસ્ત્રનું, મૃગચર્મનું કે કુશનું બનાવેલું પોતાનું આસન સ્થાપવું. ૧૧

तत्रैकाग्रं मनः कृत्वा यतचित्तेंद्रियक्रियः ।
उपविश्यासने युंज्याद्योगमात्मविशुद्धये १२

પછી મનને એકાગ્ર કરીને, ચિત્ત અને ઇંદ્રિયોની ક્રિયાઓને અટકાવીને તથા આસન ઉપર દૃઢતાથી બેસીને, આત્માની શુદ્ધિને અર્થે યોગની સાધના કરવી. ॥ ૧૨ ॥

समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिरः ।

संप्रेक्ष्यनासिकाग्रंस्वंदिशश्चानवलोकयन् १३

શરીર, મસ્તક અને ડોક સમાન તથા સ્થિ-
ર રાખીને અને પોતે સ્થિર થઇને આસપાસ
જોયા વિના પોતાના નાકની અણી તરફ જો-
યા કરવું. ॥ १३ ॥

प्रशांतात्मा विगतभीर्ब्रह्मचारिव्रते स्थितः ।
मनःसंयम्य मच्चित्तोयुक्तआसीतमत्परः ॥१४

તદ્દન શાંત તથા નિર્ભય થઈને બ્રહ્મચર્ય
પાળીને, મનને નિયમમાં રાખીને, સ-
ર્વ રીતે સજ્જ થઇને મારોજ વિચાર કરતાં
મારાજ ધ્યાનમાં બેસવું. ॥ १४ ॥

युंजन्नेवं सदात्मानं योगी नियतमानसः ।
शांतिंनिर्वाणपरमांमत्संस्थामधिगच्छति ॥

આ પ્રમાણે મનને વશ રાખીને જે યોગી
સદા આત્માની સાથે જોડાઇ રહે છે, તે મા-
રામાં રહેલી ઉંચા પ્રકારના નિર્વાણની શાંતિ-
ને પામે છે. ॥ १५ ॥

नात्यश्नतस्तुयोगोऽस्तिनचैकांतमनश्नतः ।
नचातिस्वप्नशीलस्यजाग्रतोनैवचार्जुन ॥ १६

જે અતિ ભોજન કરે છે, અથવા તો જે ઘણુંજ થોડું ભોજન કરે છે, અથવા જે ઘણું ઉંઘે છે અથવા જે ઘણું જાગે છે તેને માટે હે અર્જુન! યોગ છેજ નહિ. ॥ ૧૬ ॥

युक्ताहारविहारस्य युक्तचेष्टस्य कर्मसु ।
युक्तस्वप्नावबोधस्ययोगोभवतिदुःखहा ॥१७

જે નિયમસર આહાર તથા વિહાર (ભોગ ભોગવવા તે) કરનારો છે અને જે કર્મ કરવામાં પણ નિયમિત છે તથા જે નિયમસર ઉંઘે તથા જાગે છે તેને માટેજ દુઃખનો નાશ કરનાર યોગ થાય છે. ॥ ૧૭ ॥

यदा विनियतं चित्तमात्मन्येवावतिष्ठते ।
निःस्पृहःसर्वकामेभ्योयुक्तइत्युच्यते तदा ॥

જ્યારે નિયમમાં રાખેલું મન આત્મામાંજ

સ્થિર રહે છે અને સર્વ મન કામનાઓની ઇચ્છા કરતું નથી ત્યારે માણસ ખરેખરો યોગી થયો એમ કહેવાય છે. ॥ ૧૮ ॥

यथादीपोनिवातस्थोनेंगतेसोपमा स्मृता ।
योगिनोयतचित्तस्ययुंजतोयोगमात्मनः ॥

જેણે ચિત્તને વશ કર્યું છે અને આત્મામાંજ જેનું ધ્યાન લાગી રહેલું છે એવા યોગીને પવન ના આવે એવા સ્થાને રાખેલા દીવાની ઉપમા આપવામાં આવેલી છે. ॥ ૧૯ ॥

यत्रोपरमते चित्तं निरुद्धं योगसेवया ।
यत्रचैवात्मनाऽऽत्मानंपश्यन्नात्मनितुष्यति ॥

યોગના અભ્યાસથી સ્થિર કરેલું તેનું મન આત્મામાંજ રમી રહે છે અને આત્માવડે આત્માનેજ જુએ છે અને આત્મામાંજ સંતોષ પામે છે ॥ ૨૦ ॥

सुखमात्यंतिकं यत्तद्बुद्धिग्राह्यमतींद्रियम् ।
वेत्तियत्रनचैवायंस्थितश्चलतितत्त्वतः ॥२१॥

ઇંદ્રિયો જેને પ્રાપ્ત કરી શકતી નથી અને બુદ્ધિ માત્ર જેને પ્રાપ્ત કરી શકે છે એવું અત્યંત સુખ જ્યારે તે જાણે છે ત્યારે તેમાં સ્થિર રહીને ખરેખરા તત્વમાંથી ચળતો નથી. ॥ ૨૧ ॥

यंलब्ध्वाचापरंलाभंमन्यतेनाधिकंततः ।
यस्मिन्स्थितोनदुःखेनगुरुणापिविचाल्यते ॥

તે તત્ત્વ પ્રાપ્ત કરીને, એના કરતાં બીજી કોઈ વસ્તુથી મોટો લાભ છે એમ માનતો નથી અને તેમાં રહીને મહા ભયંકર દુઃખમાં આવી પડતાં પણ તે ડગતો નથી. ॥ ૨૨ ॥

तंविद्याद्दुःखसंयोगवियोगंयोगसंज्ञितम् ।
सनिश्चयेनयोक्तव्योयोगोऽनिर्विण्णचेतसा ॥

દુઃખના સંબંધનો જેમાં આવી રીતે નાશ

થાય છે તે જ યોગ છે એમ જાણવું, માટે પ્રસન્ન મનથી ખાત્રી રાખીને એ યોગની સાધના કરવી. ॥ ૨૩ ॥

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वासर्वानशेषतः ।
मनसैवेंद्रियग्रामं विनियम्य समंततः २४
शनैःशनैरुपरमेद्‌बुद्‌ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थंमनःकृत्वानकिंचिदपिचिंतयेत् २५

મનન. સંકલ્પથી ઉત્પન્ન થતી સર્વ મન કામનાઓ તજી દઇને અને ઇંદ્રિઓના સમૂહને સર્વ તરફથી તાબે કરી લઇને, ધારણાથી સ્થિર થયેલી બુદ્ધિવડે ધીમે ધીમે શાંતિ પ્રાપ્ત કરવી અને આત્મામાંજ મન રાખીને બીજી કોઇ વાતને વિચાર કરવો નહિ. ॥ ૨૪-૨૫ ॥

यतो यतो निश्चरति मनश्चंचलमस्थिरम् ।
ततस्ततोनियम्यैतदात्मन्येववशंनयेत ॥ २६

જ્યારે જ્યારે ચંચળ અને એક જગાએ ના રહી શકે એવું મન બીજી જગા ઉપર દોડી જાય છે ત્યારે ત્યારે સાધકે તેને વશમાં રાખીને આત્મામાં જોડી દેવું. ॥ ૨૬ ॥

प्रशांतमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ।
उपैति शांतरजसं ब्रह्मभूतमकल्मषम् ॥२७

જેનું મન અત્યંત સ્થિર થયેલું છે, જેનો રજોગુણ નાશ પામી ગયો છે, જે પાપ વિનાનો થઈ ગયો છે અને જે બ્રહ્મના જેવો થઈ ગયો છે તે યોગી સહુથી શ્રેષ્ઠ સુખ પ્રાપ્ત કરે છે. ॥ ૨૭ ॥

युंजन्नेवं सदात्मानं योगी विगतकल्मषः ।
सुखेन ब्रह्मसंस्पर्शमत्यंतं सुखमश्नुते ॥२८

પોતાના આત્માને સદા એ પ્રમાણે જોડી રાખનાર, પાપરહિત થઈ ગયેલો યોગી બ્રહ્મના સંબંધમાં આવીને સહેલાઇથી અપાર સુખ પ્રાપ્ત કરે છે. ॥ ૨૮ ॥

सर्वभूतस्थमात्मानं सर्वभूतानि चात्मनि ।
ईक्षते योगयुक्तात्मा सर्वत्र समदर्शनः ॥ २९

યોગમાં નિપુણ થયેલો યોગી સર્વમાં સમ દૃષ્ટિવાળો થઇને સર્વ ભૂતોને આત્મામાં અને આત્માને સર્વ ભૂતોમાં જુએ છે. ॥ २९ ॥

यो मां पश्यति सर्वत्र सर्वं च मयि पश्यति ।
तस्याहंनप्रणश्यामि सचमे न प्रणश्यति ॥३०

જે સર્વમાં મને જુએ છે અને મારામાં સર્વને જુએ છે તેના આગળથી હું કદી દૂર નથી અને તે મારાથી પણ વેગળો નથી. ૩૦

सर्वभूतस्थितं योमां भजत्येकत्वमास्थितः ।
सर्वथावर्तमानोऽपि स योगीमयिवर्तते ॥३१

સર્વ ભૂતોમાં રહેલા મને જે એક ભાવથી ભજે છે તેવો યોગી ગમે તે સ્થિતિમાં રહે-નારો હોય તોપણ તે મારામાંજ છે. ॥३१॥

आत्मौपम्येन सर्वत्र समं पश्यतियोऽर्जुन ।

सुखं वायदिवादुःखंसयोगीपरमोमतः ॥३२

હે અર્જુન ! સર્વ સ્થાનમાં આત્માજ છે એવી રીતે જે સુખ દુઃખ સહન કરીને સમ-દ્દષ્ટિથી જુએ છે, તે યોગી મોટામાં મોટો મનાય છે. ॥ ૩૨ ॥

अर्जुन उवाच ।

योऽयंयोगस्त्वया प्रोक्तःसाम्येनमधुसूदन ।
एतस्याहंनपश्यामिचञ्चलत्वात्स्थितिंस्थिराम्

અર્જુને કહ્યું–હે મધુસૂદન ! સમચિત્ત રાખવાથી થતો યોગ જે તમે મને કહ્યો તેની સ્થિતિ ચંચળતાને લીધે મને સ્થિર લાગ-તી નથી. ॥ ૩૩ ॥

चञ्चलं हि मनः कृष्ण प्रमाथिबलवद्दृढम् ।
तस्याहं निग्रहंमन्येवायोरिव सुदुष्करम् ॥३४

હે કૃષ્ણ ! મન ચંચળ, જુસ્સાવાળું અને બળવાન છે. એને વશ કરવં કઠણ છે. વાયને

રોકવો જેવું કઠણ કામ છે તેવુંજ મનને રોકવાનું પણ કઠણ કામ છે. ૩૪

श्रीभगवानुवाच

असंशयं महाबाहो मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेनच कौन्तेय वैराग्येण च गृह्यते ३५

શ્રી ભગવાન બોલ્યા–હે મહાબાહુ અર્જુન ! ખરેખર મન ચંચળ અને ન રોકી શકાય એવુંજ છે, તથાપિ સદાકાળના અભ્યાસથી અને વૈરાગ્યથી હે કુંતીપુત્ર ! તેને વશ કરી શકાય છે. ॥ ૩૫ ॥

असंयतात्मनायोगो दुष्प्रापइति मेमतिः ।
वश्यात्मनातुयततााशक्योऽवाप्तुमुपायतः ॥

જેનું મન વશ નથી તેને યોગની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે એમ હું માનું છું, પણ જેણે આત્મા વશ કરેલો છે અને તે જ ઉપાયથી જે યત્ન કર્યા કરે છે તે યોગ પ્રાપ્ત કરી શકે છે. ॥ ૩૬ ॥

अर्जुन उवाच ।

अयतिः श्रद्धयोपेतो योगाच्चलितमानसः ।
अप्राप्ययोगसंसिद्धिं कां गतिंकृष्णगच्छति ॥

અર્જુને કહ્યું-હે કૃષ્ણ! જેણે આત્મા ઉપર સત્તા મેળવી નથી, તથા યોગથી જેનું મન ચલિત થયેલું છે, તેમજ જે યોગની સિદ્ધિ પ્રાપ્ત કરી શકયો નથી છતાં તેમાં શ્રદ્ધાવાળો છે તેની શી ગતિ થાય છે? ૩૭

कच्चिन्नोभयविभ्रष्टश्छिन्नाभ्रमिव नश्यति ।
अप्रतिष्ठोमहाबाहो विमूढोब्रह्मणःपथि ॥ ३८

હે મહાબાહુ શ્રીકૃષ્ણ! બંનેમાં ભ્રષ્ટ થયેલો અને બ્રહ્મ પ્રાપ્તિનો માર્ગ ભૂલેલો, આધાર વિનાનો તે છુટાં પડી ગયેલાં વાદળાંની પેઠે શું નાશ પામે છે? ॥ ૩૮ ॥

एतन्मे संशयं कृष्ण छेत्तुमर्हस्यशेषतः ।
त्वदन्यः संशयस्यास्यच्छेत्तानह्युपपद्यते ॥ ३९

हे कृष्ण ! आ मारो संशय तद्दन टाळी नांखवा कृपा करवी जोईए, कारण के आ संशय दूर करनार तमारा विना बीजुं कोइ मळनार नथी. ॥ ३९ ॥

श्रीभगवानुवाच ।

पार्थ नैवेह नामुत्र विनाशस्तस्य विद्यते ।
न हि कल्याणकृत्कश्चिद्दुर्गतिंतातगच्छति ॥

श्री भगवाने कह्युं–हे पार्थ ! एवा माणसनो आलोक के परलोकमां नाश छेज नहि. हे भाई ! कल्याणनुं काम करनार कोइ पण नठारी गतिने तो पामतोज नथी. ४०

प्राप्य पुण्यकृतांल्लोकानुषित्वाशाश्वतीः समाः।
शुचीनांश्रीमतां गेहे योगभ्रष्टोऽभिजायते ॥

योगथी भ्रष्ट थयेलो माणुस महा पुण्य करनारा लोकमां जईने अने त्यां घणा काळ सुधी रहीने कोइ पवित्र अने धनवानने घेर फरी जन्म ले छे. ॥ ४१ ॥

अथवा योगिनामेवकुले भवति धीमताम् ।
एतद्धि दुर्लभतरंलोके जन्म यदीदृशम् ४२

અથવા તે કોઈ બુદ્ધિમાન યોગીના કુટું-બમાં ઉત્પન્ન થાય છે. આલોકમાં આવો જ-ન્મ મળવો ઘણોજ દુર્લભ છે. ॥ ૪૨ ॥

तत्र तं बुद्धिसंयोगं लभते पौर्वदेहिकम् ।
यतते च ततो भूयःसंसिद्धौ कुरुनन्दन॥४३

ત્યાં તેને આગલા જન્મની બુદ્ધિ પાછી પ્રાપ્ત થાય છે અને પછી હે કુરૂનંદન ! ફરીથી સંપૂર્ણ સિદ્ધિ મેળવવાને તે યત્ન કરે છે.૪૩

पूर्वाभ्यासेन तेनैव ह्रियते ह्यवशोऽपि सः
जिज्ञासुरपि योगस्य शब्दब्रह्मातिवर्तते॥४४

પોતે નાહે જાણુવા છતા પણ પૂર્વના અ-ભ્યાસથી તે દોરાય છે, માત્ર યોગ જાણુવાની ઇચ્છાથીજ તે (શબ્દબ્રહ્મ) વેદને પણ ઓ-ળંગી જાય છે. ॥ ૪૪ ॥

प्रयत्नाद्यतमानस्तुयोगी संशुद्धकिल्बिषः ।
अनेकजन्मसंसिद्धस्ततोयाति परांगतिम् ॥

આગ્રહ પૂર્વક પ્રયત્ન કરનારો અને પાપથી મુક્ત થયેલો યોગી અનેક જન્મમાં સિદ્ધ થતો પરમગતિ (મોક્ષ) પ્રાપ્ત કરે છે. ૪૫

तपस्विभ्योऽधिको योगी
ज्ञानिभ्योऽपि मतोऽधिकः ।
कर्मिभ्यश्चाधिको योगी
तस्माद्योगी भवार्जुन ॥ ४६ ॥

યોગી તપસ્વીઓથી અધિક છે, જ્ઞાનીઓ કરતાં પણ તે અધિક મનાય છે અને કર્મ કરનારાઓથી પણ અધિક છે માટે હે અર્જુન! તું યોગી થા. ॥ ૪૬ ॥

योगिनामपि सर्वेषां मद्गतेनान्तरात्मना ।
श्रद्धावान्भजतेयोमांसमे युक्ततमो मतः ४७

સઘળા યોગીઓમાં પણ જે યોગી મારામાં પોતાના અંતરાત્માને રાખે છે તથા શ્રદ્ધાપૂર્વક મને ભજે છે તેને મેં ખરેખરો યોગી માનેલો છે. ॥ ૪૭ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अभ्यासयोगो नाम षष्ठोऽध्यायः ।

॥ છઠ્ઠો અધ્યાય સમાપ્ત. ॥

अध्याय ७ मो.

श्रीभगवानुवाच ।

मय्यासक्तमनाः पार्थ योगं युञ्जन्मदाश्रयः ।
असंशयं समग्रं मां यथा ज्ञास्यसि तच्छृणु १

श्री ભગવાને કહ્યું કે–હે પાર્થ ! મારામાંજ ચિત્ત રાખીને તથા મારા આશ્રયે રહિને યોગ સાધતાં ખરેખર તું મને કેવી રીતે ઓળખીશ તે હું તને કહું છું તે સાંભળ. ॥ ૧ ॥

ज्ञानं तेऽहं सविज्ञानमिदं वक्ष्याम्यशेषतः ।
यज्ज्ञात्वानेह भूयोऽन्यज्ज्ञातव्यमवशिष्यते २

તેની સમજુતી તથા જ્ઞાન હું તને કંઇપણ બાકી રાખ્યા વિના કહીશ તે જાણ્યા પછી આલોકમાં બીજું કાંઇ જાણવા જેવું રહેતું નથી. ॥ ૨ ॥

मनुष्याणां सहस्रेषु कश्चिद्यतति सिद्धये ।
यततामपि सिद्धानां कश्चिन्मां वेत्ति तत्त्वतः ॥ ३

હજાર માણસોમાં કોઈકજ મોક્ષને માટે પ્રયત્ન કરે છે, અને તે યત્નમાં સિદ્ધ થયેલા-ઓમાંથી કોઈકજ મારૂં ખરેખરૂં તત્વ (રૂ-પ) જાણે છે. ॥ ૩ ॥

भूमिरापोऽनलोवायुः खं मनो बुद्धिरेव च ।
अहंकार इतीयं मे भिन्ना प्रकृतिरष्टधा ॥ ४

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ, મન, બુદ્ધિ તથા અહંકાર આ આઠ મારી પ્રકૃતિ-ના વિભાગ છે. ॥ ૪ ॥

अपरेयमितस्त्वन्यां प्रकृतिं विद्धि मे पराम् ।
जीवभूतां महाबाहो ययेदं धार्यते जगत् ॥ ५

એ મારી નીચી પ્રકૃતિ છે, અને હે મહા-બાહુ અર્જુન ! મારી બીજી ઉંચી પ્રકૃતિ જીવ છે, જેનાવડે આખું જગત ધારણ થયે-લું છે તેને તું જાણ. ॥ ૫ ॥

एतद्योनीनि भूतानि सर्वाणीत्युपधारय ।

अहं कृत्स्नस्य जगतः प्रभवः प्रलयस्तथा ६

સર્વ ભુતનું તે મૂળ ઉત્પત્તિ સ્થાન છે અને હું આખા જગતનો ઉત્પન્ન કર્તા તથા લય કર્તા છું એમ સમજ. ॥ ૬ ॥

मत्तः परतरं नान्यत्किंचिदस्ति धनंजय।
मयि सर्वमिदं प्रोतं सूत्रे मणिगणा इव ७

હે ધનંજય ! મારા કરતાં કોઇ શ્રેષ્ઠ છે જ નહિ. સુતરના દોરામાં પરોવેલા મણકાની માફક સઘળું મારામાંજ ગુંથાયલું છે. ॥ ૭ ॥

रसोऽहमप्सु कौन्तेयप्रभास्मि शशिसूर्ययोः।
प्रणवः सर्ववेदेषु शब्दः खे पौरुषं नृषु ॥ ८

હે કુંતિપુત્ર ! પાણીમાં જે રસ છે તે હું છું, ચંદ્ર તથા સૂર્યનું તેજ તે પણ હું છું, સર્વ વેદમાં જે ઓંકાર છે તે હું છું, આકાશમાં શબ્દ અને પુરૂષોમાં પુરૂષાતન તે પણ હું છું. ॥ ૮ ॥

पुण्योगन्धःपृथिव्यांचतेजश्चास्मिविभावसौ ।
जीवनं सर्वभूतेषु तपश्चास्मि तपस्विषु ॥९॥

પૃથ્વીમાં જે સ્વચ્છ ગંધ છે તથા અગ્નિમાં જે તેજ છે તે પણ હું છું, સઘળાં પ્રાણીઓનું જીવન તેમજ તપસ્વીઓનું તપ તે પણ હું છું. ॥ ૯ ॥

बीजं मां सर्वभूतानां विद्धि पार्थ सनातनम् ।
बुद्धिर्बुद्धिमतामस्मितेजस्तेजस्विनामहम् १०

હે પાર્થ ! સર્વ જીવોનું હું સનાતન (અનાદિ અનંત) બીજ છું, બુદ્ધિવાનની બુદ્ધિ અને તેજસ્વીઓનું તેજ પણ હું છુ એમ તું જાણ. ॥ ૧૦ ॥

बलं बलवतामस्मि कामरागविवर्जितम् ।
धर्माविरुद्धो भूतेषु कामोऽस्मि भरतर्षभ ११

ઇચ્છા તથા મમતા રહિત બળવાનોનુ બળ હું છું, હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન ! ધર્મ

વિરૂદ્ધ નહિ એવી સર્વ ભૂતોની ઈચ્છા તે પણુ હું છું. ॥ ૧૧ ॥

ये चैव सात्विका भावा राजसास्तामसाश्चये ।
मत्त एवेति तान्विद्धि न त्वहं तेषु ते मयि ॥

સત્વ, રજ અને તમ એ ત્રણુ ભાવ મારાથીજ ઉત્પન્ન થયા છે એમ તું જાણુ. હું તેમનામાં નથી પણુ તેઓ મારામાં છે. ॥ ૧૨ ॥

त्रिभिर्गुणमयैर्भावैरेभिः सर्वमिदं जगत् ।
मोहितंनाभिजानातिमामेभ्यः परमव्ययम् ॥

એ ત્રણુ ગુણુથી થયેલા ભાવથી મોહિત થયેલું આ આખું જગત, હું કે જે તેમનાથી શ્રેષ્ઠ અને વિકાર રહિત છું તેને ઓળખતું નથી. ॥ ૧૩ ॥

दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।
मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ॥ १४

એ ત્રણુ ગુણોથી થયેલી જે મારી દૈવી મા-

યા છે તે તરી જવી ઘણી કઠણ છે, જેઓ મને પામે છે તેઓ એ માયા તરી જાય છે. ૧૪

न मां दुष्कृतिनो मूढाः प्रपद्यन्ते नराधमाः
माययापहृतज्ञाना आसुरंभावमाश्रिताः ॥१५

દુષ્ટ કર્મ કરનારા, મુરખ અને નીચ સ્વભાવના માણુસો મને પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે માયાથી તેમનું જ્ઞાન હરાઈ ગયેલું હોય છે અને તે આસુરી (દૈત્યની) પ્રકૃતિ પામેલા હોય છે. ॥ ૧૫ ॥

चतुर्विधा भजन्ते मां जनाःसुकृतिनोऽर्जुन ।
आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी चभरतर्षभ ॥१६

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અરજુન ! સત્કર્મ કરનાર ચાર પ્રકારના મનુષ્યો મને ભજે છે, દુઃખી, જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છાવાળો, સ્વાર્થની ઇચ્છાવાળો અને ચોથો જ્ઞાની. ॥ ૧૬ ॥

तेषांज्ञानीनित्ययुक्तएकभक्तिर्विशिष्यते ।

प्रियोहिज्ञानिनोऽत्यर्थमहंसचममप्रियः ॥१७

તેઓમાં સદાકાળ યોગને વિષે રહેલો અને એકનીજ ભક્તિ કરનારો જ્ઞાની સૌથી શ્રેષ્ઠ છે. જ્ઞાનીને હું અતિ પ્રિય છું તેમ તે મને ઘણો પ્રિય છે. ॥ ૧૭ ॥

उदाराःसर्व एवैतेज्ञानी त्वात्मैव मे मतम् ।
आस्थितःसहियुक्तात्मामामेवानुत्तमां गतिम्॥

એ સર્વ ઉદાર મનવાળા સમજવા પણ તે-માં જ્ઞાની એ હું પોતેજ છું એમ માનું છું હું એજ સૌથી શ્રેષ્ઠ ગતિ છે એમ જાણી તે સ્થિર મનથી મારામાંજ વિશ્વાસ રાખીને રહે છે. ॥ ૧૮ ॥

बहूनां जन्मनामन्ते ज्ञानवान्मां प्रपद्यते ।
वासुदेवःसर्वमितिसमहात्मासुदुर्लभः ॥१९॥

ઘણા જન્મ લીધા પછી જ્ઞાની મને પ્રાપ્ત કરે છે; સઘળું વાસુદેવ (વસુદેવના પુત્ર શ્રી

કૃષ્ણપરમાત્માજ) છે એમ તે માને છે. એવા મહાત્મા દુર્લભ હોય છે. ॥ ૧૯ ॥

कामैस्तैस्तैर्हृतज्ञानाःप्रपद्यन्तेऽन्यदेवताः ।
तंतंनियममास्थायप्रकृत्यानियताःस्वया ॥२०

વિવિધ ઇચ્છાઓથી જેઓનાં ચિત્ત આકર્ષાયેલાં હોય છે તે બીજા દેવતાઓને ભજે છે; અને પોતાના સ્વભાવ પ્રમાણે ભિન્ન ભિન્ન નિયમો પાળે છે. ॥ ૨૦ ॥

योयोयांयांतनुंभक्तः श्रद्धयार्चितुमिच्छति ।
तस्यतस्याचलांश्रद्धांतामेवविदधाम्यहम् ॥

જે માણસ જે દેવનો ભક્ત થઇ શ્રદ્ધાથી તેને પૂજવાની ઇચ્છા કરે છે, તે માણસની તે દેવ ઉપરની શ્રદ્ધાને હું દ્દઢ બનાવું છું. ૨૧

स तया श्रद्धया युक्तस्तस्याराधनमीहते ।
लभतेचततःकामान्मयैवविहितान्हितान् ॥२२

દ્દઢ શ્રદ્ધા થતાં તે માણસ તે દેવનું પૂજન

કરે છે, અને મેં નક્કી કરેલી તે માણસની ધારેલી કામનાઓ તેને પ્રાપ્ત થાય છે. ૨૨

अन्तवत्तु फलं तेषां तद्भवत्यल्पमेधसाम् ।
देवान्देवयजोयान्तिमद्भक्तायान्तिमामपि ॥

અલ્પ બુદ્ધિવાળાઓને જે ફળ મળે છે તે નાશવંત હોય છે; જેઓ દેવોને ભજે છે તે દેવોને પામે છે અને જે મારા ભક્તો હોય છે તે મને પામે છે. ॥ ૨૩ ॥

अव्यक्तंव्यक्तिमापन्नंमन्यन्तेमामबुद्धयः ।
परं भावमजानन्तो ममाव्ययमनुत्तमम् ॥

અવ્યક્ત (બહાર ન દેખાય તેવા) રૂપને બુદ્ધિ વિનાના માણસો વ્યક્ત (પ્રગટ થયેલું) માને છે, તેથી કેવળ જુદું જ, અવિનાશી અને સૌથી શ્રેષ્ઠ એવું જે મારૂં રૂપ છે તેને તેઓ જાણી શકતા નથી. ॥ ૨૪ ॥

नाहं प्रकाशः सर्वस्य योगमायासमावृतः ।

मूढोऽयंनाभिजानातिलोकामामजमव्ययम् ॥

મારી યોગ માયાથી ઢંકાયલો હું બધાને દેખાઈ શકતો નથી, મૂઢ લોકો જાણતા નથી કે હું જન્મ વિનાનો તેમજ નાશ વિનાનો છું.૨૫

वेदाहं समतीतानि वर्तमानानि चार्जुन ।
भविष्याणि च भूतानि मां तु वेद न कश्चन ॥

હે અર્જુન ! ભૂતકાળમાં થઇ ગયેલા, વર્તમાનકાળમાં જે છે તે અને ભવિષ્યમાં થનાર સર્વ જીવોને હું જાણું છું, પણ મને કોઈ જાણતું નથી. ॥ ૨૬ ॥

इच्छाद्वेषसमुत्थेन द्वन्द्वमोहेन भारत ।
सर्वभूतानि संमोहं सर्गे यान्ति परंतप ॥२७

હે ભારત ! ઇચ્છા તથા દ્વેષથી જે દ્વંદ્વ (સુખ દુ:ખાદિ) ઉત્પન્ન થાય છે તેનાથી મોહિત થઇને, હે શત્રુને સંતાપ કરનાર ! આ સૃષ્ટિમાં સર્વ પ્રાણીઓ ગોથાં ખાયા કરે છે.

येषां त्वन्तगतं पापं जनानां पुण्यकर्मणाम् ।
ते द्वन्द्वमोहनिर्मुक्ता भजन्ते मां दृढव्रताः ॥

જે સત્કર્મ કરનારા છે અને જેનાં પાપનો અંત આવેલો છે તેઓ એ દ્વંદ્વના મોહમાંથી મુક્ત થઇને દૃઢ મનથી મને ભજે છે. २८

जरामरणमोक्षाय मामाश्रित्य यतन्ति ये ।
ते ब्रह्मतद्विदुःकृत्स्नमध्यात्मंकर्मचाखिलम् ॥

જન્મ મરણથી મુક્ત થવાને માટે જેઓ મારે આશ્રયે રહીને યત્ન કરે છે તેઓ જાણે છે કે સર્વ કર્મ તથા સઘળું અધ્યાત્મ એ બ્રહ્મ છે.२९

साधिभूताधिदैवं मां साधियज्ञं च ये विदुः ।
प्रयाणकालेऽपि च मां ते विदुर्युक्तचेतसः ॥

જેઓ મને અધિભુત. અધિદૈવ અને અધિયજ્ઞ જાણે છે તેઓ સ્થિર ચિત્તવાળા થઇને મરણ સમયે પણ મને પામે છે. ॥ ३० ॥

સાતમો અધ્યાય સમાપ્ત.

अध्याय ८ मो.

अर्जुन उवाच ।

किं तद्ब्रह्म किमध्यात्मं किं कर्म पुरुषोत्तम ।
अधिभूतं च किं प्रोक्तमधिदैवं किमुच्यते १

અર્જુને કહ્યું-હે પુરૂષોત્તમ! બ્રહ્મ એ શું? અધ્યાત્મ એ શું? અને કર્મ એ શું? વળી અધિભૂત અને અધિદેવ કોને કહે છે?

अधियज्ञः कथं कोऽत्र देहेऽस्मिन्मधुसूदन ।
प्रयाणकालेचकथंज्ञेयोऽसिनियतात्मभिः ॥२

હે મધુસૂદન! આ દેહમાં અધિયજ્ઞ કયું અને કેવી રીતે છે? અને મનને વશ કરનાર મરણકાલે આપને કેવી રીતે જાણે છે?

श्री भगवानुवाच ।

अक्षरं ब्रह्म परमं स्वभावोऽध्यात्ममुच्यते ।
भूतभावोद्भवकरो विसर्गः कर्मसंज्ञितः ॥ ३

શ્રી ભગવાને કહ્યું–જે નાશ પામે નહિ અને સૌથી શ્રેષ્ઠ છે તે બ્રહ્મ છે, તેનો સ્વભાવ તે અધ્યાત્મ અને જે ભાવથી સર્વ ભૂતની સૃષ્ટિ થાય છે તેને કર્મ કહે છે. ॥ ૩ ॥

अधिभूतं क्षरो भावः पुरुषश्चाधिदैवतम् ।
अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर ॥४॥

જેમાં નાશ પામવાનો ગુણ છે તે અધિભૂત કહેવાય છે, જે પુરૂષ (ઉત્પન્ન કરનાર શક્તિ) છે તે અધિદૈવ કહેવાય છે અને હે મનુષ્યમાં શ્રેષ્ઠ અર્જુન ! મનુષ્યોના દેહમાં અધિયજ્ઞ તે હું જ છું. ॥ ૪ ॥

अंतकाले च मामेव स्मरन्मुक्त्वा कलेवरम् ।
यः प्रयातिसमद्भावं यातिनास्त्यत्र संशयः ५

મરણ સમયે મારૂં સ્મરણ કરતાં જે દેહનો ત્યાગ કરે છે તે મારાજ રૂપને પામે છે એમાં કંઈ પણ સંશય નથી. ॥ ૫ ॥

यं यं वापि स्मरन्भावं त्यजंत्यंते कलेवरम् ।
तं तमेवैति कौंतेय सदा तद्भावभावितः ॥६॥

હે કુંતાના પુત્ર ! મરણ કાળે શરીરનો ત્યાગ કરતાં મનુષ્ય જે જે ભાવનું સ્મરણ કરે છે, તે તે ભાવને યોગ્ય થઇને તેને તે પ્રાપ્ત કરે છે. ॥ ૬ ॥

तस्मात्सर्वेषु कालेषु मामनुस्मर युद्ध्य च ।
मय्यर्पितमनोबुद्धिर्मामेवैष्यस्यसंशयम् ॥७॥

માટે સર્વ કાળમાં મારૂંજ સ્મરણ કર અને યુદ્ધ કર; મન તથા બુદ્ધિ મારામાંજ અર્પણ કરવાથી તું મનેજ પામશે એમાં સંશય નથી. ॥ ૭ ॥

अभ्यासयोगयुक्तेन चेतसा नान्यगामिना ।
परमं पुरुषं दिव्यं याति पार्थानुचिंतयन् ॥८

હે પાર્થ ! યોગાભ્યાસથી દૃઢ કરેલા અને બીજી કોઇ વસ્તુથી આકર્ષાય નહિ એવા મ-

નથી ધ્યાન કરતો મનુષ્ય દિવ્ય એવા પરમ પુરૂષ (પરમાત્મા) ને પામે છે. ॥ ૮ ॥

कविं पुराणमनुशासितार-
मणोरणीयांसमनुस्मरेद्यः ।
सर्वस्य धातारमचिंत्यरूप-
मादित्यवर्णं तमसः परस्तात् ॥ ९ ॥
प्रयाणकाले मनसाऽचलेन
भक्त्या युतो योगबलेन चैव ।
भ्रुवोर्मध्ये प्राणमावेश्य सम्यक्
स तं परं पुरुषमुपैति दिव्यम् ॥१०॥

સર્વ જાણનાર, સહુથી જુનો (જેના પહેલાં કોઇ છેજ નહિ એવો,) સર્વના ઉપર અમલ કરનાર, ઝીણાથી પણ ઝીણો, સર્વેને ઉત્પન્ન કરનાર, જેનું રૂપ કલ્પી ન શકાય તેવો, સૂર્ય સમાન તેજસ્વી અને અંધકાર જેને કદી સ્પર્શ કરી શકતું નથી એવો જે

પરમ પુરૂષ છે, તેનું મરણકાળે દૃઢ મનથી ભક્તિપૂર્વક, યોગબળથી પ્રાણવાયુને બે ભ્રમરો વચ્ચે લાવી જે કોઈ બરાબર રીતે સ્મરણ કરે છે તે માણસ દિવ્ય એવા પરમ પુરૂષને પામે છે. ॥ ૯–૧૦ ॥

यदक्षरं वेदविदो वदंति
विशंति यद्यतयो वीतरागाः ।
यदिच्छंतो ब्रह्मचर्यं चरंति
तत्ते पदं संग्रहेण प्रवक्ष्ये ॥ ११ ॥

જેને વેદ જાણનારા અક્ષર (અવિનાશી) કહે છે, જેનામાં મમતાનો જેણે ત્યાગ કરેલો છે એવા યતિઓ પ્રવેશ કરે છે અને જેને પ્રાપ્ત કરવાની ઇચ્છાથી મુનિઓ બ્રહ્મચર્ય પાળે છે તે પદ હું તને સંક્ષેપમાં કહીશ. ॥ ૧૧ ॥

सर्वद्वाराणि संयम्य मनो हृदि निरुद्ध्य च ।

मूर्ध्न्याधायात्मनःप्राणमास्थितोयोगधारणाम्
ॐमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन् ।
यःप्रयातित्यजन्देहंसयातिपरमांगतिम् ॥१३

સર્વ ઇંદ્રિયોનાં દ્વાર બંધ કરીને, મનને હૃદયમાં રોકીને, પ્રાણને મસ્તકમાં ધારણ કરીને, યોગ ધારણામાં દૃઢ રહીને, એકાક્ષરી "ઓમ્" શબ્દ જે બ્રહ્મનો વાચક છે તે બોલતાં અને મારૂં સ્મરણ કરતાં, જે માણસ શરીર છોડીને જાય છે તે પરમ ગતિને પામે છે. ॥ ૧૨-૧૩ ॥

अनन्यचेताः सततंयो मां स्मरतिनित्यशः ।
तस्याहंसुलभःपार्थनित्ययुक्तस्य योगिनः ॥

હે પાર્થ ! બીજી કોઇ પણ વસ્તુમાં ચિત્ત રાખ્યા વિના જે સદા મારૂંજ સ્મરણ કરે છે તેવા સદા યોગમાંજ જોડાઇ રહેલા યોગીને હું સુલભ છું. ॥ ૧૪ ॥

मामुपेत्य पुनर्जन्म दुःखालयमशाश्वतम् ।
नाप्नुवंति महात्मानः संसिद्धिं परमांगताः ॥ १५

મને પ્રાપ્ત કરીને મહાત્માઓ પરમ સિદ્ધિ-ને પામી જવાથી દુઃખનું સ્થાન અને નાશવંત એવા પુનર્જન્મને પામતા નથી.

आब्रह्मभुवनाल्लोकाः पुनरावर्तिनोऽर्जुन ।
मामुपेत्य तु कौंतेय पुनर्जन्मनविद्यते ॥ १६ ॥

હે અર્જુન ! બ્રહ્મલોકથી માંડીને સઘળા લોક ફરીથી જન્મ લેનારા છે પણ હે કુંતિના પુત્ર ! જે મને પામે છે તે ફરી જન્મતો નથી. ॥ ૧૬ ॥

सहस्रयुगपर्यंतमहर्यद्ब्रह्मणो विदुः ॥
रात्रिं युगसहस्रां तां तेऽहोरात्रविदो जनाः ॥

એક હજાર યુગ સુધીમાં બ્રહ્માનો એક દિવસ થાય છે અને એક હજાર યુગ સુધીની બ્રહ્માની એક રાત્રિ થાય છે, એમ જે જાણે

જે તે જ દિવસ ને રાતના જાણનાર છે. ॥૧૭॥

अव्यक्ताद्व्यक्तयः सर्वाः प्रभवंत्यहरागमे ।
राज्यागमे प्रलीयंते तत्रैवाव्यक्तसंज्ञके ॥१८

બ્રહ્માના દિવસના આરંભમાં અવ્યક્ત (જે પ્રગટ નથી તે) માંથી સઘળા વ્યક્ત (પ્રગટ) પદાર્થ ઉત્પન્ન થાય છે, અને જ્યારે રાત પડે છે ત્યારે તે અવ્યક્તમાં સઘળા વ્યક્ત પદાર્થ સમાઈ જાય છે. ॥ ૧૮ ॥

भूतग्रामः स एवायं भूत्वा भूत्वा प्रलीयते ।
राज्यागमेऽवशः पार्थ प्रभवत्यहरागमे ॥१९

હે પાર્થ ! ભૂતોનો સમૂહ વારંવાર એમ ઉત્પન્ન થઇને લય પામી જાય છે. એ પ્રમાણે રાત પડતાં પરવશ થઇને પ્રલયને પામે છે અને ફરી દિવસ ઉગતાં પાછો ઉત્પન્ન થાય છે. ॥ ૧૯ ॥

परस्तस्मात्तु भावोऽन्यो व्यक्तोऽव्यक्ता-

त्सनातनः । यः स सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ॥ २० ॥

તેથી વ્યક્તના કરતાં પણ શ્રેષ્ઠ કોઈ અવ્યક્ત ભાવ છે કે જે સદાકાળ રહે છે અને સર્વ પ્રાણીઓનો નાશ થતાં પણ જેનો નાશ થતો નથી. ॥ ૨૦ ॥

अव्यक्तोऽक्षरइत्युक्तस्तमाहुःपरमांगतिम् ।
यं प्राप्य न निवर्तंते तद्धाम परमं मम॥२१॥

તે જ અવ્યક્ત (પ્રગટ નહિ તેવો) અને અક્ષરને (નાશ નહિ પામે એવો) પરમ ગતિ કહે છે; જેને પ્રાપ્ત કરીને પાછું આવવું પડતું નથી તે સૌથી શ્રેષ્ઠ મારૂંજ ધામ છે.

पुरुषः सपरःपार्थ भक्त्यालभ्यस्त्वनन्यया ।
यस्यांतःस्थानि भूतानियेनसर्वमिदंततम् ॥

હે પાર્થ ! જેનામાં સર્વ ભૂત રહેલાં છે અને જે સર્વ જગતમાં વ્યાપ્ત છે તે જ પુરૂષ

છે; અને તે માત્ર અનન્ય ભક્તિથીજ પ્રાપ્ત કરી શકાય છે. ॥ ૨૨ ॥

यत्र काले त्वनावृत्तिमावृत्तिं चैव योगिनः ।
प्रयाता यांति तं कालं वक्ष्यामि भरतर्षभ ॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ ! કયે વખતે ગયેલા યોગીઓ પાછા આવતા નથી અને કયે વખતે ગયેલા પાછા આવે છે તે હવે હું તમને કહું છું. ॥ ૨૩ ॥

अग्निर्ज्योतिरहः शुक्लःषण्मासाउत्तरायणम् ।
तत्रप्रयातागच्छंतिब्रह्मब्रह्मविदोजनाः ॥

અગ્નિ, તેજ, દિવસ, શુક્લપક્ષ, અને ઉત્તરાયણના છ માસ. તે વખતે બ્રહ્મજ્ઞાનીઓ મરણ પામી બ્રહ્મનેજ પહોંચી જાય છે. ૨૪

धूमोरात्रिस्तथाकृष्णःषण्मासादक्षिणायनम् ।
तत्रचांद्रमसंज्योतिर्योगीप्राप्यनिवर्तते ॥ २५

ધૂમાડો, રાત, કૃષ્ણપક્ષ અને દક્ષિણાયનના

છ માસ એ વખતે જે યોગી મરણુ પામે છે તે ચંદ્રના જેવું તેજ પ્રાપ્ત કરીને અહીં પાછો આવે છે. ॥ ૨૫ ॥

शुक्लकृष्णे गती ह्येते जगतः शाश्वते मते ।
एकया यात्यनावृत्तिमन्ययाऽऽवर्तते पुनः ॥२६

શુકલ (અજવાળી) અને કૃષ્ણ (અંધારી) એ બેજ ગતિ જગતમાં પરંપરાથી ચાલતી આવેલી મનાય છે. જેની પહેલી ગતિ થાય છે તે પાછો આવતો નથી અને બીજી ગતિવાળો પાછો આવે છે. ॥ ૨૬ ॥

नैते गती पार्थ जानन् योगी मुह्यति कश्चन ।
तस्मात्सर्वेषु कालेषु योगयुक्तो भवार्जुन२७

હે પાર્થ ! એ માર્ગ જાણનાર યોગી કોઈ પણ મોહમાં પડતો નથી તેથી હે અર્જુન ! સર્વ કાળને વખતે તું યોગમાં દૃઢ થા. ૨૭

वेदेषु यज्ञेषु तपःसु चैव

दानेषु यत्पुण्यफलं प्रदिष्टम् ।
अत्येति तत्सर्वमिदं विदित्वा
योगी परं स्थानमुपैति चाद्यम् ॥ २८

વેદમાં, યજ્ઞમાં, તપમાં અને દાનમાં જે શુભ ફળ થવાનું કહેલું છે, તે સર્વને આ ગતિ જાણનાર યોગી ઓળંગીને ચાલ્યો જાય છે અને સૌથી શ્રેષ્ઠ એવું આદ્યસ્થાન પામી જાય છે. ॥ ૨૮ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे अक्षरब्रह्मयोगो नामाष्टमोऽध्यायः ।

આઠમો અધ્યાય સમાપ્ત.

अध्याय ९ मो.

श्रीभगवानुवाच ।

इदं तु ते गुह्यतमं प्रवक्ष्याम्यनसूयवे ।
ज्ञानंविज्ञानसहितंयज्ज्ञात्वामोक्ष्यसेऽशुभात्॥

શ્રી ભગવાને કહ્યું-હે અર્જુન! તું દોષદર્શી નથી તેથી હું તને ગુહ્યમાં ગુહ્ય એવું શ્રેષ્ઠ જ્ઞાન કહીશ જે જાણીને તું પાપથી મુક્ત થઈશ. ॥ ૧ ॥

राजविद्या राजगुह्यं पवित्रमिदमुत्तमम् ।
प्रत्यक्षावगमं धर्म्यं सुसुखं कर्तुमव्ययम् ॥

તે રાજવિધા તથા રાજરહસ્ય છે, વળી પવિત્ર અને શ્રેષ્ઠ છે, પ્રત્યક્ષ સમજાય તેવું છે, ધર્મ યુક્ત છે, કરવું સહેલું છે તથા અવિનાશી છે. ॥ ૨ ॥

अश्रद्दधानाः पुरुषा धर्मस्यास्य परंतप ।

अप्राप्य मां निवर्तन्ते मृत्युसंसारवर्त्मनि ॥३

હે શત્રુઓને તાપ કરનાર ! એ ધર્મ ઉપર જેને શ્રદ્ધા નથી તે મને પ્રાપ્ત કરી શકતા નથી અને મૃત્યુલોકને રસ્તે પાછા જાય છે.

मया ततमिदं सर्वं जगदव्यक्तमूर्तिना ।
मत्स्थानिसर्वभूतानिनचाहंतेष्ववस्थितः ॥

મારૂં રૂપ પ્રગટ નથી અને મારાથી આ સર્વ જગત વિસ્તારને પામ્યું છે. સર્વ પ્રાણી માત્ર મારામાં છે પણ હું તેઓમાં રહેલો નથી. ॥ ૪ ॥

न च मत्स्थानिभूतानिपश्य मेयोगमैश्वरम् ।
भूतभृन्न च भूतस्थो ममात्मा भूतभावनः ॥

મારા યોગનું ઐશ્વર્ય તું જો કે સર્વ જીવો મારામાં નથી; સર્વ જીવોને પાળનાર હું છું, તથાપિ તેઓમાં હું રહેલો નથી અને મારો આત્મા એ સર્વ જીવોનું કારણ

છે. ॥ ૫ ॥

यथाकाशस्थितोनित्यंवायुःसर्वत्रगोमहान् ।
तथासर्वाणिभूतानिमत्स्थानीत्युपधारय ॥

જેમ આકાશને આધારે સર્વ ઠેકાણે ફરનારો મહાન્ વાયુ રહેલો છે તેમ સઘળા જીવોનો આધાર મારામાં છે એમ તું જાણ. ॥૬॥

सर्वभूतानि कौन्तेय प्रकृतिंयान्तिसामिकाम् ।
कल्पक्षये पुनस्तानि कल्पादौ विसृजाम्यहम् ॥

હે કુંતીપુત્ર ! જ્યારે કલ્પ પુરો થાય છે એટલે પ્રલય થાય છે, ત્યારે સર્વ ભૂત માત્ર મારી પ્રકૃતિમાં સમાઈ જાય છે અને જ્યારે કલ્પનો આરંભ થાય છે ત્યારે તેમને હું ફરીથી પેદા કરૂં છું. ॥ ૭ ॥

प्रकृतिं स्वामवष्टभ्य विसृजामि पुनः पुनः ।
भूतग्राममिमं कृत्स्नमवशं प्रकृतेर्वशात् ॥

હું મારી પ્રકૃતિનો આશ્રય લઈને આ સર્વ

ભૂતનો સમૂહ કે જે કર્મને આધીન છે તેને પ્રકૃતિવડે ફરીથી પેદા કરૂં છું. ॥ ૮ ॥

न च मां तानि कर्माणि निबध्नन्ति धनंजय ।
उदासीनवदासीनमसक्तं तेषु कर्मसु ॥

હે ધનંજય ! વળી મમતા તથા આસક્તિ વિનાના મને તે કર્મ (સૃષ્ટિ ઉત્પન્ન કરવાનું) બંધન કરી શકતું નથી. ॥ ૯ ॥

मयाऽध्यक्षेण प्रकृतिः सूयते सचराचरम् ।
हेतुनानेन कौन्तेय जगद्विपरिवर्तते ॥

મારા અધ્યક્ષપણા નીચે પ્રકૃતિ એટલે માયા સ્થાવર જંગમ ભૂતોને ઉત્પન્ન કરે છે અને એજ કારણથી હે કુંતીપુત્ર ! જગત ફરતું ને ફરતું રહે છે. ॥ ૧૦ ॥

अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।
परं भावमजानन्तो मम भूतमहेश्वरम् ॥११॥

સર્વ જીવોનો હું ઇશ્વર છું એ મારો ઉંચો

ગુણ નહિ જાણનારા મૂઢ લોકો મનુષ્ય દેહ-
ધારી એવો જે હું તેની અવજ્ઞા કરે છે. ૧૧

मोघाशा मोघकर्माणो मोघज्ञाना विचेतसः।
राक्षसीमासुरीं चैव प्रकृतिं मोहिनीं श्रिताः॥

તેમની આશાઓ તથા કર્મ નિષ્ફળ છે, તે-
મનું જ્ઞાન પણ નિષ્ફળ છે અને તેમના વિ-
ચાર ઉંધા છે, અને મોહમાં નાંખનારી જે
રાક્ષસી અને આસુરી પ્રકૃતિ તેને આશ્રયે તે-
ઓ રહેલા છે. ॥ ૧૨ ॥

महात्मानस्तुमां पार्थ दैवींप्रकृतिमाश्रिताः ।
भजन्त्यनन्यमनसो ज्ञात्वा भूतादिमव्ययम् ॥

દિવ્ય પ્રકૃતિને આશ્રયે રહેલા મહાત્માઓ
તો હે પાર્થ! બીજા કશા ઉપર મન નહિ
રાખતાં સર્વે વસ્તુઓનું અવિનાશી કારણ
હુંજ છું એમ જાણી મને ભજે છે. ॥ ૧૩ ॥

सततं कीर्तयन्तो मां यतन्तश्च दृढव्रताः ।

नमस्यन्तश्च मां भक्त्या नित्ययुक्ता उपासते ॥

તેઓ સદા મારૂં કીર્તન કરે છે, દૃઢ નિયમો પાળે છે, અને સ્થિર મનથી ભક્તિપૂર્વક મને નમે છે તથા ભજે છે. ॥ ૧૪ ॥

ज्ञानयज्ञेन चाप्यन्ये यजन्तो मामुपासते ।
एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतोमुखम् १५

હું એક છું, અનેક રૂપે છું અને સર્વ ઠેકાણે વ્યાપ્ત છું એમ જાણીને કેટલાક જ્ઞાનયજ્ઞ વડે મારી ઉપાસના કરે છે. ॥ ૧૫ ॥

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ॥

યજ્ઞ દેવતા તે હું, યજ્ઞ એટલે હોમ તે હું, પિતૃઓની આહુતિ તે પણ હું, યજ્ઞમાં વપરાતી ઔષધી (વનસ્પતિ) તે પણ હું, મંત્ર, ઘૃત, અગ્નિ અને હોમેલું દ્રવ્ય તે પણ હું છું. ॥ ૧૬ ॥

पिताहमस्य जगतो माता धाता पितामहः ।
वेद्यं पवित्रमोंकार ऋक् साम यजुरेव च ॥

જગતનો પિતા, માતા, ધારણ કરનાર, પિતામહ, (દાદો) તથા પવિત્ર કરનાર ઓંકાર, ઋગ્વેદ, સામવેદ અને યજુર્વેદ પણ હું છું. ॥ ૧૭ ॥

गतिर्भर्ता प्रभुः साक्षीनिवासः शरणं सुहृत् ।
प्रभवः प्रलयः स्थानं निधानं बीजमव्ययम् ॥

ગતિ આપનાર, પોષણ કરનાર, સાક્ષી (જોનાર), રહેવાનું સ્થાન, શરણ, મિત્ર, ઉત્પત્તિકારણ, પ્રલયનું કારણ, ભંડાર તથા નાશ ન પામે એવું બીજ પણ હું છું. ॥ ૧૮ ॥

तपाम्यहमहं वर्षं निगृह्णाम्युत्सृजामि च ।
अमृतं चैव मृत्युश्च सदसच्चाहमर्जुन ॥

તાપ આપનાર હું છું, વર્ષાદને વરસાવનાર તથા રોકી રાખનાર પણ હું છું અને હે અ-

ર્જુન! અમૃત અને મૃત્યુ તે પણ હું છું, તથા સત્ અને અસત્ તે પણ હું છું. ૧૯

त्रैविद्या मां सोमपाः पूतपापा
यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते ।
ते पुण्यमासाद्य सुरेन्द्रलोक-
मश्नन्ति दिव्यान्दिवि देवभोगान् ॥२०

ત્રણ વેદ જાણનારા, સોમ પાન કરનારા, પાપથી મુક્ત થયેલા, યજ્ઞ વડે મારૂં યજન કરીને સ્વર્ગને માટે મારી પ્રાર્થના કરે છે. તેઓ પવિત્ર એવા ઇંદ્રલોકને પામીને ત્યાં દેવોના દિવ્ય ભોગ ભોગવે છે. ॥ ૨૦ ॥

ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं
क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति ।
एवं त्रयीधर्ममनुप्रपन्ना
गतागतं कामकामा लभन्ते ॥

એ મોટા વિશાળ સ્વર્ગલોકમાં ભોગ ભો-

ગવીને પુણ્યનો ક્ષય થતાં તેઓ પાછા મૃત્યુ લોકમાં આવે છે; એ પ્રમાણે ત્રણ વેદમાં બતાવેલા ધર્મ પ્રમાણે ચાલનારા કામનાવાળા પુરૂષો વારંવાર આવ જા કરે છે. ॥ ૨ ॥

अनन्याश्चिन्तयन्तो मांये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानांयोगक्षेमं वहाम्यहम् ॥

બીજા કશા ઉપર ચિત્ત નહિ રાખતાં જેઓ મારીજ ઉપાસના કરે છે અને જેમનું ચિત્ત બરાબર સ્થિર છે તેઓના યોગનું રક્ષણ હું કરૂં છું. ॥ ૨૨ ॥

येऽप्यन्यदेवताभक्ता यजन्ते श्रद्धयान्विताः ।
तेऽपि मामेव कौन्तेय यजन्त्यविधिपूर्वकम् ॥

હે કુંતીપત્ર ! વળી જે શ્રદ્ધાપૂર્વક ભક્તિવડે બીજા દેવોને ભજે છે તેઓ પણ વિધિ વિના મનેજ ભજે છે. ॥ ૨૩ ॥

अहं हि सर्वयज्ञानां भोक्ता च प्रभुरेव च ।

न तु मामभिजानन्ति तत्त्वेनातश्च्यवन्ति ते॥

સર્વ યજ્ઞોનો ભોક્તા તથા પ્રભુ (ફળ આપનાર ધણી) હુંજ છું; પણ તેઓ મને તત્વત: જાણતા નથી તેથીજ તેઓ નીચે પડે પડે છે. ॥ ૨૪ ॥

यान्ति देवव्रता देवान्पितृन्यान्ति पितृव्रताः।
भूतानियांतिभूतेज्यायांतिमद्याजिनोऽपिमाम्॥

જેઓ દેવોને ભજે છે તેઓ દેવોને પામે છે, પિતૃઓને ભજનારા પિતૃઓને પામે છે, ભૂતને ભજનારા ભૂતને પામે છે પણ જેઓ મારી ઉપાસના કરે છે તેઓ મનેજ પામે છે.૨૫

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति।
तदहं भक्त्युपहृतमश्नामिप्रयतात्मनः ॥२६॥

જે કોઇ ભક્તિથી મને પત્ર, પુષ્પ, ફળ જળ ઇત્યાદિ અર્પણ કરે છે, તે શુદ્ધ અંતઃકરણવાળાનું ખરા ભાવથી અર્પણ કરેલું હું

અંગિકાર કરું છું. ॥ ૨૬ ॥

यत्करोषि यदश्नासि यज्जुहोषि ददासि यत् ।
यत्तपस्यसि कौन्तेय तत्कुरुष्व मदर्पणम् ॥२७

તું જે કંઈ કરે, જે કંઈ ભોગવે, જે કંઈ હોમે, જે કંઈ આપે તથા જે કંઈ તપ કરે તે સઘળું હે કુંતાના પુત્ર ! તું મનેજ અર્પણ કર. ॥ ૨૭ ॥

शुभाशुभफलैरेव मोक्ष्यसे कर्मबन्धनैः ।
संन्यासयोगयुक्तात्मा विमुक्तो मामुपैष्यसि ॥

એ રીતે કર્મનાં સારાં નઠારાં ફળના બંધનથી તું મુક્ત થઇશ. સંન્યાસ યોગમાં જોડાયલો રહીને જ્યારે તું મુક્ત થઇશ ત્યારેજ મને પ્રાપ્ત કરી શકીશ. ॥ ૨૮ ॥

समोऽहं सर्वभूतेषु न मे द्वेष्योऽस्ति न प्रियः ।
ये भजन्ति तु मां भक्त्या मयि ते तेषु चाप्यहम्॥

સર્વ ભુત તરફ હું સમાન દૃષ્ટિવાળો છું

મારે કોઇ વ્હાલું કે અળખામણું નથી, જે-
ઓ મને ભક્તિથી ભજે છે તેઓ મારામાં ર-
હેલા છે અને હું તેમનામાં રહેલો છું. ॥ ૨૯

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक् ।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितोहि सः॥

કદાપિ કોઇ ઘણુંજ દુષ્ટ કર્મ કરનારો હોય
તથાપિ બીજા કશા ઉપર ચિત્ત નહિ રાખતાં
જો મનેજ ભજતો હોય તો તેને સાધુ પુરૂષજ
માનવો કારણ કે તેનો નિશ્ચય ખરો છે. ૩૦

क्षिप्रं भवतिधर्मात्माशश्वच्छान्तिंनिगच्छति ।
कौन्तेय प्रतिजानीहि न मे भक्तःप्रणश्यति॥

જલદીથી તેનુ ચિત્ત ધર્મમાં ચોંટી જાય છે
અને તેને સદા કાળની શાંતિ મળે છે; હે
કુંતીપુત્ર ! તું યાદ રાખ કે મારો ભક્ત કદી
નાશ પામતોજ નથી. ॥ ૩૧ ॥

मां हि पार्थ व्यपाश्रित्य

येऽपि स्युः पापयोनयः ।
स्त्रियो वैश्यास्तथा शूद्रा-
स्तेऽपि यान्ति परां गतिम् ॥३२॥

હે પાર્થ ! મારે આશ્રયે રહેલા જો કે પાપ કરનારી જાતિમાંથી ઉત્પન્ન થયેલા હોય, અથવા તો સ્ત્રી, વૈશ્ય કે શુદ્ર હોય તો પણ ઉંચામાં ઉંચી ગતિને પામે છે, ॥ ૩૨ ॥

किं पुनर्ब्राह्मणाः पुण्या भक्ता राजर्षयस्तथा।
अनित्यमसुखं लोकमिमं प्राप्यभजस्व माम्॥

તો પછી પવિત્ર બ્રાહ્મણો તથા ભક્ત રાજર્ષિઓનું તો કહેવુંજ શું ? માટે અનિત્ય અને સુખ વિનાના આ મૃત્યુલોકને પામીને તું મારૂં ભજન કર. ॥ ૩૩ ॥

मन्मना भव मद्भक्तो मद्याजीमां नमस्कुरु ।
मामेवष्यसि युक्त्वैवमात्मानं मत्परायणः ॥

તું મારામાંજ મન રાખ, મારોજ ભક્ત

થા, મારોજ યજ્ઞ કરનાર થા, અને મનેજ નમસ્કાર કર. એ પ્રમાણે દઢ મનથી સદા મારામાંજ ચિત્ત રાખનારો તું મનેજ પામીશ.

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे राजविद्याराजगुह्ययोगो नाम नवमोऽध्यायः ।

નવમો અધ્યાય સમાપ્ત.

अध्याय १० मो.

श्री भगवानुवाच ।

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामिहितकाम्यया ॥

શ્રીભગવાન બોલ્યા—હે મહાબાહુ અર્જુન ! વળી મારૂં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વાકય તું સાંભળી લે; તું મને પ્રિય છે તેથી તારા કલ્યાણને અર્થે હું તને તે કહીશ. ॥ ૧ ॥

न मे विदुः सुरगणाः प्रभवं न महर्षयः ।
अहमादिर्हि देवानां महर्षीणां च सर्वशः॥

સર્વ દેવતાઓ તથા મોટા મોટા ઋષિઓ પણ હું પ્રગટ થાઉં છું તે જાણતા નથી; કારણ કે સર્વ દેવોનું તથા મહર્ષિઓનું આદિ કારણ હુંજ છું. ॥ ૨ ॥

यो मामजमनादिं च वेत्ति लोकमहेश्वरम् ।

असंमूढः स मर्त्येषु सर्वपापैः प्रमुच्यते ॥३॥

જે મને જન્મ વિનાનો, અનાદિ અને સર્વ લોકોનો મહાન્ ઇશ્વર જાણે છે, તે મર્ત્યલોકમાં મોહ વિનાનો છે અને સર્વ પાપથી મુક્ત થાય છે. ॥ ૩ ॥

बुद्धिर्ज्ञानमसंमोहः क्षमा सत्यं दमः शमः ।
सुखं दुःखं भवो भावो भयं चाभयमेव च ॥
अहिंसा समता तुष्टिस्तपो दानं यशोऽयशः ।
भवन्तिभावाभूतानांमत्तएवपृथग्विधाः ॥५॥

બુદ્ધિ, જ્ઞાન, અસંમોહ (ભોળવાવું નહિ તે,) ક્ષમા, સત્ય, દમ (ઇંદ્રિયોને વશ રાખવી તે,) શમ (શાંતિ,) સુખ દુઃખ, જન્મવું, જીવવું, ભય તથા અભય, અહિંસા, સમતા, સંતોષ, તપ, દાન જશ અને અપજશ એ સર્વ જુદા જુદા ભૂતોના ભાવ મારાથીજ થયેલા છે. ॥ ૪ ॥ ૫ ॥

महर्षयः सप्त पूर्वे चत्वारो मनवस्तथा ।
मद्भावामानसाजातायेषांलोकइमाः प्रजाः ॥

પૂર્વે સપ્ત મહર્ષિઓ, તથા ચાર સનકાદિક અને મનુઓ મારા ભાવથી મનથી ઉત્પન્ન થયેલા હતા અને તેઓની પ્રજા આ સર્વ લોક છે. ॥ ૬ ॥

एतां विभूतिं योगं च मम यो वेत्ति तत्त्वतः ।
सोऽविकम्पेनयोगेनयुज्यतेनात्रसंशयः ॥७॥

એ મારી વિભુતિ તથા યોગનું તત્ત્વ જે કોઈ જાણે છે તે નહિ ડગે એવા યોગમાં જોડાય છે એમાં કંઈ સંશય નથી. ॥ ૭ ॥

अहं सर्वस्य प्रभवो मत्तः सर्वं प्रवर्तते ।
इतिमत्वाभजन्तेमांबुधाभावसमन्विताः ८

હું સર્વનો ઉત્પન્ન કર્તા છું અને સઘળું મારામાંથી થાય છે એમ માનીને જ્ઞાનીજનો ભાવપૂર્વક મને ભજે છે. ॥ ૮ ॥

मच्चित्ता मद्गतप्राणा बोधयन्तः परस्परम् ।
कथयन्तश्चमांनित्यंतुष्यन्तिचरमन्तिच ॥९॥

મારામાંજ મન રાખીને, મારામાંજ પ્રાણને મોકલીને એક બીજાને બોધ કરતા અને સદા મારીજ વાત કરતા તેઓ સંતોષ પામે છે તથા આનંદમાં રહે છે. ॥ ૯ ॥

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगंतंयेनमामुपयान्तिते ॥१०

એવા જે સદા સ્થિર મનવાળા છે અને પ્રીતિથી મને ભજે છે તેઓને હું બુદ્ધિયોગ આપું છું કે જે યોગ વડે તેઓ મને પામે છે.

तेषामेवानुकम्पार्थमहमज्ञानजं तमः ।
नाशायाम्यात्मभावस्थोज्ञानदीपेनभास्वता ॥

દયાથી તેઓના આત્મામાં રહીને અજ્ઞાનથી ઉત્પન્ન થયેલા તેઓના મનના અંધારાને જ્ઞાનરૂપી દીવાના તેજથી હું મટાડી દઉં છું. ૧૧

अर्जुनउवाच ।

परं ब्रह्म परं धाम पवित्रं परमं भवान् ।
पुरुषंशाश्वतंदिव्यमादिदेवमजंविभुम् ॥१२
आहुस्त्वामृषयः सर्वे देवर्षिर्नारदस्तथा ।
असितोदेवलोव्यासः स्वयंचवब्रवीषिमे १३

અર્જુને કહ્યું:-તમે પરબ્રહ્મ, પરમધામ, પરમ પવિત્ર, પરમપુરૂષ, સદાકાળ રહેનારા, દિવ્ય, આદિદેવ, જન્મરહિત, સર્વ વ્યાપ્ત, દેવ છો એ પ્રમાણે સર્વ ઋષિઓ તથા દેવર્ષિ નારદ, તેમજ અસિત, દેવલ અને વ્યાસ પણ કહે છે, અને આપ પોતે પણ મને એ પ્રમાણે કહો છો. ॥ ૧૨ ॥ ૧૩ ॥

सर्वमेतदृतं मन्ये यन्मां वदसि केशव ।
नहिते भगवन्व्यक्तिंविदुर्देवा नदानवाः॥१४

હે કેશવ ! તમે જે મને કહો છો તે સઘળું હું ખરૂં માનું છું. હે ભગવાન ! તમારા રૂપનું

પ્રાગટ્ય દેવ અને દાનવ કોઇ જાણતા નથી.

स्वयमेवात्मनात्मानं वेत्थ त्वं पुरुषोत्तम ।
भूतभावन भूतेश देवदेव जगत्पते ॥१५॥

હે પુરૂષોતમ ! સર્વ જીવોના કારણરૂપ ! સર્વ ભૂતના ઇશ્વર ! હે દેવોના પણ દેવ ! હે જગતનાપતિ ! તમે પોતેજ પોતાને જાણો છો. ॥ ૧૫ ॥

वक्तुमर्हस्यशेषेण दिव्या ह्यात्मविभूतयः ।
याभिर्विभूतिभिर्लोकानिमांस्त्वंव्याप्यतिष्ठसि

જે વિભૂતિઓથી તમે આ સર્વ લોકોમાં વ્યાપ્ત થઇ રહ્યા છો તે તમારી દિવ્ય વિભૂતિઓ કંઇ પણ બાકી રાખ્યા વિના મને કહેવા કૃપા કરશો. ॥ ૧૬ ॥

कथंविद्यामहंयोगिंस्त्वांसदापरिचिन्तयन् ।
केषु केषु च भावेषु चिन्त्योऽसिभगवन्मया॥

હે યોગી ! સદાકાળ ધ્યાન ધરીને હું તમ-

ને શી રીતે જાણી શકું ? અને હે ભગવાન ! આપના કયા કયા ગુણનું મારે ચિંતન કરવું ? ॥ ૧૭ ॥

विस्तरेणात्मनो योगं विभूतिं च जनार्दन ।
भूयः कथयतृप्तिर्हिशृण्वतो नास्तिमेऽमृतम् ॥

હે જનાર્દન ! તમારી વિભૂતિ તથા યોગ વિસ્તાર વડે કરીને ફરીથી મને કહો, કારણ કે એ અમૃત જેવાં વાકયો સુણતાં મને તૃપ્તિ થતી નથી. ॥ ૧૮ ॥

श्रीभगवानुवाच ।

हन्ततेकथयिष्यामिदिव्याह्यात्मविभूतयः ।
प्राधान्यतः कुरुश्रेष्ठनास्त्यन्तोविस्तरस्यमे ॥

શ્રી ભગવાને કહ્યું–હે કુરૂકુળમાં શ્રેષ્ઠ ! મારી નાની વિભૂતિના વિસ્તારને તો પાર જ નથી માટે જે મારી મુખ્ય વિભૂતિઓ છે તે

હું તને કહીશ. ॥ ૧૯ ॥

अहमात्मा गुडाकेश सर्वभूताशयस्थितः ।
अहमादिश्च मध्यं च भूतानामन्त एव च ॥

હે ગુડાકેશ ! સર્વ જીવોમાં જે આત્મા રહેલો છે તે હું છું; સર્વ ભૂતનું આદિ, મધ્ય અને અંત પણ હું છું. ॥ ૨૦ ॥

आदित्यानामहं विष्णुर्ज्योतिषांरविरंशुमान ।
मरीचिर्मरुतामस्मि नक्षत्राणामहं शशी ॥२१

આદિત્યમાં હું વિષ્ણુ છું, સર્વ તેજસ્વી પદાર્થોમાં કિરણવાળો રવિ હું છું, મરૂતોમાં (વાયુ દેવો) હું મરિચી છું, અને નક્ષત્રોમાં ચંદ્રમા તે પણ હું છું. ॥ ૨૧ ॥

वेदानां सामवेदोऽस्मि देवानामस्मि वासवः ।
इन्द्रियाणां मनश्चास्मि भूतानामस्मि चेतना॥

વેદોમાં સામવેદ હું છું, દેવતાઓમાં ઇંદ્ર

હું છું, ઇંદ્રિયોમાં મન હું છું અને બધા જીવોમાં ચૈતન્ય તે પણ હું છું. ૨૨

रुद्राणां शंकरश्चास्मि वित्तेशो यक्षरक्षसाम् ।
वसूनांपावकश्चास्मि मेरुः शिखरिणामहम् ॥

રૂદ્રોમાં શંકર હું છું, યક્ષ તથા રાક્ષસોમાં કુબેર હું છું, વસુઓમાં પાવક (પવિત્ર કરનાર) હું છું, અને પર્વતોમાં મેરૂ પણ હું છું. ॥ ૨૩ ॥

पुरोधसां चमुख्यं मां विद्धि पार्थबृहस्पतिम् ।
सेनानीनामहं स्कन्दः सरसामस्मि सागरः ॥

હે પાર્થ ! પુરોહિતોમાં મુખ્ય બૃહસ્પતિ તું મને જાણ, સેનાપતિઓમાં કાર્તિકસ્વામી હું છું, અને જળાશયોમાં સમુદ્ર પણ હું છું.૨૪

महर्षीणां भृगुरहं गिरामस्म्येकमक्षरम् ।
यज्ञानांजपयज्ञोऽस्मिस्थावराणांहिमालयः ॥

મહર્ષિઓમાં હું ભૃગુ છું, વાણીમાં હું ઓમ્ શબ્દ છું, યજ્ઞમાં જપયજ્ઞ હું છું અને સ્થાવરમાં હિમાલય પણ હું છું. ૨૫

अश्वत्थः सर्ववृक्षाणां देवर्षीणां च नारदः ।
गन्धर्वाणां चित्ररथः सिद्धानां कपिलो मुनिः ॥

સર્વ વૃક્ષોમાં હું પીપળો છું, દેવર્ષીઓમાં નારદ હું છું, ગંધર્વોમાં ચિત્રરથ હું છું અને સિદ્ધોમાં કપિલ મુનિ તે પણ હું છું. ૨૬

उच्चैःश्रवसमश्वानां विद्धि माममृतोद्भवम् ।
ऐरावतं गजेन्द्राणां नराणां च नराधिपम् ॥

ઘોડાઓમાં અમૃતથી ઉત્પન્ન થયેલો ઉચ્ચૈઃશ્રવા નામનો ઘોડો તું મને જાણ, હાથીઓમાં ઐરાવત હાથી અને માણસોમાં રાજા પણ મને જાણ. ॥ ૨૭ ॥

आयुधानामहं वज्रं धेनूनामस्मि कामधुक् ।

प्रजनश्चास्मि कंदर्पःसर्पाणामस्मि वासुकिः ॥
શસ્ત્રોમાં વજ્ર હું છું, ગાયોમાં કામદુધા ગાય હું છું, પ્રજા ઉત્પન્ન કરનારમાં કામદેવ તે હું છું, અને સર્પોમાંવાસુકી પણ હું છું. ૨૮

अनन्तश्चास्मि नागानां वरुणो यादसामहम् ।
पितॄणामर्यमा चास्मि यमः संयमतामहम् ॥
નાગલોકમાં અનંત એટલે શેષનાગ તે હું છું, પાણીમાં રહેનારાઓમાં વરૂણ હું છું, પિતૃઓમાં અર્યમા હું છું અને નિયમમાં રાખનારા ન્યાયાધીશોમાં યમ પણ હું છું.૨૯

प्रह्लादश्चास्मि दैत्यानां कालः कलयतामहम् ।
मृगाणां च मृगेन्द्रोऽहं वैनतेयश्च पक्षिणाम् ॥
દૈત્યોમાં પ્રહ્લાદ હું છું, અને ગણતરી કરનારમાં કાળ હું છું, પશુઓમાં સિંહ તે હું છું, અને પક્ષીઓમાં ગરૂડ તે પણ હું છું.૩૦

पवनः पवतामस्मि रामः शस्त्रभृतामहम् ।
झषाणां मकरश्चास्मि स्रोतसामस्मि जाह्नवी ॥

પવિત્ર કરવાવાળામાં પવન તે હું છું, શસ્ત્ર ધારણ કરનાર યોદ્ધાઓમાં રામ હું છું, જળચરોમાં મગર અને નદીઓમાં જાન્હુવી તે પણ હું છું. ૩૧

सर्गाणामादिरन्तश्च मध्यं चैवाहमर्जुन ।
अध्यात्मविद्याविद्यानांवादः प्रवदतामहम् ॥

હે અર્જુન! સૃષ્ટિનું આદિ, મધ્ય અને અંત તે હું છું, સર્વ વિદ્યાઓમાં અધ્યાત્મવિદ્યા હું છું અને વાદ કરનારાઓનો વાદ તે પણ હું છું. ૩૨

अक्षराणामकारोऽस्मिद्वन्द्वःसामासिकस्यच ।
अहमेवाक्षयः कालो धाताऽहं विश्वतोमुखः॥

સઘળા અક્ષરોમાં અ અક્ષર હું છું અને

સમાસમાં દ્વંદ્વ સમાસ તે હું છું, અક્ષય કાળ તે હું છું અને સઘળી બાજુએ જોનારો વિધાતા તે પણ હું છું. ॥ ૩૩ ॥

मृत्युः सर्वहरश्चाहमुद्भवश्च भविष्यताम् ।
कीर्तिःश्रीर्वाक्चनारीणांस्मृतिर्मेधाधृतिःक्षमा

સર્વનો નાશ કરનાર મૃત્યુ અને ભવિષ્યમાં ઉત્પન્ન થનારનું ઉત્પત્તિસ્થાન તે હું છું; સ્ત્રીઓમાં કીર્તિ, લક્ષ્મી, સરસ્વતી, સ્મૃતિ, બુદ્ધિ, ધૃતિ અને ક્ષમા પણ હું છું. ॥ ૩૪ ॥

बृहत्साम तथासाम्नांगायत्रीछन्दसामहम् ।
मासानां मार्गशीर्षोऽहमृतूनां कुसुमाकरः ॥

સામગાનમાં બૃહત્સામ હું છું, છંદોમાં ગાયત્રી હું છું, મહિનામાં માગશર મહિનો હું છું, અને ઋતુઓમાં ફુલવાળી વસંત-ઋતુ પણ હું છું. ॥ ૩૫ ॥

द्यूतं छलयतामस्मि तेजस्तेजस्विनामहम् ।
जयोऽस्मिव्यवसायोऽस्मिसत्त्वंसत्त्ववतामहम्

છળ કરનાઓનું દ્યૂત તે હું છું, અને તેજસ્વીઓનું તેજ હું છું, જય તથા ઉદ્યોગ તે પણ હું છું અને સત્ત્વવાળા માણસોનું સત્ત્વ પણ હું છું. ॥ ૩૬ ॥

वृष्णीनांवासुदेवोऽस्मिपाण्डवानांधनंजयः ।
मुनीनामप्यहं व्यासः कवीनामुशना कविः ॥

જાદવ વંશમાં વાસુદેવ હું છું, પાંડવમાં અર્જુન હું છું, મુનિઓમાં વ્યાસ હું છું અને કવિઓમાં શુક્રાચાર્ય તે પણ હું છું. ॥ ૩૭ ॥

दण्डोदमयतामस्मि नीतिरस्मिजिगीषताम् ।
मौनं चैवास्मि गुह्यानां ज्ञानं ज्ञानवतामहम् ॥

નિયમમાં રાખનારાઓના દંડ તે હું છું, જય પ્રાપ્તિની ઇચ્છાવાળાની રાજનીતિ તે હું

છું, ગુહ્ય રાખવાની વસ્તુઓમાં મૌન તે હું છું; અને જ્ઞાનીઓનું જ્ઞાન પણ હું છું. ૩૮

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
नतदस्तिविनायत्स्यान्मयाभूतंचराचरम् ॥

હે અર્જુન ! સર્વ જીવોનું જે જે કંઇ બીજ છે તે હુંજ છું, અને સ્થાવર તથા જંગમ એવી એક પણ વસ્તુ નથી કે જે મારામાં ન હોઈ શકે. ॥ ૩૯ ॥

नान्तोऽस्तिममदिव्यानांविभूतीनां परंतप ।
एषतूद्देशतः प्रोक्तो विभूतेर्विस्तरो मया ॥

હે શત્રુઓને તાપ કરનાર ! મારી દિવ્ય વિભૂતિઓનો પાર નથી, આ જે વિભૂતિઓ મેં તને કહી છે તે માત્ર સંક્ષેપમાં કહી છે ૪૦

यद्यद्विभूतिमत्सत्त्वं श्रीमदूर्जितमेव वा ।
तत्तदेवावगच्छ त्वं मम तेजोंऽशसंभवम् ॥

જે જે કંઇ વિભૂતિવાળું, તેજવાળું અથવા બળવાળું સત્ત્વ (પ્રાણી) છે, તે તે સઘળું મારા તેજના અંશમાંથી ઉત્પન્ન થયું છે. ૪૧

अथवा बहुनैतेन किं ज्ञातेन तवार्जुन ।
विष्टभ्याहमिदंकृत्स्नमेकांशेन स्थितोजगत् ॥

અથવા હે અર્જુન ! આ બધા જ્ઞાનની તારે શી જરૂર છે ? મારા એકજ અંશ વડે આખા જગતમાં વ્યાપ્ત થઇને હું રહેલો છું.૪૨

દશમો અધ્યાય સમાપ્ત.

अध्याय ११ मो.

अर्जुन उवाच।

मदनुग्रहाय परमं गुह्यमध्यात्मसंज्ञितम् ।
यत्त्वयोक्तं वचस्तेन मोहोऽयं विगतो मम ॥

અર્જુને કહ્યું:–હે ભગવન્! મારા ઉપર કૃપા કરીને મોટું ગુહ્યજ્ઞાન કે જેને અધ્યાત્મ જ્ઞાન કહે છે તે તમે મને કહ્યું; તેથી મારો મોહ નાશ પામ્યો છે. ॥ ૧ ॥

भवाप्ययौ हि भूतानांश्रुतौ विस्तरशो मया ।
त्वत्तःकमलपत्राक्षमाहात्म्यमपिचाव्ययम् ॥

હે કમળપત્રના સરખાં લોચનવાળા શ્રીકૃષ્ણ! જીવોની ઉત્પત્તિ અને નાશ તથા તમારૂં અવિનાશી માહાત્મ્ય એ સૌ તમે વિસ્તારથી કહ્યું તે મેં સાંભળ્યું. ॥ ૨ ॥

एवमेवयथात्थ त्वमात्मानं परमेश्वर ।

द्रष्टुमिच्छामि ते रूपमैश्वरं पुरुषोत्तम ॥३॥

હે પરમેશ્વર ! હે પુરૂષોતમ ! તમે પોતે જે મને કહ્યું તે તમારૂં ઇશ્વરી સ્વરૂપ જોવાની મારી ઇચ્છા થઇ છે. ॥ ૩ ॥

मन्यसे यदि तच्छक्यं मया द्रष्टुमिति प्रभो ।
योगेश्वर ततो मे त्वं दर्शयात्मानमव्ययम् ॥

હે પ્રભુ ! તમે ધારતા હો કે તે મારાથી જોઇ શકાશે તો હે યોગેશ્વર ! તે તમારૂં અવિનાશી સ્વરૂપ મને બતાવો. ॥ ૪ ॥

श्री भगवानुवाच ।

पश्य मे पार्थ रूपाणि शतशोऽथ सहस्रशः ।
नानाविधानिदिव्यानिनानावर्णाकृतीनिच ॥

શ્રી ભગવાને કહ્યું:–હે પાર્થ ! મારાં સેંકડો તથા હજારો વિવિધ પ્રકારનાં, દિવ્ય, વિવિધ વર્ણનાં તથા આકારનાં રૂપ તું જો. ॥ ૫ ॥

पश्यादित्यान्वसून्रुद्रानश्विनौ मरुतस्तथा ।



વિશ્વરૂપદર્શન

बहून्यदृष्टपूर्वाणि पश्याश्चर्याणि भारत ॥६

(બાર) આદિત્ય, (આઠ) વસુ, (એકાદશ) રૂદ્ર, બે અશ્વિનીકુમાર તથા (ઓગણ-પચાસ) વાયુ તું જો; તેમજ પૂર્વે નહિ જોયેલી એવી અદ્‌ભુત વસ્તુઓ પણ જો. ૬

इहैकस्थं जगत्कृत्स्नं पश्याद्य सचराचरम् ।
मम देहे गुडाकेश यच्चान्यद्द्रष्टुमिच्छसि ॥७

હે ગુડાકેશ ! આજે અહીં એકજ સ્થાને, મારા શરીરમાં સ્થાવર જંગમ સહિત આખું જગત અને બીજું જે જે જોવાની ઇચ્છા હોય તે તું જો. ૭

न तु मां शक्यसे द्रष्टुमनेनैव स्वचक्षुषा ।
दिव्यंददामि ते चक्षुः पश्य मे योगमैश्वरम्॥

પણ આ તારી આંખથી તું મને જોઇ શકીશ નહિ માટે હું તને દિવ્ય ચક્ષુ આપું છું તે વડે તું મારા યોગનું બળ જો. ૮

संजय उवाच ।

एवमुक्त्वा ततो राजन्महायोगेश्वरोहरिः ।
दर्शयामास पार्थाय परमं रूपमैश्वरम् ॥९॥

સંજય કહે છેઃ—હે રાજા! એ પ્રમાણે કહીને મોટા યોગીઓના ઈશ્વર એવા શ્રી હરિએ અર્જુનને પોતાનું પરમ ઇશ્વરી સ્વરૂપ દેખાડ્યું. ૯

अनेकवक्त्रनयनमनेकाद्भुतदर्शनम् ।
अनेकदिव्याभरणं दिव्यानेकोद्यतायुधम् ॥

તે રૂપ ઘણાં મુખવાળું, ઘણાં નેત્રવાળું, ઘણા આશ્ચર્યકારક દેખાવવાળું, ઘણા દિવ્ય અલંકારથી શણગારેલું, અને ઘણાં દિવ્ય શસ્ત્રવાળું હતું. ૧૦

दिव्यमाल्याम्बरधरं दिव्यगन्धानुलेपनम् ।
सर्वाश्चर्यमयं देवमनन्तं विश्वतोमुखम् ॥११

દિવ્યમાળા તથા વસ્ત્ર ધારણ કરેલું, દિવ્ય

સુગંધીના લેપવાળું, સર્વ આશ્ચર્યથી પૂર્ણ તેજોમય, અનંત (છેડા વગરનું) અને બધી તરફ મુખવાળું હતું. ૧૧

दिवि सूर्यसहस्रस्य भवेद्युगपदुत्थिता ।
यदि भाः सदृशी सा स्याद्भासस्तस्य महात्मनः ॥

આકાશમાં હજાર સૂર્યનું તેજ એકી વખત ઉભું થાય તો તે તેજ તે મહાત્માના તેજ સરખું થાય. ૧૨

तत्रैकस्थं जगत्कृत्स्नं प्रविभक्तमनेकधा ।
अपश्यद्देवदेवस्य शरीरे पाण्डवस्तदा ॥१३

ત્યાં એકજ સ્થાને દેવતાઓના પણ દેવ કૃષ્ણના શરીરમાં, અર્જુને જુદા જુદા ભાગમાં આખું જગત જોયું. ૧૩

ततः स विस्मयाविष्टो हृष्टरोमा धनंजयः ।
प्रणम्य शिरसा देवं कृताञ्जलिरभाषत ॥१४

તે વખતે આશ્ચર્ય પામેલા તથા હર્ષથી જે-

નાં રોમ ઉભાં થઇ ગયાં છે એવા અર્જુને પોતાનું મસ્તક નમાવીને તથા બે હાથ જોડીને ભગવાનને કહ્યું. ૧૪

अर्जुन उवाच ।

पश्यामि देवांस्तव देव देहे
सर्वांस्तथा भूतविशेषसंघान् ।
ब्रह्माणमीशं कमलासनस्थ-
मृषींश्च सर्वानुरगांश्च दिव्यान् १५

અર્જુન કહે છે:–હે દેવ! તમારા શરીરમાં દેવતાઓને, તથા જુદા જુદા જીવોનાં ટોળાંને, વળી કમળમાં જેનું આસન છે એવા અધિપતિ બ્રહ્માને, ઋષિઓને તથા દિવ્ય સર્પોને હું જોઉં છું. ૧૫

अनेकबाहूदरवक्त्रनेत्रं
पश्यामि त्वां सर्वतोऽनन्तरूपम् ।
नान्तं न मध्यं न पुनस्तवादिं

पश्यामि विश्वेश्वर विश्वरूपम् ॥१६॥

અનેક હાથ, અનેક પેટ, અનેક મુખ, અનેક નેત્રવાળું અને જેનો અંત દેખાતો નથી એવું તમારૂં રૂપ હું સર્વ જગાએ જોઉં છું. જેનો અંત, મધ્ય, અને આદિ ભાગ નથી, એવા હે વિશ્વના અધિપતિ! તમને હું વિશ્વરૂપ દેખું છું ૧૬

किरीटिनं गदिनं चक्रिणं च
तेजोराशिं सर्वतो दीप्तिमन्तम् ।
पश्यामि त्वां दुर्निरीक्ष्यं समन्ता
द्दीप्तानलार्कद्युतिमप्रमेयम् ॥ १७ ॥

મુગટવાળા, ગદાવાળા, સર્વ બાજુએ ચળકતા તેજના ઢગલા જેવા, અગ્નિ અને સૂર્યના સરખા તેજવાળા, જેના સામું જોઇ શકાતું નથી એવા અને જેનું માપ જણાતું નથી એવા હું તમને જોઉં છું. ૧૭

त्वमक्षरं परमं वेदितव्यं
त्वमस्य विश्वस्य परं निधानम् ।
त्वमव्ययः शाश्वतधर्मगोप्ता
सनातनस्त्वं पुरुषो मतो मे ॥१८॥

તમે નાશ વિનાના, સૌથી શ્રેષ્ઠ, જાણવાને યોગ્ય અને વિશ્વના મોટા ભંડાર રૂપ છો. તમો ફેરફાર રહિત, સદા ધર્મનું રક્ષણ કરનાર, સૌથી પહેલા એટલે અસલમાં અસલ પુરૂષ તમે છો એમ હું માનું છું. ૧૮

अनादिमध्यान्तमनन्तवीर्य-
मनन्तबाहुं शशिसूर्यनेत्रम् ।
पश्यामि त्वां दीप्तहुताशवक्त्रं
स्वतेजसा विश्वमिदं तपन्तम् ॥१९॥

જેને આદિ, મધ્ય ને અંત નથી એવા, અપાર બળવાળા, જેના બાહુ ગણી શકાતા નથી એવા, સૂર્ય અને ચંદ્ર જેની આંખો છે,

અને તેજથી પ્રકાશિત અગ્નિના જેવું જેનું મુખ છે એવા અને પોતાના તેજથી આખા વિશ્વને તાપ કરતા એવા તમને હું જોઉં છું. ૧૯

द्यावापृथिव्योरिदमन्तरं हि
व्याप्तं त्वयैकेन दिशश्च सर्वाः ।
दृष्ट्वाऽद्भुतं रूपमुग्रं तवेदं
लोकत्रयं प्रव्यथितं महात्मन् ॥२०॥

આકાશ તથા પૃથ્વીની વચ્ચેનો ભાગ અને સર્વ દિશાઓ તમે એકલાએજ વ્યાપ્ત કરી દીધી છે. હે મહાત્મા ! આવું તમારૂં અદ્ભુત અને ઉગ્ર સ્વરૂપ જોઈને ત્રણે લોક ભયભીત થઈ ગયા છે. ૨૦

अमी हि त्वा सुरसंघा विशन्ति
केचिद्भीताः प्राञ्जलयो गृणन्ति ।
स्वस्तीत्युक्त्वा महर्षिसिद्धसंघाः

स्तुवन्तित्वांस्तुतिभिः पुष्कलाभिः ॥

આ દેવોનાં ટોળાં તમારામાં પ્રવેશ કરે છે, કેટલાક ભયથી હાથ જોડે છે અને મહર્ષિઓ તથા સિદ્ધોનાં ટોળાં સ્વસ્તિ શબ્દોનો ઉચ્ચાર કરતાં અનેક સ્તુતિઓ વડે તમારા ગુણનું ગાન કરે છે. ૨૧

रुद्रादित्या वसवो ये च साध्या
विश्वेऽश्विनौ मरुतश्चोष्मपाश्च ।
गन्धर्वयक्षासुरसिद्धसंघा
वीक्षन्ते त्वां विस्मिताश्चैव सर्वे ॥२२

રૂદ્ર, આદિત્ય, વસુ, સાધ્ય, વિશ્વદેવો, અશ્વિનીકુમારો, મરૂત, ઉષ્મપ, ગંધર્વ, યક્ષ, સિદ્ધ અને અસુરોનાં ટોળાં તમને જોઈને ચકિત થાય છે. ૨૨

रूपं महत्ते बहुवक्त्रनेत्रम्
महाबाहो बहुबाहूरुपादम् ।

बहूदरं बहुदंष्ट्राकरालम्
दृष्ट्वा लोकाः प्रव्यथितास्तथाहम् २३

હે મહાબાહુ શ્રીકૃષ્ણ ! અનેક મુખ, અનેક ચક્ષુ, અનેક હાથ, જાંઘ તથા પગ, અનેક પેટ તથા અતિ ભયંકર ઘણાએક દાંતવાળું તમારૂં મહાન્ રૂપ જોઇને હું તથા સર્વ લોક ભયભીત થઇ ગયા છીએ. ૨૩

नभःस्पृशं दीप्तमनेकवर्णम्
व्यात्ताननं दीप्तविशालनेत्रम् ।
दृष्ट्वा हि त्वां प्रव्यथितान्तरात्मा
धृतिं न विन्दामि शमं च विष्णो २४

આકાશને અડકી રહેલું, અનેક વર્ણથી ચળકતું, પહોળાં કરેલાં અનેક મુખવાળું અને તેજથી ઝળકતી અનેક આંખોવાળું તમારૂં રૂપ જોઇને મારો અંતરાત્મા વ્યાકુળ થઇ ગયો છે, અને હે વિષ્ણુ ! મને ધીરજ

તથા શાંતિ રહેતી નથી. ૨૪

दंष्ट्राकरालानि च ते मुखानि
दृष्ट्वैव कालानलसंनिभानि ।
दिशो न जाने न लभे च शर्म
प्रसीद देवेश जगन्निवास ॥२५॥

ભયંકર દાઢોવાળાં અને પ્રલયાગ્નિ જેવાં તમારાં મુખ જોતાંજ હું કયી જગાએ છું તેનું પણ મને ભાન નથી તથા મને ચેન પડતું નથી, માટે હે દેવોના અધિપતિ ! હે જગતના આધાર પ્રભુ ! મારા ઉપર પ્રસન્ન થાઓ. ૨૫

अमी च त्वां धृतराष्ट्रस्य पुत्राः
सर्वे सहैवावनिपालसंघैः ।
भीष्मो द्रोणः सूतपुत्रस्तथासौ
सहास्मदीयैरपि योधमुख्यैः ॥२६॥
वक्त्राणि ते त्वरमाणा विशन्ति

दंष्ट्राकरालानि भयानकानि ।
केचिद्विलग्ना दशनान्तरेषु
संदृश्यन्ते चूर्णितैरुत्तमाङ्गैः ॥२७॥

આ ધૃતરાષ્ટ્રના પુત્રો અને તેમની સાથેના રાજાઓના સમૂહ, ભીષ્મ, દ્રોણ, કર્ણ અને વળી અમારા પણ મુખ્ય મુખ્ય યોદ્ધાઓ, ભયંકર દાઢવાળાં, અને બિહામણાં એવાં તમારાં મુખમાં ઝટપટ પેસી જાય છે, કેટલાક તો દાંતની વચ્ચે આવી ગયેલા છે અને તેઓના માથાના ચુરેચુરા થઇ ગયેલા હોય એમ જણાય છે. ૨૬-૨૭

यथा नदीनां बहवोऽम्बुवेगाः
समुद्रमेवाभिमुखा द्रवन्ति ।
तथा तवामी नरलोकवीरा
विशन्तिवक्त्राण्यभिविज्वलन्ति॥२८

જેમ ઘણી નદીઓના જળના વેગો સમુદ્રમાં

દોડતા જઈને પડે છે, તેમ આ મૃત્યુલોકના યોદ્ધાઓ ઘણીજ જ્વાળા નીકળતાં તમારાં મુખોમાં આવીને પેસી જાય છે. ॥ ૨૮ ॥

यथा प्रदीप्तं ज्वलनं पतङ्गा
विशन्ति नाशाय समृद्धवेगाः ।
तथैव नाशाय विशन्ति लोका-
स्तवापि वक्त्राणि समृद्धवेगाः २९

જેમ પતંગીયાં બહુ વેગવાળાં થઇને નાશ પામવાને માટે બળતા દીવામાં આવી પડે છે, તેજ પ્રમાણે નાશ પામવાને માટે આ લોકો ઉતાવળા તમારા મુખમાં આવીને પેસી જાય છે. ॥ ૨૯ ॥

लेलिह्यसे ग्रसमानः समन्ता-
ल्लोकान्समग्रान्वदनैर्ज्वलद्भिः ।
तेजोभिरापूर्य जगत्समग्रम्

भासस्तवोग्राः प्रतपन्ति विष्णो ३०

ચારે બાજુએથી પકડતા લોકોને તમે જ્વાળાવાળા મુખવડે ગળી જાવ છો. આખું જગત તમારા તેજથી પૂર્ણ થઈ ગયું છે; હે વિષ્ણુ ! તમારા ઉગ્ર તેજથી આખું જગત અત્યંત તાપ પામી રહ્યું છે. ॥ ૩૦ ॥

आख्याहि मे को भवानुग्ररूपो
नमोस्तु ते देववर प्रसीद ।
विज्ञातुमिच्छामि भवन्तमाद्यम्
नहि प्रजानामि तव प्रवृत्तिम् ॥३१॥

આવા ઉગ્ર સ્વરૂપવાળા તમે કોણ છો તે મને કહો ? હે દેવોમાં શ્રેષ્ઠ ! હું તમને નમું છું, તમે પ્રસન્ન થાઓ; સર્વમાં આદ્ય એવા જે તમે તેમનું વિશેષ જ્ઞાન મેળવવા હું ઈચ્છું છું કેમકે તમારી પ્રવૃત્તિને હું સમજી શકતો નથી. ॥ ૩૧ ॥

श्री भगवानुवाच ।

कालोऽस्मि लोकक्षयकृत्प्रवृद्धो
लोकान्समाहर्तुमिह प्रवृत्तः ।
ऋतेऽपि त्वां न भविष्यन्ति सर्वे
येऽवस्थिताः प्रत्यनीकेषु योधाः ३२

શ્રી ભગવાને કહ્યું–સર્વ લોકનો નાશ કરનાર વૃદ્ધિ પામતો જે કાળ તે હું છું અને લોકનો નાશ કરવાને માટેજ જગતમાં પ્રવૃત્ત થયો છું. બંને સેનામાં જે યોદ્ધા ગોઠવાઇને ઉભા છે તેમાં તારા સિવાય એક પણ આ સ્થાને રહેવાનો નથી. ॥ ૩૨ ॥

तस्मात्त्वमुत्तिष्ठ यशो लभस्व
जित्वा शत्रून्भुङ्क्ष्व राज्यं समृद्धम् ।
मयैवैते निहताः पूर्वमेव
निमित्तमात्रं भव सव्यसाचिन् ३३

તે માટે તું ઉઠ અને કીર્તિ પ્રાપ્ત કર, શત્રુ-

ઓને જીતીને સમૃદ્ધિવાળું રાજ્ય ભોગવ; એ સર્વને મેં આગળથીજ મારી મૂકેલા છે. હે ડાબે હાથે ધનુષ્ય મારનાર અર્જુન ! તેઓને મારવામાં તું નિમિત્ત માત્ર થા. ॥ ૩૩

द्रोणं च भीष्मं च जयद्रथं च
कर्णं तथान्यानपि योधवीरान् ।
मया हतांस्त्वं जहि मा व्यथिष्ठा
युध्यस्व जेतासि रणे सपत्नान् ॥३४

દ્રોણ, ભીષ્મ, જયદ્રથ, કર્ણ અને બીજા શૂરા યોદ્ધાઓને મેં આગળથી મારેલાજ છે માટે તું શોક તજી યુદ્ધ કર અને રણસંગ્રામમાં તું શત્રુઓને જીતીશ. ॥ ૩૪ ॥

संजय उवाच ।

एतच्छ्रुत्वा वचनं केशवस्य
कृताञ्जलिर्वेपमानः किरीटी ।
नमस्कृत्वा भूय एवाह कृष्णम्

सगद्गदं भीतभीतः प्रणम्य ॥ ३५ ॥

સંજય કહે છેઃ—કેશવનાં એવાં વચન સાંભળીને, મુગટધારી અર્જુન બે હાથ જોડી ધ્રુજતો ધ્રુજતો અને બ્હીતો બ્હીતો શ્રી કૃષ્ણને નમીને ગદ્ગદ્ કંઠે ફરીથી કહેવા લાગ્યો.

अर्जुन उवाच ।

स्थाने हृषीकेश तव प्रकीर्त्या
जगत्प्रहृष्यत्यनुरज्यते च ।
रक्षांसि भीतानि दिशो द्रवन्ति
सर्वे नमस्यन्ति च सिद्धसंघाः ॥३६॥

અર્જુને કહ્યું: હે હૃષીકેશ ! તમારા કીર્તનથી આખું જગત આકર્ષાય છે તથા હર્ષ પામે છે તે યોગ્ય છે. રાક્ષસો ભય પામીને દશે દિશાઓમાં નાસી જાય છે અને સિદ્ધજનોના સમૂહ આપને નમસ્કાર કરે છે. ૩૬

कस्माच्च ते न नमेरन्महात्म-

नारीयसे ब्रह्मणोऽप्यादिकर्त्रे ।
अनन्त देवेश जगन्निवास
त्वमक्षरं सदसत्तत्परं यत् ॥३७॥

હે મહાત્મા ! તેઓ તમને શા માટે નમે નહિ ? શ્રી બ્રહ્માના કરતાં પણ તમે મહાન્ છો, સર્વનું મૂળ કારણ છો, હે અંતરહિત દેવના દેવ ! હે જગતને વસવાના સ્થાન રૂપ પ્રભુ ! આપ અવિનાશી છો, સત્ છો, અસત્ છો, અને તેથી પણ પર એટલે શ્રેષ્ઠ છો. ૩૭

त्वमादिदेवः पुरुषः पुराण-
स्त्वमस्य विश्वस्य परं निधानम् ।
वेत्तासि वेद्यं च परं च धाम
त्वया ततं विश्वमनन्तरूप ॥ ३८ ॥

સહુથી પહેલા દેવ તમે છો, જુનામાં જુના પુરૂષ તમે છો, આખા વિશ્વના મોટા ભંડાર રૂપ છો, જાણનાર તમે છો જાણવાનું યે તમે

છો અને હે અનંત રૂપવાળા ભગવાન ! આ-
ખા જગતમાં તમે વ્યાપી રહેલા છો. ૩૮

वायुर्यमोऽग्निर्वरुणः शशाङ्कः
प्रजापतिस्त्वं प्रपितामहश्च ।
नमो नमस्तेऽस्तु सहस्रकृत्वः
पुनश्च भूयोऽपि नमो नमस्ते ॥ ३९ ॥

વાયુ, યમ, અગ્નિ, વરૂણ, ચંદ્ર, બ્રહ્મા, અને સર્વના પ્રપિતામહ (મોટા દાદા) તમે છો; આપને મારા નમસ્કાર છે, હજાર વાર નમસ્કાર છે અને વારવાર તમને મારા નમસ્કાર છે. ॥ ૩૯ ॥

नमः पुरस्तादथ पृष्ठतस्ते
नमोऽस्तु ते सर्वत एव सर्व ।
अनन्तवीर्यामितविक्रमस्त्वम्
सर्वं समाप्नोषि ततोऽसि सर्वः॥४०॥

આગળથી તમને નમસ્કાર છે, પાછળથી ત-

મને નમસ્કાર છે, તમે અપાર બળવાળા છો, અપાર પરાક્રમવાળા છો, સર્વમાં તમે વ્યાપ્ત છો માટે તમે સર્વ રૂપ છો. ૪૦

सखेति मत्वा प्रसभं यदुक्तम्
हे कृष्ण हे यादव हे सखेति ।
अजानता महिमानं तवेदम्
मया प्रसादात्प्रणयेन वापि ॥ ४२ ॥

મારા મિત્ર છો એમ માનીને, તમારો મહિમા જાણ્યા વિના અને તમારા ઉપર પ્રેમને લીધે અથવા મોહને લીધે ઘેલાઈથી હે કૃષ્ણ ! હે યાદવ ! હે મિત્ર ! એમ જે મારાથી બોલાયું હોય, ૪૧

यच्चावहासार्थमसत्कृतोऽसि
विहारशय्यासनभोजनेषु ।
एकोऽथ वाप्यच्युत तत्समक्षम्
तत्क्षामये त्वामहमप्रमेयम् ॥ ४२ ॥

અને હે અચ્યુત ! રમતાં સુતાં, બેસતાં, જમતાં, એકલા હોઇએ ત્યારે અથવા કોઈની સમક્ષ પરિહાસમાં મારાથી કંઈ તમારૂં અપમાન થયું હોય તો હે અપ્રેમય ! (જેનું માપ ન કરી શકાય એવા) તે મારા અપરાધ ક્ષમા કરો. ૪૨

पितासि लोकस्य चराचरस्य
त्वमस्य पूज्यश्च गुरुर्गरीयान् ।
न त्वत्समोऽस्त्यभ्यधिकः कुतोऽन्यो
लोकत्रयेऽप्यप्रतिमप्रभावः ॥ ४३ ॥

સર્વ જગતના સ્થાવર જંગમના તમે પિતા છો, ગુરૂના કરતાં પણ વધારે પૂજ્ય છો, તમારા સમાન કોઈ નથી, તો પછી અધિક તો હોયજ કોણ ? ત્રણ લોકમાં સરખાવી ન શકાય એવો તમારો પ્રભાવ છે. ૪૩

तस्मात्प्रणम्य प्रणिधाय कायम्

प्रसादये त्वामहमीशमीड्यम् ।
पितेव पुत्रस्य सखेव सख्युः
प्रियः प्रियायार्हसि देव सोढुम् ॥४४॥

તેથી મારા શરીરને નીચે પાડીને-પ્રણામ કરીને આપ પૂજ્ય ઈશ્વરની હું સ્તુતિ કરૂં છું; તમે મારા ઉપર પ્રસન્ન થાઓ; પિતા જેમ પુત્રના, મિત્ર મિત્રના અને પ્રિય જેમ પ્રિયાના અપરાધ ક્ષમા કરે તેમ તમે મારા અપરાધ કૃપા કરીને ક્ષમા કરો. ૪૪

अदृष्टपूर्वं हृषितोऽस्मि दृष्ट्वा
भयेन च प्रव्यथितं मनो मे ।
तदेव मे दर्शय देव रूपम्
प्रसीद देवेश जगन्निवास ॥ ४५ ॥

પૂર્વે નહિ જોએલું એવું આ રૂપ જોઇને હું ઘણોજ ખુશી થયો છું, પણ ભયથી મારૂં મન ગભરાઈ ગયું છે; માટે હે દેવ ! હે જગતના

નિવાસરૂપ ભગવાન ! હે દેવોના પણ ઇશ્વર ! મારા ઉપર પ્રસન્ન થઇને મને આપનું પૂર્વનું રૂપ પાછું બતાવો. ૪૫

किरीटिनं गदिनं चक्रहस्त-
मिच्छामि त्वां द्रष्टुमहं तथैव ।
तनैव रूपेण चतुर्भुजेन
सहस्रबाहो भव विश्वमूर्ते ॥ ४६ ॥

માથે મુગટવાળા, હાથમાં ચક્ર તથા ગદા ધારણ કરેલા એવા આપને જોવાને હું ઇચ્છું છું. હે હજાર હાથવાળા ! હે વિશ્વમૂર્તીરૂપ ભગવાન ! આપનું પૂર્વનું ચતુર્ભુજ સ્વરૂપ ફરીથી ધારણ કરો. ૪૬

श्रीभगवानुवाच ।

मया प्रसन्नेन तवार्जुनेदम्
रूपं परं दर्शितमात्मयोगात् ।
तेजोमयं विश्वमनन्तमाद्यम्

यन्मे त्वदन्येन न दृष्टपूर्वम् ॥૪૭॥

શ્રી ભગવાને કહ્યું–હે અર્જુન ! તારા ઉપર પ્રસન્ન થઇને મેં મારા યોગના બળથી તને મારૂં જે પરમ સ્વરૂપ બતાવ્યું છે, તે તેજોમય, વિશ્વમાં વ્યાપ્ત તથા અનાદિ અનંત સ્વરૂપ તારા વિના બીજા કોઇએ પહેલાં જોયું નથી. ૪૭

न वेदयज्ञाध्ययनैर्न दानै-
 र्न च क्रियाभिर्न तपोभिरुग्रैः ।
एवंरूपः शक्य अहं नृलोके
 द्रष्टुं त्वदन्येन कुरुप्रवीर ॥ ૪૮ ॥

હે કુરૂકુળમાં શ્રેષ્ઠ અર્જુન ! એ સ્વરૂપને આ મનુષ્ય લોકમાં તારા વિના બીજો કોઇ પણ, વેદથી, યજ્ઞથી, દાનથી, ક્રિયાથી કે મોટા તપથી પણ જાણુવાને શક્તિમાન નથી.

दृष्ट्वा रूपं घोरमीदृङ्ममेदम् ।
व्यपेतभीः प्रीतमनाः पुनस्त्वम्
तदेव मे रूपमिदं प्रपश्य ॥ ४९ ॥

મારૂં આ ભયંકર રૂપ જોઈને તું ગભરાઈશ નહિ તથા મૂઢ બનીશ નહિ; ભય તજી દઈ-ને, મન પ્રસન્ન રાખીને મારૂં પૂર્વનું રૂપ તું ફરીથી જો. ૪૯

संजय उवाच ।

इत्यर्जुनं वासुदेवस्तथोक्त्वा
स्वकं रूपं दर्शयामास भूयः ।
आश्वासयामास च भीतमेनम्
भूत्वा पुनः सौम्यवपुर्महात्मा ॥५०॥

સંજય કહે છેઃ–એ પ્રમાણે અર્જુનને કહીને શ્રીકૃષ્ણે તેને પોતાનું પ્રથમનું રૂપ ફરીથી બતાવ્યાં અને પોતાનું શાંતરૂપ કરીથી પ્રાપ્ત

કરીને મહાત્મા શ્રીકૃષ્ણ ભગવાને ભયભીત થયેલા અરજુનને આશ્વાસન આપ્યું. ૫૦

अर्जुन उवाच ।

दृष्ट्वेदं मानुषं रूपं तव सौम्यं जनार्दन ।
इदानीमस्मि संवृत्तः सचेताः प्रकृतिं गतः ॥

અર્જુને કહ્યું-હે જનાર્દન! તમારૂં શાન્ત મનુષ્ય સ્વરૂપ જોઇને મારૂં ચિત હવે શાંત થયું છે અને હું સ્થિર થયો છું. ॥ ૫૧ ॥

श्रीभगवानुवाच ।

सुदुर्दर्शमिदं रूपं दृष्टवानसि यन्मम ।
देवा अप्यस्य रूपस्य नित्यं दर्शनकांक्षिणः॥

શ્રી ભગવાને કહ્યું-તેં જે મારૂં રૂપ જોયું તે જોવું ઘણુંજ દુર્લભ છે; દેવો પણ એ રૂપ જોવાને સદા આતુર રહે છે. ॥ ૫૨ ॥

नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया ।
शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा॥

તેં મને જેવો જોયો તેવો જોવાને વેદથી, તપથી, દાનથી કે યજ્ઞથી પણ બનવું અશક્ય છે. ॥ ૫૩ ॥

भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन ।
ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परंतप ॥५४

હે શત્રુઓને તાપ કરનાર અર્જુન ! માત્ર મારી અનન્ય ભક્તિથીજ એ પ્રકારે મને જાણી શકય છે, જોઈ શકાય છે તથા મારામાં પ્રવેશ કરી શકાય છે. ॥ ૫૪ ॥

मत्कर्मकृन्मत्परमो मद्भक्तः सङ्गवर्जितः ।
निर्वैरः सर्वभूतेषु यः स मामेति पाण्डव ॥

હે પાંડવ ! જે સર્વ કર્મ મારેજ માટે કરે છે, જેને પરમહિત તે હુંજ છું, જે મારો ભક્ત છે, જે સંગ રહિત છે અને જેને કોઈના ઉપર વેર નથી, તે મનુષ્ય મને પામે છે. ॥ ૫૫

અગીઆરમો અધ્યાય સમાપ્ત.

अध्याय १२ मो.

अर्जुन उवाच ।

एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते ।
ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमाः॥

અર્જુને કહ્યું–એ પ્રમાણે પોતાનું મન સદાકાળ સ્થિર રાખનારા જે ભક્તો તમારી ઉપાસના કરે છે તે તથા જે અક્ષર (નાશ રહિત) અને અવ્યક્ત (બહાર ના દેખાય એવા) બ્રહ્મનું ધ્યાન ધરે છે એ બેમાંથી શ્રેષ્ઠ યોગવાળો કોને કહેવો ? ॥ ૧ ॥

श्रीभगवानुवाच ।

मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते।
श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मताः ॥२

શ્રી ભગવાને કહ્યું:–જે મારામાં મન રાખી-ને અને સદા સમાન ચિત્તવાળા રહીને પરમ

શ્રદ્ધાથી મારી ઉપાસના કરે છે તે મારા માનવામાં સૌથી શ્રેષ્ઠ યોગી છે. ॥ ૨ ॥

ये त्वक्षरमनिर्देश्यमव्यक्तं पर्युपासते ।
सर्वत्रगमचिन्त्यं च कूटस्थमचलं ध्रुवम् ॥३॥

(ક્ષયરહિત,) અનિર્દેશ્ય (ન દેખાડી શકાય એવા,) અવ્યક્ત, સર્વ સ્થાનમાં વ્યાપ્ત, વિચારમાં નહિ આવે એવા, તટસ્થ રહેલા, અચળ અને સદાકાળ રહેનારા બ્રહ્મની જે ઉપાસના કરે છે, ॥ ૩ ॥

सन्नियम्येन्द्रियग्रामं सर्वत्र समबुद्धयः ।
ते प्राप्नुवन्ति मामेव सर्वभूतहिते रताः ॥४

તે સર્વ ઇંદ્રિયોને વશમાં રાખનારા, સર્વમાં સમાન દૃષ્ટિવાળા તથા સર્વ જીવોના હિતમાં રાજી રહેતા મનેજ પામે છે. ॥ ૪ ॥

क्लेशोऽधिकतरस्तेषामव्यक्तासक्तचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥

અવ્યક્ત (રૂપ નામ વગરના) બ્રહ્મમાં જેનું ચિત્ત લાગેલું છે તેઓને ઘણીજ મહેનત પડે છે કારણ કે દેહ ધારણ કરનારા જીવોને અવ્યક્ત બ્રહ્મમાં મતિ કરવી ઘણીજ કઠણ પડે છે. ॥ ૫ ॥

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते॥६॥
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि न चिरात्पार्थ मय्यावेशितचेतसाम्॥

પણ જેઓ સર્વ કર્મ મને અર્પણ કરીને અને મારામાંજ મન રાખીને બીજો કોઇ પણ યોગ નહિ સાધતાં મારૂંજ ધ્યાન ધરે છે તથા મનેજ ભજે છે; એવા મારામાંજ મન રાખનારાનો સંસારરૂપી સમુદ્રમાંથી અલ્પ કાળમાંજ હું ઉદ્ધાર કરૂં છું. ॥ ૬

मय्येव मन आधत्स्व मयि बुद्धिं निवेशय ।

निवसिष्यसि मय्येव अत ऊर्ध्वं न संशयः॥

માટે મારામાંજ મન લગાડ, મારામાંજ તારી બુદ્ધિને દાખલ કર એટલે હવે પછી ઉંચી ગતિને પામીને તું મારામાંજ વાસ કરીને રહીશ એમાં સંશય નથી. ॥ ૮ ॥

अथ चित्तं समाधातुं न शक्नोषि मयिस्थरम्।
अभ्यासयोगेन ततो मामिच्छाप्तुं धनंजय ॥

જો કદાચ મારામાં મન સ્થિર કરવાને તું સમર્થ ન થઈ શકે તો હે ધનંજય! વારંવાર અભ્યાસવડે કરીને મને પ્રાપ્ત કરવાને તું યત્ન કર. ॥ ૯ ॥

अभ्यासेऽप्यसमर्थोऽसि मत्कर्मपरमो भव ।
मदर्थमपि कर्माणि कुर्वन्सिद्धिमवाप्स्यसि ॥

જો અભ્યાસ કરવામાં પણ અશક્ત હોય તો સઘળાં કર્મ તું મારે નામેજ કરતો રહે અને મારે નામે કર્મ કરવા માત્રથી પણ તું

સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશ. ॥ ૧૦ ॥

अथैतदप्यशक्तोऽसि कर्तुं मद्योगमाश्रितः ।
सर्वकर्मफलत्यागं ततः कुरु यतात्मवान् ॥

વળી તેમ કરવાને પણ અશક્ત હોય તો મારે આશ્રયે રહીને અને સર્વ કર્મ ફળનો ત્યાગ કરીને ચિત્તને વશ રાખી કર્મ કર. ૧૧

श्रेयोहिज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानं विशिष्यते
ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छान्तिरनन्तरम्

ખરેખર અભ્યાસના કરતાં જ્ઞાન વધારે કલ્યાણદાયક છે, જ્ઞાનથી ધ્યાન વિશેષ છે, અને ધ્યાનથી કર્મના ફળનો ત્યાગ શ્રેષ્ઠ છે કારણ કે કર્મ ફળના ત્યાગથી સદાકાળની શાંતિ પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥

अद्वेष्टा सर्वभूतानां मैत्रः करुण एव च ।
निर्ममो निरहंकारः समदुःखसुखः क्षमी ॥

જેને કોઈ પણ પ્રાણી ઉપર દ્વેષ નથી, સ-

ર્વના ઉપર પ્રીતિ અને દયા છે, જેને મમતા તથા અહંકાર નથી, સુખ દુઃખ જેને સમાન છે અને જે બધું સહન કરે છે, ॥ ૧૩ ॥

संतुष्टः सततं योगी यतात्मा दृढनिश्चयः ।
मय्यर्पितमनोबुद्धिर्यो मे भक्तः स मे प्रियः ॥

જે સંતોષવાળો છે, જેનું ચિત્ત સદા સ્થિર છે, પોતાનું મન જેણે વશ કરેલું છે, જેનો નિશ્ચય દૃઢ છે અને મન તથા બુદ્ધિ જેણે મનેજ અર્પણ કરેલાં છે તે જ મારો ભક્ત છે. તે મને ઘણો પ્રિય છે. ॥ ૧૪ ॥

यस्मान्नोद्विजते लोको लोकान्नोद्विजते च यः ।
हर्षामर्षभयोद्वेगैर्मुक्तो यः स च मे प्रियः ॥

જેનાથી લોકોને કંઈ દુઃખ થતુ નથી અને લોકથી પણ જેને કંઇ દુઃખ થતું નથી, અને હર્ષ, ઇર્ષ્યા, ભય તથા ઉદ્વેગથી જે મુક્ત છે તે મને ઘણો પ્રિય છે. ॥ ૧૫ ॥

अनपेक्षः शुचिर्दक्ष उदासीनो गतव्यथः ।
सर्वारम्भपरित्यागी यो मद्भक्तः स मे प्रियः॥

જેને કોઇ વસ્તુની ઇચ્છા નથી, જે પવિત્ર, ચતુર અને દરકાર વગરનો છે, જેના મનની સર્વ પીડાઓ ટળી ગઇ છે તથા જેણે સર્વ કામના આરંભ છોડી દીધા છે એવો મારો ભક્ત મને ઘણોજ પ્રિય છે. ॥ ૧૬ ॥

यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।
शुभाशुभपरित्यागी भक्तिमान्यः स मे प्रियः॥

જે હર્ષ પામતો નથી, દ્વેષ રાખતો નથી, શોક કરતો નથી તથા કાંઇ ઇચ્છા કરતો નથી, શુભ તથા અશુભ સર્વનો ત્યાગ કરે છે એવો મારો ભક્ત મને ઘણોજ પ્રિય છે. ॥ ૧૭ ॥

समः शत्रौ च मित्रे च तथा मानापमानयोः
शीतोष्णसुखदुःखेषु समः सङ्गविवर्जितः ॥

જેને મિત્ર તથ શત્રુ, માન તથા અપમાન,

ટાઢું અને ઉનું, સુખ અને દુઃખ સૌ સમાન છે અને જે સંગ રહિત છે, ॥ ૧૮ ॥

तुल्यनिन्दास्तुतिर्मौनी संतुष्टो येन केनचित् ।
अनिकेतः स्थिरमतिर्भक्तिमान्मे प्रियो नरः॥

નિંદા તથા સ્તુતિ જેને સમાન છે, જે મૌન ધારણ કરી રહ્યો છે, કાંઇ આવી મળે તેનાથી જેને સંતોષ છે, જે ઘર વિનાનો છે, જેનું મન સ્થિર છે, એવો મારો ભક્ત મને બહુ વહાલો છે. ॥ ૧૯ ॥

ये तु धर्म्यामृतमिदं यथोक्तं पर्युपासते ।
श्रद्दधाना मत्परमा भक्तास्तेऽतीव मे प्रियाः॥

મેં તને જે આ ધર્મ કહ્યો તે ધર્મરૂપી અમૃતનું જે સેવન કરે છે, તથા શ્રદ્ધા રાખી મારીજ પ્રાપ્ત કરવી એજ જેનો હેતુ છે તે મારા ભક્તો મને ઘણાજ વ્હાલા છે. ॥ ૨૦

બારમો અધ્યાય સમાપ્ત.

अध्याय १३ मो.

अर्जुन उवाच ।

प्रकृतिं पुरुषं चैव क्षेत्रं क्षेत्रज्ञमेव च ।
एतद्वेदितुमिच्छामि ज्ञानं ज्ञेयं च केशव ॥

અર્જુને કહ્યું:—હે કેશવ ! પ્રકૃતિ, પુરૂષ, ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ તે શું ? અને જ્ઞાન તથા જ્ઞેય શું તે જાણવાની મારી ઈચ્છા થઈ છે.

श्रीभगवानुवाच ।

इदं शरीरं कौन्तेय क्षेत्रमित्यभिधीयते ।
एतद्यो वेत्ति तं प्राहुः क्षेत्रज्ञ इति तद्विदः ॥

શ્રી ભગવાન બોલ્યા:- હે કૌંતેય ! આ શરીરને ક્ષેત્ર કહે છે અને તેને જે જાણે છે તે ક્ષેત્રજ્ઞ છે એમ વિદ્વાનો કહે છે. ॥ ૧ ॥

क्षेत्रज्ञं चापि मां विद्धि सर्वक्षेत्रेषु भारत ।
क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानं यत्तज्ज्ञानं मतं मम ॥२॥

હે ભારત ! સઘળાં ક્ષેત્રમાં મને તું ક્ષેત્રજ્ઞ જાણ; ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞની સમજણ તેને જ્ઞાન કહે છે એમ મારો મત છે. ॥ ૨ ॥

तत्क्षेत्रं यच्च यादृक् च यद्विकारि यतश्च यत्।
स च यो यत्प्रभावश्च तत्समासेन मे शृणु ॥

તે ક્ષેત્ર શું છે, કેવું છે, તેમાં શા શા વિકાર થાય છે તથા તે કયાંથી આવ્યું છે; અને ક્ષેત્રજ્ઞ શું છે, તથા તેની શી શક્તિ છે તે સઘળું હું ટુંકામાં તને કહું છું તે સાંભળ ॥ ૩ ॥

ऋषिभिर्बहुधा गीतं छन्दोभिर्विविधैः पृथक्।
ब्रह्मसूत्रपदैश्चैव हेतुमद्भिर्विनिश्चितैः ॥४॥

બહુ રીતે, વિવિધ છંદોમાં, બ્રહ્મસૂત્રના શબ્દોમાં, વિચારથી નક્કી કરીને ઋષિઓ તેને ગાઇ ગયેલા છે. ॥ ૪ ॥

महाभूतान्यहंकारो बुद्धिरव्यक्तमेव च ।
इन्द्रियाणि दशैकं च पञ्च चेन्द्रियगोचराः ॥

પાંચ મોટાં તત્વો, (પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ) અહંકાર, બુદ્ધિ, માયા અથવા જેનું રૂપ પ્રગટ દેખાતું નથી, તે દશ ઇંદ્રિયો; એક મન અને પાંચ ઇંદ્રિયોના વિષય, ॥ ૫ ॥

इच्छा द्वेषः सुखं दुःखं संघातश्चेतनाधृतिः ।
एतत्क्षेत्रं समासेन सविकारमुदाहृतम् ॥६॥

ઇચ્છા, દ્વેષ, સુખ, દુ:ખ, શરીર, ચેતન અને ધીરજ આ બધા ક્ષેત્રના વિવિધ વિકાર તને કહ્યા. ॥ ૬ ॥

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ॥

નમ્રતા, પ્રમાણિકતા, અહિંસા, ક્ષમા, સરળતા, ગુરૂની સેવા, પવિત્રતા, દ્રઢતા અને આત્માના ઉપર અંકુશ રાખવો તે, ॥ ૭ ॥

इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।

जन्ममृत्युजराव्याधिदुःखदोषानु दर्शनम् ॥

ઇંદ્રિયોના વિષયોમાં વૈરાગ્ય, અહંકારનો ત્યાગ, જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા, વ્યાધિ, દુઃખ અને દોષ સમજવા તે, ॥ ૮ ॥

असक्तिरनभिष्वङ्गः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ॥

મમતાનો નાશ, પુત્ર, સ્ત્રી તથા ઘરમાં આસક્તિનો ત્યાગ અને ઇષ્ટ અથવા અનિષ્ટવસ્તુ બનાવામાં સદા સમાન ચિત્ત રાખવું તે, ॥૯॥

मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ॥१०॥

મારા ઉપર કોઇ વસ્તુમાં ના થાય એવી એકજ અનન્ય ભક્તિ, એકાંત સ્થાનનું સેવન કરવું અને જનમંડળમાં અપ્રીતિ, ॥ ૧૦ ॥

अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम् ।
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ॥

સદા અધ્યાત્મજ્ઞાનમાં રમવું, અને તત્ત્વજ્ઞાનનો અર્થ સમજવો એને જ્ઞાન કહેલું છે. એથી ઉલટું તે અજ્ઞાન જાણવું. ॥ ૧૧ ॥

ज्ञेयं यत्तत्प्रवक्ष्यामि यज्ज्ञात्वाऽमृतमश्नुते ।
अनादिमत्परं ब्रह्म न सत्तन्नासदुच्यते ॥

હવે જે જ્ઞેય છે તે હું તને કહું છું, તે જાણવાથી અમરપણું મળે છે. તે અનાદિ, પર એવું બ્રહ્મ છે, તે છે એમ પણ કહેવાતું નથી તેમ નથી એમ પણ કહેવાતું નથી. ॥ ૧૨ ॥

सर्वतः पाणिपादं तत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतः श्रुतिमल्लोके सर्वमावृत्य तिष्ठति॥१३

તેને સર્વ બાજુએ હાથ પગ છે, સર્વ જગાએ આંખ, માથાં અને મુખ છે, લોકમાં સઘળી જગાએ તે કાનથી સાંભળે છે અને સર્વને ઢાંકીને તે રહેલો છે. ॥ ૧૩ ॥

सर्वेन्द्रियगुणाभासं सर्वेन्द्रियविवर्जितम् ।

असक्तं सर्वभृच्चैव निर्गुणं गुणभोक्तृ च ॥

સર્વ ઇંદ્રિયોના ગુણ તેમાં દેખાય છે પણ તે સર્વ ઇંદ્રિયોથી રહિત છે, કોઈપણ સાથે સંબંધ રહિત છતાં સર્વનો તે આધાર છે અને પોતે ગુણ વિનાનો છે છતાં તે ગુણનો ભોક્તા છે. ॥ ૧૪ ॥

बहिरन्तश्च भूतानामचरं चरमेव च ।
सूक्ष्मत्वात्तदविज्ञेयं दूरस्थं चान्तिके च तत् ॥

સર્વ ભૂતોમાં, અંદર અને બહાર, સ્થાવર તથા જંગમમાં બધે તે વ્યાપ્ત છે, અતિશય સુક્ષ્મ, હોવાથી તે જાણવામાં આવતો નથી, પાસે તેમજ દૂર પણ તે જ છે. ॥ ૧૫ ॥

अविभक्तं च भूतेषु विभक्तमिव च स्थितम् ।
भूतभर्तृ च तज्ज्ञेयं ग्रसिष्णु प्रभविष्णु च ॥

સર્વ ભૂતોમાં તે વ્હેંચાયલો નથી છતાં વ્હેંચાયલા જેવો જણાય છે, તે જીવોનો

આધાર છે, તથા તે જ પેદા કરનાર અને નાશ કરનાર છે એમ જાણવું. ॥ ૧૬ ॥

ज्योतिषामपि तज्ज्योतिस्तमसः परमुच्यते ।
ज्ञानं ज्ञेयं ज्ञानगम्यं हृदि सर्वस्याधिष्ठितम् १७

તે તેજનું પણ તેજ અને અંધકારથી વેગળો છે એમ કહેવાય છે જ્ઞાન, જ્ઞેય (જાણુવાની વસ્તુ) અને જ્ઞાનથી જાણી શકાય તેવો, તથા સર્વના હૃદયમાં રહેલો છે. ॥ ૧૭ ॥

इति क्षेत्रं तथा ज्ञानं ज्ञेयं चोक्तं समासतः ।
मद्भक्त एतद्विज्ञाय मद्भावायोपपद्यते ॥१८॥

એ પ્રમાણે ક્ષેત્ર તથા જ્ઞાન, અને જ્ઞેય મેં તને ટુંકામાં કહ્યાં. એ સઘળું જાણીને મારો ભક્ત મારા સ્વરૂપને પામે છે. ॥ ૧૮ ॥

प्रकृतिं पुरुषं चैव विद्ध्यनादी उभावपि ।
विकारांश्च गुणाश्चैव विद्धि प्रकृतिसंभवान् ॥

પ્રકૃતિ અને પુરૂષ એ બંનેનો કોઇ વખત

આરંભ નથી એમ તું જાણ અને વિકાર તથા ગુણ પણ પ્રકૃતિથી થયેલા છે એમ સમજ. ॥ ૧૯ ॥

कार्यकारणकर्तृत्वे हेतुः प्रकृतिरुच्यते ।
पुरुषः सुखदुःखानां भोक्तृत्वे हेतुरुच्यते ॥

કાર્ય તથા કારણને ઉત્પન્ન કરનાર જે મૂળ તે પ્રકૃતિ છે એમ કહેવાય છે, અને સુખ તથા દુઃખના ભોગનો હેતુ પુરૂષ કહેવાય છે.

पुरुषः प्रकृतिस्थो हि भुंक्ते प्रकृतिजान्गुणान् ।
कारणं गुणसंगोऽस्य सदसद्योनिजन्मसु ॥

પ્રકૃતિમાં રહીને પુરૂષ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ગુણોને ભોગવે છે, અને પ્રકૃતિના ગુણોમાં આસક્તિ રાખવી એજ સારા નરસા જન્મનું કારણ છે. ॥ ૨૧ ॥

उपद्रष्टानुमन्ता च भर्ता भोक्ता महेश्वरः ।
परमात्मेति चाप्युक्तो देहेऽस्मिन्पुरुष परः॥

જોનાર, કરવા દેનાર, પાળનાર, તથા ભોગવનાર જે પરમેશ્વર છે તેને પરમાત્મા કહે છે અને શરીરમાં તે ઉંચામાં ઉંચો પુરૂષ છે. ૨૨

य एवं वेत्ति पुरुषं प्रकृतिं च गुणैः सह ।
सर्वथा वर्तमानोऽपि न स भूयोऽभिजायते ॥

એ પ્રમાણે પ્રકૃતિ, પુરૂષ તથા પ્રકૃતિના ગુણોને જે જાણે છે તે હાલ ગમે તે સ્થિતિમાં હોય તોપણ ફરી જન્મ ધારણ કરતો નથી. ૨૩

ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानमात्मना ।
अन्ये सांख्येन योगेन कर्मयोगेन चापरे ॥

કેટલાક ધ્યાનથી પોતાનામાંજ આત્મા વડે આત્માને જુએ છે, તથા કેટલાક સાંખ્યયોગથી અને કેટલાક કર્મયોગથી જુએ છે. ૨૪

अन्ये त्वेवमजानन्तः श्रुत्वान्येभ्य उपासते ।
तेऽपि चातितरन्त्येव मृत्युं श्रुतिपरायणाः ॥

બીજા જેઓ આ પ્રમાણે જાણતા નથી તે-

ઓ બીજાઓની પાસેથી સાંભળીને તેની ઉ-
પાસના કરે છે, અને જેઓ સાંભળવામાં શ્ર-
દ્ધાવાળા છે તે પણ મૃત્યુ તરી જાય છે. ૨૫

यावत्संजायते किंचित्सत्त्वं स्थावरजंगमम् ।
क्षेत्रक्षेत्रज्ञसंयोगात्तद्विद्धि भरतर्षभ ॥ २६ ॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન! સ્થાવર તથા
જંગમ જે કંઈ ઉત્પન્ન થાયછે તે ક્ષેત્રજ્ઞ અ-
ને ક્ષેત્રના સંયોગથી થાય છે એમ જાણવું ૨૬

समं सर्वेषु भूतेषु तिष्ठन्तं परमेश्वरम् ।
विनश्यत्स्वविनश्यन्तं यः पश्यति स पश्यति॥

સઘળા જીવોમાં એક સરખો પરમેશ્વર રહે-
લો છે, નાશ પામનારી ચીજોમાં નહિ નાશ
પામનાર તે છે એ રીતે જે તેને જુએ છે તે
જ ખરૂં જુએ છે. ॥ ૨૭ ॥

समं पश्यन्हि सर्वत्र समवस्थितमीश्वरम् ।
नहिनस्त्यात्मनात्मानंततो याति परां गतिम् ॥

ઇશ્વરને સર્વ સ્થાને અને એક સરખી રીતે રહેલો જે જુએ છે તે પોતે પોતાનો નાશ કરતો નથી અને ઉંચામાં ઉંચી ગતિને પામે છે. ॥ ૨૮ ॥

प्रकृत्यैव च कर्माणि क्रियमाणानि सर्वशः ।
यः पश्यति तथात्मानमकर्तारं स पश्यति ॥

સર્વ સ્થાને જે કંઇ કર્મ થાય છે તે સર્વ પ્રકૃતિથી થાય છે અને આત્મા કંઇજ કરતો નથી એમ જે જુએ છે તે જ જુએ છે. ૨૯

यदा भूतपृथग्भावमेकस्थमनुपश्यति ।
तत एव च विस्तारं ब्रह्म संपद्यते तदा ॥

જુદા જુદા ભૂતોના ભાવ એકમાંજ રહેલા છે અને તેમાંથી વિસ્તાર પામેલા છે એમ જે જાણે છે તે બ્રહ્મ પ્રાપ્ત કરે છે. ॥ ૩૦ ॥

अनादित्वान्निर्गुणत्वात्परमात्मायमव्ययः ।
शरीरस्थोऽपि कौन्तेय नकरोति न लिप्यते ॥

આરંભ વિનાનો, ગુણ વિનાનો, નાશ નહિ પામે એવો અને જો કે શરીરમાં રહેલો છે તોપણ હે કુંતાના પુત્ર! તે કંઈ કરતો નથી, તેમ તે લેપાતો પણ નથી ॥ ૩૧ ॥

यथा सर्वगतं सौक्ष्म्यादाकाशं नोपलिप्यते ।
सर्वत्रावस्थितो देहे तथात्मा नोपलिप्यते ॥

જેમ સર્વ સ્થાનમાં વ્યાપ્ત આકાશને, તે સૂક્ષ્મ હોવાથી કાંઈ લેપ થતો નથી, તેમ શરીરમાં સર્વ જગાએ રહેલા આત્માને કાંઇ લેપ થતો નથી. ॥ ૩૨ ॥

यथा प्रकाशयत्येकः कृत्स्नं लोकमिमं रविः।
क्षेत्रंक्षेत्री तथा कृत्स्नं प्रकाशयति भारत ॥

જેમ એક સૂર્ય આખી પૃથ્વીને પ્રકાશવાળી કરે છે તેમ હે ભરતવંશી અર્જુન! ક્ષેત્રજ્ઞ સઘળાં ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ॥ ૩૩ ॥

क्षेत्रक्षेत्रज्ञयोरेवमन्तरं ज्ञानचक्षुषा ।

भूतप्रकृतिमोक्षं च ये विदुर्यान्ति ते परम् ॥

એ પ્રમાણે ક્ષેત્ર તથા ક્ષેત્રજ્ઞનો તફાવત અને આત્મા પ્રકૃતિથી કેમ મુક્ત થાય છે તે જે જ્ઞાનરૂપી ચક્ષુથી જુએ છે તે ઉંચામાં ઉંચી ગતિને પ્રાપ્ત થાય છે. ॥ ૩૪ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे क्षेत्रक्षेत्रज्ञविभागयोगो नाम त्रयोदशोऽध्यायः ।

તેરમો અધ્યાય સમાપ્ત.

अध्याय १४ मो.

श्रीभगवानुवाच ।

परं भूयः प्रवक्ष्यामि ज्ञानानां ज्ञानमुत्तमम् ।
यज्ज्ञात्वा मुनयः सर्वे परां सिद्धिमितोगताः॥

શ્રી ભગવાને કહ્યું-વળી બધા જ્ઞાનમાં જે ઉત્તમ જ્ઞાન છે તે હું તને ફરીથી કહું છું જે જાણીને લોકો ઉંચામાં ઉંચી સિદ્ધિને પામ્યા છે. ॥ ૧ ॥

इदं ज्ञानमुपाश्रित्य मम साधर्म्यमागताः ।
सर्गेऽपि नोपजायन्ते प्रलये न व्यथन्ति च॥

આ જ્ઞાનનો આશ્રય લેઈને તેઓ મારા સ્વરૂપને પામ્યા છે, સૃષ્ટિની ઉત્પત્તિ વખતે તેઓ જન્મ લેતા નથી અને જગતના પ્રલય વખતે તેઓને પીડા પણ થતી નથી. ॥૨॥

मम योनिर्महद्ब्रह्म तस्मिन्गर्भं दधाम्यहम् ।

संभवः सर्वभूतानां ततो भवति भारत ॥

મહદ્બ્રહ્મ એટલે પ્રકૃતિ એ મારી યોનિરૂપ છે અને તેમાં હું ગર્ભ મૂકું છું તેથી હે ભારત ! તેમાંથી સર્વ ભૂતની ઉત્પત્તિ થાય છે. ॥ ૩ ॥

सर्वयोनिषु कौन्तेय मूर्तयः संभवन्ति याः ।
तासां ब्रह्म महद्योनिरहं बीजप्रदः पिता ॥

હે કુંતીપુત્ર ! સઘળી યોનિઓમાં જે જે પ્રાણી ઉત્પન્ન થાય છે તેમનો ગર્ભ ધારણ કરનાર મહદ્બ્રહ્મ (પ્રકૃતિ) છે અને હું તેમાં બીજ મૂકનાર તેઓનો પિતા છું. ॥ ૪ ॥

सत्त्वं रजस्तम इति गुणाः प्रकृतिसंभवाः ।
निबध्नन्ति महाबाहो देहे देहिनमव्ययम् ॥

સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે, હે મહાન્ હાથવાળા અર્જુન ! એ ગુણો અવિનાશી આત્માને શ-

રીરની સાથે બાંધી રાખે છે. ॥ ૫ ॥

तत्र सत्त्वं निर्मलत्वात्प्रकाशकमनामयम् ।
सुखसंगेन बध्नाति ज्ञानसंगेन चानघ ॥६॥

એ ગુણોમાં સત્વગુણ એ મળ વિનાનો, તેજવંત અને શાંત છે, તેથી હે પાપ રહિત અર્જુન ! એ સુખ અને જ્ઞાનમાં આસક્તિ કરાવીને આત્માને બાંધી લે છે. ॥ ૬ ॥

रजो रागात्मकं विद्धि तृष्णासंगसमुद्भवम् ।
तन्निबध्नाति कौन्तेय कर्मसंगेन देहिनम् ७

રજોગુણ પ્રીતિથી ભરેલો છે અને તૃષ્ણાના સંગથી તેની ઉત્પત્તિ છે તેથી હે કુંતાના પુત્ર ! તે આત્માને કર્મની મમતાથી બાંધી લે છે. ॥ ૭ ॥

तमस्त्वज्ञानजं विद्धि मोहनं सर्वदेहिनाम् ।
प्रमादालस्यनिद्राभिस्तन्निबध्नाति भारत ॥

તમોગુણ અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો છે અને

તે સર્વ પ્રાણીઓનો મોહક છે. હે ભારત ! તે પ્રમાદ, આળસ, અને ઉંઘથી આત્માને જોડી લે છે. ॥ ૮ ॥

सत्त्वं सुखे संजयति रजः कर्मणि भारत ।
ज्ञानमावृत्य तु तमः प्रमादे संजयत्युत ॥९॥

સત્ત્વગુણ સુખનો સંજોગ કરાવે છે અને હે ભારત ! રજોગુણ કર્મનો યોગ કરાવે છે તથા તમોગુણ જ્ઞાનને ઢાંકી દઈને પ્રમાદની સાથે આત્માને જોડી દે છે. ॥ ૧૦ ॥

रजस्तमश्चाभिभूय सत्त्वं भवति भारत ।
रजः सत्त्वं तमश्चैव तमः सत्त्वं रजस्तथा ॥

હે ભારત ! રજોગુણ તથા તમોગુણ જ્યારે નિર્બળ થાય છે ત્યારે સત્ત્વગુણ પ્રબળ થાય છે, રજોગુણ અને સત્ત્વગુણ દબાતાં તમોગુણ પ્રધાન થાય છે અને સત્ત્વગુણ તથા તમોગુણ દબાય છે ત્યારે રજોગુણ બળવાન થાય

છે. ॥ ૧૦ ॥

सर्वद्वारेषु देहेऽस्मिन्प्रकाश उपजायते ।
ज्ञानं यदा तदा विद्याद्विवृद्धं सत्वमित्युत ॥

જ્યારે આ શરીરના સર્વ દ્વારમાં પ્રકાશ ઉત્પન્ન થાય છે અને જ્ઞાનની ઉત્પત્તિ થાય છે ત્યારે સત્વગુણની વૃદ્ધિ થઈ છે એમ સમજવું. ॥ ૧૧ ॥

लोभः प्रवृत्तिरारम्भः कर्मणामशमः स्पृहा ।
रजस्येतानि जायन्ते विवृद्धे भरतर्षभ ॥१२॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ! જ્યારે રજોગુણ વધે છે ત્યારે લોભ, પ્રવૃત્તિ, કાર્યનો આરંભ, કર્મની શાંતિ ન થવી તે અને સ્પૃહા ઉત્પન્ન થાય છે. ॥ ૧૨ ॥

अप्रकाशोऽप्रवृत्तिश्च प्रमादो मोह एव च ।
तमस्येतानि जायन्ते विवृद्धे कुरुनन्दन ॥

અંધકાર, ઉદ્યમહીનતા, પ્રમાદ અને મોહ

એટલાં વાનાં જ્યારે થાય ત્યારે હે કુરુવં-શજ! તમોગુણ વધ્યો છે એમ જાણવું. ૧૩

यदा सत्त्वे प्रवृद्धे तु प्रलयं याति देहभृत् ।
तदोत्तमविदांल्लोकानमलान्प्रतिपद्यते ॥१४॥

જ્યારે સત્ત્વગુણ વધી ગયો હોય ત્યારે જો માણસ મરી જાય તો તે ઉત્તમ જ્ઞાનવાળા પવિત્ર લોકમાં જાય છે. ॥ ૧૪ ॥

रजसि प्रलयं गत्वा कर्मसंगिषु जायते ।
तथा प्रलीनस्तमसि मूढयोनिषु जायते ॥

વળી રજોગુણની વૃદ્ધિ વખતે જો નાશ પામે તો કર્મની આસક્તિવાળા લોકમાં તે જન્મ પામે છે, અને જો તમોગુણની વૃદ્ધિ વખતે તેનો લય થાય તો મૂઢજાતિમાં તે અવતાર લે છે. ॥ ૧૫ ॥

कर्मणःसुकृतस्याहुःसात्त्विकं निर्मलं फलम् ।
रजसस्तु फलं दुःखमज्ञानं तमसः फलम् ॥

સત્વગુણથી થયેલાં સુકૃતનું ફળ નિર્મળ હોય છે, રજોગુણનું ફળ દુઃખ અને તમોગુણનું ફળ અજ્ઞાન છે એમ કહેવાય છે. ॥ ૧૬

सत्त्वात्संजायते ज्ञानं रजसो लोभ एव च ।
प्रमादमोहौ तमसो भवतोऽज्ञानमेव च ॥

સત્વગુણથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, રજોગુણથી લોભ થાય છે અને તમોગુણથી પ્રમાદ, મોહ અને અજ્ઞાન ઉત્પન્ન થાય છે. ॥ ૧૭ ॥

ऊर्ध्वंगच्छन्तिसत्त्वस्थामध्येतिष्ठन्तिराजसाः ।
जघन्यगुणवृत्तिस्था अधो गच्छन्ति तामसाः॥

સત્વગુણમાં રહેલા ઉપરના લોકમાં (સ્વર્ગમાં) જાય છે, રજોગુણવાળા મધ્ય-મનુષ્યલોકમાં રહે છે અને અધમ એવા તમોગુણની વૃત્તિમાં રહેલા તામસો નીચે-નરકાદિ લોકમાં જાય છે.

नान्यं गुणेभ्यः कर्तारं यदा द्रष्टानुपश्यति ।
गुणेभ्यश्च परं वेत्ति मद्भावं सोऽधिगच्छति॥

જ્યારે જોનાર આ ત્રણ ગુણ સિવાય બીજા

કોઇને કર્તા જોતો નથી અને ગુણથી પર પરમાત્માને જાણે છે ત્યારે તે મારી ગતિને પામે છે. ॥ ૧૯ ॥

गुणानेतानतीत्य त्रीन्देही देहसमुद्भवान् ।
जन्ममृत्युजरादुःखैर्विमुक्तोऽमृतमश्नुते ॥

આત્મા જયારે દેહમાં ઉપન્ન થતા આ ત્રણ ગુણોને ઓળંગી જાય છે ત્યારે જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા અને દુઃખથી મુક્ત થઇ મોક્ષ પ્રાપ્ત કરે છે ॥ ૨૦ ॥

अर्जुन उवाच ।

कैर्लिंगैस्त्रीन्गुणानेतानतीतो भवति प्रभो ।
किमाचारः कथं चैतांस्त्रीन्गुणानतिवर्तते ॥

અર્જુને કહ્યું:-હે પ્રભુ! એ ત્રણ ગુણને ઓળંગી જનારનાં શાં ચિન્હ છે, તેનો આચાર કેવો હોય છે અને એ ત્રણ ગુણને શી રીતે ઓળંગી જાય છે? ॥ ૨૧ ॥

श्री भगवानुवाच ।

प्रकाशं च प्रवृत्तिं च मोहमेव च पाण्डव ।
न द्वेष्टि संप्रवृत्तानि न निवृत्तानि कांक्षति ॥

શ્રી ભગવાન બોલ્યા:—હે પાંડવ! જ્ઞાન, પ્રવૃત્તિ અને મોહ જ્યારે પ્રવર્તતા હોય ત્યારે તેનો તે તિરસ્કાર કરતો નથી અને નિવૃત્ત થયેલા હોય ત્યારે તેની ઇચ્છા પણ કરતો નથી. ૨૨

उदासीनवदासीनो गुणैर्यो न विचाल्यते ।
गुणा वर्तन्त इत्येव योऽवतिष्ठति नेंगते ॥

જે દરકાર વિનાનો થઇને ગુણોથી ચલાયમાન થતો નથી તથા ગુણો પોતાનું કામ કર્યા જાય છે એમ ધારીને દૂર રહેલો છે અને વિકારવાળો થતો નથી, ॥ ૨૩ ॥

समदुःखसुखः स्वस्थः समलोष्टाश्मकाञ्चनः ।
तुल्यप्रियाप्रियो धीरस्तुल्यनिन्दात्मसंस्तुतिः ॥

સુખ તથા દુઃખ જેને સમાન છે, માટી પ

થ્થર તથા સોનું એ જેને સમ સરખી કીંમતનું છે, પ્રિય અને અપ્રિય તથા નિંદા અને સ્તુતિ એ સૌ જેને સમાન છે અને જે ધીરજવાળો છે, ॥ ૨૪ ॥

मानापमानयोस्तुल्यस्तुल्योमित्रारिपक्षयोः ।
सर्वारम्भपरित्यागी गुणातीतः स उच्यते ॥

માન અને અપમાન, મિત્ર અને શત્રુ એ સૌ જેને સમાન છે તથા સર્વ કાર્યના આરંભ જેણે તજી દીધા છે તે ગુણોને ઓળંગી ગયેલો કહેવાય છે. ॥ ૨૫ ॥

मां च योऽव्यभिचारेण भक्तियोगेन सेवते ।
स गुणान्समतीत्यैतान्ब्रह्मभूयाय कल्पते ॥

વળી અનન્ય ભક્તિથી જે મારી ઉપાસના કરે છે તે પણ આ ત્રણ ગુણોને ઓળંગીને બ્રહ્મ સ્વરૂપને યોગ્ય થાય છે. ॥ ૨૬ ॥

ब्रह्मणो हि प्रतिष्ठाहममृतस्याव्ययस्य च ।

शाश्वतस्य च धर्मस्य सुखस्यैकान्तिकस्य च ॥

કારણ કે બ્રહ્મનું, અમરતાનું, અવિનાશીપણાનું, સદાકાળ રહેનારા ધર્મનું અને કદી નાશ ન પામે એવા સુખનું સ્થાન હું જ છું. ॥૨૭॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे त्रिगुणविभागयोगो नाम चतुर्दशोऽध्यायः १४

ચૌદમો અધ્યાય સમાપ્ત.

अध्याय १५ मो.

श्रीभगवानुवाच ।

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थं प्राहुरव्ययम् ।
छन्दांसि यस्य पर्णानि यस्तं वेद स वेदवित्॥

શ્રી ભગવાને કહ્યું:-અવિનાશી બ્રહ્મને જેનાં મૂળ ઉંચાં છે, અને શાખાઓ નીચી છે તથા વેદના છંદો જેનાં પાંદડાં છે, એવા પીપળાની ઉપમા આપી છે. આ પ્રમાણે જે જાણે છે તે વેદ જાણનાર કહેવાય છે. ॥ ૧ ॥

अधश्चोर्ध्वं प्रसृतास्तस्य शाखा
गुणप्रवृद्धा विषयप्रवालाः ।
अधश्च मूलान्यनुसंततानि
कर्मानुबन्धीनि मनुष्यलोके ॥२॥

તેની શાખાઓ ઉંચે તેમજ નીચે ફેલાઈ રહી છે, ગુણથી તેની વૃદ્ધિ થયેલી છે અને

વિષયો તેની કળીઓ છે તથા લોકમાં કર્મનાં બંધન કરનાર તેનાં મૂળ નીચે ફેલાયેલાં છે.

न रूपमस्येह तथोपलभ्यते
नान्तो न चादिर्न च संप्रतिष्ठा ।
अश्वत्थमेनं सुविरूढमूल-
मसंगशस्त्रेण दृढेन छित्त्वा ॥३॥

એ વૃક્ષનું રૂપ આલોકમાં બરાબર જાણી શકાતું નથી; તેમજ તેનાં આદિ, અંત તથા તેની સ્થિતિ પણ જોઇ શકાતી નથી. સજ્જડ મૂળવાળા એવા પીપળાના વૃક્ષને દૃઢ વૈરાગ્ય રૂપી શસ્ત્રથી કાપીને, ॥ ૩ ॥

ततः पदं तत्परिमार्गितव्यं
यस्मिन्गता न निवर्तन्ति भूयः ।
तमेव चाद्यं पुरुषं प्रपद्ये
यतः प्रवृत्तिः प्रसृता पुराणी ॥४॥

પછી એવું પદ શોધવું કે જ્યાં ગયા પછી

પાછું આવવું પડતું નથી; અને જુના વખતથી જેમાંથી પ્રકૃતિ નીકળી છે તે મૂળપુરૂષને પ્રાપ્ત કરવો. ॥ ४ ॥

निर्मानमोहा जितसंगदोषा
अध्यात्मनित्या विनिवृत्तकामाः ।
द्वन्द्वैर्विमुक्ताः सुखदुःखसंज्ञै-
र्गच्छन्त्यमूढाः पदमव्ययं तत् ॥५॥

માન અને મોહ જેનાં નાશ પામ્યાં છે, સંગના દોષ જેણે જીત્યા છે, આત્મજ્ઞાનમાંજ જે રમી રહ્યા છે, જેની કામનાઓ બધી જતી રહી છે, સુખ દુઃખાદિ દ્વંદ્વથી જે મુક્ત છે અને જે મૂઢ નથી એવા જનો તે અવિનાશી પદને પામે છે. ॥ ५ ॥

न तद्भासयते सूर्यो न शशाङ्को न पावकः ।
यद्गत्वा न निवर्तन्ते तद्धाम परमं मम ॥६॥

ત્યાં સૂર્ય, ચંદ્ર તથા અગ્નિનો પ્રકાશ પહોં-

ચતો નથી. અને જ્યાં ગયા પછી પાછું આવવું પડતું નથી તેજ મારૂં સૌથી શ્રેષ્ઠ ધામ છે ॥૬

ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।
मनःषष्ठानीन्द्रियाणि प्रकृतिस्थानि कर्षति ॥

જીવલોકમાં મારોજ અનાદિ અનંત એવો જીવરૂપે થઇ ગયેલો અંશ પ્રકૃતિમાં રહેલી પાંચ ઇંદ્રિયો તથા છઠ્ઠું મન તેમને આકર્ષે છે.

शरीरं यदवाप्नोति यच्चाप्युत्क्रामतीश्वरः ।
गृहीत्वैतानि संयाति वायुर्गन्धानिवाशयात्॥

જેમ વાયુ પુષ્પોમાંથી સુગંધ લઇ જાય છે, તેમ જે ઇશ્વર રૂપ અંશ (જીવ) મન જેમાં છઠ્ઠુ છે એવી ઇન્દ્રિયો સહિત શરીરને પામે છે અને શરીરમાંથી મન જેમાં છઠ્ઠું છે એવી ઇન્દ્રિયો સહિત બહાર જાય છે. ॥૮॥

श्रोत्रं चक्षुः स्पर्शनं च रसनं घ्राणमेव च ।
अधिष्ठाय मनश्चायं विषयानुपसेवते ॥९॥

કાન, આંખ, ત્વચા, (સ્પર્શેંદ્રિય) જીભ, નાક તથા મન એમના ઉપર અમલ ચલાવતો તે જીવ ઇંદ્રિયોના વિષયોને ભોગવે છે. ॥ ૯

उत्क्रामन्तं स्थितंवापिभुञ्जानं वागुणान्वितम्।
विमूढा नानुपश्यन्ति पश्यन्ति ज्ञानचक्षुषः॥

તેને જતાં રહેતાં તથા ઇંદ્રિયોથી વિંટળાઇને ભોગ ભોગવતાં મૂઢ માણસો જોતા નથી પણ જેને જ્ઞાનરૂપી ચક્ષુ છે તે જુએ છે. ૧૦

यतन्तो योगिनश्चैनं पश्यन्त्यात्मन्यवस्थितम् ।
यतन्तोऽप्यकृतात्मानो नैनं पश्यन्त्य चेतसः॥

પ્રયત્ન કરનારા યોગીઓ તેને પોતાને વિષે રહેલો જુએ છે પણ જે ટુંકી બુદ્ધિવાળા છે અને જેનું મન પોતાને વશ નથી એવા પ્રયત્ન કરતાં પણ તેને જોતા નથી, ॥ ૧૧

यदादित्यगतं तेजो जगद्भासयतेऽखिलम् ।
यच्चन्द्रमसि यच्चाग्नौ तत्तेजो विद्धि मामकम् ॥

જે સૂર્યનું તેજ આખા જગતને પ્રકાશિત કરે છે તથા ચંદ્રમાં અને અગ્નિમાં જે તેજ છે તે તેજ મારૂં છે એમ તું જાણ. ॥ ૧૨ ॥

गामाविश्य च भूतानि धारयाम्यहमोजसा ।
पुष्णामिचौषधीः सर्वाःसोमो भूत्वारसात्मकः

પૃથ્વીમાં પેસીને હું સર્વ ભૂતને મારા બળ વડે ધારણ કરી રહ્યો છું, અને રસવાળો ચંદ્ર થઇને હું સર્વ ઔષધીઓનું પોષણ કરૂં છું. ॥ ૧૩ ॥

अहं वैश्वानरो भूत्वा प्राणिनां देहमाश्रितः ।
प्राणापानसमायुक्तः पचाम्यन्नं चतुर्विधम् ॥

હું અગ્નિ થઇને સર્વ પ્રાણીઓના દેહમાં રહું છું તથા પ્રાણ અને અપાન વાયુની સાથે મળીને હું ચાર પ્રકારનો ખોરાક પચાવું છું. ૧૪

सर्वस्य चाहं हृदि सन्निविष्टो

मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।
वेदैश्च सर्वैरहमेव वेद्यो
वेदान्तकृद्वेदविदेव चाहम् ॥१५॥

હું સર્વના હૃદયમાં રહેલો છું અને સ્મૃતિ, જ્ઞાન અને તર્ક એ મારાથીજ નીકળે છે. સર્વ વેદવડે કરીને હું જાણવાને યોગ્ય છું, વેદાંત કરનાર અને વેદ જાણનાર પણ હુંજ છું. ॥ ૧૫ ॥

द्वाविमौ पुरुषौ लोके क्षरश्चाक्षर एव च ।
क्षरः सर्वाणि भूतानि कूटस्थोऽक्षर उच्यते ॥

આ લોકમાં બે પુરૂષ છે-એક ક્ષર (નાશ પામનાર,) અને બીજો અક્ષર. (નાશ નહિ પામનાર) સર્વ ભૂત ક્ષર છે અને કદી જેમાં ફેરફાર ન થાય એવો જે છે તે અક્ષર છે. ૧૬

उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः ।

यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥

સૌથી શ્રેષ્ઠ પુરૂષ તો બીજો જ છે, તેને પરમાત્મા કહે છે. જે ત્રણે લોકમાં ફેલાઈ ગયેલો હોઈ ત્રણે લોકને ધારણ કરે છે અને કદી નહિ નાશ પામે એવો ઈશ્વર છે. ॥ ૧૭

यस्मात्क्षरमतीतोऽहमक्षरादपि चोत्तमः ।
अतोऽस्मि लोके वेदे च प्रथितःपुरुषोत्तमः ॥

નાશને હું ઓળંગી ગયો છું અને નહિ નાશ પામે તેનાથી પણ હું ઉત્તમ છું તેથી લોકમાં અને વેદમાં મને પુરૂષોત્તમ કહેલો છે. ૧૮

यो मामेवमसंमूढो जानाति पुरुषोत्तमः ॥
स सर्वविद्भजति मां सर्वभावेन भारत ॥१९

એ પ્રમાણે મોહથી મુક્ત થયેલો જે મને પુરૂષોત્તમ તરીકે જાણે છે, તે હે ભારત! સર્વજ્ઞ છે અને સર્વ ભાવથી મને ભજનારો છે.

इति गुह्यतमं शास्त्रमिदमुक्तं मयानघ ।
एतद्बुद्ध्वा बुद्धिमान् स्यात्कृतकृत्यश्च भारत॥

હે પાપરહિત અર્જુન ! આ મેં ગુહ્ય શાસ્ત્ર મેં તને આજ કહ્યું છે, તે જાણીને હે ભારત ! માણસ બુદ્ધિમાન અને કૃતાર્થ થાય છે. ॥ ૨૦ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे पुरुषोत्तम योगो नाम पञ्चदशोऽध्यायः ॥१५॥

પંદરમો અધ્યાય સમાપ્ત.

अध्याय १६ मो.

श्रीभगवानुवाच ।

अभयं सत्त्वसंशुद्धिर्ज्ञानयोगव्यवस्थितिः ।
दानं दमश्च यज्ञश्च स्वाध्यायस्तप आर्जवम् ॥

શ્રી ભગવાન બોલ્યા:-નિર્ભયપણું, અંતઃકરણની શુદ્ધિ, જ્ઞાન યોગમાં દઢતા, દાન, ઇંદ્રિયોને વશ રાખવી, યજ્ઞ, વેદનો અભ્યાસ, તપ અને સરળતા, ॥ ૧ ॥

अहिंसा सत्यमक्रोधस्त्यागःशान्तिरपैशुनम् ।
दया भूतेष्वलोलुप्त्वं मार्दवं ह्रीरचापलम् ॥

અહિંસા, સત્ય, ક્રોધનો ત્યાગ, મમતાનો નાશ, શાંતિ, કોઇનું ભુંડું નહિ બોલવું, પ્રાણીઓ ઉપર દયા, લાલચ રહિતપણું, નમ્રતા, લજ્જા અને ચપળતારહિતપણું, ॥ ૨ ॥

तेजःक्षमाधृतिः शौचमद्रोहो नातिमानिता ।

भवन्ति संपदं दैवीमभिजातस्य भारत ॥

તેજ, ક્ષમા ધીરજ, સ્વચ્છતા, દ્રોહનો ત્યાગ અને અભિમાન રહિત સ્વભાવ, એ બધું હે ભારત! જે માણસ દિવ્ય ગુણવાળો જન્મેલો હોય તેનામાં હોય છે. ॥ ૩ ॥

दंभो दर्पोऽभिमानश्च क्रोधः पारुष्यमेव च ।
अज्ञानं चाभिजातस्य पार्थ संपदमासुरीम् ॥

ઢોંગ, ગર્વ, મોટાઈ, ક્રોધ, કઠોર ભાષણ, અને અજ્ઞાન એ ગુણ હે પાર્થ! જે દૈત્યના ગુણવાળો જન્મેલો હોય તેનામાં હોય છે. ૪

दैवी संपद्विमोक्षाय निबन्धायासुरी मता ।
मा शुचः संपदंदैवीमभिजातोऽसि पाण्डव ॥

દૈવી સંપત્તિ મોક્ષને માટે છે અને આસુરી સંપત્તિ બંધન કરનાર છે. હે પાંડવ! તું શોક કરીશ નહિ કારણ કે તું દૈવી સંપત્તિમાં અવતરેલો છે. ॥ ૫ ॥

द्वौ भूतसर्गौ लोकेऽस्मिन्दैव आसुर एव च।
दैवो विस्तरशः प्रोक्त आसुरं पार्थ मे शृणु॥

આલોકમાં ભૂતોની સૃષ્ટિ બે જાતની છે એક દિવ્ય અને બીજી આસુરી. દિવ્ય સૃષ્ટિનું વર્ણન વિગત વાર કહ્યું અને આસુરી સૃષ્ટિનું વર્ણન હે પાર્થ ! તુ મારી પાસેથી સાંભળી લે.

प्रवृत्तिं च निवृत्तिं च जना न विदुरासुराः।
न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते॥

આસુરી ગુણવાળા મનુષ્યો પ્રવૃત્તિ એટલે શું અને નિવૃત્તિ એટલે શું તે સમજતા નથી અને સ્વચ્છતા, આચાર અને સત્ય તેમના મનમાં હોતાં નથી. ॥ ૭ ॥

असत्यमप्रतिष्ठं ते जगदाहुरनीश्वरम्।
अपरस्परसंभूतं किमन्यत्कामहैतुकम्॥

આ જગતમાં સત્ય, ધર્મ અને ઇશ્વર નથી અને એક બીજાના સંગથી આ થયું છે તથા

તેનું મૂળ કારણ સ્ત્રી તથા પુરૂષનો કામ છે બીજું કંઇ નથી એમ તેઓ કહે છે. ૮

एतां दृष्टिमवष्टभ्य नष्टात्मानोऽल्पबुद्धयः ।
प्रभवंत्युग्रकर्माणः क्षयाय जगतोऽहिताः॥

આ રીતે જોનારા અને જેનું ચિત્ત પોતાને વશ નથી તથા જે પોતાનેજ નુકશાન કરનાર છે એવા ટુંકી બુદ્ધિવાળા અને ક્રૂર કર્મ કરનારા જગતના અહિતને માટેજ ઉત્પન્ન થાય છે. ॥ ૯ ॥

काममाश्रित्य दुष्पूरं दम्भमानमदान्विताः ।
मोहाद्गृहीत्वाऽसद्ग्राहान्प्रवर्तन्तेऽशुचिव्रताः ॥

કોઇ દહાડો જે સંતોષ પામે નહિ એવા કામનો આશ્રય લેઇને અને ઢોંગ, માન તથા મદથી ભરેલા તેઓ મોહને લીધે ખોટા આગ્રહ પકડી રાખીને દુષ્ટ હેતુથી પ્રવૃત્તિ કરે છે. ॥ ૧૦ ॥

चिन्तामपरिमेयां च प्रलयान्तामुपाश्रिताः ।
कामोपभोगपरमा एतावदिति निश्चिताः ॥

પ્રલયના અંત ભાગ સુધી પણ જેનો છેડો આવે નહિ એવી ચિંતામાં તેઓ પડે છે અને મરતાં સુધી સ્ત્રીનો સંગ વગેરે ભોગ ભોગવવા એજ મોટું કામ છે એમ તેઓએ નક્કી કરેલું છે. ॥ ૧૧ ॥

आशापाशशतैर्बद्धाः कामक्रोधपरायणाः ।
ईहन्ते कामभोगार्थमन्यायेनार्थसंचयान् ॥

આશાના સેંકડો બંધથી જેઓ બંધાયલા છે અને કામ તથા ક્રોધમાં જેઓ મગ્ન થઈ ગયા છે તેઓ કામ ભોગને માટે અન્યાય માર્ગે પૈસો મેળવવાને પ્રયત્ન કરે છે. ॥૧૨॥

इदमद्य मया लब्धमिमं प्राप्स्ये मनोरथम् ।
इदमस्तीदमपि मे भविष्यति पुनर्धनम्॥१४

આતો આજે મને મળ્યું અને હવે પેલો

મારો મનોરથ હું સફળ કરીશ, આ ધન હવે મારૂંજ છે અને આટલું ધન મને હવે પછી મળશે. ॥ ૧૩ ॥

असौ मया हतः शत्रुर्हनिष्ये चापरानपि ।
ईश्वरोऽहमहं भोगी सिद्धोऽहं बलवान्सुखी॥

આ શત્રુને મેં માર્યો અને બીજાઓને હું મારીશ, હું મોટો શેઠ છું, ભોગ ભોગવનારો છુ, મારાં સર્વ કાર્ય સિદ્ધ થયાં છે, હું બળવાન છું અને હું સુખી છું. ॥ ૧૪ ॥

आढ्योऽभिजनवानस्मि
कोन्योऽस्ति सदृशो मया ।
यक्ष्ये दास्यामि मोदिष्य
इत्यज्ञानविमोहिताः ॥ १५ ॥

अनेकचित्तविभ्रान्ता मोहजालसमावृताः ।
प्रसक्ताः कामभोगेषु पतन्ति नरकेऽशुचौ ॥

હું પૈસાવાળો છું, કુલીન છું, મારા જેવો

બીજો કોણ છે? હું યજ્ઞ કરીશ, દાન કરીશ, મોજ કરીશ; એવા અજ્ઞાનથી મોહિત થઇને ચિત્તના અનેક વિચારોથી ભ્રમિત થયેલા, મોહની જાળમાં ફસાયેલા અને કામ તથા ભોગમાં આસક્ત થયેલા એવા તેઓ અપવિત્ર નરકમાં પડે છે. ॥ ૧૫ ૧૬ ॥

आत्मसंभाविताः स्तब्धाधनमानमदान्विताः।
यजन्ते नामयज्ञैस्ते दम्भेनाविधिपूर्वकम् ॥

પોતાની જાતેજ મોટા માની બેઠેલા, હઠીલા, ધન, માન અને મદથી છકી ગયેલા તેઓ ઢોંગ કરીને શાસ્ત્રની વિધિ વિનાના નામનાજ યજ્ઞ કરે છે. ॥ ૧૭ ॥

अहंकारं बलं दर्पं कामं क्रोधं च संश्रिताः ।
मामात्मपरदेहेषु प्रद्विषन्तोऽभ्यसूयकाः ॥

અહંકાર, બળ, ગર્વ, કામ તથા ક્રોધને આશ્રયે રહીને પોતાના તથા પારકા દેહમાં

જે હું રહેલો છું તેના ઉપર દ્વેષ કરતાં પરસ્પર વેર કરે છે. ॥ ૧૮ ॥

तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ।
क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु ॥

એવા વેરભાવ રાખનારા, ક્રૂર, અધમ અને અપવિત્ર જનોને આલોકમાં નઠારી દૈત્ય જાતિમાં હું નાંખું છું ॥ ૧૯ ॥

आसुरीं योनिमापन्ना मूढा जन्मनि जन्मनि ।
मामप्राप्यैव कौन्तेय ततो यान्त्यधमां गतिम् ॥

હે કુંતિપુત્ર! આસુરી યોનીમાં પડેલા તેઓ જનમો જનમ મને પ્રાપ્ત કરી શકતા નથી, અને અધમ ગતિને પામે છે. ॥૨૦॥

त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।
कामः क्रोधस्तथालोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ॥

આત્માનો નાશ કરનાર એવું નરકનું દ્વાર, કામ, ક્રોધ અને લોભ એ રીતે ત્રણ પ્રકારનું

છે માટે એ ત્રણ તજી દેવાં ॥ ૨૧ ॥

एतैर्विमुक्तः कौन्तेय तमोद्वारैस्त्रिभिर्नरः ।
आचरत्यात्मनः श्रेयस्ततो याति परां गतिम् ॥

હે કુંતાના પુત્ર! એ ત્રણ તમનાં દ્વારથી મુક્ત થયેલો નર પોતાનું કલ્યાણ કરે છે અને પરમ ગતિને પામે છે. ॥ ૨૨ ॥

यः शास्त्रविधिमुत्सृज्य वर्तते कामकारतः ।
न स सिद्धिमवाप्नोति न सुखं न परां गतिम् ॥

જે શાસ્ત્રની વિધિને તજી દેઇને પોતાની ઇચ્છામાં આવે એમ વર્તે છે, તેઓને સિદ્ધિ મળતી નથી અને ઉંચી ગતિ પણ પ્રાપ્ત થતી નથી. ॥ ૨૩ ॥

तस्माच्छास्त्रं प्रमाणं ते कार्याकार्यव्यवस्थितौ ॥
ज्ञात्वा शास्त्रविधानोक्तं कर्म कर्तुमिहार्हसि ॥

માટે કયું કામ કરવું અને કયું કામ ન ક-

રવું એનો નિશ્ચય કરવામાં શાસ્ત્ર તથા પ્રમાણો જાણી શાસ્ત્રની વિધિ પ્રમાણે તારે કર્મ કરવાં એજ યોગ્ય છે. ॥ ૨૪ ॥

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मवि-
द्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे
दैवासुरसंपद्विभागयोगो नाम
षोडशोऽध्यायः ॥१६॥

સોળમો અધ્યાય સમાપ્ત.

अध्याय १७ मो.

अर्जुन उवाच ।

ये शास्त्रविधिमुत्सृज्य यजन्ते श्रद्धयान्विताः
तेषां निष्ठा तु का कृष्ण सत्त्वमाहो रजस्तमः ॥

અર્જુને કહ્યું:-હે કૃષ્ણ ! જેઓ શાસ્ત્ર વિધિને છોડીને પણ શ્રદ્ધાથી યજ્ઞ કરે છે તેઓની નિષ્ઠા કેવી કહેવી ? સત્વગુણી, રજોગુણી કે તમોગુણી ? ॥ ૧ ॥

श्रीभगवानुवाच ।

त्रिविधा भवति श्रद्धा देहिनां सा स्वभावजा ।
सात्त्विकी राजसी चैव तामसी चेति तां शृणु ॥

શ્રી ભગવાને કહ્યું:-મનુષ્યોની તેમના સ્વભાવ પ્રમાણે ત્રણ પ્રકારની શ્રદ્ધા હોય છે. સાત્વિકી, રાજસી અને તામસી. તે હું તને કહું છું તે સાંભળ. ॥ ૨ ॥

सत्वानुरूपा सर्वस्य श्रद्धा भवति भारत ।
श्रद्धामयोऽयंपुरुषो योयच्छ्रद्धः स एवसः॥

હે ભારત! દરેક માણસની શ્રદ્ધા તેના ગુણ પ્રમાણે થયેલી હોય છે, પુરૂષ શ્રદ્ધાવાળો જ છે અને જેની જેવી શ્રદ્ધા તેવોજ તે માણસ હોય છે. ॥ ૩ ॥

यजन्ते सात्त्विका देवान्यक्षरक्षांसि राजसाः।
प्रेतान्भूतगणांश्चान्ये यजन्ते तामसा जनाः ॥

સત્ત્વગુણવાળા દેવોને પૂજે છે, રજોગુણવાળા યક્ષ તથા રાક્ષસોને પૂજે છે, અને તામસ ગુણવાળા જન પ્રેત તથા ભૂતનાં ટોળાંને પૂજે છે. ॥ ૪ ॥

अशास्त्रविहितं घोरं तप्यन्ते ये तपो जनाः।
दम्भाहंकारसंयुक्ताः कामरागबलान्विताः ॥
कर्षयन्तः शरीरस्थं भूतग्राममचेतसः ।
मांचैवान्तःशरीरस्थंतान्विद्ध्यासुरनिश्चयान्॥

શાસ્ત્ર વિરૂદ્ધ જેઓ ઘોર તપ કરે છે તથા ઢોંગ અને અહંકારવાળા થઇને કામ તથા મનના જુસ્સાવાળા હોય છે તથા શરીરમાં જે જુદાં જુદાં ભૂત (તત્વ) રહેલાં છે તેમને અને શરીરમાં રહેલા એવા મને કષ્ટ આપે છે, તેઓ આસુરી નિશ્ચયવાળ છે એમ જાણ.

आहारश्चापि सर्वस्य त्रिविधो भवति प्रियः।
यज्ञस्तपस्तथा दानं तेषां भेदमिमं शृणु॥७

વળી હરેક માણસને જે આહાર પ્રિય છે તે પણ ત્રણ પ્રકારનો છે અને તેજ પ્રમાણે યજ્ઞ, તપ તથા દાન પણ ત્રણ પ્રકારનાં છે. તેના ભેદ હું તને કહું છું તે સાંભળ. ॥ ૭ ॥

आयुःसत्वबलारोग्य-
सुखप्रीतिविवर्धनाः ।
रस्याः स्निग्धाः स्थिरा हृद्या
आहाराः सात्त्विकप्रियाः ॥ ८ ॥

આયુષ્ય, સત્વ, બળ, આરોગ્ય, સુખ અને પ્રીતિ વધારનાર, રસવાળા, ચીકણા, નક્કર અને સારા લાગે એવા પદાર્થનો આહાર સાત્વિક માણસોને પ્રિય હોય છે. ॥ ૮ ॥

कट्वम्ललवणात्युष्णतीक्ष्णरूक्षविदाहिनः ।
आहारा राजसस्येष्टा दुःखशोकामयप्रदाः॥

કડવા, ખાટા, ખારા, ઘણા ઉના, તીખા, સુકા અને બળતરા કરનારા કે જેથી દુઃખ શોક અને રોગ પેદા થાય છે એવા આહાર રજોગુણવાળા માણસોને પ્રિય હોય છે. ॥ ૯ ॥

यातयामं गतरसं पूति पर्युषितं च यत् ।
उच्छिष्टमपि चामेध्यं भोजनं तामसप्रियम्॥

ઘણો વખત થઈ જવાથી જે ટાઢું પડી ગયું હોય, રસ વિનાનું થઇ ગયું હોય, ગંધાઇ ગયું હોય, અને બગડી ગયું હોય અથવા છાંડેલું હોય તેમજ ના ખાવા લાયક હોય

એવું અન્ન અથવા ખાવાનું, તમોગુણી માણસોને પ્રિય હોય છે. ॥ ૧૦ ॥

अफलाकांक्षिभिर्यज्ञो विधिदृष्टो य इज्यते ।
यष्टव्यमेवेति मनः समाधाय स सात्त्विकः॥

યજ્ઞ કરવોજ જોઈએ એમ મનમાં નિશ્ચય કરીને ફળની કામના રાખ્યા સિવાય શાસ્ત્ર વિધિ પ્રમાણે જે યજ્ઞ કરવામાં આવે તે યજ્ઞ સાત્વિક જાણવો. ॥ ૧૧ ॥

अभिसंधाय तु फलं दम्भार्थमपि चैव यत् ।
इज्यते भरतश्रेष्ठ तं यज्ञं विद्धि राजसम् ॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન ! ફળની ઈચ્છાથી કે ઢોંગથી જે યજ્ઞ કરવામાં આવે છે તે રાજસ યજ્ઞ છે એમ જાણ. ॥ ૧૨ ॥

विधिहीनमसृष्टान्नंमन्त्रहीनमदक्षिणम् ।
श्रद्धाविरहितं यज्ञं तामसं परिचक्षते॥१३॥

શાસ્ત્ર વિધિ રહિત, અન્ન દાન રહિત, મંત્ર

રહિત, દક્ષિણા રહિત તથા શ્રદ્ધા વિનાનો જે યજ્ઞ કરવામાં આવે છે તે તામસ યજ્ઞ કહેવાય છે. ॥ ૧૩ ॥

देवद्विजगुरुप्राज्ञपूजनं शौचमार्जवम् ।
ब्रह्मचर्यमहिंसा च शारीरं तप उच्यते ॥१४

દેવ, બ્રાહ્મણ, ગુરૂ અને વિદ્વાનની પૂજા, સ્વચ્છતા, નમ્રતા, બ્રહ્મચર્ય અને અહિંસા એ બધું શરીરનું તપ કહેવાય છે. ॥ ૧૪ ॥

अनुद्वेगकरं वाक्यं सत्यं प्रियहितं च यत् ।
स्वाध्यायाभ्यसनं चैव वाङ्मयं तपउच्यते॥१५

કોઇને સંતાપ ના થાય એવું, સાચું, પ્રિય લાગે એવું અને જેથી બીજાનું ભલું થાય એવું વાક્ય અને વેદ તથા શાસ્ત્રોનો હંમેશાં અભ્યાસ કરવો એ વાણીનું તપ કહેવાય છે.

मनःप्रसादः सौम्यत्वं मौनमात्मविनिग्रहः।
भावसंशुद्धिरित्येतत्तपो मानसमुच्यते ॥१६

મન પ્રસન્ન રાખવું, શાંતિ, મૌન અને મનને વશ રાખવું, તથા સ્વભાવ શુદ્ધ રાખવો એ માનસી તપ કહેવાય છે. ॥ ૧૬ ॥

श्रद्धया परया तप्तं तपस्तत्त्रिविधं नरैः ।
अफलाकाङ्क्षिभिर्युक्तैःसात्त्विकंपरिचक्षते ॥

પુરેપુરી શ્રદ્ધાથી અને ફળની ઇચ્છા રાખ્યા વિના ચિત્ત ઠેકાણે રાખી જે ત્રણ પ્રકારનું (કાયિક, વાચિક અને માનસિક) તપ કરવામાં આવે છે તે સાત્વિક તપ કહેવાય છે. ૧૭

सत्कारमानपूजार्थं तपो दंभेन चैव यत् ।
क्रियते तदिह प्रोक्तं राजसं चलमध्रुवम्॥१८

સારૂં કહેવડાવવા માટે, માન મેળવવા માટે, મોટા ગણાવા માટે અને ઢોંગથી જે તપ કરવામાં આવે છે તે રાજસી તપ કહેવાય છે અને તે ઘણા વખત સુધી સ્થિર રહેતું નથી.

मूढग्राहेणात्मनो यत्पीडया क्रियते तपः ।

परस्योत्सादनार्थं वा तत्तामसमुदाहृतम् ॥

ખોટા આગ્રહુથી અને આત્માને પીડવા માટે અથવા તો બીજાનું મૂળ કાઢવાને માટે જે તપ કરવામાં આવે છે તે તામસી તપ કહેવાય છે. ॥ ૧૯ ॥

दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।
देशे काले च पात्रे च तद्दानं सात्त्विकंस्मृतम् ॥

દાન કરવુંજ જોઇએ એમ સમજીને જે પાછો ઉપકાર કરે એવો નથી તેવા પાત્ર માણુસને પુણ્યકાળમાં અને તીર્થના સ્થાનમાં જે દાન આપવામાં આવે તે સાત્વિક દાન કહેવાય છે. ॥ ૨૦ ॥

यत्तु प्रत्युपकारार्थं फलमुद्दिश्य वा पुनः ।
दीयते च परिक्लिष्टं तद्दानं राजसं स्मृतम् ॥

પાછો ઉપકાર વાળવાના હેતુથી અથવા ફળની ઇચ્છાથી મન ચોરીને જે દાન કરવામાં

આવે છે તે રજોગુણી કહેવાય છે. ॥ ૨૧ ॥

अदेशकाले यद्दानमपात्रेभ्यश्च दीयते ।
असत्कृतमवज्ञातंतत्तामसमुदाहृतम् ॥ २२ ॥

અયોગ્ય દેશકાળ વખતે અપવિત્ર સ્થળમાં અપાત્રને માન વગર અને તિરસ્કારથી જે દાન આપવામાં આવે છે તે તમોગુણી દાન કહેવાય છે. ॥ ૨૨ ॥

ॐ तत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधःस्मृतः।
ब्राह्मणास्तेन वेदाश्च यज्ञाश्च विहिताःपुरा॥

ઓમ્, તત્, સત્ એ બ્રહ્મનાં ત્રણ નામ કહેવાય છે. પૂર્વે તેમણેજ વેદ, બ્રાહ્મણો અને યજ્ઞ ઉત્પન્ન કર્યા છે. ॥ ૨૩ ॥

तस्मादोमित्युदाहृत्य यज्ञदानतपःक्रियाः ।
प्रवर्तन्ते विधानोक्ताः सततं ब्रह्मवादिनाम्।

તેથી હંમેશાં શાસ્ત્ર વિધિપ્રમાણે યજ્ઞ, દાન તથા તપની ક્રિયાઓ બ્રહ્મજ્ઞાનીઓ ઓમ્ શ-

બ્દનો પ્રથમ ઉચ્ચાર કરીનેજ કરવા માંડે છે.

तदित्यनभिसंधाय फलं यज्ञतपःक्रियाः ।
दानक्रियाश्चविविधाःक्रियन्तेमोक्षकाङ्क्षिभिः

મોક્ષની ઇચ્છા કરનારા કર્મનાં ફળની ઇ-
ચ્છા નહિ રાખીને યજ્ઞ, તપ તથા દાનની
ક્રિયાઓ તત્ શબ્દ બોલીને કરે છે. ॥ ૨૫ ॥

सद्भावे साधुभावे च सदित्येतत्प्रयुज्यते ।
प्रशस्ते कर्मणि तथा सच्छब्दःपार्थ युज्यते॥

"છે" અને "સારૂં" એ અર્થમાં સત્ શ-
બ્દનો પ્રયોગ થાય છે અને તે પ્રમાણે હે પા
ર્થ ! શુભ કર્મમાં પણ સત્ શબ્દ વપરાય છે.

यज्ञे तपसिदाने च स्थितिः सदितिचोच्यते।
कर्मचैव तदर्थीयं सदित्येवाभिधीयते ॥२७

યજ્ઞ, તપ અને દાનમાં જે સ્થિતિ છે તે સ-
ત્ કહેવાય છે, અને તેને માટે તથા ઇશ્વરને
માટે જે કર્મ કરવામાં આવે છે તે પણ સત્

કહેવાય છે. ॥ ૨૭ ॥

अश्रद्धया हुतं दत्तं तपस्तप्तं कृतं च यत् ।
असदित्युच्यते पार्थ न च तत्प्रेत्य नो इह ॥

શ્રદ્ધા વગર જે કંઇ હોમવામાં આવ્યું હોય, દાન કરવામાં આવ્યું હોય, તથા તપ અને કોઈ કર્મ કરવામાં આવ્યું હોય તે અસત્ કહેવાય છે અને હે પાર્થ ! તે અહીં પણ નકામું છે અને મરણ પછી પણ નકામું છે. ૨૮

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे श्रद्धात्रयविभागयोगो नाम सप्तदशोऽध्यायः १७

સત્તરમો અધ્યાય સમાપ્ત.

अध्याय १८ मो.

अर्जुन उवाच ।

संन्यासस्यमहाबाहोतत्त्वमिच्छामिवेदितुम् ।
त्यागस्य च हृषीकेश पृथक्केशिनिषूदन ॥

અર્જુને કહ્યું:-હે મહાબાહુ! હે હૃષીકેશ! (ઇંદ્રિયોને વશમાં રાખનાર) હે કેશી દૈત્યનો નાશ કરનાર! સંન્યાસ અને ત્યાગનું જુદું જુદું તત્વ જાણવાને હું ઇચ્છું છું. ॥ ૧ ॥

श्रीभगवानुवाच ।

काम्यानां कर्मणांन्यासंसंन्यासं कवयोविदुः।
सर्वकर्मफलत्यागं प्राहुस्त्यागंविचक्षणाः ॥

શ્રી ભગવાન બોલ્યા:-ફળની ઇચ્છાવાળાં કર્મનો ત્યાગ કરવો તેને જ્ઞાનીઓ સંન્યાસ કહે છે, અને સર્વ કર્મનાં ફળ છોડી દેવાં તેને ડાહ્યા માણસો ત્યાગ કહે છે. ॥ ૨ ॥

त्याज्यंदोषवदित्येके कर्म प्राहुर्मनीषिणः ।

यज्ञदानतपःकर्म न त्याज्यमिति चापरे ॥

કર્મ દોષથી ભરેલાં છે માટે તેને તજી દેવાં એમ કેટલાક જ્ઞાની કહે છે, પણ યજ્ઞ, દાન અને તપ એ કર્મ તજી દેવાં નહિ. ॥ ૩ ॥

निश्चयं शृणु मे तत्र त्यागे भरतसत्तम ।
त्यागोहिपुरुषव्याघ्रत्रिविधः संप्रकीर्तितः ॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ અર્જુન ! ત્યાગની બાબતમાં મારો નિશ્ચય છે તે સાંભળ. હે પુરૂષોમાં વાઘ જેવા અર્જુન ! ત્યાગ ત્રણ પ્રકારનો કહેલો છે. ॥ ૪ ॥

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥

યજ્ઞ, દાન અને તપ એ કર્મ તો કદી તજવાં નહિ કારણ કે તે કર્મ તો બુદ્ધિમાન મનુષ્યોને પાવન કરનારાં છે. ॥ ૫ ॥

एतान्यपि तु कर्माणिसङ्गंत्यक्त्वाफलानि च ।

कर्तव्यानीति मे पार्थ निश्चितं मतमुत्तमम् ॥

હે પાર્થ ! એ કર્મ તો મમતા અને ફળનો ત્યાગ કરીનેજ કરવાં જોઈએ એ મારો નિશ્ચય અને ઉત્તમ અભિપ્રાય છે. ॥ ૬ ॥

नियतस्य तु संन्यासः कर्मणो नोपपद्यते ।
मोहात्तस्य परित्यागस्तामसः परिकीर्तितः॥

જે કર્મ કરવાનાં નક્કી કરેલાં છે તે કર્મ તજી દેવાં એ યોગ્ય નથી અને મોહથી જો તેનો ત્યાગ કરવામાં આવે તો તે ત્યાગ તામસી કહેવાય છે. ॥ ૭ ॥

दुःखमित्येव यत्कर्म कायक्लेशभयात्त्यजेत् ।
स कृत्वा राजसंत्यागं नैव त्यागफलं लभेत्॥

આનાથી દુઃખ થશે એમ ધારી શરીરને ક્લેશ થવાના ભયથી જે કોઇ કર્મને તજી દે છે, તે ત્યાગ રજોગુણી કહેવાય છે અને તેને ત્યાગનું ફળ મળતું નથી. ॥ ૮ ॥

कार्यमित्येव यत्कर्म
नियतं क्रियतेऽर्जुन ।
सङ्गं त्यक्त्वा फलं चैव
स त्यागः सात्त्विको मतः ॥९॥

હે અર્જુન ! જે કર્મ નક્કી કરવાનું છે તે કરવુંજ જોઇએ એવું સમજીને મમતા અને ફળની ઇચ્છા તજી દઇને જે કર્મ કરવામાં આવે છે તેને સાત્વિક ત્યાગ કહે છે. ॥ ૯ ॥

न द्वेष्ट्यकुशलं कर्म कुशले नानुषज्जते ।
त्यागीसत्त्वसमाविष्टोमेधावीछिन्नसंशयः ॥

સત્વ ગુણમાં પેઠેલો, સંશય રહિત થયેલો, બુદ્ધિમાન ત્યાગી નુકશાન કરનારાં કર્મને ધિક્કારતો નથી તેમજ લાભકારક કર્મનો સંગી થતો નથી. ॥ ૧૦ ॥

नहि देहभृता शक्यं त्यक्तुं कर्माण्यशेषतः ।
यस्तुकर्मफलत्यागीसत्यागीत्यभिधीयते ॥

દેહાભિમાની સમૂળાં કર્મનો ત્યાગ કરી શકતોજ નથી, પણ જે કર્મનાં ફળનો ત્યાગ કરીને કર્મ કરે છે તે જ ત્યાગી કહેવાય છે. ॥ ૧૧ ॥

अनिष्टमिष्टंमिश्रं च त्रिविधंकर्मणःफलम् ।
भवत्यत्यागिनांप्रेत्य नतुसंन्यासिनां कचित्॥

જે ત્યાગી નથી તેને કર્મનું ફળ ત્રણ પ્રકારનું મળે છે—સારૂં, નઠારૂં અને સારૂં તથા નઠારૂં એમ મિશ્ર; પણ સંન્યાસીને એમાંનું કંઇ થતું નથી. ॥ ૧૨ ॥

पञ्चैतानिमहाबाहो कारणानिनिबोध मे ।
सांख्ये कृतान्तेप्रोक्तानिसिद्धयेसर्वकर्मणाम्॥

હે મહાબાહુ અર્જુન ! સર્વ કર્મની સિદ્ધિ માટે સાંખ્યશાસ્ત્રમાં જે પાંચ કારણો કહ્યાં છે તે મારી પાસેથી તું જાણી લે. ॥ ૧૩ ॥

अधिष्ठानं तथा कर्ताकरणं च पृथग्विधम् ।

विविधाश्च पृथक्चेष्टा दैवं चैवात्र पञ्चमम् ॥

અધિષ્ઠા, કર્ત્તા, વિવિધ ઇંદ્રિયો, વિવિધ ચેષ્ટાઓ અને દૈવ પણ પાંચમું કારણ ગણાય છે.

शरीरवाङ्मनोभिर्यत्कर्म प्रारभते नरः ।
न्याय्यं वा विपरीतं वा पंचैते तस्य हेतवः॥

કાય, વાણી અને મનથી જે સારૂં નઠારૂં કર્મ માણસ કરે છે તે (કર્મના) આ પાંચ હેતુઓ છે. ॥ ૧૫ ॥

तत्रैवं सति कर्तारमात्मानं केवलं तु यः ।
पश्यत्यकृतबुद्धित्वान्न स पश्यति दुर्मतिः ॥

એમ છતાં પણ આત્મા જે અલગ છે તે આત્માને ખોટી સમજણને લીધે અને કેળવાયા વિનાની બુદ્ધિને લીધે જે કર્ત્તા સમજે છે તે ખરૂં જોતાં સમજતો નથી. ૧૬ ॥

यस्य नाहंकृतोभावोबुद्धिर्यस्य नलिप्यते ।
हत्वापिसइमाँल्लोकान्नहन्ति न निबद्ध्यते ॥

જેનામાં અહંભાવ નથી અને જેની બુદ્ધિને કશો લેપ થતો નથી તે અત્રેના સઘળા લોકોને મારી નાંખે છે તો પણ તે મારનારો નથી તેમ તેને કંઇ બંધન પણ થતું નથી.૧૭

ज्ञानं ज्ञेयं परिज्ञाता त्रिविधा कर्मचोदना ।
करणं कर्म कर्तेति त्रिविधः कर्मसंग्रहः ॥

જ્ઞાન, જ્ઞેય (જાણવાની વસ્તુ) અને જ્ઞાતા (જાણનાર) એ ત્રણ કર્મને ઉત્તેજન આપનાર છે અને ઇંદ્રિય, કર્મ અને કર્ત્તા એ ત્રણ કર્મ કરનાર છે. ॥ ૧૮ ॥

ज्ञानं कर्म च कर्ता च त्रिधैव गुणभेदतः ।
प्रोच्यतेगुणसंख्यानेयथावच्छृणुतान्यपि ॥

ગુણના ભેદને લીધે જ્ઞાન, કર્મ અને કર્ત્તા પણ ત્રણ પ્રકારનાં છે. ગુણોના વર્ણનમાં એ હું તને કહું છું તે તું બરાબર સાંભળી લે. ૧૯

सर्वभूतेषु येनैकं भावमव्ययमीक्षते ।

अविभक्तंविभक्तेषुतज्ज्ञानंविद्धिसात्त्विकम्॥

જે જ્ઞાન વડે કદી પણ નાશ ન પામે એવું એકજ મૂળ કારણ સર્વ ભૂતોમાં જોઈ શકાય છે, અને જે જુદા જુદા ભૂતોમાં વ્હેંચાયલું રહીને પણ વ્હેંચાયલું દેખાતું નથી તે જ્ઞાનને સાત્વિક જ્ઞાન જાણવું. ॥ ૨૦ ॥

पृथक्त्वेनतुयज्ज्ञानंनानाभावान्पृथग्विधान् ।
वेत्ति सर्वेषु भूतेषु तज्ज्ञानंविद्धि राजसम् ॥

પણ જે જ્ઞાનથી સર્વ ભૂતોમાંના જુદા જુદા ગુણો ખરેખરા જુદા જુદાજ જણાય છે તે જ્ઞાન રજોગુણી જાણવું. ॥ ૨૧ ॥

यत्तु कृत्स्नवदेकस्मिन्कार्ये सक्तमहतुकम् ।
अतत्त्वार्थवदल्पं च तत्तामसमुदाहृतम् ॥२२

જેથી એક કાર્ય અથવા વસ્તુને પરિપૂર્ણ માનવામાં આવે છે, જે કારણ વિનાનું છે, જેમાં કંઈ ખરૂં તત્વ નથી અને અલ્પ

છે તે તામસી જ્ઞાન કહેવાય છે. ॥ ૨૨ ॥

नियतं सङ्गरहितमरागद्वेषतः कृतम् ।
अफलप्रेप्सुना कर्म यत्तत्सात्त्विकमुच्यते ॥

જે કર્મ કરવાનું કહેલું છે તે કર્મ સંગરહિત હોઇને તથા પ્રીતિ અને દ્વેષભાવ રાખ્યા વિના તેમજ ફળની ઇચ્છા વિના કરવામાં આવ્યું હોય તો તે સાત્ત્વિક કહેવાય છે. ॥ ૨૩ ॥

यत्तु कामेप्सुना कर्म साहंकारेण वा पुनः।
क्रियतेबहुलायासंतद्राजसमुदाहृतम् ॥२४॥

જે કર્મ ફળની ઇચ્છાથી અથવા અહંકારથી કરવામાં આવે છે અને જેમાં ઘણો શ્રમ પડે છે તે રાજસી કર્મ કહેવાય છે. ૨૪

अनुबन्धं क्षयं हिंसामनपेक्ष्य च पौरुषम् ।
मोहादारभ्यतेकर्मतत्तामसमुदाहृतम् ॥२५॥

પરિણામનો, ક્ષયનો, હિંસાનો અને પોતા-

ની શક્તિનો વિચાર કર્યા વગર મોહથી જે કરવામાં આવે છે તે તામસી કર્મ કહેવાય છે.

मुक्तसङ्गोऽनहंवादी धृत्युत्साहसमन्वितः ।
सिद्ध्यसिद्ध्योर्निर्विकारःकर्तासात्विकउच्यते

મમતા રહિત, અહંભાવ વિનાનો, ધીરજ અને ઉત્સાહવાળો કામ સિદ્ધ થાય કે ના થાય તેની ચિંતા રાખ્યા વગર જે મનુષ્ય કર્મ કરે છે, તે સાત્વિક કર્તા કહેવાય છે. ॥ ૨૬

रागी कर्मफलप्रेप्सुर्लुब्धोहिंसात्मकोऽशुचिः।
हर्षशोकान्वितःकर्ता राजसः परिकीर्तितः॥

મમતાવાળો, કર્મના ફળની ઇચ્છાવાળો, લોભી, હિંસા કરનાર, અપવિત્ર અને હર્ષ તથા શોક કરનારો રજોગુણી કહેવાય છે. ૨૭

अयुक्तः प्राकृतःस्तब्धःशठोनैष्कृतिकोऽलसः।
विषादी दीर्घसूत्री च कर्तातामस उच्यते॥

મનને વશ નહિ રાખનાર, અવિવેકી, મૂઢ,

શઠ, અનિષ્ટ ઇચ્છનારો, આળસુ, ખેદ કરનારો, અને કામને આગળ પર હંમેશાં ઠેલનારો જે કર્તા તે તમોગુણી કહેવાય છે. ॥ ૨૮ ॥

बुद्धेर्भेदं धृतेश्चैव गुणतस्त्रिविधं श्रृणु ।
प्रोच्यमानमशेषेण पृथक्त्वेन धनंजय ॥२९

હે ધનંજય ! ગુણોના ભેદ પ્રમાણે બુદ્ધિ અને ધીરજ ત્રણ જાતનાં છે તે હું તને જુદાં જુદાં કહું છું તે સાંભળ. ॥ ૨૯ ॥

प्रवृत्तिं च निवृत्तिं च कार्याकार्ये भयाभये ।
बन्धं मोक्षंचया वेत्ति बुद्धिःसा पार्थसात्त्विकी

હે પાર્થ ! પ્રવૃત્તિ, નિવૃત્તિ, કરવા યોગ્ય અને નહિ કરવા યોગ્ય કર્મ, ભય, અભય, બંધ તથા મોક્ષ જે કોઈ જાણે છે તેની બુદ્ધિ સાત્વિક છે. ॥ ૩૦ ॥

यया धर्ममधर्मं च कार्यं चाकार्यमेव च ।
अयथावत्प्रजानातिबुद्धिःसापार्थराजसी ॥

હે પાર્થ ! જે બુદ્ધિ વડે ધર્મ, અધર્મ તથા કરવાનું અને નહિ કરવાનું, બરાબર જણાતું નથી તે બુદ્ધિ રજોગુણી છે. ॥ ૩૧ ॥

अधर्मं धर्ममिति या मन्यते तमसावृता ।
सर्वार्थान्विपरीतांश्च बुद्धिः सापार्थतामसी ॥

અજ્ઞાનથી ઢંકાઈ ગયેલા જે અધર્મને ધર્મ માને છે અને સર્વે બાબતોને ઉલટી માને છે તેમની બુદ્ધિ હે પાર્થ ! તામસી છે. ૩૨

धृत्या यया धारयते
मनःप्राणेन्द्रियक्रियाः ।
योगेनाव्यभिचारिण्या
धृतिः सा पार्थ सात्त्विकी ॥ ३३ ॥

હે પાર્થ ! અસ્ખલિત યોગને લીધે જે ધીરજથી મન, ઇંદ્રિયો અને પ્રાણની ક્રિયાઓને રોકી રખાય છે તે સાત્વિક ધીરજ છે. ૩૩

यया तु धर्मकामार्थान्धृत्या धारयतेऽर्जुन ।

प्रसंगेनफलाकाङ्क्षीधृतिःसा पार्थराजसी ॥

હે અર્જુન! જે ધીરજથી ધર્મ, અર્થ અને કામને ધારણ કરી શકાય અને પ્રસંગ આવતાં કર્મના ફળની ઈચ્છા રાખવામાં આવે તે ધીરજ રજોગુણી છે. ૩૪

यया स्वप्नं भयं शोकं विषादं मदमेव च ।
न विमुञ्चतिदुर्मेधाधृतिः सा पार्थ तामसी ॥

હે પાર્થ! જેથી કરીને મનુષ્ય ઉંઘ, ભય, શોક, સંતાપ, મદ અને મૂર્ખતા છોડતો નથી તે ધીરજ તામસી છે. ૩૫

सुखं त्विदानीं त्रिविधं शृणु मे भरतर्षभ ।
अभ्यासद्रमते यत्र दुःखान्तंचनिगच्छति ॥

હે ભરતકુળમાં શ્રેષ્ઠ! હવે ત્રણ જાતનું જે સુખ છે તે તું મારી પાસેથી સાંભળી લે. તેમાં અભ્યાસ રાખ્યાથી માણસ પ્રસન્ન થાય છે અને દુઃખના અંતને પામે છે. ૩૬

यत्तदग्रे विषमिव परिणामेऽमृतोपमम् ।
तत्सुखं सात्त्विकं प्रोक्तमात्मबुद्धिप्रसादजम् ॥

જે આરંભમાં વિષ જેવું હોય પણ પરિણામે અમૃત તુલ્ય હોય અને આત્મજ્ઞાનથી ઉત્પન્ન થયેલું હોય તે સુખ સાત્વિક કહેલું છે. ૩૭

विषयेन्द्रियसंयोगाद्यत्तदग्रेऽमृतोपमम् ।
परिणामे विषमिव तत्सुखं राजसं स्मृतम् ॥

વિષયો તથા ઇંદ્રિયોના સંયોગથી જે સુખ આરંભમાં અમૃત જેવું પણ અંતે વિષ જેવું હોય તે સુખ રજોગુણી કહેલું છે. ॥ ૩૮ ॥

यदग्रे चानुबन्धे च सुखं मोहनमात्मनः ।
निद्रालस्यप्रमादोत्थं तत्तामसमुदाहृतम् ॥

જે આરંભમાં તેમજ અંતે આત્માને મોહમાં નાખનાર છે અને ઉંઘ, આળસ તથા પ્રમાદથી ઉત્પન્ન થયેલું છે તે સુખ તમોગુણી કહેલું છે. ૩૯

न तदस्तिपृथिव्यां वादिवि देवेषु वापुनः ।
सत्त्वंप्रकृतिजर्मुक्तंयदेभिःस्यात्रिभिर्गुणैः ॥

પૃથ્વી ઉપર અથવા સ્વર્ગમાં દેવતાઓમાં પણ એવું કોઇ સત્ત્વ નથી કે જે પ્રકૃતિજન્ય આ ત્રણ ગુણથી મુક્ત થયેલું હોય. ૪૦

ब्राह्मणक्षत्रियविशां शूद्राणां च परंतप ।
कर्माणि प्रविभक्तानि स्वभावप्रभवैर्गुणैः ॥

હે શત્રુઓને તાપ કરનાર! બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય અને શૂદ્ર એ સર્વનાં કર્મ તેઓના સ્વભાવથી થયેલા ગુણોના પ્રમાણમાં વ્હેંચી નાંખેલાં હોય છે. ૪૧

शमो दमस्तपः शौचं क्षान्तिरार्जवमेव च ।
ज्ञानंविज्ञानमास्तिक्यंब्रह्मकर्मस्वभावजम् ॥

શમ (મનને શાંત રાખવું), દમ (ઇંદ્રિયોને વશ રાખવી), તપ, પવિત્રતા, ક્ષમા, સરળતા, જ્ઞાન, અનુભવ સાથે જ્ઞાન, અને આ-

સ્તિકપણું એ સ્વભાવથી ઉત્પન્ન થયેલાં બ્રાહ્મ-
ણનાં કર્મ છે. ૪૨

शौर्यंतेजोधृतिर्दाक्ष्यं युद्धे चाप्यपलायनम् ।
दानमीश्वरभावश्च क्षात्रं कर्म स्वभावजम् ॥

શૌર્ય, તેજ, ધીરજ, ચતુરાઈ, લડાઇમાં પા-
છું નહિ હઠવું, દાન અને રાજાના ગુણ એ
ક્ષત્રીયોનાં સ્વભાવથી ઉત્પન્ન થયેલાં કર્મ
છે. ॥ ૪૩ ॥

कृषिगोरक्ष्यवाणिज्यंवैश्यकर्मस्वभावजम् ।
परिचर्यात्मकं कर्म शूद्रस्यापि स्वभावजम् ॥

ખેતી, ગાયોનું પાલન અને વેપાર એ સ્વા-
ભાવિક વૈશ્યોનાં કર્મ છે અને સર્વ વર્ણની
સેવા કરવી એ શૂદ્રનું સ્વાભાવિક કર્મ છે. ૪૪

स्वे स्वेकर्मण्यभिरतः संसिद्धिंलभते नरः ।
स्वकर्मनिरतःसिद्धिंयथाविन्दति तच्छृणु ॥

પોત પોતાના કર્મમાં સંતોષ માનનાર મનુ-

ષ્ય સિદ્ધિ પ્રાપ્ત કરે છે. પોતાના કર્મમાં સંતોષ માનનારને સિદ્ધિ શી રીતે મળે છે તે સાંભળ. ॥ ૪૫ ॥

यतः प्रवृत्तिर्भूतानां येन सर्वमिदं ततम् ।
स्वकर्मणातमभ्यर्च्यसिद्धिं विन्दतिमानवः ॥

જેનાથી સર્વે ભૂતોની પ્રવૃત્તિ છે અને જેનાથી આ સઘળુ વિસ્તારને પામ્યું છે તેને (પરમેશ્વર) પોતાના કર્મથી ઉપાસીને માણસ સિદ્ધિ મેળવે છે. ॥ ૪૬ ॥

श्रेयान्स्वधर्मोविगुणः परधर्मात्स्वनुष्ठितात् ।
स्वभावनियतं कर्म कुर्वन्नाप्नोति किल्बिषम्॥

સારી રીતે સ્થપાએલા ગુણવાળા પારકા ધર્મ કરતાં ઓછા ગુણવાળો પોતાનો ધર્મ વધારે કલ્યાણકારક છે. સ્વભાવથી ઉત્પન્ન થયેલાં કર્મ કરનારને પાપ લાગતું નથી. ૪૭

सहजं कर्म कौन्तेय सदोषमपि न त्यजेत् ।

सर्वारम्भा हि दोषेणधूमेनाग्निरिवावृताः ॥

હે કુંતાના પુત્ર ! સ્વભાવથી ઉત્પન્ન થયેલું કર્મ દોષવાળું હોય તો પણ તે તજવું નહિ, કારણ કે જેમ અગ્નિ ધુમાડાથી વીંટાયલો હોય છે તેમ સઘળાં કર્મમાં દોષ રહેલા હોય છે જ. ॥ ૪૮ ॥

असक्तबुद्धिःसर्वत्रजितात्माविगतस्पृहः ।
नैष्कर्म्यसिद्धिंपरमांसंन्यासेनाधिगच्छति ॥

જેની બુદ્ધિ સર્વ જગાએ આસક્તિ વિનાની છે, જેણે પોતાના આત્માને વશ કરેલો છે અને જેણે સઘળી ઇચ્છાઓ તજી દીધેલી છે, તે મનુષ્ય સંન્યાસ વડે કર્મથી મુક્ત થઇને નિષ્કર્મ (કર્મ નહિ કરવાની) સિદ્ધિને પામે છે. ॥ ૪૯ ॥

सिद्धिंप्राप्तो यथा ब्रह्मतथाप्नोतिनिबोध मे ।
समासेनैव कौन्तेयनिष्ठा ज्ञानस्यया परा ॥

હે કુંતાના પુત્ર! જ્ઞાનનો ઉંચામાં ઉંચો હેતુ જે બ્રહ્મ તેને સિદ્ધિ પામેલો માણુસ કેવી રીતે પ્રાપ્ત કરે છે તે હું તને ટુંકામાં કહું છું તે તું જાણી લે. ॥ ૫૦ ॥

बुद्ध्याविशुद्धयायुक्तो धृत्यात्मानंनियम्य च।
शब्दादीन्विषयांस्त्यक्त्वारागद्वेषौव्युदस्यच॥

પવિત્ર બુદ્ધિવાળો થઈને, ધીરજથી આત્માને વશમાં રાખીને, શબ્દ વગેરે ઇંદ્રિયોના વિષયોને છોડી દઈને, પ્રીતિ અને વેરભાવ બાજુએ મૂકીને, ॥ ૫૧ ॥

विविक्तसेवी लघ्वाशी यतवाक्कायमानसः ।
ध्यानयोगपरोनित्यंवैराग्यंसमुपाश्रितः ॥

એકાંત સ્થાનમાં રહીને, અલ્પ ભોજન કરીને, મન, વાણી તથા કર્મને નિયમમાં રાખીને, સદા ધ્યાન યોગમાં મન પરોવીને અને વૈરાગ્યને વળગી રહીને, ॥ ૫૨ ॥

अहंकारं बलं दर्पं कामं क्रोधं परिग्रहम् ।
विमुच्य निर्ममः शांतोब्रह्मभूयाय कल्पते ॥

અહંકાર, બળ, ગર્વ, કામ, ક્રોધ, તથા પરિગ્રહને (કાંઇ લેવું તે) છોડીને, મમતા રહિત અને શાંત થઇને તે બ્રહ્મ થવાને યોગ્ય થાય છે. ॥ ૫૩ ॥

ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचतिनकांक्षति ।
समः सर्वेषु भूतेषु मद्भक्ति लभते पराम् ॥

બ્રહ્મ થઇને પોતાના આત્મામાંજ પ્રસન્ન રહીને તે કોઇ વાતનો શોક કે કંઇ ઇચ્છા કરતો નથી અને સર્વ ભૂત તરફ સમાન દૃષ્ટિ વાળો થઇને તે મનુષ્ય મારી ઉંચામાં ઉંચી ભક્તિ પ્રાપ્ત કરે છે. ॥ ૫૪ ॥

भक्त्यामामभिजानातियावान्यश्चास्मितत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनंतरम् ॥

ભક્તિથી મને બરાબર રીતે જાણે છે કે હું

કેવો છું અને મારૂં તત્ત્વ શું છે ? મારૂં તત્ત્વ જાણીને પછી તરતજ તે તે તત્ત્વમાં મળી જાય છે. ॥ ૫૫ ॥

सर्वकर्माण्यपि सदाकुर्वाणो मद्व्यपाश्रयः ।
मत्प्रसादादवाप्नोति शाश्वतं पदमव्ययम् ॥

મારો આશ્રય રાખીને સદા સઘળાં કર્મ કરવા છતાં પણ તે મારી કૃપાથી સદાકાળનું અવિનાશી પદ પામે છે. ॥ ૫૬ ॥

चेतसा सर्वकर्माणि मयि संन्यस्य मत्परः ।
बुद्धियोगमुपाश्रित्य मच्चित्तः सततं भव ॥

માટે મનથી સર્વ કર્મ મારામાં અર્પણ કરીને અને મનેજ પ્રાપ્ત કરવાનો હેતુ રાખીને તથા બુદ્ધિયોગને આશ્રયે રહીને સદા મારામાંજ ચિત્ત રાખ. ॥ ૫૭ ॥

मच्चित्तः सर्वदुर्गाणिमत्प्रसादात्तरिष्यसि ।
अथचेत्त्वमहंकारान्न श्रोष्यसिविनंक्ष्यसि ॥

મારામાં ચિત્ત રાખતાં મારી કૃપાથી તું સઘળાં સંકટ તરી જઈશ પણ જો અહંકારથી મારૂં કહેવું સાંભળીશ નહિ તો તું નાશ પામીશ. ॥ ૫૮ ॥

यदहंकारमाश्रित्यन योत्स्य इतिमन्यसे ।
मिथ्यैषव्यवसायस्तेप्रकृतिस्त्वांनियोक्ष्यति ॥

અહંકારને આશ્રયે રહીને જો તું એમ માનતો હોઇશ કે હું લડીશ નહિ તો એ તારો નિશ્ચય મિથ્યા છે કારણ કે પ્રકૃતિજ તેમાં તને પકડી રાખશે. ૫૯

स्वभावजेन कौंतेय निबद्धः स्वेन कर्मणा ।
कर्तुंनेच्छसि यन्मोहात् करिष्यस्यवशोऽपितत्

હે કુંતાના પુત્ર! તારાં સ્વભાવથી ઉત્પન્ન થયેલાં કર્મથી તું બંધાયલો છે, અને મોહથી જે કરવાને ઇચ્છતો નથી તે તું પરવશ થઇને પણ કરીશ. ॥ ૬૦ ॥

ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति ।
भ्रामयन्सर्वभूतानि यंत्रारूढानि मायया ॥

હે અર્જુન ! પોતાની માયાથી ચક્ર ઉપર ચઢાવેલાં પુતળાંની પેઠે સર્વ જીવોને ભમાવતો ઈશ્વર સર્વ જીવોના હૃદયમા રહે છે. ૬૧

तमेव शरणं गच्छ सर्वभावेन भारत ।
तत्प्रसादात्परांशांतिंस्थानंप्राप्स्यसिशाश्वतम्

માટે હે ભારત ! સર્વ ભાવથી તું તેનેજ શરણે જા. તેની કૃપાથી ઉંચામાં ઉંચી શાંતિ અને સનાતન ધામ તને પ્રાપ્ત થશે. ૬૨

इति ते ज्ञानमाख्यातं गुह्याद्गुह्यतरं मया ।
विमृश्यतदशेषेण यथेच्छसि तथा कुरु ॥

આ પ્રમાણે ગુપ્તમાં ગુપ્ત જ્ઞાન મેં તને કહ્યું, એના ઉપર સંપૂર્ણ વિચાર કરીને તારી ઇચ્છામાં આવે તેમ કર. ॥ ૬૩ ॥

सर्वगुह्यतमं भूयः शृणु मे परमं वचः ।
इष्टोऽसि मेदृढमितिततोवक्ष्यामितेहितम् ॥

વળી સર્વથી ગુહ્ય અને સારામાં સારૂં એક વચન હું તને કહું છું તે તું સાંભળ; તું મને અત્યંત વહાલો છે માટેજ હું તારા હિતને અર્થે તે તને કહું છું. ॥ ૬૪ ॥

मन्मना भवमद्भक्तोमद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसिसत्यं तेप्रतिजानेप्रियोऽसि मे ॥

મારામાંજ મન રાખ, મારોજ ભક્ત થા, મારૂંજ યજન કર અને મનેજ પ્રણામ કર. હું તને એ બાબતની પ્રતિજ્ઞા કરી કહું છું કે એમ કરવાથી ખરેખર તું મનેજ પામીશ, કારણ કે તું મને પ્રિય છે. ॥ ૬૫ ॥

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहंत्वासर्वपापेभ्यो मोक्षयिष्यामिमाशुचः ॥

સર્વ ધર્મને તજી દઇને મારે એકલાનેજ

શરણે આવીને રહે. હું તને સર્વ પાપથી મુ-
ક્ત કરીશ, માટે તું શોક કરીશ નહિ. ૬૬

इदं ते नातपस्काय नाभक्ताय कदाचन ।
न चाशुश्रूषवे वाच्यंनचमां योऽभ्यसूयति ॥

જે ધર્મ પ્રમાણે વર્તતો નથી, જે ભક્તિ ર-
હિત છે, જે જ્ઞાન પ્રાપ્ત કરવાને ગુરૂ સેવા ક-
રવા ઇચ્છતો નથી તથા જે મારી નિંદા કર-
નારો છે તેને આ વાત તારે કહેવી નહિ. ૬૭

य इदं परमं गुह्यं मद्भक्तेष्वभिधास्यति ।
भक्तिमयिपरांकृत्वा मामेवैष्यत्यसंशयम् ॥

આ મોટી ગુહ્ય વાત જે સારા ભક્તોને સં-
ભળાવશે તે મારી ઉંચા પ્રકારની ભક્તિ ક-
રીને મનેજ પામશે એમાં સંશય નથી. ૬૮

न च तस्मान्मनुष्येषुकश्चिन्मेप्रियकृत्तमः ।
भविता न च मे तस्मादन्यःप्रियतरोभुवि ॥

તેવું કરનાર મનુષ્યના કરતાં બીજો કોઇ

મને વધારે વ્હાલો નથી અને પૃથ્વીમાં તેના કરતાં બીજો કોઈ વધારે વ્હાલો થવાનો પણ નથી. ॥ ૬૯ ॥

अध्येष्यते च य इमंधर्म्यं संवादमावयोः ।
ज्ञानयज्ञेन तेनाहमिष्टःस्यामिति मे मतिः ॥

આપણા આ ધર્મયુક્ત સંવાદનો જે કોઇ અભ્યાસ કરશે, તેણે મને જ્ઞાનયજ્ઞ વડે પૂજ્યો છે એમ હું માનીશ. ॥ ૭૦ ॥

श्रद्धावाननसूयश्च
शृणुयादपि यो नरः
सोऽपि मुक्तः शुभाँल्लोकान्
प्राप्नुयात्पुण्यकर्मणाम् ॥७१॥

જે માણુસ શ્રદ્ધાથી અને ઈર્ષ્યા રાખ્યા વગર આ જ્ઞાન સાંભળશે તે પાપથી મુક્ત થઇ પુણ્ય કર્મ કરનારા પવિત્ર લોકને પામશે. ૭૧

कच्चिदेतच्छ्रुतं पार्थ त्वयैकाग्रेण चेतसा ।

कच्चिदज्ञानसंमोहः प्रणष्टस्ते धनंजय॥७२॥

હે પાર્થ ! તેં એક ચિત્તથી આ સર્વ સાંભળ્યું કે નહિ ? હે ધનંજય ! હવે તારો અજ્ઞાનથી ઉત્પન્ન થયેલો મોહ નાશ પામ્યો કે કેમ ?

अर्जुन उवाच ।

नष्टोमोहःस्मृतिर्लब्धात्वत्प्रसादान्मयाच्युत ।
स्थितोऽस्मिगतसंदेहः करिष्येवचनं तव ॥

અર્જુને કહ્યું:-હે અચ્યુત ! તમારી કૃપાથી મારો મોહ નાશ પામ્યો છે અને સત્યનું મને સ્મરણ થયું છે. મારી સર્વ શંકાઓ દૂર થઈ છે અને હું સ્થિર થયો છું, હવે હું તમારા કહેવા પ્રમાણે કરીશ. ॥ ૭૩ ॥

संजय उवाच ।

इत्यहं वासुदेवस्य पार्थस्य च महात्मनः ।
संवादमिममश्रौषमद्भुतं रोमहर्षणम् ॥७४॥

સંજયે કહ્યું:- આ પ્રમાણે શ્રી કૃષ્ણનો અને

મહાત્મા અર્જુનનો ચમત્કારી અને રોમ ઉ-
ભાં કરે એવો સંવાદ મેં સાંભળ્યો. ॥ ૭૪ ॥

व्यासप्रसादाच्छ्रुतवानेतद्गुह्यमहं परम् ।
योगंयोगेश्वरात्कृष्णात्साक्षात्कथयतःस्वयम् ॥

શ્રી વ્યાસજીની કૃપાથી સાક્ષાત યોગેશ્વર
શ્રી કૃષ્ણે પોતેજ કહેલો પરમ ગુહ્ય એવો જે
યોગ તે મેં સાંભળ્યો છે. ॥ ૭૫ ॥

राजन्संस्मृत्य संस्मृत्य संवादमिममद्भुतम् ।
केशवार्जुनयोः पुण्यं हृष्यामि च मुहुर्मुहुः ॥

હે રાજન્! કેશવ અને અર્જુનનો આ પ-
વિત્ર અને અદ્ભુત સંવાદ સંભારી સંભારીને
હું વારંવાર આનંદ પામું છું. ॥ ૭૬ ॥

तच्च संस्मृत्य संस्मृत्य रूपमत्यद्भुतं हरेः ।
विस्मयोमेमहान्राजन् हृष्यामिचपुनःपुनः ॥

વળી હે રાજન્! શ્રી હરિનું તે ઘણું અદ્ભુ-

ત રૂપ સંભારી સંભારીને હું મહા આશ્ચર્ય પામું છું અને વારંવાર ખુશી થાઉં છું. ૭૭

यत्र योगेश्वरः कृष्णो यत्रपार्थो धनुर्धरः ।
तत्र श्रीविजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ॥

જ્યાં યોગેશ્વર શ્રી કૃષ્ણ છે અને જ્યાં ધનુષધારી અર્જુન છે ત્યાં લક્ષ્મી, જય, સંપત્તિ અને અચળ નીતિ રહે છે એમ માનું છું. ૭૮

इति श्रीमद्भगवद्गीतासूपनिषत्सु ब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादे मोक्षसंन्यासयोगो नामाष्टादशोऽध्यायः ॥१८॥

અઢારમો અધ્યાય સમાપ્ત.

ઇતિ શ્રીમદ્ભગવદ્ગીતા સમાપ્ત.

अथ रामगीता माहात्म्य प्रारंभ.

श्रीरामगीतामाहात्म्यं कृत्स्नंजानातिशंकरः
तदर्धंगिरिजावेत्तितदर्धंवेद्म्यहंमुने ॥१॥

શ્રી ભગવાને કહ્યું કે—હે નારદ ! શ્રી રામગીતાનું સંપૂર્ણ માહાત્મ્ય તો એકલા શ્રી શંકરજ જાણે છે, તેથી અડધું શ્રી પાર્વતીજી જાણે છે અને તેનાથી પણ અડધું હું જાણું છું અર્થાત્ શિવજી રામગીતાના માહાત્મ્યને જાણે છે તેથી હું ચોથા ભાગે જાણું છું; કેમકે રામનામનો મહિમા તેમણેજ પૂર્ણ પ્રકારે જાણેલો છે.

तत्रेकिंचित्प्रवक्ष्यामि कृत्स्नंवक्तुंनशक्यते ।
यज्ज्ञात्वातत्क्षणाल्लोकश्चित्तशुद्धिमवाप्नुयात् ॥

હું જેટલું માહાત્મ્ય જાણું છું તે સર્વ કહેવા સમર્થ નથી માટે તેમાંનો થોડો ભાગ સારરૂપે—તત્વ કહું છું જે જાણવાથી લોકોના ચિ-

ત્તની શુદ્ધિ થશે અર્થાત્ મન શુદ્ધિ કરવા આ ઉત્તમ ઉપાય છે. ॥ ૨ ॥

श्रीरामगीतायत्पापंननाशयतिनारद ।
तन्ननश्यतितीर्थादौलोकेक्वापिकदाचन ।
तन्नपश्याम्यहंलोकेमार्गमाणोऽपिसर्वदा ॥३

હે નારદ! જે પાપ રામગીતાથી નાશ ન થયું તે પાપ અન્ય તીર્થ આદિ પવિત્ર સ્થળોનાં દર્શનથી, પણ નાશ થશે નહીં. હજી સુધી એવું એકે પાપ નથી કે જે રામગીતાથી બળી ન ગયું હોય, અર્થાત્ પાપ માત્ર રામગીતાથી નાશ પામે છે. ॥ ૩ ॥

रामेणोपनिषत्सिन्धुमुन्मथ्योत्पादितांमुदा ।
लक्ष्मणायार्पितांगीतासुधांपीत्वाऽमरोभवेत्॥

શ્રી રામચંદ્રજીએ ઉપનિષદ્રૂપ સમુદ્રનું મંથન કરી ગીતારૂપ અમૃતને ઉત્પન્ન કરી

આનંદસહ પોતાના અનુજબન્ધુ લક્ષ્મણજીને આપ્યું કે જે અમૃતના પાનવડે કરીને મનુષ્ય સંસારથી મુક્ત થાય છે અર્થાત્ અજર અમર સ્થિતિને પ્રાપ્ત થાય છે. ॥ ૪ ॥

जमदग्निसुतःपूर्वंकार्त्तवीर्यवधेच्छया ।
धनुर्विद्यामभ्यसितुंमहेशस्यान्तिकेवसन् ॥५

પૂર્વે જમદગ્નિ મહર્ષિના પુત્ર ઇશ્વરાવતાર શ્રી પરશુરામજી સહસ્રાર્જુનના વધની ઇચ્છાને લીધે ધનુર્વિદ્યા શીખવાના હેતુથી શ્રી શિવજી પાસે રહ્યા હતા. ॥ ૫ ॥

अधीयमानांपार्वत्यारामगीतांप्रयत्नतः ।
श्रुत्वागृहीत्वाऽऽशुपठन्नारायणकलामगात् ६

ત્યાં પાર્વતીજી નિરંતર રામગીતાનો પાઠ કરતાં હતાં. તે પાઠ સાંભળીને મહાપ્રયત્નવડે તેમની પાસેથી પોતે શીખ્યા અને પાઠ કરવા લાગ્યા જેથી નારાયણ રૂપ થયા. ॥ ૬ ॥

ब्रह्महत्यादिपापानांनिष्कृतिंयदिवाञ्छति ।
रामगीतां मासमात्रं पठित्वा मुच्यतेनरः ॥७

જે મનુષ્યને બ્રહ્મહત્યાદિ ઘોર પાપોથી મુક્ત થવાની ઇચ્છા હોય તો માત્ર એક મહિનો રામગીતાનો (શુદ્ધ ચિત્તથી) પાઠ કરવાથી તે સર્વ પાપોનાં બંધનથી છુટી જાય છે. ॥૭

दुष्प्रतिग्रहदुर्भोज्यदुरालापादिसंभवम् ।
पापंयत्तत्कीर्तनेनरामगीताविनाशयेत् ॥८॥

દુષ્ટ દાન લેવાથી, ન ખાવા યોગ્ય વસ્તુ ખાવાથી તથા ખરાબ શબ્દ બોલવાથી જે પાપ થાય છે તે સઘળાં પાપ રામગીતાના પાઠથી નાશ પામે છે. ॥ ૮ ॥

शालिग्रामशिलाग्रेचतुलस्यश्वत्थसन्निधौ ।
यतीनांपुरतस्तद्वद्रामगीतापठेत्तुयः ।
सतत्फलमवाप्नोतियद्वाचोऽपिनगोचरम् ॥९

જે મનુષ્ય શાલિગ્રામ આગળ, તુલસી કે પીપળાની સમક્ષ—નજીક વા સંન્યાસીઓ

આગળ રામગીતાનો પાઠ કરે છે તેને જે ફળ પ્રાપ્ત થાય છે તે વાણીથી (સરસ્વતીથી) પણ કહી શકાય એમ નથી. ॥ ૯ ॥

रामगीतांपठन्भक्त्यायःश्राद्धेभोजयेद्द्विजान् ।
तस्यतेपितरःसर्वेयांतिविष्णोःपरंपदम् ॥ १०

જે મનુષ્ય શ્રાદ્ધ સમયે રામગીતાનો પાઠ કરીને બ્રાહ્મણોને જમાડે છે તેના સર્વ પૂર્વજો શ્રી વિષ્ણુપદને પ્રાપ્ત થાય છે. ॥ ૧૦

एकादश्यांनिराहारोनियतोद्वादशीदिने ।
स्थित्वागस्त्यतरोर्मूलेरामगीतांपठेत्तुयः ॥
सएवराघवःसाक्षात्सर्वेदेवैश्चपूज्यते ॥ ११ ॥

એકાદશીને દિવસે ઉપવાસ કરી અને બારસને દિવસે વ્રતસ્થ રહીને અગથીઆના ઝાડ તળે બેસીને જે મનુષ્ય રામગીતાનો પાઠ કરે છે તે સાક્ષાત્ રામચંદ્રજી સમાન સર્વ દેવોનેપૂજવા યોગ્ય થાય છે અર્થાત્ રામગીતાનો આ પ્રમાણે પાઠ કરે તો સર્વ દેવો તેની પુજા કરે છે.

विनादानंविनाध्यानंविनातीर्थावगाहनम् ।
रामगीतांनरोऽधीत्यतदनन्तफलंलभेत् ॥१२

જ્ઞાન, ધ્યાન અને તીર્થ સ્નાનાદિ કર્મો વિનાજ જે મનુષ્ય રામગીતાનો પાઠ કરે છે તે ઉક્ત સત્કૃત્યોનાં અનંતફળને પામે છે. અર્થાત્ માત્ર રામગીતાજ અનંત ફળને આપનાર છે. ૧૨

बहुमाकिमिहोक्तेन शृणुनारदतत्वतः ।
यस्यविज्ञानमात्रेण वांछितार्थफलंलभेत् १३

હે નારદ! વધારે કહેવાથી શો લાભ છે? માત્ર રામગીતાના જાણવાથી વાંછિતાર્થની પ્રાપ્તિ થાય છે અર્થાત્ જે જે મનકામનાઓ સિદ્ધ કરવી હોય તે તે આ રામગીતા વાંચવાથી, મનન કરવાથી અને તે પાઠ ઉપર પૂર્ણ વિશ્વાસ રાખવાથી સિદ્ધને પામે છે.

इति श्रीब्रह्माण्डपुराणेउत्तरखण्डेरामगीता माहात्म्यंसंपूर्णम्॥

ઇતિ શ્રીરામગીતા માહાત્મ્ય સમાપ્ત.

अथ रामगीता प्रारंभ.

॥ महादेव उवाच ॥

ततो जगन्मङ्गलमङ्गलात्मनाविधाय रामायण कीर्तिमुत्तमाम् ॥ चचारपूर्वाचरितंरघूत्तमोराजर्षिवर्यैरपिसेवितंयथा ॥१॥

શ્રી મહાદેવજી કહે છે કે–હે પાર્વતી! ત્યાર પછી જગતના કલ્યાણરૂપ માંગલિક જેનો આત્મા છે એવા રામચંદ્રજી મોક્ષને અર્થે અત્યંત શ્રેષ્ઠ એવી રામાયણને પ્રવર્તાવનારી કીર્તિ સ્થાપન કરીને પોતાના બાપદાદાઓ તથા બીજા મોટા મોટા રાજાઓ જે પ્રમાણે પ્રજાનું પાલન કરી સત્કથા સાંભળતા અને મોક્ષ માર્ગનું સેવન કરતા તે રીતે પોતે પણ કરવા લાગ્યા. ॥ ૧ ॥

सौमित्रिणापृष्टउदारबुद्धिनारामःकथाम् प्राह पुरातनीम्शुभाम् ॥ राज्ञःप्रमत्तस्यनृगस्यशा-

पतोद्विजस्यतिर्यक्त्वमथाहराघवः ॥२॥

મહા ગુણવાન બુદ્ધિશાળી સુમિત્રાજીના પુત્ર લક્ષ્મણજીના પૂછવાથી ધર્મ અને અધર્મના નિર્ણયને અર્થે પૂર્વે બ્રાહ્મણોને ગોદાન આપવાથી મદોન્મત થએલા નૃગ રાજાને બ્રાહ્મણના શાપથી કાચંડાનો દેહ ધરવો પડયો હતો તે કથા રામચંદ્રજી લક્ષ્મણજીને કહેવા લાગ્યા ॥ ૨ ॥

कदाचिदेकान्त उपस्थितंप्रभुरामंरमालालितपादपङ्कजम् । सौमित्रिरासादितशुद्धभावनः प्रणम्यभक्त्याविनयान्वितोऽब्रवीत् ॥३॥

એક દિવસ એકાંત સ્થળમાં બેઠેલા એવા અને જેમના ચરણારવિંદને લક્ષ્મી (સીતાજી) એ સેવેલા છે એવા પૂર્ણ પ્રતાપી રામચંદ્રજીને શુદ્ધ અંતઃકરણવાળા લક્ષ્મણજી ભક્તિવડે નમસ્કાર કરીને વિનયયુક્ત આ પ્રમાણે પૂછવા લાગ્યા. ॥ ૩ ॥

त्वंशुद्धबोधोऽसिहिसर्वदेहिनामात्माऽस्यधीशोऽसिनिराकृतिः स्वयम् ॥ प्रतीयसेज्ञानदृशांमहामतेपादाब्जभृङ्गाहितसंगसंगिनाम् ॥४

હે બુદ્ધિમાન રામચંદ્રજી! તમે તો શુદ્ધ ચૈતન્ય રૂપ છો, સર્વ દેહોના આત્મા, દેવના નિયંતા છો, આકૃતિ રહિત છો, તો પણ તમારા ચરણકમળને ભમરાની પેઠે શુદ્ધ અંતઃકરણથી જેમણે સંગ કરેલો છે એવા જ્ઞાનવાળા પુરૂષોને તો તમે પ્રત્યક્ષ જણાઓ છો. ॥ ૪

अहंप्रपन्नोऽस्मिपदाम्बुजं प्रभोभवापवर्गं तव योगिभावितम्॥ यथांजसाज्ञानमपारवारिधिं सुखंतरिष्यामितथानुशाधिमाम् ॥५॥

હે પ્રભુ! સંસાર થકી મોક્ષને અર્થે યોગી પુરૂષોએ સેવેલાં એવાં તમારાં ચરણકમળને હું પામ્યો છું માટે અવિદ્યારૂપ સમુદ્રને હું સ્હેજે તરી જાઉં તે રીતે મને ઉપદેશ આપો. ॥ ૫ ॥

श्रुत्वाऽथसौमित्रिवचोऽखिलंतदा प्राह प्रपन्नार्तिहरःप्रसन्नधीः॥ विज्ञानमज्ञानतमोप्रशान्तयेश्रुतिप्रपन्नंक्षितिपालभूषणः ॥६॥

ત્યાર પછી શરણે આવેલાની પીડાને શમાવનાર અને ભક્ત ઉપર અનુગ્રહ કરવાવાળા, બુદ્ધિવાળા અને પૃથ્વીનું પાલન કરનારા રાજાઓમાં આભૂષણરૂપ રામચંદ્રજી સુમિત્રાજીના પુત્ર લક્ષ્મણજીનાં આ પ્રકારે વિનય વાક્ય સાંભળીને તે વખતે અજ્ઞાનની શાંતિને અર્થે શ્રુતિએ યુક્ત એવું જે જ્ઞાન તે કહેવા લાગ્યા. ॥ ૬ ॥

आदौस्ववर्णाश्रमवर्णिताः क्रियाःकृत्वासमासादितशुद्धमानसः । समाप्यतत्पूर्वमुपात्तसाधनःसमाश्रयेत्सद्गुरुमात्मलब्धये ॥७॥

પ્રથમ પોતાના વર્ણાશ્રમના ધર્મ પ્રમાણે કહેલી ક્રિયાઓ કરીને, શુદ્ધ અંતઃકરણવાળો

થઈ, શમદમાદિ નિયમનું સાધન કરી, કર્મ-ફળનો ત્યાગ કરી આત્મજ્ઞાનને માટે સદ્‌ગુરૂનો આશ્રય કરવો. ॥ ૭ ॥

क्रियाशरीरोद्भवहेतुरादृताप्रियाप्रियौतौ भवतः सुरागिणः ॥ धर्मेतरौतत्रपुनःशरीरकंपुनः क्रियाचक्रवदीर्यतेभवः ॥८॥

પ્રીતિપૂર્વક પૂર્વજન્મમાં સંપાદન કરેલી ક્રિયાઓ તે જ જન્મના હેતુભૂત છે પછી તે જન્મમાં વિષયાભિલાષી પુરૂષોને સુખ દુઃખ ઉત્પન્ન કરનારા, ધર્મ ને અધર્મમાં સુખને પામવાને અને દુઃખને નિવારણ કરવાની ભ્રાંતિથી પ્રવૃત્તિ થાય છે અને તેથી જે ક્રિયાઓ કરવામાં આવે છે તેથી દેહ ઉત્પન્ન થાય છે એમ ક્રિયા અને શરીર ફરતા ચક્રની પેઠે વારંવાર ફર્યા કરે છે. ॥ ૮ ॥

अज्ञानमेवास्यहिमूलकारणंतद्धानमेवात्र विधौविधीयते ॥ विद्यैवतन्नाशविधौपटीयसीन

कर्मतज्जंसविरोधमीरितम् ॥९॥

આ સંસારથી નિવૃત્તિ નહીં પામવાનું મૂળકારણ અજ્ઞાન છે માટે આ જન્મમાં અજ્ઞાનના નાશ કરવાના ઉપાયોમા વિદ્યા સમર્થ છે, પણ કર્મ સમર્થ નથી; કેમક કર્મ અજ્ઞાનથી થાય છે માટે તે વિરોધ યુક્ત છે. ૯

नाज्ञानहानिर्नचरागसंक्षयो भवेत्ततः कर्म सदोषमुद्भवेत् । ततः पुनः संसृतिरप्यवारिता तस्माद्बुधोज्ञानविचारवान्भवेत् ॥१०॥

અજ્ઞાન નાશ પામ્યા વગર રાગનો નાશ થતો નથી તેથી દોષ યુક્ત કર્મ ઉત્પન્ન થાય છે અને તેથી સંસાર ઉત્પન્ન થાય છે માટે બુદ્ધિમાન પુરૂષે જ્ઞાન અને વિચાર યુક્ત થવું. ૧૦

ननुक्रियावेदमुखेननोदितायथैवविद्या पुरुषार्थसाधनम् । कर्तव्यताप्राणभृतःप्रचोदिता विद्यासहायत्वमुपैतिसापुनः ॥११॥

આ પ્રકારે વચન સાંભળી લક્ષ્મણજીએ

પૂછ્યું કે હે ભગવાન ! અગ્નિહોત્રાદિક કર્મ પણ વેદોક્ત છે તો પછી કર્મ નિંદિત કેમ થયું ? જેમ પુરૂષાર્થના સાધનને આપનારી વિદ્યા છે તેમ વેદની શ્રુતિઓમાં કહેલી ક્રિયાઓ પણ હોવી જોઇએ. આવી શંકા સાંભળી તેના સમાધાન માટે રામચંદ્રજીએ કહ્યું કે દેહધારી મનુષ્યોએ શ્રુતિ પ્રમાણે ચિત્ત શુદ્ધિ માટે ક્રિયાઓ કરવી; કેમકે તેથી વિદ્યાની સહાયતા મળે છે. ॥ ૧૧ ॥

कर्माकृतौदोषमपिश्रुतिर्जगौतस्मात्सदा कार्य-
मिदं मुमुक्षुणा ॥ नतुस्वतन्त्राध्रुवकार्यकारि-
णीविद्यानकिंचिन्मनसाऽप्यपेक्षते ॥१२॥

કર્મ ક્રિયા કરવામાં દોષ છે; તો પણ શ્રુતિમાં કહેલું છે માટે મુમુક્ષુ પુરૂષે વેદોક્ત ક્રિયા કરવી અને વિદ્યા તો મોક્ષને સંપાદન કરનારી તથા પોતાનું સહાયભૂત કાર્ય કરવામાં સમર્થ છે તેથી મનવડે કરીને પણ કોઇ પદાર્થની

અપેક્ષા ધરાવતી નથી. ॥ ૧૨ ॥

नसत्यकार्योऽपिहियद्वदध्वरः प्रकांक्षतेऽन्यानपिकारकादिकान् ॥ तथैवविद्याविधितः प्रकाशितैर्विशिष्यतेकर्मभिरेवमुक्तये ॥१३॥

ક્રિયાઓ સત્ય નથી; તો પણ યજ્ઞ જેમ દેશકાળાદિ હવિની અપેક્ષા રાખે છે તે જ પ્રકારે વિદ્યા પણ વિધિયે યુક્ત પ્રકાશિત કર્મોવડે કરીને મુક્તિને અર્થે શ્રેષ્ઠ કલ્પાય છે. ॥ ૧૩ ॥

केचिद्वदन्तीतिवितर्कवादिनस्तदप्यसद्दृष्ट विरोधकारणात् । देहाभिमानादभिवर्धतेक्रिया विद्यागताहंकृतितःप्रसिद्ध्यति ॥१४॥

કેટલાક પુરૂષો જ્ઞાનયુક્ત કર્મને મુક્તિનું સાધન કહે છે, પણ જ્યાં સુધી અહંકાર સત્તા રહેલી છે ત્યાં સુધી ક્રિયા જ્ઞાનના એકઠા થવામાં વિરોધ છે માટે એવા તર્કવાદીઓનું કહેવું મિથ્યા છે; કેમકે દેહાભિમાન થકી ક્રિયા-

ઓ વધે છે અને વિદ્યા તો અહંકૃતિ એટલે (અહંકાર) જવાથી મિશ્ર થાય છે. ॥ ૧૪ ॥

विशुद्धविज्ञानविरोचनाञ्चिता विद्यात्मवृत्ति-श्चरमेतिभण्यते॥ उदेतिकर्माखिलकारकादि-भिर्निहन्तिविद्याऽखिलकारकादिकम् ॥१५

શુદ્ધ જ્ઞાનના પ્રકાશને માટે વેદાંત વાકયનો વિચાર કરવાથી પ્રાપ્ત થએલી જે આત્મવૃત્તિ બ્રહ્માકારાંત વૃત્તિ તેનેજ વિદ્વાન પુરૂષો વિદ્યા એમ કહે છે અને કર્મ જે યજ્ઞાદિ તે તો સર્વ ક્રિયાઓએ યુક્ત થઇ સુખ દુઃખાદિ ફળને ઉપજાવનાર થાય છે અને વિદ્યા તો પાછી તે સુખ દુ.ખાદિ ફળને નાશ પમાડનાર છે. ૧૫

तस्मात्त्यजेत्कार्यमशेषतःसुधीर्विद्या विरोधा-न्नसमुच्चयोभवेत् ॥ आत्मानुसंधानपरायणः सदानिवृत्तसर्वेन्द्रियवृत्तिगोचरः ॥१६॥

એટલા માટે વિદ્યા અને કર્મના પરસ્પર વિરોધથી એકત્રતા થતી નથી માટે રૂડી

બુદ્ધિવાળા મુમુક્ષુ પુરૂષે સર્વ કર્મ ફળનો ત્યાગ કરવો અને જ્યાં સુધી ચિત્ત શુદ્ધ થાય ત્યાં સુધી નિત્ય નૈમિત્તિક ક્રિયાઓ કરવી પછી મુમુક્ષુ પુરૂષે સર્વ ઇંદ્રિયોની વૃત્તિઓ તથા વિષયોનો ત્યાગ કરી આત્માની સાથે એકત્રતા કરવી. ॥ ૧૬ ॥

यावच्छरीरादिषु माययाऽत्मधीस्तावद्विधेयो विधिवादकर्मणाम् ॥ नेतीतिवाक्यैरखिलं निषिद्ध्यतज्ज्ञात्वापरात्मानमथायजेत्क्रियाः

જ્યાં સુધી શરીરાદિને વિષે માયાવડે કરી અહંકૃતિ રહેલી છે ત્યાં સુધી શાસ્ત્રોક્ત ક્રિયાઓ વિધિવડે કરીને કરવી અને જ્યારે અહંકૃતિ નાશ પામે ત્યારે આ સમસ્ત જગત્ સત્ય નથી એ પ્રકારના વાક્યવડે કરીને મિથ્યાભૂત જગતથી જુદા રહેલા પરમાત્માને જાણીને સઘળી ક્રિયાઓ ત્યાગ કરવી. ॥ ૧૭

यदापरात्मात्मविभेदभेदकं विज्ञानमात्मन्यव-

भातिभास्वरम् ॥ तदैवमायामविलीपतेऽञ्ज-
सासकारकाकारणमात्मसंस्रुतेः ॥१८॥

જ્યારે પરમાત્મા (ઈશને) અને માયાએ યુક્ત રહેલા જીવના ભેદને ટાળનાર શુદ્ધ વિજ્ઞાન અંતઃકરણમાં પ્રકાશ થાય છે ત્યારે જન્મ મરણને ઉત્પન્ન કરનારી અને માયાએ યુક્ત પરમાત્માને જીવ રૂપ ઉપાધિ જણાવ-નારી તથા નાના પ્રકારની ક્રિયાઓ કરાવનારી માયા તત્કાળ નાશ પામે છે. ॥ ૧૮ ॥.

श्रुतिप्रमाणैरपिनाशिताचसाकथं भविष्यत्य-
पिकार्यकारणी ॥ विज्ञानमात्रादमलाद्विती-
यात्तस्मादविद्यानपुनर्भविष्यति ॥१९

તત્વમસ્યાદિ શ્રુતિના મહાવાક્યવડે કરીને નાશ પમાડેલી અવિદ્યા ફરીને અસત્ય કાર્ય કરવામાં કેમ સંભવે ? જેમ દોરડીમાંથી સર્પની ભ્રાંતિ પ્રથમ ઉત્પન્ન થઈ તે મટી ગયા પછી સર્પની ભ્રાંતિ થતી નથી તેમજ

શુદ્ધ અને અદ્વિતીય નિર્મળ જ્ઞાનના નિશ્ચયથી તો તે અવિદ્યા નાશ પામેલી છે માટે તે પ્રાપ્ત થયે ફરી ઉત્પન્ન થતી નથી. ॥ ૧૯ ॥

यदिप्रणष्टानपुनः प्रसूयतेकर्ताऽहमस्येतिमतिःकथंभवेत् ॥ तस्मात्स्वतन्त्रानकिमप्यपेक्षतेविद्याविमोक्षायविभातिकेवला २०

જ્યારે તત્વ જ્ઞાનવડે કરીને નાશ પમાડેલી અવિદ્યા ફરીને ઉત્પન્ન થતી નથી ત્યારે આ કાર્યનો કરનાર હું છું એવી બુદ્ધિ કેમ થાય? એટલા માટે વિદ્યા બીજા કશાની અપેક્ષા ન રાખતાં પોતે કેવળ મોક્ષને અર્થેજ પ્રકાશિતછે.

सातैत्तिरीयश्रुतिराहसादरंन्यासं प्रशस्ताखिलकर्मणांस्फुटम् ॥ एतायदित्याहचवाजिनांश्रुतिर्ज्ञानंविमोक्षायनकर्मसाधनम् ॥२१॥

તૈત્તિરીય શ્રુતિ પણ પ્રસિદ્ધ પદ વડે કરીને કહેલાં જે કર્મ તેનો ત્યાગ કરવો એવું નિશ્ચય-

પૂર્વક કહે છે અને તે જ પ્રમાણે વાજસનેય શ્રુતિ પણ કહે છે કે-જ્ઞાન છે તે મોક્ષને અર્થે છે પણ કર્મનું સાધન કરવા માટે નથી. ૨૧

विद्यासमत्वेनतुदर्शितस्त्वयाक्रतुर्नदृष्टान्तउदाहृतःसमः ॥ फलैःपृथक्त्वाद्बहुकारकैःक्रतुःसंसाध्यतेज्ञानमतोविपर्ययम् ॥२२॥

વિદ્યા અને કર્મના સમપણાએ કૃત્ત એવા યજ્ઞ તમે કર્યા, પણ તે યજ્ઞો તો અહંમમતા અભિમાનરૂપ સુખાદિ પ્રાપ્તિને અર્થે દેશ, કાળ નિયમ યુક્ત કર્યા અને જ્ઞાન તો એથી ઉલટું છે માટે વિદ્યા અને કર્મ સમાન કલ્પાય નહીં. ॥ ૨૨ ॥

सप्रत्यवायोह्यहमित्यनात्मधीरज्ञप्रसिद्धानतुतत्त्वदर्शिनः ॥ तस्माद्बुधैस्त्याज्यमविक्रियात्मभिर्विधानतः कर्मविधिप्रकाशितम् ॥२३

કર્મના ત્યાગનું પ્રાયશ્ચિત્ત તો હું એ પ્રકારની અનાત્મબુદ્ધિ જે અજ્ઞાનીમાં રહી છે તેને છે;

પરંતુ તત્વદષ્ટિવાળાને નથી વાસ્તે ક્રિયાના ફળમાં આસક્ત ચિત્તવાળાને તો વિધિ વિધાન થકી કરીને બતાવેલી ક્રિયા છે; તે પણ સત્ય નથી એમ જાણી તેનો ત્યાગ કરવો. ॥ ૨૩ ॥

श्रद्धान्वितस्तत्त्वमसीतिवाक्यतोगुरोः प्रसादादपिशुद्धमानसः ॥ विज्ञायचैकात्म्यमथात्मजीवयोःसुखीभवेन्मेरुरिवाप्रकम्पनः २४

ગુરૂ તથા શાસ્ત્ર વચન ઉપર શ્રદ્ધા રાખી નિષ્કામ બુદ્ધિવાળા અને શુદ્ધ અંતઃકરણવાળા થઈ ગુરૂ કૃપાથી તત્વમસિ વાકયના અર્થને જાણવાથી આત્મા અને જીવને એકાત્મપણું પમાડી મેરૂની પેઠે સ્થિરતા રાખવી. ૨૪

आदौपदार्थावगतिर्हिकारणंवाक्यार्थ विज्ञानविधौविधानतःतत्त्वंपदार्थौपरमात्मजीवकावसीतिचैकात्म्यमथानयोर्भवेत् ॥२५॥

વાકયના અર્થ જ્ઞાનની ઉત્પત્તિમાં જ્યાં સુધી પદાર્થની ગતિ થઈ નથી ત્યાં સુધી કારણ

માલમ પડે છે. તત્વમસિ વાક્યમાં તત્ પદાર્થ પરમાત્મા, ત્વં પદાર્થ જીવ; એ બેના એકત્વપણાને પમાડનાર અસિ પદ છે. ॥ ૨૫ ॥

प्रत्यक्परोक्षादिविरोधमात्मनोर्विहायसंगृह्यत-
योश्चिदात्मताम् ॥ संशोधितांलक्षणयाचलक्षि-
तांज्ञात्वास्वमात्मानमथाद्वयोर्भवेत् ॥२६

જીવ અને ઇશ બંનેના વિરોધને ત્યાગ કરી રૂડા વિચારથી લક્ષમાં લીધેલી બંનેની ચિદાત્મતાને ગ્રહણ કરી પોતાના આત્માને પણ તેવીજ રીતનો જાણીને એકત્રતા કરવી પછી અદ્વય થવું. ॥ ૨૬ ॥

एकात्मकत्वाज्जहतीनसंभवेत्तथाऽजहल्लक्षण-
ताविरोधतः ॥ सोऽयंपदार्थाविवभागलक्ष-
णायुज्येततत्त्वंपदयोरदोषतः ॥२७

જીવ અને ઇશ્વરના એકત્વપણા થકીજ હતી (સ્વાર્થ લક્ષણા) સંભવતી નથી અને તેજ પ્રમાણે જો એકાત્મતા ન ગણે તો લક્ષણપણાના

વિરોધથી અજહત્ (અસ્વાર્થે લક્ષણા) પણ સંભવતી નથી. બંનેનું વિરૂદ્ધપણું વિશેષણથી જુદું જણાય છે, વિશેષણનો ત્યાગ કરે તો તત્ અને ત્વં એ બે પદો નિર્દોષ અને એકજ છે. ॥ ૨૭ ॥

रसादिपञ्चीकृतभूतसंभवंभोगालयंदुःख सु-
खादिकर्मणाम् ॥ शरीरमाद्यन्मवदादिकर्म-
जंमायामयंस्थूलमुपाधिमात्मनः॥२८॥

આ શરીરજ આત્માને સ્થૂલ ઉપાધિ કહે છે તે શરીર રસાદિ પંચ મહાભૂતથકી ઉત્પન્ન થએલું અને સુખ દુઃખાદિ ભોગવવાના સાધનરૂપ અને ઉત્પત્તિ નાશવાળું અને કર્મથકી જન્મ પામેલું તથા માયામયજ છે. તે શરીરથીજ આત્માને બંધન છે.

सूक्ष्मंमनोबुद्धिदशेन्द्रियैर्युतंप्राणैरपञ्चीकृतभू-
तसंभवम् । भोक्तुःसुखादेरनुसाधनंभवेच्छ-
रीरमन्यद्विदुरात्मनोबुधाः ॥२९॥

બુદ્ધિમાન પુરૂષો સ્થૂલ શરીરથી જુદું લિંગ શરીર છે તે આત્માને બંધનકારી છે તો તે કેવું છે તે કહે છે–તે શરીર પંચ મહાભૂતથી ઉત્પન્ન થએલું નથી પણ મન અને દશ ઇંદ્રિયોએ યુક્ત છે તથા પ્રાણયુક્ત છે અને સૂક્ષ્મ છે, સુખાદિ ભોગવવાના સાધનભૂત છે એવા સૂક્ષ્મ શરીરને બુદ્ધિમાન પુરૂષો આત્માનું બીજું શરીર કહે છે. આ પ્રકારે જીવની ઉપાધિ કહી. ॥ ૨૯ ॥

अनाद्यनिर्वाच्यमपीहकारणंमायाप्रधानंतु पंरंशरीरकम् । उपाधिभेदात्तुयतः पृथक्स्थितं स्वात्मानमात्मन्यवधारयेत्क्रमात् ॥३०

હવે ઇશની ઉપાધિ કહે છે. ઉત્પત્તિ રહિત વાણીથી ન કળી શકાય તેમ છે; તો પણ આ જગતની ઉત્પત્તિભૂત માયા જેને પ્રધાન છે તથા શરીર–આદિ ઉપધિમાં યુક્ત છતાં માયાથી પર અને ઉપાધિના ભેદથી જુદો

જણાતો એવા આત્માને શ્રવણ મનન અને નિદિધ્યાસના અનુક્રમથી શુદ્ધ અંતઃકરણમાં જાણવો. ॥ ૩૦ ॥

कोशेषुपंचस्वपितत्तदाकृतिर्विभातिसंगात्स्फटिकोऽमलोयथा। असंगरूपोऽयमजोयतोद्वयोयतोविज्ञायतेऽस्मिन्परितोविचारिते ३१

જેમ દીવા–આદિ પ્રતિબિંબિત પદાર્થોથી કાચમાં અનેક આકૃતિઓ જણાય છે તેમ આનંદમય, અન્નમય, પ્રાણમય, મનોમય, અને વિજ્ઞાનમય કોશને વિષે તેવી તેવી આકૃતિ વાળો જણાય છે; તો પણ પોતે સંગથી રહિત છે અને નાશ વગરનો છે તેથી પોતે એકલોજ છે એવું મહાવાકયમાં સંપૂર્ણ વિચારથી વિચારીએ તો માલમ પડે છે. ૩૧

बुद्धेस्त्रिधावृत्तिरपीहदृश्यते स्वप्नादिभेदेनगुणत्रयात्मनः ॥ अन्योन्यतोऽस्मिन्व्यभिचारतोमृषानित्येपरेब्रह्मणिकेवलेशिवे ॥३२॥

આ આત્મામાં જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ બુદ્ધિની ત્રણ અવસ્થાઓ છે. તે આત્માના સત્વ, રજ અને તમ ત્રણ પ્રકારના ગુણથી ત્રણ ઉપાધિયો થએલી છે. તેમની પરસ્પર ગતિ પણ મિથ્યા છે; કેમકે આત્માના આશ્રયવડે કરીનેજ પ્રકાશ પામે છે તે આત્મા ઉત્પત્તિ અંત રહિત છે વળી ત્રણ ગુણે રહિત બ્રહ્મવ્યાપી અને નિઃસંગ આનંદ રૂપ અને માંગલિક છે તેવા આત્મામાં પરસ્પર અવસ્થાની ગતિ થવી સંભવતી નથી. ॥ ૩૨ ॥

देहेन्द्रियप्राणमनश्चिदात्मनांसंगादजस्रंपरिवर्ततेधियः ॥ वृत्तिस्तमोमूलतयाज्ञलक्षणायावद्भवेत्तावदसौभवोद्भवः ॥३३॥

દેહ ઇંદ્રિય પ્રાણ તથા મન અને ચિદાત્મપણું તેઓના પરસ્પર અધ્યાસથી અને અજ્ઞાનનું લક્ષણ જેમાં છે એવી બુદ્ધિ જ્યાં સુધી કેલાય છે ત્યાંસુધી આત્માને જન્મ મરણ છે.

नेतिप्रमाणेननिराकृताखिलोहृदासमास्वादितचिद्घनामृतः । त्यजेदशेषं जगदात्तसद्रसं पीत्वायथाम्भःप्रजहातितत्फलम् ॥३४॥

આ જગત્ સત્ય નથી એ પ્રકારના નિશ્ચયથી જગતને મિથ્યા માનનાર અને સત્વગુણ પ્રધાનવાળા મનવડે કરી દુ:ખને ભેદનારૂં જે સુખ તેનો જેણે અનુભવ કરેલો છે તે પુરૂષ જેમ અત્યંત તરસવાળો પુરૂષ નાળીએરનું પાણી પીને ફળનો ત્યાગ કરે છે તેમ સમગ્ર જગતનો સાર બ્રહ્મ છે એમ જાણી જગતનો ત્યાગ કરે છે. ॥ ૩૪ ॥

कदाचिदात्मा न मृतोनजायतेनक्षीयतेनापि विवर्धतेऽनवः । निरस्तसर्वातिशयःसुखात्मकःस्वयंप्रभुःसर्वगतोऽयमद्वयः ॥३५॥

આત્મા તો કોઈ દિવસ જન્મતો નથી, મરતો, નથી ક્ષીણ થતો નથી, વધતો નથી, નવો થતો નથી તેમ નાશ પામતો નથી; પણ

સર્વ દેહની ઇંદ્રિયોમાં મુખ્ય રહેલો છે અને સ્વપ્રકાશક છે, સર્વમાં મળેલો છે; તથાપિ એક એજ બ્રહ્મ સ્વરૂપ છે. ॥ ૩૫ ॥

एवंविधेज्ञानमयेसुखात्मकेकथंभवोदुःखमयः प्रतीयते ॥ अज्ञानताऽध्यासवशात्प्रकाशते ज्ञानेविलीयेतविरोधतःक्षणात् ॥३६॥

એ પ્રકારે જ્ઞાનમય અને સુખાત્મક તથા વિષય શૂન્ય આત્મામાં અજ્ઞાન અને દુઃખનો ભરેલો સંસાર કેમ જણાય? જે આ જણાય છે તેતો અજ્ઞાન ભરેલા વિષયોને આધિન થવાથી અજ્ઞાનીને માલમ પડે છે, પણ જ્ઞાને કરી તે વિરોધ ક્ષણવારમાં મટી જાય છે. ૩૬

यदन्यदन्यत्रविभाव्यते भ्रमादध्यासमित्याहुरमुंविपश्चितः ॥ असर्पभूतेऽहिविभावनंयथारज्ज्वादिकेतद्वदपीश्वरेजगत् ॥३७॥

ભ્રાંતિથી સાચા પદાર્થોમાં ખોટાનો અને જુઠા પદાર્થોમાં સાચાનો વિશ્વાસ બેસવો તેનેજ

ઝાંખા પુરૂષો અધ્યાસ કહે છે. જેમ દોરડીનું ગુંચળું અંધારામાં પડેલું હોય અને તેમાં સર્પની ભ્રાંતિ થાય તેવી રીતે પરમાત્મા ને વિષે જગત્ પણ મિથ્યા છે. ॥ ૩૭ ॥

विकल्पमायारहितेचिदात्मकेऽहंकारएष प्रथमः प्रकल्पितः ॥ अध्यासएवात्मनिसर्वकारणेनिरामयेब्रह्मणिकेवलेपरे ॥३८॥

અંગાદિ ભ્રાંતિઓથી રહિત શુદ્ધ પરમાત્મામાં અહંકાર પ્રથમ કલ્પના થએલો છે અને તે જ અહંકાર અધ્યાસ (અહં બુદ્ધિરૂપ) થઈ સર્વના કારણ રૂપ અને આનંદમય તથા કેવળ શુદ્ધ બ્રહ્મમાં સર્વ સંસારનાં કારણરૂપ જણાય છે. ॥ ૩૮ ॥

इच्छादिरागादिसुखादि धार्मिकाःसदाधियः संसृतिहेतवःपरे ॥ यस्मात्प्रसुप्तौ तदभावतः परःसुखस्वरूपेणविभाव्यतेहिन ॥३९॥

સર્વના સાક્ષી અને શુદ્ધ આત્મામાં ઇચ્છાદિ

રાગાદિ, સુખાદિ ધર્મવાળી બુદ્ધિઓ સંસારના હેતુરૂપ છે; કેમકે પરમાત્માની સુષુપ્તિ અવસ્થામાં સંસારના હેતુનો નાશ હોવાથી આત્મા પરમ શુદ્ધ અમને જણાય છે. ॥૩૯॥

अनाद्यविद्योद्भवबुद्धिबिम्बितोजीवःप्रकाशो ऽयमितीर्यतेचितः॥आत्माधियःसाक्षितयापृथक्स्थितोबुद्ध्यापरिच्छिन्नपरःसएवहि ४०

અનાદિ એવી જે વિદ્યા તે બુદ્ધિ અનુસારે થએલી છે અને બુદ્ધિ અંતઃકરણના અનુસારથી રહેલી છે અને તેમાં આત્મા સાક્ષી સ્વરૂપે રહેલો છે તેથી બુદ્ધિનો ધર્મ સુખ દુઃખાદિથી જુદો છે; પરંતુ હું જીવું છું એ પ્રકારના અભિમાનથી ચિત્તના અભ્યાસને લઇને સુખ દુઃખાદિને માની લે છે નહીં તો પોતે તો શુદ્ધ છે અને બુદ્ધિથી વિલક્ષણ છે, પણ બુદ્ધિનાજ પ્રતિબિંબપણાથી જુદો જણાય છે પ્રતિબિંબનો નાશ થયે શુદ્ધ જણાય છે.

चिद्बिम्बसाक्षात्मधियांप्रसंगतस्त्वेकत्रवासा-
दनलाक्तलोहवत् ॥ अन्योऽन्यमध्यासवशा-
त्प्रतीयतेजडाजडत्वंचचिदात्मचेतसोः ४१

આત્મા અને બુદ્ધિ બંનેના એકજ વાસથી અને પ્રસંગથી ચિત્તનું પ્રતિબિંબ આત્મામાં પડે છે જેમ અગ્નિથી તપેલું લોહું લોઢાના આકાર જેવા અગ્નિરૂપે માલમ પડે છે તેમ શુધ્ધ આત્મા ને ચિત્ત બંનેના પરસ્પર અધ્યાસ વિષયની આધિનતાથી (બંનેના એકાત્મપણાથી) જડ અને અજડપણું દેખાય છે.

गुरोःसकाशादपिवेदवाक्यतःसंजातविद्यानु-
भवोनिरीक्ष्यतम् । स्वात्मानमात्मस्थमुपाधि
वर्जितंत्यजेदशेषंजडमात्मगोचरम् ॥४२॥

ગુરૂની પાસેથી વેદ વાક્ય સાંભળવાથી જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તે જ્ઞાનવડે કરીને અનુભવ થએલો જેને છે એવો જે પુરૂષ પોતાના શરીરને વિષે જે આત્મા રહેલો છે તે

ઉપાધિથી રહિત છે એમ જાણીને પોતાની દૃષ્ટિએ પડતું જડ સ્વરૂપવાળું જે જગત્ તેનો ત્યાગ કરે છે. ॥ ૪૨ ॥

प्रकाशरूपोऽहमजोऽहमद्वयोऽसकृद्विभातोऽह-
मतीवनिर्मलः॥ विशुद्धविज्ञानघनोनिरामयः
संपूर्णआनन्दमयोऽहमक्रियः ॥४३॥

પોતે આત્માને પ્રકાશ રૂપ, અદ્વય, પોતે પોતાની સત્તાથી પ્રકાશિત, અત્યંત નિર્મળ, શુદ્ધ જ્ઞાનના સમૂહરૂપ, અભિમાન રહિત, આનંદમય, પરિણામ રહિત અને જન્મ વગરનો જાણે છે. ॥ ૪૩ ॥

सदैवमुक्तोऽहमचिन्त्यशक्तिमानतीन्द्रियज्ञान-
मविक्रियात्मकः॥ अनन्तपारोऽहमहर्निशंबुधै-
र्विभावितोऽहंहृदिवेदवादिभिः ॥४४

આત્મા ત્રણ લોકમાં મુક્ત, કળ્યામાં ન આવે એવી શક્તિવાળો તથા ઇંદ્રિયોથી જુદો, જ્ઞાનરૂપ, વિકાર વગરનો અને પરિણામની

સીમા વગરનો વેદવેત્તા–બુદ્ધિમાન પુરૂષોએ હૃદયમાં કલ્પેલો છે. ॥ ૪૪ ॥

एवंसदात्मानमखण्डितात्मना विचारमाणस्य विशुद्धभावना ॥ हन्यादविद्यामचिरेणकारकै रसायनंयद्वदुपासितंरुजः ॥४५॥

જેમ રસાયણ સેવનારના રોગ નાશ પામે છે તેવી રીતે વિષયથી ખેંચેલા ચિત્તવડે કરીને અને શુદ્ધ અંતઃકરણ વડે વિચાર કરનાર પુરૂષની બહુ જન્મનાં કર્મવડે કરીને પમાયલી જે અવિદ્યા તે નાશ પામે છે. ॥ ૪૫ ॥

विविक्तआसीनउपारतेन्द्रियो विनिर्जितात्मा विमलान्तराशयः॥ विभावयेदेकमनन्यसाधनोविज्ञानदृक्केवलआत्मसंस्थितः ॥४६

એકાંત સ્થળમાં બેસી, ઇંદ્રિયોને નિવૃત્ત કરી મનને જીતી અને શુદ્ધ અંતઃકરણ કરીને એક એજ સાધનવાળો થઈ આત્મામાંજ ચિત્તની સમાપ્તિ કરી કેવળ નિઃસંગ

શુદ્ધ પરમાત્માનું ધ્યાન કરવું. ॥ ૪૬ ॥

विश्वं यदेतत्परमात्मदर्शनं विलापयेदात्मनि सर्वकारणे ॥ पूर्णश्चिदानन्दमयोऽवतिष्ठते न वेदबाह्यंनचकिंचिदन्तरम् ॥४७॥

પરમાત્માના જ્ઞાનને બતાવનારૂં એવું અને ભૂત, ભવિષ્ય વર્તમાનવાળું જે આ વિશ્વ તેને સર્વના અધિષ્ઠાન સત્તારૂપ પરમાત્મામાં લીન કરીને એક શુદ્ધ ચિદાનંદમય થવાથી બાહ્ય અને અંતર કંઇપણ જાણતો નથી અર્થાત્ દૃશ્યને મિથ્યા સમજી સર્વત્ર બ્રહ્મ સત્તાને દેખે છે. ॥ ૪૭ ॥

पूर्वंसमाधेरखिलंविचिंतयेदोंकारमात्रंसचराचरंजगत् । तदेववाच्यंप्रणवोहिवाचको विभाव्यतेज्ञानवशान्नबोधतः ॥४८॥

સમાધિના પહેલાં સમગ્ર જગતને ઓંકાર માત્ર રહેલું જાણવું માટે તે ઓંકાર (પ્રણવ) ને કહેવો (જપવો) આ પ્રકાર જ્ઞાનથી જણાય છે, પણ બોધથી જણાતો નથી. ॥ ૪૮ ॥

अकारसंज्ञःपुरुषोहिविश्वको ह्युकारकस्तैजस ईर्यतेक्रमात् ॥ प्राज्ञोमकारःपरिपठ्यतेऽखिलैःसमाधिपूर्वंनतुतत्त्वतोभवेत् ॥४९॥

તે ઓંકાર–અકાર ઉકાર અને મકાર ત્રણે અક્ષરે યુક્ત થએલો છે–અકાર સંજ્ઞાવાળો પુરૂષ જાગ્રત અવસ્થાનો સાક્ષી (વિરાટ) છે. લિંગ દેહનો અભિમાની હિરણ્યગર્ભ સ્વપ્ન અવસ્થાનો સાક્ષી (તૈજસ) છે અને તેની ઉકાર સંજ્ઞા છે તથા મકાર સંજ્ઞાવાળો પુરૂષ સુષુપ્તિનો સાક્ષી (પ્રાજ્ઞ) છે. આપણું સમગ્ર વેદવડે કરીને કહેવાય છે અને તે ભાવના સમાધિના પેહેલાં થાય છે, તત્વને જાણવાથી થતી નથી; કેમકે સર્વનો બ્રહ્મમાં લય થાય છે. ૪૯

विश्वंत्वकारंपुरुषंविलापयेदुकारमध्ये बहुधा व्यवस्थितम् ॥ ततोमकारेप्रविलाप्य तैजसं द्वितीयवर्णंप्रणवस्यचान्तिमे ॥५०॥

વિશ્વમાં બહુ પ્રકારે રહેલો અકાર સંજ્ઞાવાળો

પુરૂષ તેને મકાર સંજ્ઞામાં મેળવવો પછી લિંગ દેહનો અભિમાની પ્રણુવનો બીજો અક્ષર જે ઉઁકાર તેને મકારમાં મેળવવો. ॥ ૫૦ ॥

मकारमप्यात्मनिचिद्घनेपरे विलापयेत्माज्ञमपीहकारणम् । सोऽहंपरंब्रह्मसदा विमुक्तिमद्विज्ञानदृङ्मुक्तउपाधितोऽमलः ॥५१॥

કારણુપણુાથી અભિમાની મકાર સંજ્ઞાવાળા પુરૂષને શુદ્ધ સ્વરૂપ ચૈતન્યમાં મેળવી દેવો ત્યાર પછી ઉપાધિ રહિત નિર્મળ સોહં (સર્વ મેળાપના સ્થાનક ભૂત) બ્રહ્મ તેનું ચિંતવન કરવું. ॥ ૫૧ ॥

एवंसदाजातपरात्मभावनःस्वानन्दतुष्टः परिविस्मृताखिलः॥आस्तेसनित्यात्मसुखःप्रकाशकः साक्षाद्विमुक्तोऽचलवारिसिन्धुवत् ५२

એ પ્રકારે પરમાત્માને વિષે જે પુરૂષને નિત્ય એકતા થએલી છે તેથી પુત્ર દેહ અને વિષયાદિને ભૂલી જઇને નહીં નાશ પામે એવું

જે આત્મ સુખ અને સુખને પ્રકાશ કરનારૂં જે સ્વરૂપ તેણે યુક્ત થઈ જીવનમુક્તપણાને પામીને, સ્થિર પાણીવાળા સમુદ્રની પેઠે સ્થિરતાથી રહે છે. ॥ ૫૨ ॥

एवंसदाऽभ्यस्तसमाधियोगिनोनिवृत्त सर्वेन्द्रियगोचरस्यहि। विनिर्जिताशेषरिपोरहंसदादृश्योभवेयंजितषड्गुणात्मनः ॥५३॥

જે પ્રકારે જેને નિરંતર સમાધિનો અભ્યાસ છે, ઇંદ્રિયોના વિષયને શમાવી દીધા છે તથા મનકામનાઓ રૂપી શત્રુઓને અને છ ગુણોને જેણે જીતેલા છે એવા યોગી પુરૂષને હું નિરંતર દૃશ્યમાન થાઉં છું. ॥ ૫૩ ॥

ध्यात्वैवमात्मानमहर्निशं मुनिस्तिष्ठेत्सदामुक्तसमस्तबन्धनः॥ प्रारब्धमश्नन्नभिमानवर्जितो मय्येवसाक्षात्मविलीयतेततः ॥५४॥

એ પ્રકારે જે મુનિ નિરંતર આત્માનું ધ્યાન કરતા કરતો સઘળાં સંસારી બંધનોથી મુક્ત

થઇ અભિમાન રહિત થઈ દૈવઇચ્છાથી પમાયલું જે સુખ દુઃખ તેને ભોગવે છે તે મુનિ નિશ્ચે મારા સ્વરૂપની ગતિ પામેછે. ૫૪

आदौचमध्येचतथैवचान्ततो भवंविदित्वाभय शोककारणम् ॥हित्वासमस्तंविधिवादचोदितंभजेत्स्वमात्मानमथाखिलात्मनाम् ॥५५॥

આ સંસાર ઉત્પત્તિ, સ્થિતિ અને લય ત્રણે કાળના સમયમાં ભય અને શોકના કારણરૂપ છે એમ જાણી વિધિવાદ (યજ્ઞાદિ ક્રિયાઓમાં બતાવેલાં) પ્રિય કર્મનો ત્યાગ કરી સર્વ જીવોના સ્વરૂપ ભૂત રહેલો પોતાનો આત્મા ઇશ્વર તેને ભજવો. ॥ ૫૫ ॥

आत्मन्यभेदेनविभावयन्निदंभवत्यभेदेनमयात्मनातदा॥ यथाजलंवारिनिधौयथापयःक्षीरेवियद्व्योम्न्यनिलेयथानिलः ॥५६॥

સર્વ સત્તાનો ધારણ કરનાર જે હું તે મારે વિષે પોતાના સ્વરૂપને ભેદ અગર એકજ

સ્વરૂપે જ્યારે જાણે છે ત્યારે મારામાં અને તેનામાં એકત્રતા પ્રાપ્ત થાય છે. જેમ નદીયોના જળમાં અને સમુદ્રના જળમાં જુદાપણું નથી, તથા ગાય ભેંશ-આદિના એકઠા કરેલા દુધમાં નાખેલું બીજું દુધ એકઠા કરેલા દુધથી જેમ જુદું નથી, મોટા આકાશમાં અને ઘડામાં જણાતા આકાશમાં જેમ તફાવત નથી, તથા ધમણ-આદિમાં ભરેલા વાયુમાં અને બહારના વાયુમાં તફાવત નથી તેમ હું ઈશ સ્વરૂપ આત્મા અને જીવ સ્વરૂપ આત્મામાં ભેદ નથી. ॥ ૫૬ ॥

इत्थं यदीक्षेत हि लोकसंस्थितोजगन्मृषैवेति विभावयन्मुनिः ॥ निराकृतत्वाच्छ्रुतियुक्ति मानतो यथेन्दुभेदो दिशि दिग्भ्रमादयः ५७

આ પ્રકારે મનુષ્ય લોક વ્યવહારમા રહેલો છતાં જગતને શ્રુતિઓનાં યુક્તિરૂપ પ્રમાણથી અને નાશવંતપણાથી મિથ્યા સમજે છે. જેમ ભ્રાંતિથી એક ચંદ્રમાં બે ચંદ્ર જણાય છે અને

ગાડીમાં બેસી દિશાઓમાં ગતિ કરતાં પાસેનાં ઝાડ ચાલતાં જણાય છે પણ પોતે સ્થિરતાથી જોશે તો ચંદ્ર એકજ છે અને ઝાડ પણ સ્થિર છે તેમ બ્રહ્મમાં સત્યપણું અને જગતમાં મિથ્યાપણું જોવામાં છે. ॥ ૫૭ ॥

यावन्न पश्येदखिलं मदात्मकं तावन्ममाराधनतत्परो भवेत् ॥ श्रद्धालुरत्यूर्जितभक्तिलक्षणो यस्तस्य दृश्योऽहमहर्निशं हृदि ॥५८॥

જ્યાં સુધી સમસ્ત જગત્ મારા થકી ઉત્પન્ન થએલું છે એવું જ્ઞાન નથી થએલું ત્યાં સુધી મારી સેવાનું ચિન્હ જેમાં છે એવી ભક્તિને પણ પ નતો નથી માટે શ્રદ્ધા પૂર્વક સંપાદન કરેલી ભક્તિનું ચિન્હ જેણે ધારણ કરેલું છે તેવા મનુષ્યના હૃદયમાં હું નિરંતર જણાઉં છું.

रहस्यमेतच्छ्रुतिसारसंग्रहं मया विनिश्चित्य तवोदितं प्रिय॥ यस्त्वेतदालोचयतीह बुद्धिमान्स मुच्यते पातकराशिभिःक्षणात् ॥५९

શ્રી મહાદેવજી ભવાનીને કહે છે–હે પ્રિયે ! આ જે જ્ઞાન છે તે સમસ્ત વેદની શ્રુતિઓમાં-થી ગુહ્ય ભાગ નિશ્ચય કરી મેં તને કહેલો છે માટે જે બુદ્ધિમાન પુરૂષ તે જ્ઞાનનો વિચાર કર્યા કરે છે તે મનુષ્ય પાપના સમૂહથી ક્ષણ વારમાં મૂકાઇ જાય છે. ॥ ૫૯ ॥

भ्रातर्यदीदं परिदृश्यते जगन्मायैवसर्वं परिहृत्य चेतसा ॥ मद्भावनाभावितशुद्धमानसः सुखीभवानन्दमयो निरामयः ॥६०॥

શ્રીરામચંદ્રજી લક્ષ્મણજીને કહે છે–હે ભાઇ ! આ જે જગત્ દેખાય છે તે સર્વ માયા છે એમ મનવડે નિશ્ચય કરીને મારા વિષે શુદ્ધ અંતઃકરણવાળો માયાથી રહિત અને આનંદરૂપ સુખી થા. ॥ ૬૦ ॥

यःसेवते मामगुणं गुणात्परं हृदा कदा वा यदि वा गुणात्मकम् । सोऽहं स्वपादाश्रितरेणुभिःस्पृशन्पुनातिलोकत्रितयंयथारविः ६१

જે પુરૂષ ગુણથી રહિત અને ગુણથી પર

તથા ગુણુનો આત્મા એવો જે હું તેને શુદ્ધ અંતઃકરણવાળો થઈ સેવે છે તે પુરૂષ પોતાના ચરણના રજની સ્પર્શવડે કરી જેમ ત્રણ લોકને સૂર્ય પવિત્ર કરે છે તેમ પવિત્ર કરેછે.

विज्ञायमेतदखिलं श्रुतिसारमेकं वेदान्तवेद्यं चरणेनमयैव गीतम् ॥ यःश्रद्धया परिपठेद्गुरुभक्तियुक्तोमद्रूपमेति यदिमद्वचनेषुभक्तिः ६२

આ જે જ્ઞાન સઘળી વેદની શ્રુતિઓ તથા ઉપનિષદ્નો સાર તેનું દોહન કરીને મેં કહેલ છે માટે જે મનુષ્ય જગતમાં જન્મ મરણને ટાળવાના હેતુથી ગુરૂની ભક્તિ કરીને અને મારા વચન ઉપર વિશ્વાસ રાખી ભક્તિ વડે ભણે છે તે મનુષ્ય મારા સ્વરૂપને પામે છે.૬૨

इति श्रीमदध्यात्मरामायणे उमामाहेश्वर संवादेउत्तरकाण्डे श्रीरामगीता नामपंचमसर्गः ॥ ५ ॥

ઇતિ શ્રી રામગીતા સંપૂર્ણ.

॥ अथ सप्तश्लोकी गीता ॥

॥ श्री गणेशाय नमः ॥

ॐमित्येकाक्षरंब्रह्मव्याहरन्मामनुस्मरन् ।
यःप्रयातित्यजन्देहंसयातिपरमांगतिम् ॥१॥

શ્રી કૃષ્ણ પરમાત્મા બોલ્યા–હે અર્જુન ! જે પુરૂષ "ૐ" એવા એક અક્ષરનો ઉચ્ચાર કરતો તથા મારૂં સ્મરણ કરતો, શરીરને ત્યજીને જાય છે તે મારી શ્રેષ્ઠ ગતિને પામે છે.

स्थानेहृषीकेश तवप्रकीर्त्याजगत्प्रहृष्यत्यनु-
रज्यतेच । रक्षांसिभीतानिदिशोद्रवंतिसर्वेन-
मस्यंतिचसिद्धसंघाः ॥ २ ॥

આવું શ્રી કૃષ્ણ ભગવાનનું કથન સાંભળી અર્જુન બોલ્યા–હે ઋષિકેશ ! તમારા કીર્તનથી આખું જગત આકર્ષાય છે તથા હર્ષ પામે છે તે યોગ્ય છે. રાક્ષસો ભય પામીને

હરે દિશાઓમાં નાસી જાય છે અને સિદ્ધ જનોના સમૂહ આપને નમસ્કાર કરે છે. ૨

सर्वतःपाणिपादंतत्सर्वतोऽक्षिशिरोमुखम् ।
सर्वतःश्रुतिमल्लोकेसर्वमावृत्यतिष्ठति ॥३॥

તે પરમાત્મા રૂપ વસ્તુ સર્વત્ર હાથ પગવાળી છે, ચોતરફ આંખ, મસ્તક તથા મુખવાળી છે, ચોતરફ કાનવાળી છે તથા સર્વમાં વ્યાપીને રહી છે; અર્થાત્ સવ પ્રાણીઓની વૃત્તિવડે તથા સર્વનાં હાથ, પગ, મુખ–આદિ વડે એ સર્વત્ર વ્યાપક બ્રહ્મ વ્યવહાર કરે છે. ॥ ૩ ॥

कविंपुराणमनुशासितारमणोरणीयांसमनुस्मरेद्यः । सर्वस्यधातारमचिंत्यरूपमादित्यवर्णंतमसःपरस्तात् ॥४॥

સર્વજ્ઞ, અનાદિ, સર્વનો નિયન્તા, સૂક્ષ્મથી પણ અતિ સૂક્ષ્મ, સર્વનો ધારણ કરનાર, ચિંત્વનમાં ન આવે એવા રૂપવાળો, સૂર્યની

પેઠે પ્રકાશવાળો, અજ્ઞાનથી પર રહેલો એવો જે દિવ્ય પુરૂષ તેનું જે સ્મરણ કરે છે તે દિવ્ય ધામને પામે છે. ॥ ૪ ॥

ऊर्ध्वमूलमधःशाखमश्वत्थमाहुरव्ययम् ।
छंदांसियस्यपर्णानियस्तंवेदसवेदवित् ॥ ५

અવિનાશી બ્રહ્મને જેનાં મૂળ ઉંચાં છે અને શાખાઓ નીચી છે તથા વેદના છંદો જેનાં પાંદડાં છે એવા પીપળાના ઝાડની ઉપમા આપી છે, આ પ્રમાણે જે જાણે છે તે વેદ જાણનાર કહેવાય છે. ॥ ૫ ॥

सर्वस्यचाहं हृदिसंनिविष्टोमत्तः स्मृतिर्ज्ञान-मपोहनंच । वेदैश्चसर्वैरहमेववेद्योवेदांतकृ-द्वेदविदेवचाहम् ॥६॥

હું સર્વના હૃદયમાં રહેલો છું અને સ્મૃતિ, જ્ઞાન અને તર્ક એ મારાથીજ નીકળે છે. સર્વ વેદવડે કરીને હું જાણવાને યોગ્ય છું. વેદાંત કરનાર અને વેદ જાણનાર પણ હુંજ છું. ॥ ૬

मन्मनाभवमद्भक्तोमद्याजीमांनमस्कुरु ।
मामेवैष्यसियुक्त्वैवमात्मानंमत्परायणः ॥ ७

તું મારામાંજ મન રાખ, મારોજ ભક્ત થા, મારોજ યજ્ઞ કરનાર થા, અને મનેજ નમસ્કાર કર, એ પ્રમાણે દૃઢ મનથી સદા મારામાંજ ચિત્ત રાખનારો તું મનેજ પામીશ. ॥ ૭ ॥

इतिश्री मद्भगवद्गीतासूपनिषत्सुब्रह्मविद्यायां योगशास्त्रे श्रीकृष्णार्जुनसंवादेसप्तश्लोकी गीतासंपूर्णम् ॥ ॥ श्रीकृष्णार्पणमस्तु ॥

ઇતિ શ્રી સપ્તશ્લોકી ગીતા સમાપ્ત.

अथ पांडवगीता प्रारंभ.

॥ पांडव उवाच ॥

प्रल्हादनारदपराशर पुंडरीकव्यासांबरीषशुक
शौनकभीष्मदाल्भ्यान् ॥ रुक्मांगदार्जुनव-
सिष्ठविभीषणादिन्पुण्यानिमान्परम भागव-
तान्स्मरामि ॥१॥

પ્રલ્હાદ, નારદ, પરાશર, પુંડરીક, વ્યાસ, અંબરીક, શુક, શૌનક, ભીષ્મ, દાલ્ભ્ય, રૂક્માંગદ, અર્જુન, વસિષ્ઠ, અને વિભીષણ, આદિ લઈને આ પવિત્ર પરમ ભક્તોનું હું સ્મરણ કરૂં છું. ॥ ૧ ॥

॥ લોમહર્ષણ ઉવાચ ॥

धर्मोविवर्द्धतियुधिष्ठिरकीर्तनेनपापं प्रणश्यति
वृकोदरकीर्तनेन ॥ शत्रुर्विनश्यतिधनंजयकी-
र्तनेनमाद्रीसुतौ कथयतांनभवंतिरोगाः॥२॥

લોમહર્ષણ કહે છે-યુધિષ્ઠિરના કિર્તનવડે કરીને ધર્મ વૃદ્ધિ પામે છે, ભીમસેનના કિર્તનવડે કરીને સર્વ પાપ નાશ પામે છે, અર્જુનના કિર્તનવડે કરી શત્રુ નાશ પામે છે, અને સહદેવ તથા નકુળનું સ્મરણ કરતાં રોગ થતા નથી.

॥ ब्रह्मोवाच ॥

येमानवाविगतरागपरावरज्ञानारायणं सुरगुरुंसततंस्मरंति ॥ ध्यानेनतेनहतकिल्बिषचेतनास्तेमातुः पयोधररसंनपुनःपिबंति ॥३॥

બ્રહ્મ જી કહે છે-જે મનુષ્યોની સંસારમાં પ્રીતિ નાશ પામી છે ને સર્વ વૃત્તાંતને જાણનાર સર્વ દેવોના ગુરૂ એવા નારાયણને નિરંતર સંભારે છે તથા જેમણે પરમાત્માના ધ્યાનવડે કરીને ચિત્તનાં પાપ નાશ કર્યાં છે તે મનુષ્ય ફરી માતાનું સ્તનપાન કરતા નથી અર્થાત્ જન્મ-મરણ રહિત થાય છે ॥ ૩ ॥

॥ इंद्र उवाच ॥

नारायणोनामनरोनराणांप्रसिद्धचोरः कथि-

तःपृथिव्याम् ॥ अनेकजन्मार्जितपापसंचयं हरत्यशेषंस्मरतांसदैव ॥४॥

ઇંદ્ર કહે છે–નારાયણ નામે પુરૂષોના મધ્યે જે પુરૂષ છે તે પૃથ્વીને વિષે સર્વનું દુઃખ હરનાર તરીકે પ્રસિદ્ધ છે. તેનું સ્મરણ કરનાર પુરૂષોનો અનેક જન્મનાં પાપનો ઢગલો નાશ પામે છે. ॥ ૪ ॥

॥ युधिष्ठिर उवाच ॥

मेघश्यामंपीतकौशेयवासं श्रीवत्सांकंकौस्तुभोद्भासितांगम् ॥ पुण्योपेतंपुंडरीकायताक्षं विष्णुंवंदेसर्वलोकैकनाथम् ॥५॥

યુધિષ્ઠિર કહે છે–મેઘના સરખા શ્યામ વર્ણવાળા, પીળાં જેનાં પિતાંબર છે, લક્ષ્મીનું જેને ચિન્હ છે, કૌસ્તુભ મણિવડે કરી શોભિત જેનું અંગ છે, પુણ્યવડે કરીને જે પ્રાપ્ત થાય છે, કમલના સરખાં જેનાં દીર્ઘ નેત્ર છે અને સર્વ લોકના નાથ એવા જે વિષ્ણુ તેમને હું નમ-

સ્કાર કરૂં છું. ॥ ૫ ॥

॥ भीमसेन उवाच ॥

जलौघमग्नासचराचरा धराविषाणकोट्याखि-
लविश्वमूर्तिना ॥ समुद्धृतायेनवराहरूपिणा
समेस्वयंभूर्भगवान्प्रसीदताम् ॥६॥

ભીમસેન કહે છે-સર્વ જગતનો ઉદ્ધાર કરનાર એવું જે વરાહ રૂપ કરીને પાણીના સમૂદ્રમાં ડુબેલી એવી સ્થાવર જંગમ સહિત પૃથ્વી તેને દાઢના અગ્રભાગવડે કરીને બહાર કાઢી તે સ્વયંસિદ્ધ પરમાત્મા મને પ્રસન્ન થાઓ. ॥ ૬ ॥

॥ अर्जुन उवाच ॥

अचिंत्यमव्यक्तमनंतमव्ययंविभुं प्रभुभावित
विश्वभावनम् ॥त्रैलोक्यविस्तारविचाप्रकार-
कंहरिंमपन्नोस्मिगतिंमहात्मनां ॥७॥

અર્જુન કહે છે-મન તથા વાણીમાં ન આવે, શબ્દવડે કરી પ્રણામ ન થાય, પાર ન પમાય,

અવસ્થારહિત, જગતના બનાવનાર, ત્રણ લોકના વિસ્તારના બનાવનાર, માહાત્મા પુરૂષોની ગતિરૂપ અને સર્વ જંતુનાં દુઃખ હરણ કરનાર એવા જે પરમાત્મા તેમને હું પ્રાપ્ત થયો છું. ॥ ७ ॥

॥ नकुल उवाच ॥

यदिगमनमधस्तात्कालपाशानुबद्धो यदिचकुलविहीनेजायतेपक्षिकीटे । कृमिशतमपिगत्वाजायतेचांतरात्मामभवतुहृदिस्थे केशवे भक्तिरेका ॥८॥

નકુળ કહે છે—કાળપાશવડે કરીને બંધાએલો હું તે મારો મૃત્યુ લોકમાં નીચ કુળમાં અને પક્ષી—કીડાઓને વિષે અંતરાત્મા ઉત્પન્ન થાય, પણ મારા હૃદયને વિષે રહેલા જે કેશવ તેમના વિષે મારી એક નિશ્ચલ એવી ભક્તિ સ્થિર રહો. ॥ ८ ॥

॥ सहदेव उवाच ॥

तस्ययज्ञवराहस्यविष्णोरतुलतेजसः ॥
प्रणामंयेप्रकुर्वंतितेषामपिनमोनमः ॥९॥

સહદેવ કહે છે–યજ્ઞ વરાહ અને અત્યંત જેનું તેજ છે એવા જે વિષ્ણુ તેમને જે પુરૂષો નમસ્કાર કરે છે તેને હું નમસ્કાર કરૂં છું. ૯

॥ कुंत्युवाच ॥

स्वकर्मफलनीर्दिष्टांयांयांयोनिंव्रजाम्यहम् ।
तस्यांतस्यांहृषीकेशत्वयिभक्तिर्दृढास्तुमे १०

કુંતિ કહે છે–હે ઇંદ્રિયોના નિયંતા! પોતાનાં કર્મનાં ફળ રૂપ જે જે યોનિ હુ પામું, પણ તે તે યોનિમાં તમારે વિષે મારી દૃઢ ભક્તિ હો. ॥ ૧૦ ॥

॥ माद्री उवाच ॥

कृष्णेरताःकृष्णमनुस्मरंतिरात्रौचकृष्णं पुनरुत्थिताये । तेभिन्नदेहाःप्रविशंतिकृष्णंहवि-

यैथामंत्रहुतंहुताशं ॥११॥

માદ્રી કહે છે-જેમ મંત્રવડે કરીને હોમેલું એવું જે હુત દ્રવ્ય તે અગ્નિને પામે છે તેમ જેમની કૃષ્ણને વિષે પ્રીતિ છે અને રાત્રી તથા દિવસને વિષે જે એમનેજ સંભારે છે તે દેહ ત્યાગ કરીને કૃષ્ણને વિષે પ્રવેશ કરે છે. ૧૧

॥ द्रुपद् उवाच ॥

कीटेषुपक्षिषुमृगेषुसरीसृपेषुरक्षः पिशाचमनुजेष्वपियत्रयत्र ॥ जातस्यमेभवतुकेशवत्वत्प्रसादात्त्वय्येवभक्तिरचलाऽव्यभिचारिणीच ॥

દ્રુપદ કહે છે-હે કેશવ! કીડાને વિષે, પક્ષિઓને વિષે, મૃગોને વિષે, આડા ચાલનાર જંતુઓને વિષે અને રાક્ષસ, પિશાચ તથા મનુષ્યોને વિષે, અથવા જે જે સ્થળને વિષે ઉત્પન્ન થએલો એવો જે હું તે તમારા પ્રસાદથકી વ્યભિચાર રહિત ને અચળ એવી જે ભક્તિ તે તમારે વિષે હો. ॥ ૧૨ ॥

॥ सुभद्रोवाच ॥

एकोपिकृष्णस्यकृतः प्रणामोदशाश्वमेधावभृथेनतुल्यः ॥ दशाश्वमेधीपुनरेतिजन्मकृष्णप्रणामिनपुनर्भवाय ॥१३॥

સુભદ્રા કહે છે—દશ અશ્વમેધના ફળ કરતાં એકવાર કૃષ્ણના નમસ્કારનું ફળ વધે છે; કેમકે દશ અશ્વમેધ કરેલો પ્રાણી ફરીથી જન્મ પામે છે, પણ કૃષ્ણને નમસ્કાર કરેલો પ્રાણી ફરી સંસારને પામતો નથી. ॥ ૧૩ ॥

॥ अभिमन्युरुवाच ॥

गोविंदगोविंदहरेमुरारे गोविंदगोविंदमुकुंदकृष्ण ॥ गोविंदगोविंदरथांगपाणेगोविंदगोविंदनमोनमस्ते ॥१४॥

અભિમન્યુ કહે છે—હે ગોવિંદ! હે ગોવિંદ! હે હરે! મુર દૈત્યના નાશ કરનાર! હે ગોવિંદ! હે મુકુંદ! હે કૃષ્ણ! હે ગોવિંદ! હે ગોવિંદ! હે રથાંગપાણે! હે ગોવિંદ! હે ગો-

વિંદ ! તમને હું નમસ્કાર કરૂં છું. ॥ ૧૪ ॥

॥ धृष्टद्युम्नउवाच ॥

श्रीरामनारायणवासुदेवगोविंदवैकुंठमुकुंदकृष्ण ॥ श्रीकेशवानंतनृसिंहविष्णोमांत्राहिसंसारभुजंगदष्टम् ॥१५॥

ધૃષ્ટદ્યુમ્ન કહે છે-હે શ્રીરામ ! હે નારાયણ ! હે વાસુદેવ ! હે ગોવિંદ ! હે વૈકુંઠ ! હે મુકુંદ ! હે કૃષ્ણ ! હે કેશવ ! હે અનંત ! હે નૃસિંહ ! હે વિષ્ણો ! સંસાર રૂપી જે સર્પ તેણે ડસેલો એવો જે હું તેનું રક્ષણ કરો. ॥ ૧૫ ॥

॥ सात्यकिरुवाच ॥

अप्रमेयहरेविष्णोकृष्णदामोदराच्युत ।
गोविंदानंतसर्वेशवासुदेवनमोस्तुते ॥ १६ ॥

સાત્યકિ કહે છે-હે પ્રમાણ રહિત ! હે દુઃખના હરણ કરનાર ! હે વિષ્ણો ! હે કૃષ્ણ ! હે દામોદર ! હે અચ્યુત ! હે ગોવિંદ ! હે અનંત ! હે સર્વના સ્વામિ ! હે વાસુદેવ

તમને હું નમસ્કાર કરૂં છું. ॥ ૧૬ ॥

॥ उद्धव उवाच ॥

वासुदेवत्वंपरित्यज्ययोन्यंदेवमुपासते॥ ।
तृषितोजान्हवीतीरेकूपंखनतिदुर्मतिः ॥ १७

ઉદ્ધવ કહે છે-જેમ તરસ્યો પુરૂષ ગંગાના કિનારે કૂવો ખોદે છે તેમ જે વાસુદેવને ત્યાગ કરીને બીજા દેવને ભજે છે તે દુષ્ટ બુદ્ધિવાળો જાણવો. ॥ ૧૭ ॥

॥ धौम्य उवाच ॥

अपांसमीपेशयनासनस्थितौदिवाच रात्रौच यथाधिगच्छता ॥ यद्यस्ति किंचित्सुकृतंकृतं मयाजनार्दनस्तेनकृतेनतुष्यतु ॥१८॥

ધૌમ્ય કહે છે રાત્રિ તથા દિવસને વિષે જળના સમીપ શયન, આસન કે ઉભો રહ્યો એવો જે હું અથવા મારૂં કાંઇ સુકૃત કરેલું હોય તો તે સુકૃતવડે કરીને જનાર્દન ભગવાન મને પ્રસન્ન થાઓ. ॥ ૧૮ ॥

॥ संजय उवाच ॥

आर्तांविषण्णाःशिथिलाश्चभीता घोरेषुच्या-
घ्रादिषुवर्त्तमानाः ॥ संकीर्त्यनारायणशब्द
मात्रंविमुक्तदुःखाःसुखिनोभवंति ॥१९॥

સંજય કહે છે–દુઃખી થએલા, ખેદ પામેલા, શિથિલ, ભય પામેલા તથા મહા ભયાનક સિંહ ઇત્યાદિ જંતુઓને વિષે ભયભીત રહેલા એવા જે પુરૂષો એકવાર નારાયણના નામ માત્રવડે કરીને દુઃખ ભય થકી મૂકાઇને સુખી થાય છે. ॥ ૧૯ ॥

॥ अक्रूर उवाच ॥

अहंहिनारायण दास दासदासानुदासस्यच
दासदासः ॥ अस्त्यन्यईशोजगतोनराणांत-
स्मादहंचान्यतरोस्मिलोके ॥२०॥

અક્રૂર કહે છે હું નારાયણના દાસ, તેનો દાસ, તેના દાસના દાસનો દાસ છું. એ જગતના સ્વામિ છે અને હું જગત વ્યતિરિક્ત છું. ૨૦

॥ विदुर उवाच ॥

वासुदेवस्ययेभक्ताः शांतास्तद्गतमानसाः ।
तेषांदासस्यदासोहमभूवंजन्मजन्मनि ॥२१

વિદુર કહે છે—મન સંબંધી સંકલ્પ વિકલ્પ ધર્મ તે જેના નાશ થયા છે એવા જે વાસુદેવના ભક્તો છે તેમના દાસનો હું દાસ જન્મો જન્મ થાઉં. ॥ ૨૧ ॥

॥ भीष्म उवाच ॥

विपरीतेषुकालेषुपरिक्षीणेषुबंधुषु ।
त्राहिमांकृपयाकृष्णशरणागतवत्सल ॥२२॥

ભીષ્મ કહે છે—હે શરણાંગત વત્સલ ! વિપરીતતાથી, કાળથી અને બન્ધુઓના પરિક્ષીણથી કૃપાવડે કરીને મારૂં રક્ષણ કરો. ॥ ૨૨

॥ द्रोणाचार्य उवाच ॥

येयेहतांश्चक्रधरेणराजंस्त्रैलोक्यनाथेन जनार्दनेन ॥ तेतेनराविष्णुपुरंप्रयाताःक्रोधोपिदेवस्यवरेणतुल्यः ॥२३॥

દ્રોણાચાર્ય કહે છે-ત્રણ લોકના સ્વામિ, ચક્રના ધારણ કરનાર એવા જનાર્દન ભગવાન્ તેમણે જેને જેને માર્યા તે તે વિષ્ણુ લોકને પામ્યા છે. અહો ! પરમાત્માનો ક્રોધ છે તે કૃપાના સરખો છે. ॥ ૨૩ ॥

॥ कृपाचार्य उवाच ॥

मज्जन्मनः फलमिदंमधुकैटभारेमत्प्रार्थनीय-
मदनुग्रहएषएव ॥ त्वद्भृत्यभृत्यपरिचारकभृ-
त्यभृत्यभृत्यस्मभृत्यइतिमांस्मरलोकनाथ २४

કૃપાચાર્ય કહે છે-હે લોકનાથ ! હે મધુકૈટભના શત્રુ ! મારે વિષે જે તમારી કૃપા તે જ મારા જન્મનું ફળ છે, એજ મારે પ્રાર્થના કરવાને યોગ્ય છે. તમારા સેવકનો સેવક તેનો પણ દાસ એવો જે હું તે મને તમો યાદ કરો. ૨૪

॥ अश्वत्थामोवाच ॥

गोविंदकेशव जनार्दनवासुदेवविश्वेशविश्वम-
धुसूदनविश्वनाथ ॥ श्रीपद्मनाभपुरुषोत्तमपु-

क्राक्षनारायणाच्युतनृसिंहनमोनमस्ते २५

અશ્વત્થામા કહે છે-હે ગોવિંદ! હે જનાર્દન! હે બ્રહ્માદિકના સ્વામિ! હે સર્વ પ્રાણીના ઈશ! હે સર્વ લોકના નાથ! હે મધુ નામે દાનવને નાશ કરનાર! હે જગતના નાથ! હે પદ્મનાભ! હે પુરૂષોત્તમ! હે કમળનેત્ર! હે નારાયણ! હે નાશ રહિત! હે નૃસિંહ! તમને હું નમસ્કાર કરૂં છું. ॥ ૨૫ ॥

॥ कर्ण उवाच ॥

नान्यंवदामिनश्रृणोमिन चिंतयामिनोन्यंस्मरामिनभजामिनचाश्रयामि ॥ भक्त्यात्वदीयचरणांबुजमादरेण श्री श्रीनिवासपुरुशोत्तम देहिदास्यम् ॥२६॥

કર્ણ કહે છે-તમારા વિના બીજું કાંઈપણ ભાષણ કરતો નથી, તમારા કિર્તન વિના બીજું કાંઈ સાંભળતો નથી, તમારા વિના હું બીજું કાંઈ ચિંતવન કરતો નથી, બીજાને હું

ભજતો નથી, બીજાનું સ્મરણ કરતો નથી અને બીજાનો આશ્રય કરતો નથી. માટે હે શ્રી નિવાસ! હે પુરૂષોત્તમ! તમારા ચરણકમળનું દાસપણું મને આપો. ॥ ૨૬ ॥

॥ धृतराष्ट्र उवाच ॥

नमोनमःकारणवामनायनारायणाया मितविक्रमाय ॥ श्रीशार्ङ्गचक्राब्जगदाधरायनमोस्तु तस्मैपुरुषोत्तमाय ॥२७॥

ધૃતરાષ્ટ્ર કહે છે–કારણ માટે વામન થએલા નારાયણ પ્રમાણ રહિત છે પરાક્રમ જેનું લક્ષ્મી, શાર્ઙ્ગ નામનું જે ધનુષ, ચક્ર, ગદા, કમળ તેમને ધારણ કરનાર અને સર્વ પુરૂષોના મધ્યે ઉત્તમ એવા જે તમો તે તમને અમો નમસ્કાર કરીએ છીએ. ॥ ૨૭ ॥

॥ गांधार्युवाच ॥

त्वमेवमाताचपितात्वमेवत्वमेवबंधुश्चसखात्व-

मेव ॥ त्वमेवविद्याद्रविणंत्वमेवत्वमेवसर्वंम-
मदेवदेव ॥२८॥

ગાંધારી કહે છે-માતા, પિતા, બંધુ, મિત્ર, વિદ્યા, દ્રવ્ય એ બધામાં મારે તમે છો ને સર્વ દેવના દેવ પણ તમે છો. ॥ ૨૮ ॥

॥ द्रौपद्युवाच ॥

यज्ञेशाच्युतगोविंदमाधवानंतकेशव ।
कृष्णविष्णोहृषीकेशवासुदेवनमोस्तुते ॥२९

દ્રૌપદી કહે છે હે યજ્ઞના સ્વામિ! હે અચ્યુત! હે ગોવિંદ! હે માધવ! હે અનંત! હે કેશવ! હે કૃષ્ણ! હે વિષ્ણો! હે ઋષિકેશ! હે વાસુદેવ! તમને હું નમસ્કાર કરૂં છું. ૨૯

॥ जयद्रथ उवाच ॥

नमःकृष्णायदेवायब्रह्मणेनंतमूर्त्तये ।
योगेश्वराययोगायत्वामहंशरणंगतः ॥३०॥

જયદ્રથ કહે છે-કૃષ્ણદેવ, બ્રહ્મ, અનંત મૂર્તિ,

યોગેશ્વર યોગ એવા જે તમો તેમને અમે નમસ્કાર કરીએ છીએ અને તમારૂં હું શરણ પામ્યો છું. ॥ ૩૦ ॥

॥ त्रिकर्ण उवाच ॥

कृष्णायवासुदेवायदेवकीनंदनायच ।
नंदगोपकुमारायगोविंदायनमोनमः ॥३१॥

વિકર્ણ કહે છે—કૃષ્ણ વાસુદેવ, દેવકીના પુત્ર, નંદ કુમાર, ગોવિંદ એવા તમને અમે નમસ્કાર કરીએ છીએ. ॥ ૩૧ ॥

॥ सोमदत्त उवाच ॥

नमःपरमकल्याणनमस्तेविश्वभावन ॥
वासुदेवायशांताययदूनांपतयेनमः ॥३२॥

સોમદત્ત કહે છે—હે પરમકલ્યાણ! હે જગતના ઉત્પન્ન કરનાર! વાસુદેવ, શાંત, યાદવના સ્વામિ એવા તમને અમો નમસ્કાર કરીએ છીએ. ॥ ૩૨ ॥

॥ विराट उवाच ॥

नमोब्रह्मण्यदेवायगोब्राह्मणहितायच ।
जगद्धितायकृष्णायगोविंदायनमोनमः ॥३३

વિરાટ કહે છે-જેને બ્રાહ્મણ વ્હાલા છે એવા ગાય બ્રાહ્મણના હિત કરનારા, જગતનું હિત કરનાર, કૃષ્ણ, ગોવિંદ એવા તેમને હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૩ ॥

॥ शल्य उवाच ॥

अतसीपुष्पसंकाशंपीतवाससमच्युतम् ।
येनमस्यंतिगोविंदंनतेषांविद्यतेभयम् ॥३४

શલ્ય કહે છે-અળસીના પુષ્પ સરખી કાન્તિવાળા, પીળાં વસ્ત્રવાળા અને જેનો ત્રણ કાળમાં નાશ નથી એવા ગોવિંદને જે પુરૂષો નમે છે તે પુરૂષોને કોઈ દિવસ ભય હોતો નથી.

॥ बलभद्र उवाच ॥

कृष्णकृष्णकृपालस्त्वमगतिनांगतिर्भव ।
संसारार्णवमग्नानांप्रसीदपुरुषोत्तम ॥३५॥

બલભદ્ર કહે છે–હે કૃષ્ણ ! હે કૃપાળુ ! સંસારરૂપી સમુદ્રમાં ડુબેલા પુરૂષોની તમે ગતિરૂપ હો અને પ્રસન્ન થાઓ. ॥ ૩૫ ॥

॥ श्रीकृष्ण उवाच ॥

कृष्णकृष्णेतिकृष्णेतियोमांस्मरतिनित्यशः ।
जलंभित्वायथापद्मंनरकादुद्धराम्यहम् ॥३६

શ્રીકૃષ્ણ કહે છે–હે કૃષ્ણ ! હે કૃષ્ણ ! એ પ્રકારે નિત્યે જે મને સંભારે છે તેને હું જેમ પાણીને ભેદીને કમળ બહાર નીકળે છે તેમ નરકથી બહાર કાઢું છું. ॥ ૩૬ ॥

सत्यंब्रवीमिमनुजाःस्वयमूर्ध्वबाहुर्योमां मुकुंद नरसिंहजनार्दनेति ॥ जीवोजपत्यनुदिनंमरणेरणेवापाषाणकाष्ठसदृशायददाम्यभीष्टम् ॥

જે મનુષ્યો ઉંચા હાથ કરીને મરણ તથા રણને વિષે નિત્ય હે મુકુંદ ! હે નૃસિંહ ! હે જનાર્દન ! એ પ્રકારે મને સંભારે છે તે જડ હોય તોય તેને હું ઇચ્છિત પદાર્થો નક્કી આપું છું. ॥ ૩૭ ॥

॥ सूत उवाच ॥

तत्रैवगंगायमुनात्रिवेणीगोदावरीसिंधुसरस्वतीच । सर्वाणितीर्थानिवसंतितत्रयत्राच्युतोदारकथाप्रसंगः ॥३८॥

સૂતપુરાણી કહે છે-જે સ્થળને વિષે ભગવાનની ઉત્તમ કથા થાય છે તે સ્થળને વિષે ગંગા યમુના, ત્રિવેણી, ગોદાવરી, સિંધુ, સરસ્વતિ આદિ સર્વ તીર્થો રહે છે. ॥ ૩૮ ॥

॥ यम उवाच ॥

नरकेपच्यमानस्तुयमेनपरिभाषितः ।
किंत्वयानार्चितोदेवःकेशवःक्लेशनाशनः॥३९

યમ કહે છે-નરકને વિષે દુ:ખ પામતો યમના સંગાથે સહવાસ કરેલો એવો જે તું તેણે દુ:ખનો નાશ કરનાર અને સર્વ ઇંદ્રિયોના ઇશ એવા ઇશ્વરને કેમ ન પૂજ્યા ? ॥ ૩૯ ॥

॥ नारद उवाच ॥

जन्मांतरसहस्रेणतपोध्यानसमाधिभिः ।

नराणांक्षीणपापानांकृष्णेभक्तिःप्रजायते ४०

નારદ કહે છે–હજાર જન્મના તપ અને સમાધિયો વડે કરીને નાશ પામ્યું છે પાપ જેમનું એવા પુરૂષોની કૃષ્ણને વિષે ભક્તિ ઉત્પન્ન થાય છે. ॥ ૪૦ ॥

॥ प्रल्हाद उवाच ॥

नाथयोनिसहस्त्रेषुयेषुयेषुव्रजाम्यहम् ।
तेषु तेष्वचलाभक्तिरच्युतास्तुसदात्वयि ४१

પ્રલ્હાદ કહે છે હે નાથ! જે જે યોનિને વિષે હું ઉત્પન્ન થાઉં તે તે યોનિને વિષે હે અચ્યુત! અચળ એવી ભક્તિ તમારે વિષે હંમેશા હો.

याप्रीतिरविवेकानांविषयेष्वनपायिनी ।
त्वामनुस्मरतःसामेहृदयान्मापसर्पतु ॥४२॥

અવિવેકી પુરૂષોનો વિષયને વિષે જેટલો પ્રેમ હોય છે તેટલાજ પ્રેમપૂર્વક તમારૂં સ્મરણ કરતો એવો જે હું તેના હૃદયને સ્પર્શ કરો. ॥ ૪૨ ॥

॥ विश्वामित्र उवाच ॥

किंतस्यदानैःकिंतीर्थैःकिंतपोभिःकिमध्वरैः ।
योनित्यंध्यायतेदेवंनराणांमनसिस्थितम् ४३

વિશ્વામિત્ર કહે છે—પુરૂષોના મનને વિષે રહેલા દેવનું જે પુરૂષ ધ્યાન ધરે છે તે પુરૂષને તપ, દાન અને યજ્ઞવડે શું વધારે ફળ મળવાનું છે ? ॥ ૪૩ ॥

॥ जमदग्निरुवाच ॥

नित्योत्सवस्सदातेषांनित्याश्रीर्नित्य मंगलम्
येषांहृदिस्थोभगवान्मंगलायतनंहरिः ॥४४

જમદગ્નિ કહે છે—જે પુરૂષોના હૃદયમાં મંગળકારી ભગવાન છે તે પુરૂષોને સદા લક્ષ્મી પ્રસન્ન હોય છે. ॥ ૪૪ ॥

॥ भरद्वाज उवाच ॥

लाभस्तेषांजयस्तेषांकुतस्तेषांपराजयः ।
येषामिंदीवरश्यामोहृदयस्थोजनार्दनः ॥४५

ભરદ્વાજ કહે છે-જેમના હૃદયમાં શ્યામ કમળના સરખા, શ્યામ જનાર્દન પરમાત્મા રહ્યા છે તેમને પરાજય ક્યાંથી હોય? તેમને તો લાભ તથા જયજ હોય. છે. ॥ ૪૫ ॥

॥ गौतम उवाच ॥

गोकोटिदानंग्रहणेषुकाशीप्रयागगंगा युतकल्पवासः ॥ यज्ञायुतंमेरुसुवर्णदानंगोविंदनामस्मानसमंनतुल्यम् ॥ ४६ ॥

ગૌતમ કહે છે-ગ્રહણ સમયે કોટી ગાયોનું દાન કાશીમાં કરે, તે જ પ્રકારે પ્રયાગમાં દશ હજાર યજ્ઞ કરે તથા સુવર્ણના મેરૂનું દાન કરે પણ ગોવિંદના નામના સ્મરણ તુલ્ય આવે નહીં. ॥ ૪૬ ॥

॥ अत्रिरुवाच ॥

गोविंदेतिसदास्नानंगोविंदेतिसदाजपः ।
गोविंदेतिसदाध्यानंसदागोविंदकीर्त्तनम् ४७

અત્રિ કહે છે-ગોવિંદરૂપી સદા સ્નાન છે,

ગોવિંદરૂપી સદા જપ છે અને ગોવિંદરૂપી સદા ધ્યાન છે માટે ગોવિંદનું કિરતન અવશ્ય કરવું. ॥ ૪૭ ॥

अक्षरंहिपरंब्रह्मगोविंदेत्यक्षरत्रयम् ।
तस्मादुच्चरितंयेनब्रह्मभूयायकल्पते ॥४८॥

અક્ષર બ્રહ્મ છે, ગોવિંદ એ પ્રકારે ત્રણ અક્ષર છે માટે જે પુરૂષ તે પરમાત્માનું સ્મરણ કરે છે તે પુરૂષ પરમ પદને પામે છે.

॥ श्रीशुक उवाच ॥

अच्युतःकल्पवृक्षोसावनंतःकामधेनवः ।
चिंतामणिश्चगोविंदोहरिनामविचिंतयेत् ४९

શ્રી શુક કહે છે–અચ્યુત તે કલ્પવૃક્ષ છે, આ અનંત ભગવાન તે કામધેનું રૂપ છે અને ચિંતામણિરૂપી ગોવિંદ છે માટે હરિના નામનું સ્મરણ કરવું. ॥ ૪૯ ॥

॥ दारुकउवाच ॥

जयतिजयतिदेवो देवकीनंदनोयंजयतिजय-

तिकृष्णोवृष्णिवंशप्रदीपः । जयतिजयतिमेघश्यामलःकोमलांगोजयतिजयतिपृथ्वीभारनाशोमुकुंदः ॥५०॥

હરિ કહે છે–દેવકીના પુત્ર, યાદવના વંશને દીપાવનાર, મેઘના સરખા શ્યામ, કોમળ છે દેહ જેનો અને પૃથ્વીના ભારને ઉતારનાર એવા મુકુંદ પરમાત્મા જે સર્વોત્કર્ષપણાવડે વર્તે છે તેમનો જય હો. ॥ ૫૦ ॥

॥ पिप्पलायन उवाच ॥

श्रीमन्नृसिंहविभवे गरुडध्वजायतापत्रयोपशमनायभवौषधाय ॥ कृष्णायवृश्चिकजलाग्निभुजंगरोमक्लेशन्यपायहरयेगुरवेनमस्ते ॥५१

પિપ્પલાયન કહે છે–શોભાસંપન્ન એવા જે નૃસિંહ, સમર્થ ગરૂડધ્વજ અધ્યાત્મ અધિભૂત અને અધિદૈવ એ ત્રણ તાપના નાશ કરનાર, સંસારના ઔષધરૂપી અને વૃશ્ચિકાદિ વ્યાધિઓના નાશ કરનાર એવા જે હરિ ગુરૂને

નમસ્કાર હો. ॥ ૫૧ ॥

॥ आविर्होत्र उवाच ॥

कृष्णत्वदीयपदपंकजपंजरांते अद्यैवमेविशतु मानसराजहंसः ॥ प्राणप्रयाणसमयेकफवातपित्तैःकंठावरोधनविधौस्मरणंकुतस्ते ॥५२

આવિર્હોત્ર કહે છે—હે કૃષ્ણ ! તમારા ચરણકમળમાં મારૂં મન પ્રવેશ કરો. પ્રાણ નાશ થવાની વખતે કફ, વાયુ અને પિત્ત વડે કરીને કંઠ રોકાવાથી તમારૂં સ્મરણ ક્યાંથી થાય ? ૫૨

॥ विदुर उवाच ॥

हरेर्नामैवनामैवनामैवममजीवनम् ।
कलौनास्त्येवनास्त्येवनास्त्येवगतिरन्यथा५३

વિદુર કહે છે હરિનું જે નામ તે નામ, ભગવાનનું નામ તે મારૂં જીવન છે, કળિયુગને વિષે ભગવત કીર્તન વિના સર્વ નાશ વસ્તુ છે અને ગતિ પણ બીજા કોઈ પ્રકારે નથી. ૫૩

॥ वसिष्ठ उवाच ॥

कृष्णेतिमंगलंनामयस्यवाचिप्रवर्त्तते ।
भस्मीभवंतितस्याशुमहापातककोटयः॥५४॥

વસિષ્ઠ કહે છે હે કૃષ્ણ ! એ પ્રકારે મંગળ નામ જેની વાણીમાં પ્રવર્ત્તે છે તેનાં કોટી મહા પાપ તત્કાળ ભસ્મ થાય છે. ॥ ૫૪ ॥

॥ अरुंधत्युवाच ॥

कृष्णायवासुदेवायहरयेपरमात्मने ।
प्रणतक्लेशनाशायगोविंदायनमोनमः ॥५५॥

અરૂંધતી કહે છે -કૃષ્ણ, વાસુદેવ અને પરમાત્માને નમસ્કાર કરતાંજ કલેશ નાશ પામે છે માટે ગોવિંદ એવા તેમને હું નમસ્કાર કરૂં છું. ॥ ૫૫

॥ कश्यप उवाच ॥

कृष्णानुस्मरणादेवपापसंघातपंजरः ।
शतधाभेदमाप्नोतिगिरिर्वज्रहतोयथा ॥५६॥

કશ્યપ કહે છે--જેમ વજ્રવડે કરીને પર્વત સ-

મૂળનું ચૂર્ણ થાય છે તેમજ કૃષ્ણના સ્મરણથકી પાપના સમૂહના સો કડકા થઈ જાય છે. ૫૬

॥ दुर्योधन उवाच ॥

जानामिधर्मंनचमे प्रवृत्तिर्जानाम्यधर्मंनचमे निवृत्तिः ॥ केनापिदेवेनहृदिस्थितेनयथा नियुक्तोस्मितथाकरोमि ॥५७॥

દુર્યોધન કહે છે કે-ધર્મને હું જાણું છું પણ મારે પ્રવૃત્તિ નથી અને અધર્મને જાણું છું પણ મારે નિવૃત્તિ નથી ને હૃદયને વિષે રહેલો એવો જે કોઈ દેવ તેણે પ્રેરણા કરેલો એવો જે હું તે જે પ્રકારે પ્રેરણા કરે છે તે પ્રકારે હું કરૂં છું. ॥ ૫૭ ॥

येनस्वगुणदोषेणक्षम्यतांमधुसूदनः ।
अहमेवमहंहंतुंममदोषोनविद्यते ॥५८॥

હે મધુસૂદન! અમારા કોટિ અપરાધ છે તો પણ ક્ષમા કરો. અહંકાર છે તેજ મનુષ્યનું ખોટું કરનાર છે. ॥ ૫૮ ॥

॥ भृगुरुवाच ॥

नामैवतवगोविंदनामत्वत्तःशताधिकम् ।
ददात्युच्चारणान्मुक्तिंविनाप्यष्टांग योगतः ५९

ભૃગુ કહે છે–હે ગોવિંદ! તમારા નામ તત્વથકી એક શતઅધિક નામના ઉચ્ચાર કરવાથી મુક્તિ આપે છે. આઠ યોગ સાધન ન કર્યાં હેય તો પણ ભગવત કીર્તનથકી મુક્તિ મળે છે. ॥ ૫૯ ॥

॥ लोमहर्षण उवाच ॥

नमामिनारायणपादपंकजंकरोमि नारायणपूजनंसदा ॥ वदामिनारायणनामनिर्मलंस्मरामिनारायणतत्वमव्ययम् ॥६०॥

લોમહર્ષણ કહે છે–હું નારાયણના ચરણકમળને નમસ્કાર કરૂં છું, નિત્ય નારાયણનું હું પૂજન કરૂં છું, નારાયણનું નામ તે હું બોલું છું અને નાશ રહિત એવું જે નારાયણ તત્વ તેનું હું સ્મરણ કરૂં છું. ॥ ૬૦ ॥

॥ शौनक उवाच ॥

स्मृतेसकलकल्याणभाजनंयत्रजायते ।

पुरुषंतमजंनित्यंव्रजामिशरणंहरिम् ॥६१॥

શૌનક કહે છે-જેને વિષે સર્વ કલ્યાણનું પાત્ર ઉત્પન્ન થાય છે તે ઉત્પત્તિ રહિત અને નિત્ય એવા હરિના શરણને હું પામું છું. ॥ ૬૧ ॥

॥ गर्ग उवाच ॥

नारायणेतिमंत्रोस्तिवागस्तिवशवर्तिना ।

तथापिनरकेघोरेपतंतीत्येतदद्भुतम् ॥६२॥

ગર્ગઋષિ કહે છે- નારાયણ એ પ્રકારનો મંત્ર છે અને પોતાને વશ વાણી છે; તો પણ મનુષ્ય ઘોર નરકમાં પડે છે તે મોટું આશ્ચર્ય છે. ૬૨

॥ दाल्भ्य उवाच ॥

किंतस्यबहुभिर्मंत्रैर्भक्तिर्यस्यजनार्दन ।

नमोनारायणायेतिमंत्रःसर्वार्थसाधकः ॥६३

દાલ્ભ્ય કહે છે- જેનો ભગવાનને વિષે ભક્તિ છે તે પુરૂષને મંત્રોવડે કરીને શું ? નમો નારાય-

થાય એ પ્રકારનો મંત્ર સર્વાર્થ સાધક છે. ૬૩

॥ वैशंपायन उवाच ॥

यत्रयोगेश्वरःकृष्णोयत्रपार्थोधनुर्धरः ।
तत्रश्रीर्विजयोभूतिध्रुवानीतिर्मतिर्मम ॥६४

વૈશંપાયન કહે છે-જે સ્થળને વિષે સર્વ યોગીના ઈશ્વર એવા કૃષ્ણ છે અને જ્યાં અર્જુન જેવા ધનુષધારી છે તે સ્થળને વિષે જય અને લક્ષ્મી રહે છે એમ મારૂં માનવું છે. ૬૪

॥ अंगिरा उवाच ॥

हरिर्हरतिपापानिदुष्टाचित्तैरपिस्मृतः ।
अनिच्छयापिसंस्पृष्टोदहत्येवहिपावकः॥ ६५

અંગિરા કહે છે-દુષ્ટ માણસોએ પણ હરિનું સ્મરણ કર્યું હોય, તો પણ ભગવાન પાપ હરે છે; કેમકે અજાણતાં જો અગ્નિ અડકયો હોય તો પણ દહન કરે છે. ॥ ૬૫ ॥

॥ पराशर उवाच ॥

सकृदुच्चरितंयेनहरिरित्यक्षरद्वयम् ।

बद्धःपरिकरस्तेनमोक्षायगमनंप्रति ६६

પારાશર કહે છે–એ વાર હરિ એ પ્રકારે બે અક્ષરનો ઉચ્ચાર કર્યો હોય તો ભવના બંધનાશ પામે છે, અર્થાત્ તેને મોક્ષફળ મળે છે. ૬૬

॥ पौलस्त्य उवाच ॥

हेजिह्वेरससारज्ञेसर्वदामधुरप्रिये ।
नारायणाख्यपीयूषंपिबजिह्वेनिरंतरम् ॥६७

પૌલસ્ત્ય કહે છે–હે રસના સાર જાણનારી! હે મીઠા પદાર્થના ઉપર પ્રીતિ કરનાર! હે જીહ્વા! નારાયણરૂપી અમૃતનું નિરંતર પાન કર. ૬૭

॥ व्यास उवाच ॥

सत्यंसत्यंपुनःसत्यंभुजमुत्थाप्यचोच्यते ।
नवेदाच्चपरंशास्त्रंनदेवःकेशवात्परः ॥६८॥

વ્યાસ હાથ ઉંચા કરીને કહે છે–હું સત્ય કહું છું કે વેદથકી શ્રેષ્ઠ બીજું શાસ્ત્ર નથી અને કેશવ ભગવાનથકી બીજો કોઈ દેવ શ્રેષ્ઠ નથી. ॥ ૬૮ ॥

॥ धन्वंतरी उवाच ॥

अच्युतानंतगोविंदनामोच्चारणभेषजात् ।
नश्यंतिसकलारोगाःसत्यंसत्यंवदाम्यहम् ६९

ધન્વંતરી કહે છે-અચ્યુત, અનંત, ગોવિંદ એવા નામના ઉચ્ચારરૂપી ઔષધથી સર્વે રોગ નાશ પામે છે તે હું સત્ય કહું છું. ॥ ૬૯ ॥

॥ मार्कंडेय उवाच ॥

साहानिस्तन्महच्छिद्रंसाचांधजडमूढता ।
यन्मुहूर्तंक्षणंवापिवासुदेवंनचिंतयेत् ॥७०॥

માર્કંડેય કહે છે-જે પુરૂષ ક્ષણ માત્ર ગોવિંદને નથી સંભારતો તેજ મોટી હાનિ જાણવી અને તેજ મોટું કપટ તથા તેજ મોટી જડમૂઢતા જાણવી. ॥ ૭૦॥

॥ अगस्त्य उवाच ॥

निमिषंनिमिषार्द्धंवाप्राणिनांविष्णुचिंतनम् ।
क्रतुकोटिसहस्त्राणांध्यानमेकंविशिष्यते ७१

અગસ્ત્ય કહે છે--એક નિમિષ વા નિમિષનું અરધ પ્રાણીઓને વિષ્ણુનું ચિંતવન હોય તો હજાર યજ્ઞોનું ફળ પણ સ્મરણ તુલ્ય આવતું નથી. ॥ ૭૧ ॥

मनसाकर्मणावाचायेस्मरंतिजनार्दनम् ।
तत्रतत्रकुरुक्षेत्रंप्रयागोनैमिषंवनम् ॥७२॥

મન, કર્મ અને વાણીવડે કરી જે સ્થળે જનાર્દનનું સ્મરણ કરે છે તે સ્થળ કુરૂક્ષેત્ર નૈમિષક્ષેત્ર જેવું પવિત્ર થાય છે.

॥ श्रीशुक उवाच ॥

आलोड्यसर्वशास्त्राणिविचार्यैवंपुनःपुनः ।
इदमेकंसुनिष्पन्नंध्येयोनारायणःसदा ॥७३

શ્રીશુકદેવ કહે છે--સર્વ શાસ્ત્ર મંથન કરીને વારંવાર વિચાર કરીને એમાંથી એકજ સાર નીકળ્યો છે કે નારાયણનું સદા ધ્યાન કરવું.

॥ श्रीमहादेव उवाच ॥

शरीरंचनवच्छिद्रंव्याधिग्रस्तंकलेवरम् ।

औषधंजान्हवीतोयंवैद्योनारायणोहरिः ७४

શ્રીમહાદેવજી કહે છે-નવ દ્વારવાળું અને વ્યાધિએ ગળેલું એવું જે કલેવર છે તેને ગંગાનું જળ તે ઔષધ છે અને નારાયણજ વૈદ્ય સ્વરૂપ છે. ॥ ૭૪ ॥

॥ शौनक उवाच ॥

भोजनाच्छादनेचिंतांवृथाकुर्वंतिवैष्णवाः ।
योसौविश्वंभरोदेवःसभक्तानकिमुपेक्षते॥७५

શૌનક કહે છે-ભોજન શયનને વિષે વૈષ્ણવ જન વૃથા ચિંતા કરે છે; કેમકે જગતનું પોષણ કરનાર જે દેવ છે તે શું નહીં પોષણ કરે ? ॥ ૭૫ ॥

एवंब्रह्मादयोदेवाऋषयश्चतपोधनाः ।
कीर्तयंतिसुरश्रेष्ठंदेवंनारायणंविभुम् ॥७६॥

એ પ્રકારે બ્રહ્માદિક દેવ તથા તપરૂપી ધનવાળા ઋષિ સર્વ દેવમાં શ્રેષ્ઠ ને સમર્થ એવા નારાયણનું કીર્તન કરે છે. ॥ ૭૬ ॥

॥ सनत्कुमार उवाच ॥

यस्यहस्तेगदाचक्रंगरुडोयस्यवाहनम् ।
शंखःकरतलेयस्यसमेविष्णुःप्रसीदतु ॥७७

સનત્કુમાર કહે છે-જેના હાથમાં ગદા ને ચક્ર છે, ગરૂડ જેનું વાહન છે અને હસ્તને વિષે શંખ છે તે વિષ્ણુ મને પ્રસન્ન થાઓ. ૭૭

इदंपवित्रमायुष्यंपुण्यंपापप्रणाशनम् ।
यःपठेत्प्रातरुत्थायवैष्णवंस्तोत्रमुत्तमम् ७८

જે પુરૂષ પ્રાતઃકાળને વિષે ઉઠીને વિષ્ણુના ઉત્તમ સ્તોત્રનો પાઠ કરે છે તેનો જન્મ સાર્થક છે.॥ ૭૮ ॥

सर्वपापविनिर्मुक्तोविष्णुसायुज्यमाप्नुयात् ।
धर्मार्थकाममोक्षार्थंपांडवैः परिकीर्त्तितम् ७९

સર્વ પાપથકી મૂકાઈને વિષ્ણુ પદને પામે છે. ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પદને અર્થે પાંડવે કહ્યું છે. ॥ ૭૯ ॥

आकाशात्पतितंतोयंयथागच्छतिसागरम् ।
सर्वदेवनमस्कारःकेशवंप्रतिगच्छति ॥८०॥

જેમ આકાશમાંથી પડેલું જળ પૃથ્વીમાં પડી· ને સાગર પ્રત્યે જાય છે તેમ સર્વ દેવને કરેલા નમસ્કાર કેશવ ભગવાન પ્રતિ જાય છે. ॥૮૦॥

इति श्रीपांडवकृत प्रपन्नगीतासंपूर्णम्.

ઇતિ શ્રી પાંડવ કૃત પ્રપન્ન ગીતા તસ્યોપ-રીહાવટ ગ્રામાખ્ય નિવાસી પૌરાણીક ત્ર્ંબક-રામાત્મજ નથુરામેણ વિરચિતા ભાષા. શ્રી રામચંદ્રાય નમઃ ॥ ॥ શ્રી ॥ ॥ શ્રી ॥

अथ बकगीता.

॥ वैशम्पायन उवाच ॥

मार्कण्डेयमृषयो ब्राह्मणा युधिष्ठिरश्च पर्यपृच्छन्नृषिः केन दीर्घायुरासीद्बको मार्कण्डेयस्तु तान्सर्वानुवाच ॥१॥

વૈશમ્પાયન બોલ્યા—હે જન્મેજય! માર્કંડેય ઋષિ પ્રત્યે ઋષિ બ્રાહ્મણો અને યુધિષ્ઠિર પૂછવા લાગ્યા કે હે મહર્ષિ! બકમુનિ શા કારણથી દીર્ઘાયુષી થયા? આ પ્રમાણે તેઓનો પ્રશ્ન સાંભળી માર્કંડેય ઋષિએ આ પ્રમાણે કહ્યું. ॥ ૧ ॥

महातपा दीर्घायुश्च बको राजर्षिर्नात्रकार्या विचारणा ॥२॥

અત્યંત તપશ્ચર્યા કરવાવાળા રાજર્ષિ દીર્ઘાયુ છે. એ વિચાર કરવા યોગ્ય નથી અર્થાત્ ં વિષે શંકા લાવવાનું કાંઈ કારણ નથી. ૨

एतच्छ्रुत्वा तु कौंतेयो भ्रातृभिःसहभारत ।
मार्कण्डेयं पर्यपृच्छद्धर्मराजोयुधिष्ठिरः ॥३॥
बकदाल्भ्यौमहात्मानौश्रूयेतेचिरजीविनौ ।
सखायौदेवराजस्यतावृषीलोकसंमितौ ॥४

આ પ્રમાણે માર્કંડેયનું બોલવું સાંભળી ભાઈઓ સહિત કુંતિપુત્ર ધર્મરાજ યુધિષ્ઠિરે પુનઃ પૂછ્યું કે બક અને દાલ્ભ્ય એ બન્ને મહાત્માઓ ચિરંજીવ સાંભળેલા છે, વળી ઈંદ્રના મિત્ર એ બન્ને ઋષિઓ લોક પૂજ્ય છે.

एतदिच्छामिभगवन्बकशक्रसमागमम् ॥
सुखदुःखसमायुक्तंतत्त्वेनकथयस्वमे ॥५॥

હે ભગવાન! બક અને ઈંદ્રનો કેવા પ્રકારે સમાગમ થયો ? ! તે સાંભળવા ઇચ્છું છું માટે તે સુખ દુઃખ યુક્ત સમાગમનો વૃત્તાંત તત્વ સહિત મને કહી સંભળાવો. ॥ ૫ ॥

॥ मार्कण्डेय उवाच ॥

वृत्तेदेवासुरेराजन्संग्रामेलोमहर्षणे ।

त्रयाणामपिलोकानामिंद्रोलोकाधिपोभवत् ६
सम्यग्वर्षतिपर्जन्येसुखसंपदउत्तमाः ।
निरामयास्तुधर्मिष्ठाःप्रजाधर्मपरायणाः ॥ ७

માર્કંડેય બોલ્યા- હે રાજન્ ! દેવ દૈત્યોના લોમહર્ષણ યુદ્ધ થયા પછી ત્રણે લોકનો સ્વામિ ઇંદ્ર થયો. સમસ્ત પ્રકારે વૃષ્ટિ થવાથી ખેતીની પેદાશ ઉત્તમ થઈ, રોગ રહિત, અત્યંત ધર્મવાળી અને ધર્મ પરાયણ એવી પ્રજા ઉત્પન્ન થઈ. ॥ ૬- ૭ ॥

मुदितश्चजनःसर्वःस्वधर्मेसुव्यवस्थितः ।
ताःप्रजामुदिताःसर्वादृष्ट्वावलनिषूदनः ॥८॥

આનંદ યુક્ત થએલાં સમસ્ત જનો પોત પોતાના વર્ણાશ્રમ ધર્મમાં સ્થિત હતાં. આ પ્રકારે પ્રસન્ન થએલી સકળ પ્રજાને નિહાળી,

ततस्तुमुदितोराजन्देवराजःशतक्रतुः ।
ऐरावतंसमास्थायताःपश्यन्मुदिताःप्रजाः ॥९

હે રાજન્ ! દેવતાઓનો રાજા ઐરાવત

હાથી ઉપર બેસી પ્રસન્ન ચિત્તે તે પ્રજાને જોવા લાગ્યો. ॥ ૯ ॥

आश्रमांश्चविचित्रांश्चनदीश्चविविधाः शुभाः ।
नगराणिसमृद्धानिखेटाञ्जनपदांस्तथा ॥१०

વિચિત્ર પ્રકારના યોગી-તપસ્વીઓના આશ્રમો, ઉત્તમ જળને વહેનારી પાપહારિણી નદીઓ, મહા સમૃદ્ધિવાન નગરો અને અલ્પ સંપદા યુક્ત ગામો તથા દેશોને જોવા લાગ્યો.

प्रजापालनदक्षांश्चनरेंद्रान्धर्मचारिणः ।
उदपानप्रपावापीतडागानिसरांसिच ॥११॥
नानाब्रह्मसमाचारैःसेवितानिद्विजोत्तमैः ।
ततोवतीर्यरम्यायांपृथ्व्यांराजञ्छतक्रतुः १२

પ્રજા પાળવામાં પ્રવિણ-ડાહ્યા રાજેંદ્રો અને ધર્માચારી રાજાઓ, તથા પાણીની પરબો, વાવડીઓ, તળાવ, સરોવરાદિ સર્વ જળાશયો, વિવિધ પ્રકારના બ્રહ્મ સમાચારવાળા બ્રાહ્મણોથી સેવિત જોઇને પછી હે રાજન્! ઇંદ્ર-

રાજ આકાશ માર્ગથી રમણીય પૃથ્વી ઉપર ઉતરીને, ॥ ૧૧-૧૨ ॥

तत्ररम्येशिवेदेशेबहुवृक्षसमाकुले ।
पूर्वस्यांदिशिरम्यायांसमुद्राभ्यासतोनृप ॥१३
तत्राश्रमपदंरम्यंमृगद्विजनिषेवितम् ।
तत्राश्रमपदेरम्येबकंपश्यतिदेवराट् ॥१४॥

ત્યાં રમ્ય અને મંગળકારી દેશ કે જ્યાં ઘણુંજ પ્રફુલ્લિત વૃક્ષોથી ઘટાદાર ભૂમિ જણાય છે તે ભૂમિમાં મનોહર પૂર્વ દિશાએ હે રાજેંદ્ર ! સમુદ્રના સમીપ મૃગ પક્ષિયોથી સેવિત આનંદકારી આશ્રમ હતો. ત્યાં દેવતાઓનો પતિ ઇંદ્ર બકને નિહાળવા લાગ્યો.

बकस्तुदृष्ट्वादेवेंद्रंदृढंप्रीतमनाभवत् ।
पाद्यासनार्घदानेनफलमूलैरथार्चयत् ॥१५॥

આ પ્રકારે ઇંદ્રને નિહાળતો જોઇ બકમુનિ પણ અત્યંત પ્રસન્ન થઈ ઇંદ્રને પ્રીતિ પૂર્વક પાદ્ય, આસન, અર્ઘ્યદાન, ફળ અને મૂળથી

પૂજવા લાગ્યા. ॥ ૧૫ ॥

सुखोपविष्टोवरदस्ततस्तुबलसूदनः ।
ततःप्रश्नंबकं देव उवाच त्रिदशेश्वरः ॥१६
शतंवर्षसहस्राणिमुनेजातस्यतेऽनघ ।
समाख्याहिममब्रह्मन्किंदु खंचिरजीविनाम्

ત્યાર પછી વરદાન દેવાવાળો ઈંદ્ર સુખ પૂર્વક ત્યાં બેસીને તે બકમુનિને પૂછવા લાગ્યો કે, હે પાપરહિત ! હે મુને ! તમને જન્મ લીધે લાખો વર્ષ થઈ ગયાં છે અર્થાત્ આપ ચિરંજીવી છો માટે હે બ્રહ્મન્ ! મને શંકા છે કે ચિરંજીવીઓને શું દુઃખ હશે ? તેનું સમાધાન કરો.

॥ बक उवाच ॥

अप्रियैःसहसंवासःप्रियैश्चापिविनाभवः ।
असद्भिःसंप्रयोगश्चतदुःखंचिरजीविनाम् १८

આ પ્રમાણે ઈંદ્રનો પ્રશ્ન સાભળી બકમુનિએ કહ્યું કે–હે સુરેંદ્ર ! ચિરંજીવિઓને

આટલું દુઃખ છે—અપ્રિયજનો સાથે સહવાસ, પ્રિયજનો સાથે વિયોગ અને દુષ્ટોના સંગ સહિત રહેવું, ॥ ૧૮ ॥

पुत्रदारविनाशोत्रज्ञातीनांसुहृदामपि ।
परेष्वापततेकृच्छ्रंकिंनुदुःखतरंततः ॥१९॥

પુત્ર, સ્ત્રી, જ્ઞાતિ અને મિત્રોનો નાશ, શત્રુ એમાં કષ્ટથી રહેવું એથી બીજું વિશેષ દુઃખ શું છે ? ॥ ૧૯ ॥

नान्यदुःखतरंकिंचिल्लोकेषुप्रतिभातिमे ।
अर्थैर्विहीनःपुरुषःपरैःसंपरिभूयते ॥२०॥

સંસારમાં જે ધનથી રહિત છે તે પુરૂષો ધનવાળાઓથી તિરસ્કાર પામે છે એથી વધારે બીજું દુઃખ મને દેખાતું નથી અર્થાત્ નિર્ધનાવસ્થામાં ધનેચ્છાએ અપમાન વેઠી જીવવું એ મહાન્ દુઃખ છે. ॥ ૨૦ ॥

अकुलानांकुलेभावंकुलीनानांकुलक्षयम् ।
संयोगंविप्रयोगंचपश्यंतिचिरजीविनः ॥२१

દુષ્ટ કુળવાળાઓના કુળનો પ્રભાવ અને કુલીનોના કુળનો નાશ, સંયોગ તથા વિયોગ એમને ચિરંજીવ જોઈ શકે છે. ॥ ૨૧ ॥

अपिमत्यक्षमेवैतद्देवदेवशक्रतो ।
अकुलानांसमृद्धानांकथंकुलविपर्ययः ॥२२

देवदानवगंधर्वमनुष्योरगराक्षसाः ।
प्राप्नुवंतिविपर्यासंकिंनुदुःखतरंततः ॥२३॥

હે હજાર નેત્રવાળા ! હે દેવેશ ! એ પ્રત્યક્ષ-જ છે કે અકુળવાન સમૃદ્ધિયોના કુળનો શી રીતે નાશ થયો ! દૈત્ર, દાનવ, ગંધર્વ, મનુષ્ય, સર્પ અને રાક્ષસ પણ વિપરીત સ્થિતિને પામે છે. કહો આથી વિશેષ દુઃખ શું છે ?

कुलेजाताश्चक्लिश्यन्तेदौष्कुलेयवशानुगाः ।
आढयैर्दरिद्रावमताःकिंनुदुःखतरंततः ॥२४

કુળમાં ઉત્પન્ન થએલા, દુષ્ટ કુળવાળાઓને વશ થઇને કલેશને પ્રાપ્ત થતા ધનવાળા, દારિદ્રીઓનું અપમાન કરે છે. કહો એથી

કયું દુ:ખ વિશેષ છે ? ॥ ૨૪ ॥

लोकेवैधर्म्यतेतत्तुदृश्यतेबहुविस्तरम् ।
हीनज्ञानाश्चदृश्यन्तेक्लिश्यन्तेप्राज्ञकोविदाः ॥

સંસારમાં વિશેષ વિસ્તારવાળું આ વૈધર્મ્ય દેખાય છે, હીનજ્ઞાનવાળા આનંદમાન દેખાય છે અને મહાન્ પંડિતો મહાન્ ક્લેશોને પામે છે. ॥ ૨૫ ॥

बहुदुःखपरिक्लेशंमानुष्यमिहदृश्यते ।

॥ इन्द्र उवाच ॥

पुनरेवमहाभागदेवर्षिगणसेवित ॥ २६ ॥
समाख्याहिममब्रह्मन्किंसुखंचिरजीविनाम् ।

॥ बक उवाच ॥

अष्टमेद्वादशेवापिशाकंयः पचतेगृहे ॥२७॥

ઘણાં દુઃખ અને ક્લેશયુક્ત મનુષ્યપણું ચિર જીવપણામાંજ દેખાય છે. આ પ્રમાણે બકમુનિનાં વચન સાંભળી પુનઃ ઈંદ્રરાજે પૂછયું કે-હે મહાભાગ ! હે દેવર્ષિ ગણોથી

સેવિત ! હે બ્રહ્મન્ ! ફરી ચિરંજીવોને શું શું સુખ છે તે કહો. બકમુનિ બોલ્યા કે—આઠમે અને બારમે દિવસે તેઓના ઘરમાં શાક રંધાય છે. ॥ ૨૬–૨૭ ॥

कुमित्राण्यनपाश्रित्यकिंवैसुखतरंततः ।
यत्राहानिनगण्यन्तेनैनमाधुर्महाशनम् ॥ २८

કુમિત્રોનો વિયોગ એ સર્વોત્તમ સુખ છે જ્યાં દિવસ ગણ્યા જતા નથી તે મહાશન કહેવાય નહીં. ॥ ૨૮ ॥

अपिशाकंपचानस्यसुखंवैमघवन्गृहे ।
अर्जितंस्वेनवीर्येणनाप्यपाश्रित्यकञ्चन ॥२९

હે મઘવન્ ! પોતાના પરાક્રમથી અર્જીત કરેલું શાક કોઈના પણ આશરા વગર સ્વતંત્રપણે પોતાના ઘરમાં રાંધવાવાળાઓને સુખ છે. ॥ ૨૯ ॥

फलशाकमपिश्रेयोभोक्तुंह्यकृपणेगृहे ।
परस्यतुगृहेभोक्तुःपरिभूतस्यनित्यशः ॥३०

सुमृष्टमपिनश्रेयोविकल्पोयमतःसताम् ।
श्ववत्कीलालपोयस्तुपरान्नभोक्तुमिच्छति २१
धिगस्तुतस्यतद्भुक्तंकृपणस्यदुरात्मनः ।
योदत्त्वातिथिभूतेभ्यःपितृभ्यश्चद्विजोत्तमः ॥
शिष्टान्यन्नानियोभुंक्तेकिंवैसुखतरंततः ।
अतोमृष्टतरंनान्यत्पूर्तंकिंचिच्छतक्रतो ॥ २२

ઉદાર મનવાળાના ઘરમાં ફળ શાકનું ભોજન કરવું અતિ ઉત્તમ છે, પણ હમેશાં બીજાને ઘેર તિરસ્કાર યુક્ત સુંદર મિષ્ટ ભોજન કરવું ઉત્તમ નથી. એ હેતુ માટે સત્પુરૂષોને એ વિકલ્પ છે કે કુતરાની પેઠે સ્વાદ લેતો જે બીજાના અન્ન ભોજનની ઇચ્છા કરે છે તે કૃપણ દુરાત્માના ભોજનને ધિક્કાર છે. જે અતિથિ ભૂત પિતર વગેરેને જમાડીને બાકી રહેલું અન્ન આરોગે છે તેથી વિશેષ સુખ શું છે? હે શતક્રતો! એથી પવિત્ર અને વિશેષ

મીઠું અન્ન બીજું છેજ નહીં. ॥ ૩૦-૩૩ ॥

दत्वायस्त्वतिथिभ्योवैभुंक्तेतेनैवनित्यशः ।
यावतोह्यंधसःपिंडानश्नातिसततंद्विजः ॥३४॥
तावतांगोसहस्त्राणांफलंप्राप्नोतिदायकः ।
यदेगोयौवनकृतंतत्सर्वंनश्यतेध्रुवम् ॥३५॥

અતિથિઓને આપી હંમેશાં જે શેષ ભોજન જમે છે તે નિરંતર દ્વિજો જેટલા અન્નના કોળીઆઓ ખાય છે તેટલા હજાર ગાયોના દાનનું ફળ પામે છે અને જે યુવાનીમાં કરેલાં પાપો છે તે સર્વ અવશ્ય નાશ થાય છે. ॥ ૩૪-૩૫ ॥

सदक्षिणस्यभुक्तस्यद्विजस्यतुकरेगतम् ।
यद्वारिवारिणासिंचेत्तदघंयेनस्तरतेक्षणात् ॥

દક્ષિણા સહિત ભોજન કરેલા બ્રાહ્મણોના હાથમાં પ્રાપ્ત થએલા પાણીના છાંટા લાગવાથી તે પાપ ક્ષણવારમાં નાશ થઈ જાય છે. ॥૩૬॥

एताश्चान्याश्चवैबह्वीःकथयित्वाकथाःशुभाः ।
बकेनसहदेवेन्द्रआपृच्छ्यत्रिदिवंगतः ॥३७

આ પ્રમાણે બીજી પણ અનેક શુભ કથાઓ બકમુનિ પાસેથી સાંભળી બકમુનિની રજા લઈ સુરપતિ પોતાના સ્વર્ગભુવનમા ગયો. ॥૩૭॥

ઇતિ બકગીતા સમાપ્ત.

अथ शौनकगीता प्रारंभ.

शोकस्थानसहस्राणिभयस्थानशतानिच ।
दिवसेदिवसेमूढमाविशन्तिनपण्डितम् ॥१॥

શૌનક મુનિ રાજા યુધિષ્ઠિર પ્રત્યે કહે છે-હે યુધિષ્ઠિર ! શોક અર્થાત્ મનના તાપનાં હજારો સ્થાન છે તેમ ભય અર્થાત્ મરવાથી થતો ઉદ્વેગ તેનાં પણ સેંકડો સ્થાન છે; પરંતુ તે મૂર્ખાઓના મનમાં દિન પ્રતિદિન પ્રવેશ કરે છે, પણ પંડિતોના મનમાં પ્રવેશ કરતાં નથી. ॥ ૧ ॥

नहिज्ञानविरुद्धेषुवहुदोषेषुकर्मसु ।
श्रेयोघातिषुसज्जन्तेबुद्धिमन्तोभवद्विधाः २

ધર્મમાં સામર્થ્યના અભાવથી મને શોક કે ભય છે; પરંતુ રાજ્ય જવાનો કે વનવાસ જવાનો શોક-ભય નથી. આવી શંકા થવાથી રાજાને શૌનક મુનિ કહે છે કે-પ્રવૃત્તિરૂપ

યજ્ઞ દાન-આદિ ધર્મ જ્ઞાનનાં વિરોધી છે; કેમકે યજ્ઞ દાન આદિમાં દ્વૈત પતિત થાય છે. પશુ અને બીજના નાશ આદિથી યજ્ઞ બને છે એ માટે યજ્ઞમાં ઘણુજ દોષ છે. એજ કારણથી શ્રેય વિરોધી છે એવા ધર્મોમાં આપ જેવા બુદ્ધિમાનો અત્યંત અભિનિવેશ કરતા નથી. ॥ ૨ ॥

अष्टाङ्गांबुद्धिमाहुर्यांसर्वांश्रेयोविघातिनीम् ।
श्रुतिस्मृतिसमायुक्तांराजन्सात्वय्यवस्थितां ३

આ પ્રકારે કર્મનિષ્ઠાની નિંદા કરી યોગનિષ્ઠાન ગ્રહણ કરાવે છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ આઠ યોગનાં અંગો સૂત્રમાં કહેલ છે. સંકલ્પને બંધ કરે છે એ આઠ અંગોવાળી અને તત્વમસિ આદિ મહાવાક્યથી ઉત્પન્ન થએલ સર્વ અજ્ઞાનનો નાશ કરનાર તથા શ્રુતિ સ્મૃતિથી દૃષ્ટિ કરેલ છે એવી

જેની બુદ્ધિ છે તેને વિદ્વાન કહે છે. તે બુદ્ધિ હે રાજન્ ! મારા સન્નિધાનથી તમારા વિષે સ્થિત છે. ૩

अर्थकृच्छ्रेषुदुर्गेषुव्यापत्सुस्वजनस्यच ।
शारीरमानसैर्दुःखैर्नसीदन्तिभवद्विधाः ॥ ४

ધન નાશ, ભોજન વસ્ત્ર આદિના અભાવથી દુઃખે કરીને તરાય એવું શરીરનું દુઃખ અને સ્ત્રીનું ચીર ઉતારવું–આદિ મનનું દુઃખ એટલા વડે કરીને આપ જેવા સજ્જન દુઃખી થતા નથી; કેમકે શરીર દુઃખોને સહેવાને અને માનસ દુઃખને વિવેકથી નાશ કરવાને આપ સમર્થ છો. ॥ ૪ ॥

श्रूयतांचाभिधास्यामिजनकेनयथापुरा ।
आत्मव्यवस्थानकरागीताःश्लोकामहात्मना ५

જે જે પ્રકારે પહેલાં મહાત્મા જનકજીએ મનની સ્થિરતાના કારણરૂપ શ્લોક ગાએલ છે તે હું કહું છું માટે સાંભળો. ॥ ૫ ॥

मनोदेहसमुत्थाभ्यांदुःखाभ्यांमर्दितंजगत् ।
तयोर्व्याससमासाभ्यांशमोपायमिमंशृणु ॥६

મન અને શરીરથી ઉત્પન્ન થએલા દુખોથી સંસાર પીડાય છે. શરીર અને મન કલ્પિત દુઃખોના વિસ્તાર અને સંક્ષેપથી તેઓની શાંતિના ઉપાય સાંભળો. ॥ ૬ ॥

व्याधेरनिष्टसंस्पर्शाच्छ्रमादिष्टविवर्जनात् ।
दुःखंचतुर्भिःशारीरंकारणैःसंप्रवर्तते ॥७॥

રોગ, અનિષ્ટ અર્થાત્ કાંટા આદિના વાગવાથી, પરિશ્રમ, અન્ન-આદિનું વર્જવું એ ચાર કારણોથી શારીરિક દુઃખ પ્રવૃત્ત થાય છે. ૭

तदात्वप्रतिकाराच्चसततंचाविचिंतनात् ।
आधिव्याधिप्रशमनंक्रियायोगद्वयेनतु ॥८॥

ઔષધથી રોગની શાંતિ થાય છે, જોડા પહેરવાથી કાંટા વગેરેની શાંતિ થાય છે, સ્વસ્થપણાથી પરિશ્રમ શાંત થાય છે અને અન્નાદિના મળવાથી અનિષ્ટની શાંતિ થાય છે. તે

સિવાય જે અન્ય શારીરિક દુઃખો છે તેને યાદ ન કરવાથી આધિ વ્યાધિ શાંત થાય છે. ॥૮॥

मतिमन्तोह्यतोवैद्याःशमंप्रागेवकुर्वते ।
मानसस्यप्रियाख्यानैःसंभोगोपनयैर्नृणाम् ॥

આ કહેલા હેતુથી બુદ્ધિમાન વિદ્યાવાળા મનુષ્ય માનસ દુઃખથી પ્રથમજ શાંતિ કરે છે. પ્રિય બોલવાથી, વિશેષ લાભ દેખાડવાથી ધન નાશ–આદિથી ઉત્પન્ન થએલાં માનસ દુઃખ શાંત થાય છે. સ્ત્રી આદિને સમર્પણ કરીને કામદેવથી ઉપજેલ માનસ દુઃખ શાંત થાય છે. ॥ ૯ ॥

मानसेनहिदुःखेनशरीरमुपतप्यते ।
अयस्तप्तेनपिण्डेनकुम्भसंस्थमिवोदकम् १०

માનસ દુઃખથી શરીર બળે છે, જેમ અગ્નિમાં તપાવેલું લોઢું પાણીના ભરેલા ઘડામાં નાખવાથી પાણીને તપાવી દે છે તેમ મનનાં દુઃખો શરીરને તપાવી દે છે. ॥ ૧૦ ॥

मानसंशमयेत्तस्माज्ज्ञानेनाग्निमिवाम्बुना ।
प्रशान्तेमानसेह्यस्यशारीरमुपशाम्यति ॥११

તે કારણથી મનનાં દુઃખોને જ્ઞાન-સદ્બોધથી શાંત કરવાં. જેમ અગ્નિને પાણીથી શાંત કરાય છે તેમ ઉત્તમ જ્ઞાન વચનામૃતથી મનુષ્યનાં માનસ દુ.ખો શાંત થવાથી શરીરનાં દુઃખો પણ શાંત થાય છે. ॥ ૧૧ ॥

मनसोदुःखमूलंनुस्नेहइत्युपलभ्यते ।
स्नेहात्तुसज्जतेजन्तुर्दुःखयोगमुपैतिच ॥१२

મનના દુઃખનું મૂળકારણ સ્નેહ છે અને એ સ્નેહથી પ્રાણી પ્રવૃત્ત થાય છે અને પ્રવૃત્તિથી દુઃખના યોગોને પ્રાપ્ત થાય છે. ॥ ૧૨ ॥

स्नेहमूलानिदुःखानिस्नेहजानिभयानिच ।
शोकहर्षौतथायासःसर्वस्नेहात्प्रवर्त्तते १३

સ્નેહથી દુઃખ થાય છે, સ્નેહથી ભય ઉપજે છે; એટલુંજ નહીં પણ શોક આનંદ અને ક્લેશ એ સર્વ સ્નેહમાંજ પ્રવૃત્ત થાય છે. ૧૩

स्नेहाद्भावोऽनुरागश्चप्रजज्ञेविषयेतथा ।
अश्रेयस्कावुभावेतौपूर्वस्तत्रगुरुःस्मृतः ॥१४

સ્નેહથી સંકલ્પ, અને વિષયમાં અનુરાગ અર્થાત્ પછી થનારી પ્રીતિ એ ઉપજે છે, પણ એ બન્ને કલ્યાણદાતા નથી. ભાવ અને અનુરાગ એ બે પૈકી ભાવ-સંકલ્પ કરવો એ ઘણોજ ખરાબ છે એ માટે સંકલ્પનોજ ત્યાગ કરવો એજ ઉત્તમ મુખ્ય સાધન છે. ॥ ૧૪

कोटराग्निर्यथाशेषंसमूलंपादपंदहेत् ।
धर्मार्थौतुतथाऽल्पोपिरागदोषोविनाशयेत्१५

જેમ વૃક્ષના પોલમાં લાગેલો અગ્નિ તે વૃક્ષને મૂળ સહિત બાળી નાશ કરે છે તેમ થોડો પણ રાગ-સ્નેહ દોષ ધર્મ અર્થનો મૂળમાંથી નાશ કરે છે. ॥ ૧૫ ॥

विप्रयोगेनतुत्यागोदोषदर्शीसमागमे ।
विरागंभजतेजन्तुर्निर्वैरोनिरवग्रहः ॥१६॥

વિષયના વિયોગમાં જે ત્યાગી છે તે ત્યાગી

નથી, પણ જે વિષયના સંયોગમાં દોષ જોનાર છે તે જ ત્યાગી છે. તે જ વૈર રહિત પ્રતિબંધથી શૂન્ય થએલ વૈરાગને ભજે છે. ॥ ૧૬

तस्मात्स्नेहंनलिप्सेतमित्रेभ्योधनसंचयात् ।
स्वशरीरसमुत्थंचज्ञानेनाविनिवर्त्तयेत् ॥१७

તે કારણથી મિત્ર અને ધન પામીને પણ તેઓનામાં વિશેષ સ્નેહની ઇચ્છા કરવી નહીં અને પોતાના શરીરથી ઉત્પન્ન થએલા સ્નેહને પણ ભોગ્ય પદાર્થ અનિત્ય છે–નાશવંત છે એમ જાણી તેને નિવૃત્ત કરવો. ॥ ૧૭ ॥

ज्ञानान्वितेषुयुक्तेषुशास्त्रज्ञेषुकृतात्मसु ।
नतेषुसज्जतेस्नेहःपद्मपत्रेष्विवोदकम् ॥१८॥

નિત્ય અનિત્યના જાણવાવાળા વિવેકી જ્ઞાની જનો નિત્ય–નાશવંત નથી એવી વસ્તુના માટે ઉદ્યમ કરતા શાસ્ત્રને જાણનારા અને કૃતાત્મા–ધ્યાનથી સંસ્કારી થએલા ચિત્તવાળા એવા મનુષ્યોમાં સ્નેહ સંગ ન કરતાં જળમાં

સ્થિત છતાં કમળ જળથી નિરાળું રહે છે તેમ અપ્રમત્ત રહે છે. ॥ ૧૮ ॥

रागाभिभूतःपुरुषःकामेनपरिकृष्यते ।
इच्छासंजायतेतस्यततस्तृष्णाविवर्धते ॥१९

રમણીય વસ્તુને જોઈ હર્ષનું થવું એથી પીડિત થએલ મનુષ્ય તેને ચાહે છે, તેની પ્રાપ્તિ થવામાં રૂચિના અત્યંતપણાથી તેના વારંવાર લાભમાં તૃપ્તિ થતી નથી પણ તે તૃષ્ણા વધતીજ જાય છે. ॥ ૧૯ ॥

तृष्णाहिसर्वपापिष्ठानित्योद्वेगकरीस्मृता ।
अधर्मबहुलाचैवघोरापापानुबन्धिनी ॥२०॥

સર્વમા અત્યંત પાપવાળી, નિત્યં પ્રત્યે ઉદ્વેગ કરનારી, ઘણા અધર્મવાળી, ઘેર રૂપ અને પાપને કરનારી એવી તૃષ્ણા છે. ॥ ૨૦ ॥

यादुस्त्यजादुर्मतिभिर्यानजीर्यतिजीर्यतः ।
योसौप्राणान्तिकोरोगस्तांतृष्णांत्यजतःसुखम्

દુષ્ટ બુદ્ધિવાળાઓથી તે તૃષ્ણા ત્યજી શકાતી

નથી, વૃદ્ધ થએલા જનોની તૃષ્ણા વૃદ્ધ થતી નથી, અને જે પ્રાણ જતા પર્યંત રોગ છે તે જ તૃષ્ણા છે.તેને જે ત્યજે છે તે જ સુખી થાય છે.

अनाद्यन्ताहिसातृष्णाअन्तर्देहगतानृणाम् ।
विनाशयतिभूतानिअयोनिजइवानलः ॥२२

તે તૃષ્ણા આદિ અંતથી રહિત છે અર્થાત્ તૃષ્ણાની મૂળ વાસના અનાદિ છે. મનુષ્યોના મનમાં પ્રાપ્ત થએલી તૃષ્ણા પ્રાણીઓનો નાશ કરે છે. જેમ અત્યંત તપાવેલા લોહાનો ગોળો અગ્નિરૂપ થઇ સર્વ વસ્તુને પ્રજાળે છે તેમ તૃષ્ણા શરીરને બાળે છે. ॥ ૨૨ ॥

यथैधःस्वसमुत्थेनवह्निनानाशमृच्छति ।
तथाऽकृतात्मालोभेनसहजेनविनश्यति ॥२३

જેમ લાકડામાંથી અગ્નિ પ્રકટ થાય છે અને લાકડાનેજ બાળે છે તેમ મનમાં ઉપજેલી તૃષ્ણા મનનેજ તપાવે છે અર્થાત્ ચલિત અને ભટકતા મનવાળા મનુષ્ય શરીરની સાથે

જન્મ લોભથી નાશ થાય છે. ॥ ૨૩ ॥

राजतःसलिलादग्नेश्चोरतःस्वजनादपि ।
भयमर्थवतांनित्यंमृत्योःप्राणभृतामिव ॥२४

જેમ મૃત્યુનો પ્રાણી માત્રને ભય રહે છે તેમ રાજાઓથી, પાણીથી, અગ્નિથી, ચોરથી અને પોતાના મિત્ર તથા સંબંધિઓથી ધનવાન પુરૂષને નિરંતર ભય રહે છે. ॥ ૨૪ ॥

यथाह्यामिषमाकाशेपक्षिभिःश्वापदैर्भुवि ।
भक्ष्यंतेसलिलेमत्स्यैस्तथासर्वत्रवित्तवान् २५

જેમ માંસને આકાશમાં પક્ષિયો ખાય છે, પૃથ્વીમાં નાહર–શીઆળવાં વગેરે માંસ ખાય છે અને પાણીમાં માંછલાં ખાય છે તેમ સર્વ સ્થળે ધનવાન ખવાય છે અર્થાત્ તેને નીચોવવાની સર્વ કોઇ આશા રાખે છે. ॥ ૨૫ ॥

अर्थएवहिकेषांचिदनर्थंभजतेनृणाम् ।
अर्थःश्रेयसिचासक्तोनश्रेयोविन्दतेनरः २६

કેટલાક મૂર્ખ અને બુદ્ધિમાન મનુષ્યોને પણ

ધન અત્યંત કલ્યાણકારક નથી. ધન સાધ્ય જ્યોતિષ્ટોમ અર્થાત્ સોમયાગાદિ યજ્ઞમાં આસક્ત થએલા મનુષ્ય કલ્યાણને પામતા નથી.

तस्माद्र्थागमाःसर्वेमनोमोहविवर्धनाः ।
कार्पण्यंदर्पनानौचभयमुद्वेगएवच ॥२७॥

તે કારણથી ધનના આગમનથી સર્વેના મનમાં મોહ વધે છે. કૃપણપણું, દર્પ અર્થાત્ બીજાનો તિરસ્કાર કરવો, અહંકાર યુક્ત હુંજ સારો છું એમ માની વર્તવું તે બુદ્ધિ, ભય ઉદ્વેગ યુક્ત થાય છે તે સર્વ ધનનોજ પ્રભાવ છે; સારાંશમાં ધન, મનને બગાડનાર છે. ॥ ૨૭ ॥

अर्थजानिविदुःप्राज्ञादुःखान्येतानिदेहिनाम् ।
अर्थस्योत्पादनेचैवपालनेचतथाक्षये ॥२८॥

મનુષ્યોને ધન પેદા કરવામાં, પેદા કર્યા પછી તેનું સંરક્ષણ કરવામાં અને ધનના નાશમાં ઉપજેલાં ક્લેશાદિ વેઠવામાં ધન દુઃખદાતાજ છે એમ પંડિતોએ કહેલું છે અર્થાત્ ધનમાં

પ્રત્યેક સમય દુઃખજ છે, પણ સુખ નથી.

सहन्तिचमहद्दुःखंघ्नन्तिचैवार्थकारणात् ।
अर्थाद्दुःखंपरित्यक्तंपालिताश्चैवशत्रवः २९

ધનવાળા મનુષ્યો બહુજ દુઃખને સહન કરેછે ધનને કારણે માંહોમાંહે મારામારી કરેછે ધનનો ત્યાગ કરવાની ઈચ્છા કરવામાં દુઃખ થાયછે અને સ રક્ષણ કરેલું ધન શત્રુવત્ થઈ જાય છે.

दुःखेनचाधिगम्यन्तेतस्मान्नाशंनचिन्तयेत् ।
असंतोषपरामूढाःसन्तोषंयान्तिपण्डिताः ३०

દુઃખથીં ધન પેદા કરાય છે તે કારણ માટે ધનને ભેગું કરવા વગેરેમાં દુઃખ ન ચિંતવતાં અસંતોષજ રહે છે, પણ દુઃખને જાણી સંતોષ કરતા નથી તેઓ મૂર્ખ છે. જે દ્રવ્યમાં સંતોષી વૃત્તિ રાખે છે તે પંડિતો છે અર્થાત્ પૂર્ણ પંડિતોનેજ સંતોષ પ્રાપ્ત થાય છે. ૩૦

अन्तोनास्तिपिपासायाःसंतोषःपरमंसुखम् ।
तस्मात्संतोषमेवेहपरंपश्यन्तिपण्डिताः ॥३१

તૃષ્ણાનો અંતજ નથી; કેમકે જેમ જેમ તૃષ્ણા પૂર્ણ થતી જાય છે તેમ તેમ પુષ્ટ થઇ વધતી જાય છે, પણ ઘટતી નથી જેથી પંડિતો સંતોષનેજ ઉત્તમ માને છે. ॥ ૩૧ ॥

अनित्यंयौवनंरूपंजीवितंरत्नसञ्चयः ।
ऐश्वर्यंप्रियसंवासोगृध्येत्तत्रनपण्डितः ॥३२

યૌવન, રૂપ, જીવિત, રત્નોનો સંગ્રહ, ઐશ્વર્ય અને વ્હાલાઓનો સહવાસ એ સર્વ અનિત્ય અસત્ય છે માટે તેમાં પંડિતો આસક્ત થતા નથી. ॥ ૩૨ ॥

त्यजेतसञ्चयांस्तस्मात्तज्जान्क्लेशान्सहेतच ।
नहिसञ्चयवान्कश्चिद्दृश्यतेनिरुपद्रवः ।
अतश्चधार्मिकैःपुंभिरनीहार्थःप्रशस्यते ॥३३

એ કારણ માટેજ ધનનો ત્યાગ કરવો અને ધન ત્યાગ કર્યા પછી ધન ત્યાગથી ઉપજેલા ક્લેશને સહન કરવો. ધનવાળા પુરૂષો ક્યાંય ઉપદ્રવો રહિત જોવામાં આવતા નથી. એજ

હેતુ માટે ધાર્મિક પુરૂષોએ યદૃચ્છાથી પ્રાપ્ત થએલા ધનને ઉત્તમ માન્યું છે. ॥ ૩૩ ॥

धर्मार्थंयस्यवित्तेहावरंतस्यनिरीहता ।
प्रक्षालनाद्धिपङ्कस्यश्रेयोनस्पर्शनंनृणाम्॥३४

જેને ધર્મના લીધે ધનની ઇચ્છા છે તેને ધનની ઇચ્છા કરવી ઉત્તમ નથી; કેમકે મનુષ્યોને શરીરે ગારો ચોપડીને ન્હાવાથી તો પ્રથમજ ગારો ન ચોપડવો એજ અત્યંત ઉત્તમ છે.

युधिष्ठिरैवंसर्वेषुनस्पृहांकर्तुमर्हसि ।
धर्मणयदितेकार्यंविमुक्तेच्छोभवार्थतः ॥३५

હે યુધિષ્ઠિર ! આ પ્રકારે ધન યૌવન–આદિ સર્વમા તમારે ઇચ્છા ન કરવી યોગ્ય છે. જો તમને ધર્મથી કામ હોય તો ધનની ઇચ્છા કરો નહીં. ॥ ૩૫ ॥

॥ इति शौनकगीता समाप्तम् ॥

अथ सरस्वतीगीता प्रारंभ.

॥ मार्कण्डेय उवाच ॥

अत्रैवचसरस्वत्यागीतंपरपुरंजय ।

पृष्टायामुनिनावीरश्रृणुतार्क्ष्येणधीमता ॥१॥

માર્કંડેય ૠષિ બોલ્યા કે—હે પરપુરંજય! હે વીર! અહીંયાં બુદ્ધિમાન્ તાર્ક્ષ્ય મુનિના પૂછવાથી શ્રી સરસ્વતીજીએ જે ગીતા કહેલ છે તે સાંભળો. ॥ ૧ ॥

॥तार्क्ष्य उवाच ॥

किंनुश्रेयः पुरुषस्येहभद्रेकथंकुर्वन्नच्यवतेस्वधर्मात् ॥ आचक्ष्वमेचारुसर्वांगिकुर्यात्वयाशिष्टोनव्यवेयंस्वधर्मात् ॥२॥

તાર્ક્ષ્યે પૂછ્યું કે—હે કલ્યાણકારિણી સરસ્વતી! મનુષ્યનું શ્રેય થાય તે માર્ગ કેવા પ્રકારનો છે? અને શું કરવાથી મનુષ્ય પોતાના ધર્મથી પતિત થતો નથી? તે મને કહો. હે

મનોહર સર્વાંગવાળાં ! તમારી પાસેથી જ્ઞાન મળ્યા પછી હું મારા ધર્મથી ચલાયમાન થઈશ નહીં. ॥ ૨ ॥

कथंवाग्निंजुहुयांपूजये वा कस्मिन्कालेकेनधर्मोननश्येत् ॥ एतत्सर्वंसुभगेप्रब्रवीहियथा लोकानविरजाःसंचरेयम् ॥३॥

અગ્નિમાં હવન કેવા પ્રકારે કરૂં ? અથવા પૂજા કેમ કરૂં ? ક્યા કાળમાં કેવા પ્રકારે ધર્મ નષ્ટ ન થાય ? હે સારા ભાગ્યવાળાં ! જેથી હું લોકોમાં પ્રગટપણે ગતિ કરૂં તે સર્વ મને કહો. ॥ ૩ ॥

एवंपृष्टाप्रीतियुक्तेनतेनशुश्रूषुमीक्ष्योत्तम बुद्धियुक्तम् । तार्क्ष्यंविप्रंधर्मयुक्तंहितंचसरस्वती वाक्यमिदंबभाषे ॥४॥

માર્કંડેય ઋષિ બોલ્યા કે—આ પ્રમાણે તાર્ક્ષ્યનું પ્રીતિયુક્ત બોલવું સાંભળી સરસ્વતીએ ઉત્તમ સેવા બુદ્ધિથી યુક્ત અને ધર્મયુક્ત

તાક્ષ્ર્ય વિપ્રને આ પ્રમાણે કહ્યું. ॥ ૪ ॥

॥ सरस्वत्युवाच ॥

योब्रह्मजानातियथा प्रदेशंस्वाध्यायनित्यःसुचिरप्रमत्तः ॥ सर्वेपारंदेवलोकस्यगंतासहामरैःप्राप्नुयात्प्रीतियोगम् ॥५॥

સરસ્વતીજી બોલ્યાં કે-હે મુને! જે સગુણ બ્રહ્મ સહાર્દાકાશાખ્યને દેશ ભેદને ઉલ્લંઘન કરી જાણતો નથી, તથા ૐકારને નિત્ય જપે છે, કાર્યમાં પવિત્ર રહે છે, અને પ્રમાદથી રહિત રહે છે તે દેવતાઓની પ્રીતિ સંપાદન કરી બ્રહ્મલોકમાં જાય છે. ॥ ૫ ॥

तत्रस्मरम्याविपुलाविशोकाःसुपुष्पिताः पुष्करिण्यःसुपुण्याः ॥ अकर्दमामीनवत्यःसुतीर्थाहिरण्मयैरावृताःपुंडरीकैः ॥६॥

એ બ્રહ્મલોકમાં રમણીય સુંદર શોક રહિત સુંદર પુષ્પોવાળી, પવિત્ર, કાદવથી રહિત, માછલીઓવાળી, સુંદર તીર્થોવાળી અને

સુવર્ણમય કમળોથી આચ્છાદિત થએલી એવી પુષ્કરણી નદી છે. ॥ ૬ ॥

तासांतीरेष्वासमेपुण्यभाजोमहीयमानाः पृथगप्सरोभिः ॥ सुपुण्यगंधाभिरलंकृताभिर्हिरण्यवर्णाभिरतीवहृष्टाः ॥७॥

તેના તટ ઉપર જુદી જુદી સુંદર પવિત્ર ગંધોવાળી, આનંદ ભૂષણોથી અલંકૃત થએલી અને સુવર્ણ સરખા વર્ણવાળી એવી અપ્સરાઓ આનંદથી રહે છે. ॥ ૭ ॥

परंलोकंगोप्रदास्त्वाप्नुवंतिदत्वानडुहंसूर्यलोकं व्रजंति ॥ वासोदत्वाचांद्रमसंतुलोकंदत्वाहिरण्यममरत्वमेति ॥८॥

ગાયનું દાન દેનારો, દેવલોકના પરલોકમાં, બળદનું દાન દેનારો, સૂર્ય લોકમાં, વસ્ત્રનું દાન દેનારો ચંદ્રલોકમાં જાય છે અને સોનાનું દાન દેનારો દેવગતિ પામે છે. ॥ ૮ ॥

धेनुंदत्वासुप्रभांसुप्रदोहां कल्याणवत्सामप-
लायिनींच । यावंतिरोमाणिभवंतितस्यास्ता-
वद्वर्षाण्यासतेदेवलोके ॥९॥

સુંદર કાંતિવાળી, મિષ્ટ દુધ દેનારી, રૂપાળી વાછડીવાળી, નાસી ન જનારી, ગાયનું જો દાન કરે તો જેટલા ગાયના વાળ હોય તેટલા વર્ષ લગી દેવલોકમાં વસે છે અર્થાત્ એવી ગાયનું દાન દેવાથી દેવલોકમાં જાય છે. ॥ ૯

अनड्वाहं सुव्रतं यो ददातिहलस्यवोढारमनंत
वीर्यम् । धुरंधरंबलवंतंयुवानंप्राप्नोतिलोका-
न्दशधेनुदस्य ॥१०॥

સુંદર હળને વહેનારા, ઘણા પરાક્રમવાળા ધુંસરાને ધારણ કરનારા, અને બળવાન એવા બળદનું દાન દેનારો દશ ગૌ દાનનું ફળ પ્રાપ્ત કરે છે. ॥ ૧૦ ॥

ददातियोवैकपिलांसचैलांकांस्योपदोहांद्रवि-

णैरुत्तरीयैः। तैस्तैर्गुणैःकामदुहाथभूत्वानरंम-
दातारमुपैतिसागौः ॥११॥

જે મનુષ્ય વસ્ત્રો સહિત, કાંસાના પાત્ર અને પાળ આદિ વસ્ત્ર સહિત કપિલા ગાયનું દાન કરે છે તે ગાય ત્રણ ત્રણ ગુણોથી કામદુગ્ધા થઇને દાતા મનુષ્યને પ્રાપ્ત થાય છે. ॥ ૧૧ ॥

यावंतिरोमाणिभवंतिधेन्वास्तावत्फलं भवति
गोमदाने । पुत्रांश्चपौत्रांश्चकुलंचसर्वमास-
मंतारयतेपरत्र ॥१२॥

જે ગાય દાનમાં આપી છે તેના જેટલા વાળ હોય તેટલાગણું ફળ ગૌદાનમાં છે. પરલોકમાં તે પુત્ર, પૌત્ર અને સાત પેઢીઓનો ઉદ્ધાર કરે છે. ॥ ૧૨ ॥

सदक्षिणांकांचनचारुश्रृंगींकांस्योपदोहांद्रवि-
णैरुत्तरीयैः ।धेनुंतिलानांददतोद्विजायलो-
कावसूनांसुलभाभवंति ॥१३॥

દક્ષિણા સહિત સોનાની રાશ, સુંદર શિંગડાંવાળી, દોહવા માટે કાંસાનું વાસણ અને ઓઢવાને સુંદર ઝુલ સહિત વસ્ત્ર તલની ગાય બ્રાહ્મણને આપે તો વસુલોકને પામે છે ૧૩

स्वकर्मभिर्दानवसंनिरुद्धेतीव्रांधकारे नरकेपतंतम् । महार्णवेनौरिववातयुक्तादानंगवांतारयतेपरत्र ॥१४॥

પોતાનાં કર્મોથી દાનવડે કરીને રોકાયલાં, મહા અંધારાવાળા નરકમાં પડતાં, મનુષ્યને મહા સમુદ્રમાં અનુકૂળ પવન યુક્ત વહાણની પેઠે ગાયનું દાન પરલોકમાં તારે છે. ॥ ૧૪ ॥

योब्राह्मदेयांतुददाति कन्यांभूमिप्रदानंचकरोतिविप्रे ॥ ददातिदानंविधिनाचयश्चसलोकमाप्नोतिपुरंदरस्य ॥१५॥

જે બ્રાહ્મણ વિવાહના વિધિથી કન્યાને શણગારી પાણીગ્રહણ કરાવે છે અને તે બ્રાહ્મણને

જે પૃથ્વીનું દાન આપે છે તથા વિધિવત્ દાન આપે છે તે ઇંદ્ર લોકમાં જાય છે. ॥ ૧૫ ॥

यः सप्तवर्षाणिजुहोतिताक्ष्र्यहव्यंत्वग्नौ नियतः साधुशील ॥ सप्तावरान्सप्तपूर्वान्पुनातिपितामहानात्मनाकर्मभिःस्वैः ॥१६॥

હે તાર્ક્ષ્ય ! જે મનુષ્ય સાત વર્ષ લગી નિયમ યુક્ત સાધુશીલ થઇ અગ્નિહોત્ર કરે છે તે પોતાનાં શુભ કર્મોથી પોતાના સહિત સાત પેઢીઓ પાછળની અને સાત પેઢીઓ આગળીના પુંરૂષોને તારે છે. ॥ ૧૬ ॥

॥ ताक्ष्र्य उवाच ॥

किमग्निहोत्रस्यव्रतं पुराणमाचक्ष्वमेपृच्छतश्चानुरूपे। त्वयानुशिष्टोरमिहाद्यविद्यांयदग्निहोत्रस्यव्रतंपुराणम् ॥१७॥

આ પ્રમાણે સરસ્વતીજીનું બોલવું સાંભળી તાર્ક્ષ્ય બોલ્યા કે–હે અનુરૂપે ! અગ્નિહોત્રવ્રત કરવું વેદોદિત છે કે કેમ તે હું આપને પૂછું છું

માટે તેનો મને ખુલાસો આપો એટલે આપથી શિક્ષિત થવાથી અગ્નિહોત્રવ્રત્તને વેદોદિત જાણું

॥ सरस्वत्युवाच ॥

नवाशुचिर्नाप्यनिर्णिक्तपाणिर्नाब्रह्मविज्जुहु-
यान्नाविपश्चित् । बुभुत्सवःशुचिकामाहिदे-
वानाश्रद्दधानाद्धिहविर्जुहंति ॥१८॥

સરસ્વતીજી બોલ્યાં કે-અપવિત્ર થએલા, હાથ પગ ધોયા વિના, આચમન કર્યા વિના, વેદના પાઠ કે અર્થથી અજાણ, વેદથી અધિગત, અર્થના અનુભવ રહિત, બીજાના ચિત્તને જાણવાની ઇચ્છાવાળા, શુદ્ધિ ચાહનારા અને દેવતાઓમાં શ્રદ્ધાવાળા એવા અગ્નિમાં હોમ કરેછે.

नाश्रोत्रियंदेवहव्येनियुंज्यान्मोघं पुरासिंचति
तादृशोहि । अपूर्वमश्रोत्रियमाहतार्क्ष्यनवैता-
दृग्जुहुयादग्निहोत्रम् ॥१९॥

હે તાર્ક્ષ્ય ! જે મનુષ્યના કુળશીલની બરાબર ખબર નથી એવા અશ્રોત્રિય દેવ હવનમાં

બેસાડવા નહીં; કેમકે તેમના હાથથી હોમા-
એલા દ્રવ્ય સફળ થતા નથી માટે એવા પુરૂષો
અગ્નિહોત્ર કર્મને યોગ્ય નથી. ॥ ૧૯ ॥

कुशाश्चयेजुह्वतिश्रद्दधानाः सत्यव्रतादतशिष्टा
श्चनिश्च । गवांलोकंप्राप्यतेपुण्यगंधंपश्यंति
देवंपरमंचापिसत्यम् ॥२०॥

ધન વગેરેના ગર્વથી રહિત, સત્યવાદી, શ્રદ્ધા-
વાન, હોમ કર્યા પછી ભોજન કરનારા ઋત્વિજ
વા યજમાન અગ્નિહોત્ર કર્મ કરે છે તે ગોલોક
અર્થાત્ કાર્ય બ્રહ્મલોકના સમીપ બ્રહ્માજીને પ્રા-
પ્ત થઈ પછી ક્રમથી પરબ્રહ્મને પ્રાપ્ત થાય છે.
માટે અગ્નિહોત્ર વ્રત મુક્તિનું કારણ છે.

॥ तार्क्ष्य उवाच ॥

क्षेत्रज्ञभूतांपरलोक भावेकर्मोदयेबुद्धिमतिप्र-
विष्टाम् । प्रज्ञांचदेवींसुभगेविमृश्यपृच्छामित्वां
कात्वमसिचारुरूपे ॥२१॥

આ પ્રમાણે વાક્ય સાંભળી તાર્ક્ષ્ય બોલ્યા કે-આત્મ સ્વરૂપ તમે પ્રજ્ઞા છો તેથી હુ તમને પૂછું છું કે આપ કોણુ છો ? કર્મ અને બ્રહ્મ-તત્વમાં તમે નિવિષ્ટ છો. હે સુભગે ! બન્ને તત્વોને પ્રકટનારાં જાણી હું પૂછું છું કે સુંદર રૂપવાળાં આપ કોણુ છો ? ॥ ૨૧ ॥

॥ सरस्वत्युवाच ॥

अग्निहोत्रा दहमभ्यागतास्मि विसर्पमाणासंश-यच्छेदनाय । त्वत्सन्नियोगादहमेतमत्रुवंभा-वेस्थितातथ्यमर्थंयथावत् ॥२२॥

તાર્ક્ષ્યનાં આવાં વચન સાંભળી સરસ્વતીજી બોલ્યાં કે-અગ્નિહોત્ર સત્કર્મના સકાશમાંથી હું પર અપર વિદ્યારૂપ સરસ્વતી પ્રકટ થએલ છું. તારા પાસે આવી કર્મોની પરંપરાથી કૈવલ્ય હેતુ અથવા સગુણ બ્રહ્મ વિદ્યાને હું કહેતી થઈ છું તેથી હુ ભાવમાં સ્થિત છું. શ્રદ્ધાવાન્ અગ્નિહોત્ર વગેરે કરીને દેવતાના

પ્રસાદને પામી કર્મ ઉપાસના અને જ્ઞાન ફળોને પ્રાપ્ત થાઉં છું. ॥ ૨૨ ॥

॥ तार्क्ष्य उवाच ॥

नहित्वयासदृशीकाचिदस्ति विभ्राजसेह्यति-
मात्रंयथाश्रीः । रूपंचतेदिव्यमनंतकांतिम-
ज्ञांचदेवींसुभगेबिभर्षि ॥२३॥

તાર્ક્ષ્યે કહ્યું કે–હે સુભગે ! આપના સમાન કોઇપણ રૂપ લાવણ્યવંત નથી. તમે લક્ષ્મીજીની પેઠે અત્યંત પ્રકાશિત છો, તમારૂં અપાર કાંતિવાળું દિવ્ય રૂપ છે, અને સુંદર બુદ્ધિને ધારણ કરી રહ્યાં છો. ॥ ૨૩ ॥

॥ सरस्वत्युवाच ॥

श्रेष्ठानियानिद्विपदांवरिष्ठयज्ञेषुविद्वन्नुपपाद-
यंति । तैरेवचाहंसमृद्धाभवामिचाप्यायि-
तारूपवतीचविप्र ॥२४॥

સરસ્વતીજી બોલ્યાં કે–હે દ્વિપદાં વરિષ્ઠ વિપ્ર ! અત્યંત ઉત્તમ યજ્ઞોમાં શ્રેષ્ઠ યજ્ઞ ઉપાસ-

નાછે; અર્થાત્ 'અહંક્રતુરહંયજ્ઞઃ' આ ભગવદ્‌ઉપવિષ્ટ સર્વયજ્ઞ અંગોમાં બ્રહ્મદૃષ્ટિકરણ છે એથી વૃદ્ધિ પામેલી અને પુષ્ટ થએલી હું રૂપવતી છું.

यच्चापि द्रव्यमुपयुज्यतेहवानस्पत्य मायसंपार्थिवंवा । दिव्येनरूपेणचमज्ञयाचतत्रैवसिद्धिरितिविद्धिविद्वन् ॥२५॥

હે વિદ્વન્! જે સમિધી આદિ, સોના આદિ, અન્નાદિ પૂર્વોક્ત ઉપાસનાથી હોમ થાય છે તેને મોક્ષ મળે છે. ॥ ૨૫ ॥

॥ तार्क्ष्य उवाच ॥

इदंश्रेयःपरमंमन्यमानाव्यापृच्छंतेमुनयः संमतीताः । आंचक्ष्वमेतंपरमंत्रिशोकंमोक्षंपरंयं प्रविशंतिधीराः । सांख्यंयोगा.परमंयंविदंतिपरंपुराणंतमहंनवेद्मि ॥२६॥

તાર્ક્ષ્ય બોલ્યો કે-એજ પરમ શ્રેષ્ઠ છે એમ માનતા સમ્યક્ વિશ્વાસવાળા મુનિઓ ઇંદ્રિય આદિના નિગ્રહ કરે છે. તે શોક રહિત

પરમ મુક્તિને કહી જ્યાં ધીર પ્રવેશ કરે છે, સાંખ્યયોગ પણ જેને ઉત્કૃષ્ટ કહે છે તે પરમ છે, પુરાણ છે, પણ તેને હું જાણતો નથી માટે તે મને સમજાવો ? ॥ ૨૬ ॥

॥ सरस्वत्युवाच ॥

तंवैपरंवेदविदःप्रपन्नाःपरंपरेभ्यःप्रथितं पुराणम् । स्वाध्यायवंतोव्रतपुण्ययोगैस्तपोधना वीतसोकाविमुक्ताः ॥२७॥

સરસ્વતીજી બોલ્યાં કે-તે પરને વેદવિત પ્રાપ્ત થાય છે. તે પરથી પર છે, પુરાણ અર્થાત્ પહેલા પણ નવીન છે, ૐકારનો જપ કરવાવાળા વ્રત અહિંસા આદિ ચિત્તની વૃત્તિનો નિરોધ તપ એ સહિત શોકથી રહિત અને મુક્ત થએલા તે પરને પ્રાપ્ત થાય છે. ॥ ૨૭

तस्याथमध्येचेतसःपुण्यगंधाः सहस्रशाखाविपुलाविभांति । तस्यमूलात्सरितःप्रस्रवंति [illegible] ॥२८॥

આ ચિદાત્મના મધ્યમાં વેતસ વૃક્ષની પેઠે સુંદર ગંધવાળું, હજારો શાખા અર્થાત્ ભોગ સ્થાનોવાળું, પુષ્ટ બ્રહ્માંડ વૃક્ષ છે તેના મૂળ-માંથી અવિદ્યા રૂપ નદીથી નિરંતર વહેતી ભોગની વાસના ઝરે છે. ॥ ૨૮ ॥

शाखांशाखांमहानद्यःसंयांतिसिकताशयाः ।
धानाःपूपामांसशाकाःसदापायसकर्द्दमाः २९

મહા નદી વાસના પહેલી શાખા શાખા અર્થાત્ તે તે ભોગસ્થાનોને પ્રાપ્ત થાય છે અર્થાત્ પોતાના પ્રવાહથી પતિત થએલા પુરૂ-ષને પ્રાપ્ત કરે છે, પુણ્યની વાસના કરતો સ્વર્ગ માં જાય છે. રેતીની પેઠે પોતાની મેળે જ અ-સંશ્લિષ્ટ પુત્ર પશુ આદિ થઈ ત્યાં શયન કરે છે; અર્થાત પુત્રાદિ વિષય છે, શેકી નાખેલા માલપુવા, માંસ શાક અને ખીરની કીચડવાળી છે એટલે શેકેલા જવની પેઠે સજાતી છે વિષય સુખ ઉપજાવતી નથી. માલપવાની પેઠે

ઘણાં છિદ્રવાળી છે, માંસની પેઠે હિંસા લભ્ય છે, પ્રાણીઓને ઉપહત ન કરતાં ભોગ નથી મળતા એવી પ્રસિદ્ધ છે, શાકની પેઠે અલ્પ સાર છે, ખીરની પેઠે મુખમાં મીઠાશ અને પાકમાં બહુજ ભારે છે અને કાદવની પેઠે ચિત્ર રૂપી વસ્ત્રને મલીન કરે છે એવા એ સંસાર વૃક્ષને મૂળમાંથી છેદી નાંખવુંજ ઉચિત છે.

यस्मिन्नग्निमुखादेवाःसेंद्राःसहमरुद्गणाः ।
ईजिरेक्रतुभिःश्रेष्ठैस्तत्पदंपरमंमम ॥३०॥

જેની પ્રાપ્તિના નિમિત્ત યોગ યજ્ઞોથી અગ્નિ આદિ જ્યાં પ્રાપ્ત થાય છે તે પરમ-ઉત્કૃષ્ટ, જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય, એઓના ભાનથી શૂન્ય એવા અદ્વૈત બ્રહ્મમાં સ્થાન છે. ॥ ૩૦ ॥

ઇતિ શ્રી સરસ્વતી ગીતા સમાપ્ત.

अथ ब्रह्मगीता प्रारंभ.

॥ ब्राह्मण उवाच ॥

अकोविदः कोविदवादवादान्वदस्यथोनाति विदांवरिष्ठः ॥ नसूरयोहिव्यवहारमेतंतत्त्वा-वमर्शेनसहामनंति ॥१॥

જડભરત કહે છે–હે રહૂગણુરાજા ! તું મૂર્ખ છતાં પણુ વિદ્વાનના જેવી ચાલાકીથી વાતો કરે છે, પણુ તેટલાથી તું મોટો વિદ્વાન્ ગણાય એમ નથી; કારણુ કે વાસ્તવિક રીતે વિચાર કરતાં આ વ્યવહાર સાચો ઠરતોજ નથી એમ વિદ્વાનો કહે છે. ॥ ૧ ॥

तथैवराजन्नुरुगार्हमेधवितानविद्योरुविजृंभि-तेषु । नवेदवादेषुहितत्त्ववादः प्रायेणशुद्धो नुचकास्तिसाधुः ॥२॥

હે રાજા ! જેમ લોકવ્યવહાર સત્ય નથી તેમ વેદમાં કહેલો કર્મવ્યવહાર પણુ સત્ય નથી.

ઘરમાં રહીને કરવાના યજ્ઞોના વિસ્તાર સંબંધી વિદ્યાઓને બહુજ લાગુ પડતાં વેદ વચનોમાં તત્વજ્ઞાનની વાત ઘણું કરીને પ્રકાશતીજ નથી; કેમકે તત્વજ્ઞાન હિંસાદિક દોષથી રહિત છે અને કર્મકાંડની વિદ્યામાં હિંસાદિક દોષ રહેલા છે. તત્વજ્ઞાનમાં રાગ-દ્વેષાદિક રહતાં નથી અને કર્મકાંડની વિદ્યામાં રાગ-દ્વેષાદિક રહે છે. ॥ ૨ ॥

नतस्य तत्त्वग्रहणायसाक्षाद्वरीयसीरपिवाचः समासन्। स्वप्नेनिरुक्त्यागृहमेधिसौख्यंनयस्यहेयानुमितंस्वयंस्यात् ॥३॥

જેમ સ્વપ્નનું સુખ દશ્ય અને અનિત્ય હોવાથી મિથ્યા છે, તેમ ગૃહસ્થાશ્રમનું સુખ પણ દશ્ય અને અનિત્ય હોવાથી મિથ્યા છે. એનું દૃઢ અનુમાન જે માણસે પોતે ન કરેલું હોય તે માણસને વેદાંતનાં વચનો જો કે તત્વજ્ઞાનને સારૂ ઘણાંજ સરસ છે; તો પણ યથાર્થ તત્વજ્ઞાન આપી શકતાં નથી. ॥ ૩ ॥

यावन्मनोरजसापुरुषस्यसत्त्वेन वा तमसावाऽनुरुद्धम् । चेतोभिराकूतिभिरातनोतिनिरंकुशंकुशलंचेतरंवा ॥४॥

જ્યાં સુધી માણસનું મન સત્વ, રજ અથવા તમોગુણને વશ રહે છે ત્યાં સુધી નિરંકુશ રહીને જ્ઞાનેંદ્રિયથી અને કર્મેંદ્રિયથી પાપ-પુણ્ય કર્યા કરે છે. ॥ ૪ ॥

सवासनात्माविषयोपरक्तो गुणप्रवाहोविकृतःषोडशात्मा । बिभ्रत्पृथङ्नामभिरूपभेदमंतर्बहिष्ट्वंचपुरैस्तनोति ॥५॥

એ મન પાપ-પુણ્યની વાસનાને લીધે વિષયોથી રંગાઇ જઇને વિષયોમાં આમતેમ ભટકયા કરે છે. પાંચ ભૂત અને અગિયાર ઇંદ્રિયોમાં મુખ્ય તથા કામ ક્રોધાદિક અનેક વિકારવાળું એ મનજ દેવ, મનુષ્ય અને પશુ-પક્ષી વગેર અનેક દેહ અને અનેક જુદાં જુદાં નામ ધરી લે છે અને તે તે દેહને લીધે ઉંચ-

નીચપણું પણ બનાવી દે છે. ॥ ૫ ॥

दुःखंसुखं व्यतिरिक्तंच तीव्रंकालोपपन्नंफल-
माव्यनक्ति । आलिंग्य मायारचितांतरात्मा
स्वदेहिनंसंसृतिचक्रकूटः ॥६॥

ટાળ્યાં ટળે નહિ એવાં ... સમય પ્રમાણે આવીને ઉભાં રહેતા સુખ દુઃખ અને મોહને ચારે કોર પેદા કરનારૂં પણ એ મનજ છે. એ મન માયાએ બનાવેલી જીવની ઉપાધિ છે તેથી જીવને પોતાનો ખોટો અધ્યાસ કરાવી દઈને (હુંજ મન છું એમ સનાવી દઈને) સંસારરૂપ ચક્રમાં ... ભરાવી દે છે ૬

तावानयंव्यवहारः सदाविःक्षेत्रज्ञ साक्ष्योभव-
तिस्थूलसूक्ष्मः । तस्मान्मनोलिंगमदोवदंति
गुणागुणत्वस्यपरावरस्य ॥७॥

એવી રીતે જાગ્રત અને સ્વપ્નરૂપ આ આખો સંસાર મનની કલ્પનાથીજ ઉભો થયો છે અને મનના પ્રમાણમાંજ પ્રકાશ્યા કરે છે. આત્મા

એ મનથી પેદા થએલા સંસારનો માત્ર જોનારજ હોવાથી વાસ્તવિક રીતે તેની સાથે બીજો કશો સંબંધ ધરાવતો નથી; તો પણ એ મન હું છું. એવા ખોટા અધ્યાસથી ઉંચ-નીચપણું વગેરે ધર્મો પોતામાં માની લે છે. એવી રીતે આત્માને દેહાભિમાન રૂપ અધમતા આપનારૂં જો કે મનજ છે; તો પણ દેહાભિમાનથી છુટવારૂપ ઉત્તમતા આપનારૂં પણ તેજ છે. ॥ ૭

गुणानुरक्तंव्यसनायजंतोः क्षेमायनैर्गुण्यमथो मनःस्यात् । यथाप्रदीपोघृतवर्तिमश्नन्शिखाः सधूमाभजतिह्यन्यदास्वम् ॥८॥

पदंतथागुणकर्मानुबद्धंवृत्तिर्मनः श्रयतेऽन्यत्र तत्त्वम् । एकादशासन्मनसोहिवृत्तयआकूतयः पंचधियोऽभिमानः ॥९॥

મન વિષયોમાં લાગ્યું હોય તો જીવને જન્મ મરણાદિક દુઃખ આપે છે અને તે જ મન જો વિષયોથી સાવ અળગું રહે તો મોક્ષ પણ

આપે છે. જેમ દીવો ઘીવાળી વાટને ખાધા કરતો હોય ત્યાં સુધી તેમાંથી ધૂમાડાવાળી શિખાઓ નીકળ્યા કરે છે અને ઘી તથા વાટ સઘળું બળી જાય ત્યારે ઠરી જઈને તેજરૂપ થઈ જાય છે, તે પ્રમાણે મન જ્યાં સુધી વિષયો અને કર્મોમાં લાગી રહેલું હોય છે ત્યાં સુધી તેમાં અગિયાર વૃત્તિઓ દેખાય છે અને વિષયો તથા કર્મોથી છુટું પડે ત્યારે તે બ્રહ્માકાર થઈ જાય છે. મનની વૃત્તિઓ અગિયાર છે તેઓમાં પાંચ ક્રિયારૂપ છે, પાંચ જ્ઞાનરૂપ છે અને એક અભિમાનરૂપ છે. ॥ ૮ ॥ ૯ ॥

मात्राणिकर्माणिपुरंचतासां वदंतिहैकादशवी-
रभूमीः । गंधाकृतिःस्पर्शरसश्रवांसिविसर्ग
रत्यर्त्यभिजल्पशिल्पाः ॥१०॥

હે રાજા! પાંચ વિષય, પાંચ કર્મ અને એક પુર એ અગિયાર પદાર્થો, ઉપર કહેલી અગિયાર વૃત્તિઓની જગ્યા છે. તેઓમાં ગંધ

રૂપ, સ્પર્શ, રસ અને શબ્દ એ પાંચ વિષય સમજવા, એટલે જ્ઞાનેંદ્રિયરૂપ દ્વારથી મનની વૃત્તિઓની એ જગ્યા છે. મલોત્સર્ગ, મૈથુન, ગતિ, ભાષણ અને કારીગરી એ પાંચ કર્મ સમજવાં, એટલે કર્મેંદ્રિયરૂપ દ્વારથી મનની વૃત્તિઓની જગ્યા છે. ॥ ૧૦ ॥

एकादशंस्त्रीकरणंममेति शय्यामहंद्वादशमेक आहुः । द्रव्यस्वभावाशयकर्मकालैरेकादशामीमनसोविकाराः ॥ सहस्रशःशतशःकोटिशश्चक्षेत्रज्ञतोनमिथोनस्वतःस्युः ॥११॥

અગયારમું જે પુર કહ્યું તે અભિમાન (મમતા) રૂપ મનની વૃત્તિનું સ્થાનક, એટલે મારૂં છે એમ સ્વીકારેલું શરીર સમજવું. કેટલાક વિદ્વાનો એમ પણ કહે છે કે અહંકાર નામે મનની એક બારમી વૃત્તિ પણ છે અને તેની જગ્યા પણ ઉપર કહેલું શરીરજ છે. જો કે એ પ્રમાણે મુખ્યત્વે કરી મનની વૃત્તિઓ

અગિયાર ગણાય છે, તો પણ તે વૃત્તિઓ પદાર્થો, સ્વભાવ, સંસ્કાર, અદૃષ્ટ અને કાળને લીધે પોતાના પેટાના ભેદોથી સેંકડો, હજારો અને કરોડો થાય છે. હવે એ વૃત્તિઓ શાથી પેદા થાય છે એમ વિચાર કરીયે તો જીવમાંથી પેદા થવી ઘટતી નથી; કેમકે જીવ નિર્વિકાર છે. પોતપોતામાં પરસ્પરમાંથી પણ પેદા થવી ઘટતી નથી; કેમકે એમ માનવામા અન્યોન્યાશ્રય દોષ આવે છે, તેમ પોતે પોતામાંથી પેદા થવી પણ ઘટતી નથી; કેમકે તેમ થવામાં આત્માશ્રય દોષ આવે છે. એવી રીતે કોઈ પ્રકારથી પણ એ વૃત્તિઓની ઉત્પત્તિનું નિરૂપણ થઈ શકતું નથી માટે તે વૃત્તિઓ ખોટીજ છે એમ નિશ્ચય કરી શકાય છે. ૧૧

क्षेत्रज्ञएतामनसोविभूतीर्जीवस्य मायारचित-
स्यनित्याः । आविर्हिताःक्वापितिरोहिताश्च
शुद्धोविचष्टेह्यविशुद्धकर्तुः ॥१२॥

એ પ્રમાણે વિષયો અને કર્મોના સંબંધથી મનની વૃત્તિઓ ઉઠ્યા કરે છે અને તે સંબંધ જ્યારે મટે છે ત્યારે તે મન આત્માકાર થઈ જાય છે કે જે આત્મા પોતાને અપવિત્ર કરી દેનારા અને માયાએ બનાવેલા ઉપાધિરૂપ મનની પ્રવાહરૂપે નિરંતર ચાલતી એ વૃત્તિઓને શુદ્ધ રહીને જોયા કરે છે. જાગ્રત અને સ્વપ્ન અવસ્થામાં એ વૃત્તિઓને પ્રકટ થએલી જાણનાર અને સુષુપ્તિમાં તિરોહિત થએલી જાણનાર અર્થાત્ ત્રણે અવસ્થાનો સાક્ષી એ આત્મા છે. ॥ ૧૨ ॥

क्षेत्रज्ञआत्मापुरुषःपुराणः साक्षात्स्वयंज्योति रजःपरेशः । नारायणोभगवान्वासुदेवःस्व मायपात्मन्यवधीयमानः ॥१३॥

જે આત્મા છે તે જ પુરાણપુરૂષ, સ્વયંપ્રકાશ, અજન્મા અને સર્વના સ્વામી સાક્ષાત્ પરબ્રહ્મ છે. ભગવાન, નારાયણ અને વાસુદેવ પણ

એજ છે. પોતાની માયાથી ઈશ્વરરૂપે એજ સર્વને નિયમમાં રાખે છે. ॥ ૧૩ ॥

यथाऽनिलः स्थावरजंगमानामात्मस्वरूपेण निविष्टईशेत् । एवंपरोभगवान्वासुदेवः क्षेत्रज्ञआत्मेदमनुप्रविष्टः ॥१४॥

જેમ વાયુ પ્રાણરૂપથી પ્રવેશ કરી સ્થાવર અને જંગમને નિયમમાં રાખે છે તેમ ક્ષેત્રજ્ઞ ભગવાન વાસુદેવ પણ આત્મસ્વરૂપથી પ્રવેશ કરી વિશ્વને નિયમમાં રાખે છે. ॥ ૧૪ ॥

नयावदेतांतनुभृन्नरेंद्रविधूयमायांवयुनोदयेन । विमुक्तसंगोजितषट्सपत्नो वेदात्मतत्त्वंभ्रमतीहतावत् ॥१५॥

હે રહૂગણ રાજા ! સંગ માત્ર છોડી દઈને છ ઇંદ્રિયોરૂપ શત્રુઓને જીતીને તથા જ્ઞાનના ઉદયથી આ જોવામા આવતી સઘળી માયાને ટાળીને પ્રાણી જ્યાં સુધી પોતાના સ્વરૂપને જાણતો નથી ત્યાં સુધી સંસારમાં ભટકયા કરેછે.

नयावदेतन्मन आत्मलिंगंसंसारतापावपनंजनस्य । यच्छोकमोहामयरागलोभवैरानुबंधंममतांविधत्ते ॥१६॥

શોક, મોહ, રોગ, રાગ, લોભ, વૈર અને મમતા કરાવનાર તથા સ્વરૂપની ઉપાધિરૂપ એ મનજ લોકોને સંસારના તાપનું મૂળ છે એમ જ્યાં સુધી પ્રાણી જાણતો નથી ત્યાં સુધી સંસારમાં ભટક્યા કરે છે. ॥ ૧૬ ॥

भ्रातृव्यमेनंतदद‌भ्रवीर्यमुपेक्षयाऽध्ये धितमप्रमतः । गुरोर्हरेश्चरणोपासनास्त्रोजहिव्यलीकंस्वयमात्ममोषम् ॥१७॥

એટલા માટે હે રાજા! તું પોતે પણ એ મનરૂપ શત્રુ કે જે, જેમ જેમ ઉપેક્ષા રાખી તેમ તેમ વધતો જાય છે, મહા બળવાન છે, અને જુઠો છતાં પણ સ્વરૂપ ભૂલાવી દેનાર છે તેને સાવધાન રહી ભગવાનરૂપ ગુરૂના ચરણની ઉપાસનારૂપ અસ્ત્રથી હણી નાખ. ૧૭

इतिश्रीभागवतेमहापुराणे पंचमस्कंधान्तर्गते जडभरतरहूगण संवादे ब्रह्मगीता समाप्तम्.

अथ जीवनमुक्तगीता प्रारंभ.

जीवनमुक्तिश्चयामुक्तिःसामुक्तिःपिण्डपातने ।
यामुक्तिःपिण्डपातेनसामुक्तिःशुनिशूकरे ॥१

જીવન મુક્તિરૂપ જે મુક્ત છે તે મુક્તિ જો શરીરના પડવાનેજ માની જાય તો તે શરીર પાતરૂપ મુક્તિ ભૂંડ, કુતરાં વગેરે સર્વને પ્રાપ્ત થઇ શકે છે અર્થાત્ શરીરથી જીવનો સંબંધ છૂટવો તેને જીવન્મુક્તિ કહેવાતી નથી, પણ શરીર છતાં વિષયાદિનો ત્યાગ કરી બ્રહ્મ તત્વને સમજી નિર્વિકારી થઇ વિચરે છે તેને જીવન્મુક્ત કહેવાય છે ॥ ૧ ॥

जीवःशिवःसर्वमेवभूतेष्वेवंव्यवस्थितः ।
एवमेवाभिपश्यनहिजीवन्मुक्तःसउच्यते ॥२

આ શિવરૂપ જીવ સમસ્ત જીવોમાં ચિદાનંદરૂપથી કાયમ છે–એ પ્રકારે જોનાર મનુષ્ય જીવનમુક્ત કહેવાય છે અર્થાત્ જીવ અને

ઇશ્વરને ભેદ રહિત દષ્ટિથી જોનાર પુરૂષ જીવન્મુક્ત કહેવાય છે. ॥ ૨ ॥

एवंब्रह्मजगत्सर्वमखिलंभासतेरविः ।
संस्थितंसर्वभूतानांजीवनमुक्तःसउच्यते ॥३

જે પ્રકારે સૂર્ય નારાયણ પોતાના કિરણોદ્વારા અખિલ બ્રહ્માંડને પ્રકાશિત કરે છે તેજ પ્રકારે ચૈતન્યરૂપ બ્રહ્મ જીવ સ્વરૂપ થઈને સમસ્તનો પ્રકાશક થઈને સર્વત્ર વ્યાપક છે આ પ્રકારના જ્ઞાનને જીવન્મુક્ત કહેવાય છે. ॥ ૩ ॥

एकधाबहुधाचैवदृश्यतेजलचन्द्रवत् ।
आत्मज्ञानीतथैवैकोजीवन्मुक्तःसउच्यते ॥४

જેમ કે અદ્વિતીય ચંદ્રમા ઘટાદિ અનેક જળાશયોમાં વિવિધ રૂપોથી પ્રતિબિંબ બતાવે છે; પરંતુ ખરી રીતે જોતાં તે ચંદ્રમા એકજ છે, પણ અનેક નથી; તેમજ આત્મા અનેક શરીરમાં જુદાં જુદાં રૂપોથી પ્રતિબિંબવત્ પ્રકાશિત થાય છે, પણ વસ્તુતઃ આત્મા

એકજ છે. એમ જે જાણે છે તેવા આત્મજ્ઞાનીને જીવન્મુક્ત કહેવાય છે. ॥ ૪ ॥

सर्वभूतेस्थितंब्रह्मभेदाभेदोनविद्यते ।
एकमेवाभिपश्यँश्चजीवन्मुक्तःसउच्यते ॥५॥

જે આત્મા સર્વ પ્રાણીઓમાં સ્થિત, બ્રહ્મસ્વરૂપ જાણે છે, જે ભેદ અને ભેદથી રહિત અર્થાત્ જીવાત્મા અને પરમાત્મામાં અભેદ દષ્ટિ રાખનાર જ્ઞાન દષ્ટિથી તેને એકરસ દેખે છે, તેને જીવન્મુક્ત કહે છે. ॥ ૫ ॥

तत्वंक्षेत्रंव्योमातीतमहंक्षेत्रज्ञउच्यते ।
अहंकर्त्ताचभोक्ताचजीवन्मुक्तःसउच्यते ॥६

પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ આ મહાપંચભૂત તત્વોથી અતીત દેહને ક્ષેત્રલિંગ દેહ કહે છે. એ દેહનુ ક્ષેત્રજ્ઞ હુંજ છું અને સમસ્તનો કર્ત્તા તથા ભોક્તા પણ હુંજ છું એમ જાણનાર જ્ઞાનીને જીવન્મુક્ત કહેવો યોગ્ય છે. ॥ ૬ ॥

कर्मेन्द्रियपरित्यागीध्यानावर्जितचेतसः ।
आत्मज्ञानीतथैवेकोजीवन्मुक्तःसउच्यते ॥७

જેણે પાંચ કર્મેંદ્રિયોને પોતાને વશ કરી લીધી તથા જેણે મનને ધ્યાનાદિ અનુષ્ઠાનો દ્વારા નિવૃત્ત કરી આત્મામાં લીન કરી લીધો છે તે આત્મજ્ઞાનીને જીવન્મુક્ત કહે છે. ॥ ૭ ॥

शारीरंकेवलंकर्मशोकमोहादिवर्जितम् ।
शुभाशुभपरित्यागीजीवन्मुक्तःसउच्यते ॥८

જેણે શોક--મોહાદિ વર્જીત શારીરિક કર્માનુષ્ઠાનને સ્વીકારેલ છે અને શુભાશુભનો પરિત્યાગ કરેલ છે તેને જીવન્મુક્ત કહે છે. ॥ ૮

कर्मसर्वत्रआदिष्टंनजानामिचकिञ्चन ।
कर्मब्रह्मविजानातिजीवन्मुक्तःसउच्यते ॥९

શાસ્ત્રપ્રતિપાદિત કર્મકાંડ રહિત થઈ તે કર્મોને બ્રહ્મરૂપ જાણે છે તે જીવન્મુક્ત કહેવાય છે. ॥ ૯ ॥

चिन्मयंव्यापितंसर्वमाकाशंजगदीश्वरम् ।
सहितंसर्वभूतानांजीवन्मुक्तःसउच्यते ॥१०

જ્ઞાન સ્વરૂપ આકાશની પેઠે સર્વ વ્યાપક જગદિશ્વર તથા સર્વ ભૂતોને ચૈતન્ય કરનાર આત્મજ્ઞાનીને જીવન્મુક્ત કહે છે. ॥ ૧૦ ॥

अनादिवर्त्तीभूतानांजीवःशिवोनहन्यते ।
निर्वैरःसर्वभूतेषुजीवन्मुक्तःसउच्यते ॥११॥

સમસ્ત પ્રાણી માત્રમાં વૈરરહિત શિવરૂપ જીવાત્માને સમસ્ત પ્રાણીઓના અનાદિવર્તી જાણનારને જીવન્મુક્ત કહે છે. ॥ ૧૧ ॥

आत्मागुरुस्त्वंविश्वंचचिदाकाशोनलिप्यते ।
गतागतंद्वयोर्नास्तिजीवन्मुक्तःसउच्यते ॥१२

ચિત્તરૂપ તથા સમસ્તનો પરમાત્માજ સંપૂર્ણ બ્રહ્માંડનો પાલન કર્તા થઈને પણ સંસારમાં લિપ્ત થતો નથી અર્થાત્ સંસાર અને આત્મામાં ભેદ રહિતપણું માને છે તથા અદ્વિતીય છે એમ જાણનારને જીવન્મુક્ત કહે છે.

गर्भध्यानेनपश्यन्तिज्ञानिनामनउच्यते ।
सोऽहंमनोविलीयन्तेजीवन्मुक्तःसउच्यते ॥

અન્તરના ધ્યાનદ્વારા જ્ઞાની જનોના મનને જે આત્માનો સ્પર્શી હોય અને તે પરમાત્મામાં હું છું એવી ભાવનાદ્વારા પરમાત્મામાં મનને લીન કરે તેવા જ્ઞાનીને જીવન્મુક્ત કહે છે. ૧૩

ऊर्ध्वध्यानेनपश्यन्तिविज्ञानंमनउच्यते ।
शून्यंलयंचविलयंजीवन्मुक्तःसउच्यते ॥१४

જે સમાધિમાં સ્થિત થઈ મનને શૂન્ય, લય, અને વિલય એ ત્રણ માર્ગોથી સંયુક્ત કરેલ છે તેને જીવન્મુક્ત કહે છે. ॥ ૧૪ ॥

अभ्यासेरमतेनित्यंमनोध्यानलयङ्गतम् ।
बन्धमोक्षद्वयंनास्तिजीवन्मुक्तःसउच्यते १५

જેનું મન નિરંતર શ્રવણ મનન નિદિધ્યાસનદ્વારા ધ્યાનમાં-લયને પ્રાપ્ત થઈ ગએલ છે અને જે બન્ધ તથા મોક્ષ એ બંનેથી રહિત છે તેને જીવનમુક્ત કહે છે. ॥ ૧૫ ॥

एकाकीरमतेनित्यंस्वभावगुणवर्जितम् ।
ब्रह्मज्ञानरसास्वादीजीवन्मुक्तःसउच्यते १६

જે નર અદ્વિતીય થઇને નિરંતર સ્વાભાવિક ગુણોનો પરિત્યાગ કરી બ્રહ્મજ્ઞાન રૂપ રસનો સ્વાદ અનુભવે છે તેને જીવનમુક્ત કહે છે.

हृदिध्यानेनपश्यन्तिप्रकाशंक्रियतेमनः ।
सोहंहंसेतिपश्यन्तिजीवन्मुक्तःसउच्यते १७

જેણે ઉપર કહેલા પ્રકારેથી પોતાના હૃદયમાં મનને પ્રકાશરૂપ જાણીને તે પરમાત્મા હું જ છું તથા ધ્યાનદ્વારા પોતાને હંસરૂપ જાણેલ છે તેને જીવનમુક્ત કહે છે. ॥ ૧૭ ॥

शिवशक्तिसमात्मानंपिण्डब्रह्माण्डमेवच ।
चिदाकाशंहृदंमोहंजीवन्मुक्तःसउच्यते ॥१८

શિવશક્તિના સમાન દેહરૂપ ક્ષુદ્ર બ્રહ્માંડ તથા ચરાચરાત્મક બ્રહ્માંડ એ બંનેને એકજ જાણીને હાર્દિક મોહને નિશ્ચય પ્રકારે ત્યજી દીધેલ છે તેને જીવનમુક્ત કહે છે. ॥ ૧૮ ॥

जाग्रत्स्वप्नसुषुप्तिश्चतुरीयावस्थितंसदा ।
सोऽहंमनोविलीयेतजीवन्मुक्तःसउच्यते १९

જેનું મન સોહં ઈત્યાદિ ઉપાસનાઓ દ્વારા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓનું અતિક્રમણ કરી તુરીયા અવસ્થામાં પ્રાપ્ત થઈ પરમાત્મામાં લીન થએલ છે તેને જીવન્મુક્ત કહે છે. ॥ ૧૯ ॥

सोऽहंस्थितंज्ञानमिदंसूत्रेषुमणितुल्वरम् ।
सोऽहंब्रह्मनिराकारंजीवन्मुक्तःसउच्यते २०

નિરાકાર જે બ્રહ્મ છે તે જ સોહં અને સોહંના જ્ઞાન સૂત્રમાં મણિયોની પેઠે સ્થિતિમાન છે તથા તે જ આત્મા હું છું એમ સોહંદ્વારા જીવ અને આત્મામાં અભેદ જાણુનારને જીવન્મુક્ત કહે છે. ॥ ૨૦ ॥

मनएवमनुष्याणांभेदाभेदस्यकारणम् ।
विकल्पनैवसंकल्पंजीवन्मुक्तःसउच्यते ॥२१

સંકલ્પ અને વિકલ્પાત્મક આ મનજ સમસ્ત પ્રાણી સમૂહના ભેદ અને અભેદનું કારણ છે, આવી રીતે જે જાણે છે તેઓજ જીવન્મુક્ત છે. ॥ ૨૧ ॥

मनएवविदुःप्राज्ञाःसिद्धसिद्धान्तएवच ।
सदादृढंतदामोक्षोजीवन्मुक्तःसउच्यते ॥ २२

પંડિતોનો એ સિદ્ધાંત છે કે વિશ્વાસનું કારણ ચિત્તજ છે. પૂર્વે કહેલા ગુણોમાં દઢતા છે તે જ મુક્તિનું કારણ છે, એવા નિશ્ચયવાળાઓને જીવન્મુક્ત કહે છે. ॥ ૨૨ ॥

योगाभ्यासीमनःश्रेष्ठामन्तस्त्यागीबहिर्जडः ।
अन्तस्त्यागीबहिस्त्यागीजीवन्मुक्तः सउच्यते

યોગાભ્યાસ મનને ઉત્તમ જાણવું. એજ મન જ્યારે અંતરને ત્યજી બ્રહ્મમાં રમણ કરે છે ત્યારે તે જડરૂપજ રહે છે; પરંતુ અભ્યંતર અને બાહ્ય એ બન્ને ભેદોને ત્યજી દેનાર પુરૂષો છે તેને જીવન્મુક્ત કહે છે.

ઇતિ શ્રી જીવન્મુક્ત ગીતા સંપૂર્ણ.

अथ अगस्त्यगीता प्रारंभ.

सृष्टेःप्रागेकएवासीर्निर्विकल्पोऽनुपाधिकः ।
त्वदाश्रयात्वद्विषयामायातेशक्तिरुच्यते ॥१॥

અગસ્ત્ય મુનિ શ્રી રામને કહે છે–હે પરમાત્મન્! સૃષ્ટિના પહેલાં તમારામાં માયારૂપ ઉપાધિનો સંબંધ ન રહેવાથી આ જગતમાં પ્રપંચ ઉત્પન્ન થયો ન હતો, તે કાળમાં તેમજ ગુણોથકીપર એકલા પદાર્થ હતા, બીજો કોઇ પણ પદાર્થ ન હતો. ॥ ૧ ॥

त्वामेवनिर्गुणंशक्तिरावृणोतियदातदा ।
अव्याकृतमितिप्राहुर्वेदांतपरिनिष्ठिताः ॥२॥

જ્યારે સૃષ્ટિ કાળમાં તમારી શક્તિરૂપ માયા તમને ધકકેલે છે, ત્યારે વેદાંતી લોકો તે શકિતને તમારી 'અવ્યાકૃત' શક્તિ કહે છે ૨

मूलप्रकृतिरित्येकेप्राहुर्मायेतिकेचन ।
अविद्यासंसृतिर्बंधइत्यादिबहुधोच्यते ॥३॥

સાંખ્યાચાર્યે તે શક્તિને મૂળ પ્રકૃતિ કહેલ છે. કેટલાક પંડિતો અવિદ્યા સંસાર અને બંધન એ પ્રકારનાં અનેક નામોથી તે શક્તિને પોકારે છે. ॥ ૩ ॥

त्वयासंक्षोभ्यमाणासामहत्तत्त्वंप्रसूयते ।
महत्तत्त्वादहंकारस्त्वयासंचोदितादभूत् ॥४॥

મૂળ પ્રકૃતિથી બુદ્ધિતત્ત્વ ઉત્પન્ન થયું. તે બુદ્ધિતત્ત્વનું બીજું નામ મહત્તત્ત્વ છે, મહત્તત્ત્વથી અહંકાર ઉત્પન્ન થયો. ॥ ૪ ॥

अहंकारोमहत्तत्त्वसंवृतस्त्रिविधोऽभवत् ।
सात्त्विकोराजसश्चैवतामसश्चैतिभण्यते ॥५॥

અહંકાર ત્રણ પ્રકારનો છે. સાત્વિક, રાજસી અને તામસી. અર્થાત્ મૂળ પ્રકૃતિમાં, સત્વગુણ, રજોગુણ અને તમોગુણ હોવાથી તે થકી ઉત્પન્ન થએલ મહત્તત્ત્વમાં પણ આ ત્રણ પ્રકારના ગુણ લાગી જાય છે. ક્રમવાર મહત્તત્ત્વમાં હોવાને લીધે અહંકારમાં પણ કારણના

ગુણાનુસાર આ ત્રણે ગુણ ઉત્પન્ન થાય છે. ૫

तामसात्सूक्ष्मतन्मात्राण्यासन्भूतान्यतःपरम् ।
स्थूलानिक्रमशोरामक्रमोत्तरगुणानिह ॥६॥

તામસાહંકારથી શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ અને પાંચ સૂક્ષ્મ તન્માત્રા ઉત્પન્ન થઇ, સૂક્ષ્મ તન્માત્રાથી સ્થૂળ પંચભૂત ઉત્પન્ન થયાં; અર્થાત્ શબ્દથી આકાશ, શબ્દ અને સ્પર્શથી વાયુ, શબ્દ, સ્પશ અને રૂપથી તેજ શબ્દ, સ્પર્શ, રૂપ અને રસથી જળ, શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચની પૃથ્વી ઉત્પન્ન થઈ. ॥ ૬ ॥

राजसानींद्रियाण्येवसात्त्विकादेवतामनः ।
तेभ्योऽभवत्सूत्ररूपंलिंगंसर्वगतंमहत् ॥७॥

રાજસાહંકારથી ઇન્દ્રિયો ઉત્પન્ન થઇ, તેમાં નાક, હાથ, પગ, ગુદા અને લિંગ એ પાંચ કર્મેંદ્રિય છે અને આંખ, કાન, ત્વચા, રસના અને ઘ્રાણ એ પાંચ જ્ઞાનેન્દ્રિય છે—સાત્વિકા-

હંકારથી નેત્રોના અધિષ્ઠાતા સૂર્ય, શ્રોત્રના દિશા, ત્વચાનો પવન, રસનાના વરૂણ, અને ઘ્રાણના અશ્વિનીકુમાર છે. વાક્યેન્દ્રિયના દેવતા અગ્નિ, હાથના ઈન્દ્ર, પગના વિષ્ણુ, ગુદાના મિત્ર અને લિંગના દેવતા બ્રહ્મા છે. ઈન્દ્રિયોના આ દેવતા અને મનોરૂપ અન્તરિન્દ્રિય ઉત્પન્ન થઈ. સૂક્ષ્મ તન્માત્રારૂપ અહંકારના કાર્યથી સૂક્ષ્મ સમષ્ટિરૂપ હિરણ્યગર્ભ નામક, લિંગ શરીર કે જેનું બીજું નામ સૂત્ર છે તે ઉત્પન્ન થયું. ॥ ૭ ॥

ततोविराट्समुत्पन्नःस्थूलाद्भूतकदंबकात् ।
विराजःपुरुषात्सर्वंजगत्स्थावरजंगमम् ॥८॥

એ સૂત્રથી સ્થૂળ સમષ્ટિરૂપ વિરાટ પુરૂષ ઉત્પન્ન થયા. વિરાટ પુરૂષથી સ્થાવર જંગમ સર્વ ઉત્પન્ન થએલ છે. ॥ ૮ ॥

देवतिर्यङ्मनुष्याश्चकालकर्मक्रमेणतु ।
त्वंरजोगुणतोब्रह्माजगतःसर्वकारणम् ॥९॥

તેમાં દેવતા, તિર્યક્યોનિ અને મનુષ્ય રૂપ જંગમ પદાર્થ કાળની સહાયતાથી ભાગ્યને વશ થઈને ઉત્પન્ન થએલ છે. હે જગદિશ્વર! આ જગતમાં આપના વગર કાંઈપણ નથી. કહી તમે રજોગુણ રૂપ ઉપાધિના સંયોગથી બ્રહ્મા થઈને સર્વ જગતને નિર્માણ કરો છો. ૯

सत्त्वाद्विष्णुस्त्वमेवास्यपालकः परिकल्प्यसे ।
लये रुद्रस्त्वमेवास्य त्वन्मायागुणभेदतः ॥१०

કહી સત્વગુણના યોગથી વિષ્ણુ રૂપથી પંડિતોદ્વારા જગતના પાલક થઈ જાઓ છો. પ્રલયકાળમાં તમોગુણમય રૂદ્રરૂપી થઈને સર્વ સંસારનો સંહાર કરો છો. ॥ ૧૦ ॥

जाग्रत्स्वप्नसुषुप्त्याख्यावृत्तयोबुद्धिजैर्गुणैः ।
तासांविलक्षणो रामस्त्वंसाक्षीचिन्मयोऽव्ययः

જ્યારે પ્રાણિયોની બુદ્ધિમાં સત્વગુણનું અવલમ્બન થાય છે, ત્યારે તેની જાગ્રતાવસ્થા, જ્યારે રજોગુણ અવલમ્બન થાય છે, ત્યારે

સ્વપ્નાવસ્થા અને જ્યારે તમોગુણનું અવલમ્બન થાય છે, ત્યારે તેની સુષુપ્તિ અવસ્થા થાય છે. હે રામ! તમે સાક્ષી સ્વરૂપ થઇને તેની આ સર્વ વ્યવસ્થાને જુવો છો. આપની અવસ્થા કોઇ કાળમાં બદલાતી નથી; કેમકે તમે નિત્ય ચૈતન્ય સ્વરૂપ છો. ॥ ૧૧ ॥

सृष्टिलीलांयदाकर्तुमीहसेरघुनंदन ।
अंगीकारोषिमायांत्वंतदावैगुणवानिव ॥१२

હે રઘુનંદન! જ્યારે તમે જગતમાં સૃષ્ટિરૂપ લીલા કરવાનો અભિલાષ કરો છો, તે કાળમાં માયા તમારૂં અવલમ્બન કરે છે. હે પરમાત્મન્! તમે નિર્ગુણ છો; પરંતુ માયામાં મળી જવાથી સગુણના સમાન તમારો પ્રકાશ થાય છે.

राममायाद्विधाभातिविद्याविद्येतितेसदा ।
प्रवृत्तिमार्गनिरताअविद्यावशवर्तिनः ॥
निवृत्तिमार्गनिरतावेदांतार्थविचारकाः ॥१३
त्वद्भक्तिनिरतायेचतेवैविद्यामयाःस्मृताः ।

अविद्यावशगायेतुनित्यंसंसारिणश्चते ।
विद्याभ्यासरतायेतुनित्यमुक्तास्तएवहि ॥१४

હે રામ! તમારી માયા બે પ્રકારની છે, એકનું નામ અવિદ્યા, અને બીજીનું નામ વિદ્યા છે. અવિદ્યાને વશ થએલા લોક પ્રવૃત્તિ માર્ગમાં રત રહે છે, એ માટે એની મુક્તિ થતી નથી. ધીરે ધીરે સંસારિક બંધન તેને લાગી જાય છે વિદ્યાને વશ થએલા લોકો નિવૃત્તિ માર્ગમાં રત રહીને તમારામાં દૃઢ ભક્તિ પ્રાપ્ત કરી લે છે, તેથી તેઓનો મોક્ષ થઈ જાય છે. ૧૩-૧૪

लोकेत्वद्भक्तिनिरतास्त्वन्मंत्रोपासकाश्चये ।
विद्याप्रादुर्भवेत्तेषांनेतरेषांकदाचन ॥१५॥

જે લોક ભક્તિ સહિત તમારા મંત્રનો જપ કરે છે, તે જ વિદ્યાને વશ થાય છે, પણ બીજા વશ થતા નથી. ॥ ૧૫ ॥

अतस्त्वद्भक्तिसंपन्नामुक्ताएवनसंशयः ।
त्वद्भक्त्यमृतहीनानांमोक्षःस्वप्नेऽपिनोभवेत् ॥

એ માટે તમારા મંત્રની ઉપાસના કરવાવાળા ભક્તોની નિશ્ચય મુક્તિ થશે. જે પુરૂષોની તમારામાં ભક્તિ નથી તેઓની સ્વપ્નમાં પણ મુક્તિ થતી નથી. ॥ ૧૬ ॥

किंरामबहुनोक्तेनसारंकिंचिद्ब्रवीमिते ।
साधुसंगतिरेवात्रमोक्षहेतुरुदाहृता ॥१७॥

હે રામ! વિશેષ શું કહેવું? આતો થોડાજ સાર કહું છું કે સાધુ પુરૂષોનો સંગજ કેવળ મોક્ષનું કારણ છે. ॥ ૧૭ ॥

साधवःसमचित्तायेनिःस्पृहाविगतैषिणः ।
दांताःप्रशांतास्त्वद्भक्तानिवृत्ताखिलकामनाः

જે જે સમ્પદ વિપદમાં સમાન ચિત્તવાળા છે તેઓને કોઈ વાતની ઈચ્છા નથી. તપના ક્લેશને સહન કરવાવાળા, શાંતિના ગુણનો આશ્રય કરવાવાળા, ઇંદ્રિયોને જીતવાવાળા, અને મનને વશમાં કરવાવાળા જે તમારા ભક્ત છે, જેણે સમસ્ત કામનાઓનો ત્યાગ કર્યો છે તે જ સાધુ છે. ॥ ૧૮ ॥

इष्टप्राप्तिविपर्य्योश्चसमाःसंगविवर्जिताः ।
संन्यस्ताखिलकर्माणःसर्वदाब्रह्मतत्पराः १९

જે હર્ષ વિષાદના સમયમાં હર્ષિત વા શોકાતુર નથી, સદા નિર્જન સ્થાનમાં કામના રહિત થઇને બ્રહ્મની ચિંતા કરે છે, ॥ ૧૯ ॥

यमादिगुणसंपन्नाःसंतुष्टायेनकेनचित् ।
सत्संगमोभवेद्यर्हित्वत्कथाश्रवणेरतिः ॥२०

અને સંયમાદિ અનેક ગુણોથી યુક્ત છે, તે ગમે તે પ્રકારે સંતુષ્ટ થઈ જાય છે. હે રામ! એવા સાધુ પુરૂષોનો સત્સંગ જ્યારે મળી જાય છે, ત્યારે આપની કથા શ્રવણ કરવામાં પ્રીતિ ઉપજે છે. ॥ ૨૦ ॥

समुदेतिततोभक्तिस्त्वयिरामसनातने ।
त्वद्भक्तावुपपन्नायांविज्ञानंविपुलंस्फुटम् २१

હે સનાતન રામ! અનુરાગ થવાથી તમારામાં દઢ ભક્તિ થાય છે અને ભક્તિ થવાથી નિર્મળ જ્ઞાન થાય છે. ॥ ૨૧ ॥

उदेतिमुक्तिमार्गोऽयमाद्यश्चतुरसेवितः ।
तस्माद्राघवसद्भक्तिस्त्वयिमेप्रेमलक्षणा ॥२२
सदाभूयाद्धरेसंगस्त्वद्भक्तेषुविशेषतः ।
अद्यमेसफलंजन्मभवत्संदर्शनादभूत् ॥२३॥

જ્ઞાન થવાથી અવશ્ય મુક્તિ મળે છે. પંડિત લોકો આ પ્રધાન મુક્તિ માર્ગનુંજ સેવન કર્યા કરે છે. હે રાઘવ! હે હરિ! હું તમારી પ્રાર્થના કરૂં છું કે તમે મારી પ્રેમરૂપ ભક્તિ અને સાધુઓનો મુખ્યત્વે કરીને તેમાં પણ તમારા ભક્તોનો સંગ થાય. આજ તમારા દર્શનથી મારો જન્મ સફળ થયો. ૨૨-૨૩

अद्यमेक्रतवःसर्वेबभूवुःसकलाःप्रभो ।
दीर्घकालंमयातप्तमनन्यमतिनातपः ॥
तस्येहतपसोरामफलंतवयदर्चनम् ॥२४॥

આજ મારા કરેલા યાગ યજ્ઞાદિ પણ સફળ થયા, ઘણા કાળથી એકાંત ચિત્તથી જે તપ મેં કર્યું હતું તે તપનું ફળ એ મળ્યું કે આજ

હું આપની પ્રત્યક્ષ પૂજા કરૂં છું. ॥ ૨૪ ॥

सदामेसीतयासार्धंहृदयेवसराघव ।

गच्छतस्तिष्ठतोवापिस्मृतिःस्यान्मेसदात्वयि ॥

હે રામ ! તમારી હું પ્રાર્થના કરૂં છું કે, તમે દેવી સીતાજીના સહિત મારા હૃદયમાં સદા વાસ કરો અને મને ચાલતાં, ફરતાં તથા બેસતાં હૃદયમાં બરોબર આપનું સ્મરણ થાઓ. ॥ ૨૫ ॥

इति श्रीमदध्यात्मरामायणेउमामहेश्वर सं·
·वादेअरण्यकांडांतर्गतअगस्त्यगीतासमाप्तम्‌:
•

अथ काश्यपगीता प्रारंभ.

अत्राप्युदाहरन्तीमामाथानित्यंक्षमावताम् ।
गीताःक्षमावतांकृष्णेकाश्यपेनमहात्मना ॥१

ધર્મ પુત્ર યુધિષ્ઠિર દ્રૌપદી પ્રત્યે કહેવા લા-
ગ્યા કે–હે કૃષ્ણે ! નિરંતર ક્ષમાવંતોની પ્રશં-
સાને મુનિ જનો પણ કથે છે. જે મહાત્મા
કાશ્યપજીએ ક્ષમાવંતોના વચમાં ગાન કરેલ
છે. તે કહું છું સાંભળો. ॥ ૧ ॥

क्षमाधर्मःक्षमायज्ञःक्षमावेदाःक्षमाश्रुतम् ।
यएतदेवजानातिससर्वंक्षंतुमर्हति ॥२॥

ક્ષમા વિષેજ સર્વ ધર્મો રહેલ છે અર્થાત્
ક્ષમા રહિત જે જે ધર્મો કરવામાં આવે છે
તે તે અનર્થ કરનાર નિવડે છે. ક્ષમાજ યજ્ઞ
છે, ક્ષમાજ વેદ છે ક્ષમાજ શ્રુત છે, અર્થાત્
ક્ષમાજ પવિત્ર શાસ્ત્રોનું શ્રવણ છે. જે ધર્માદિ

ફળની ચાહના કરનારા આ પ્રકારે જાણે છે તે સર્વ પ્રકારે ક્ષમાને યોગ્ય છે અર્થાત્ વિષમ કટુ વાક્યોને સહન કરી શકે છે. ૨

क्षमाब्रह्मक्षमासत्यंक्षमाभूतंचभाविच ।
क्षमातपःक्षमाशौचंक्षमयेदंधृतंजगत् ॥३॥

ક્ષમાજ બ્રહ્મ છે, ક્ષમાજ પરબ્રહ્મને પ્રાપ્ત કરનાર છે, ક્ષમાજ સંચિત કરેલું તપ છે, ક્ષમાજ ભાવિથી રક્ષણ કરે છે, ક્ષમાંજ બહાર અભ્યંતરની શુદ્ધિકારક સદ્ય પ્રયોગ છે; વિશેષ શું કહેવું? આ સંસારજ ક્ષમાએ ધારણ કરેલ છે. ॥ ૩ ॥

अतियज्ञविदांलोकान्क्षमिणःप्राप्नुवन्तिच ।
अतिब्रह्मविदांलोकानतिचापितपस्विनाम् ४

યજ્ઞને જાણનારાઓને જે લોક પ્રાપ્ત થાય છે તે લોક કરતાં ક્ષમાવાળાઓને ઉર્ધ્વલોક પ્રાપ્ત થાય છે, ને વેદ જાણનારાઓને જે લોક પ્રાપ્ત થાય છે તે લોકથી ઉપરના લોકને ક્ષમાવાળા પ્રાપ્ત કરી શકે છે અને તપસ્વી લોકો કરતાં

પણ ક્ષમાવાળાને ઉચ્ચલોક પ્રાપ્ત થાય છે. ૪

अन्येवैयजुषांलोकाःकर्मिणामपरेतथा।
क्षमावतांब्रह्मलोकेलोकाःपरमपूजिताः ॥५॥

ત્રેતાગ્નિ સાધકોને અન્ય લોક તથા કુવા વાવડી વગેરે લોકોપકારાર્થે બનાવનારાઓ પણ અન્યલોકને પામે છે; પરંતુ ક્ષમાવાળાઓને તો બ્રહ્મલોકમાં પરમપૂજ્ય લોક મળે છે. ૫

क्षमातेजस्वीनांतेजःक्षमाब्रह्मतपस्विनाम् ।
क्षमासत्यंसत्यवतांक्षमायज्ञःक्षमाशमः ॥६॥

ક્ષમા તેજવંતોનું તેજ છે, તપસ્વિઓનું તપ છે, સત્યલોકનું સત્ય છે તથા ક્ષમાજ યજ્ઞ છે, ક્ષમાજ શાંતિ છે અર્થાત્ સંસાર નિવર્ત્તકરૂપ સિદ્ધ સાધન કેવળ ક્ષમાજ છે. ॥ ૬ ॥

तांक्षमांतादृशींकृष्णेकथमस्मद्विधस्त्यजेत् ।
यस्यांब्रह्मचसत्यंचयज्ञालोकाश्चविष्ठिताः ७

હે દ્રૌપદી! જે ક્ષમામાં બ્રહ્મ સત્ય અને ઉત્તમ લોક સ્થિત છે તે ઉત્તમ પ્રકારની ક્ષમા-

ને મારા જેવો પુરૂષ શી રીતે ત્યાગી શકે ?

क्षन्तव्यमेवसततंपुरुषेणविजानता ।
यदाहिक्षमतेसर्वंब्रह्मसंपद्यतेतदा ॥८॥

વિશેષે કરીને જે જાણકાર પુરૂષ હોય તેને નિરંતર ક્ષમા રાખવીજ યોગ્ય છે. જ્યારે મન પ્રાણ ઇંદ્રિયોના દુર્ઘટ વેગને સહન કરે છે, ત્યારેજ ઇશ્વર પ્રાપ્ત થાય છે વા ઈશ્વરતા પ્રાપ્ત થાય છે. ॥ ૮ ॥

क्षमावतामयंलोकःपरश्चैवक्षमावताम् ।
इहसन्मानमृच्छन्तिपरत्रचशुभांगतिम् ॥९॥

જે ક્ષમાવાળો પુરૂષ છે તેને આ લોક પણ સુખદાતા છે અને પરલોક પણ સુખદાતા છે; કેમકે આ લોકમાં પણ સહનશીલ પુરૂષને સન્માન મળે છે અને પરલોકમાં પણ તે ઉત્તમ ગતિ પામે છે માટે ઉભય લોકમાં સુખદાતા ક્ષમાજ છે. ॥ ૯ ॥

येषांमन्युर्मनुष्याणांक्षमयाऽभिहतःसदा ।

तेषांपरतरेलोकास्तस्मात्क्षांतिःपरामता ॥१०
જે જનોનો ક્રોધ હરેક વખતે ક્ષમાવડે કરી-
ને શાંત થાય છે તેઓને સત્ય લોકમાં ઉત્તમ
લોક અર્થાત્ મહાન્ ભોગ્ય પદાર્થો પ્રાપ્ત
થાય છે. ॥ ૧૦ ॥

इतिगीताःकाश्यपेनगाथानित्यंक्षमावताम् ।
श्रुत्वागाथाःक्षमायास्त्वंतुष्यद्रौपदिमाक्रुधः ॥
નિરંતર ક્ષમાવાળાઓને માટે કશ્યપજીએ
આ ગીતા કહેલી છે અર્થાત્ ક્ષમાની પ્રશંસા
ગાએલી છે તે હે દ્રૌપદી! તું શ્રવણ કરીને
પ્રસન્ન થા અને ક્રોધનો ત્યાગ કર. ॥ ૧૧ ॥

पितामहःशांतनवःक्षमांसंपूजयिष्यति ।
कृष्णश्चदेवकीपुत्रःक्षमांसंपूजयिष्यति ॥१२॥
आचार्योविदुरःक्षत्ताशममेववदिष्यतः ।
कृपश्चसंजयश्चैवशममेववदिष्यतः ॥१३॥
सोमदत्तोयुयुत्सुश्चद्रोणपुत्रस्तथैवच ।
पितामहश्चनोव्यासःशमंवदतिनित्यशः ॥१४

કેમકે ભીષ્મ પિતામહ પણ ક્ષમાનીજ પ્રશં-
સા કરે છે, દેવકીનંદન શ્રી કૃષ્ણ પણ ક્ષમાની
પ્રશંસા કરે છે, દ્રોણાચાર્ય અને વિદુરજી તથા
કૃપાચાર્ય, સંજય, સોમદત્ત-યુયુત્સુ, અશ્વ-
ત્થામા અને મારા દાદા વેદવ્યાસજી પણ
હંમેશાં શાંતિ-ક્ષમાનેજ વખાણે છે. ૧૨-૧૪

सुयोधनोनार्हतीतिक्षमामेवंनविन्दति ।
अर्हस्तत्राहमित्येवंतस्मान्मांविन्दतेक्षमा १५

સુયોધન રાજ્યને યોગ્ય નથી એ હેતુ માટે
ક્ષમાને પ્રાપ્ત નથી થતો; પણ હું રાજ્યને
યોગ્ય છું માટે ક્ષમાને પ્રાપ્ત થયો છું. ૧૫

एतदात्मवतांवृत्तमेषधर्मःसनातनः ।
क्षमाचैवानृशंस्यंचतत्कर्तास्म्यहमंजसा ॥१६

આત્મજ્ઞાનીઓનું ક્ષમા એજ વ્રત છે, ક્ષમા
એજ સનાતન ધર્મ છે માટે ક્ષમા અને
દયાભાવ તત્વથી ક્ષમા તથા અનૃશંસપણાને
હું કરૂં છું. ॥ ૧૬ ॥

परैस्ताडितस्यापितत्ताडनसमर्थस्य ।
चित्तेक्षोभानुत्पत्तिःक्षमा ॥१७॥

શત્રુઓએ માર માર્યો હોય અને પોતે શત્રુઓને મારવા સમર્થ હોય; છતાં તેના મનમાં ક્રોધ ન ઉત્પન્ન થાય તેનું નામ ક્ષમા છે. ॥ ૧૭ ॥

इतिश्री काश्यपगीता समाप्तम् ॥

ઇતિ શ્રી કશ્યપ ગીતા સમાપ્ત.

अथ तत्त्वबोधगीता प्रारंभ.

॥ श्री महादेव उवाच ॥

किंभीरुशोचसिव्यर्थंशोकस्याविषयंपतिम् ।
पतिस्तवायंदेहोवाजीवोवावदतत्त्वतः ॥१॥

શ્રી મહાદેવજી કહે છે કે—હે ગીરિજા ! મહા અભિમાની વાલી વાનરને પરમાત્મા શ્રી રામચંદ્રજીએ વધ કર્યો તેથી તેની સ્ત્રી તારા મહાવિલાપ કરતી પતિના શબ સમીપ આવી અને વિલાપ કરવા લાગી ત્યારે તેનો મોહ દૂર કરવા શ્રી રામચંદ્રજીએ કહ્યું કે—હે ભીરૂ ! શોકના અવિષય રૂપ અર્થાત્ શોકના સ્થાનરૂપ નથી એવા પતિનો તું વ્યર્થ શોક શા માટે કરે છે ? હે કલ્યાણી ! આ દેહ તારો પતિ છે, વા જીવ તારો પતિ છે ? એ વિચારીને કહે. ॥ ૧ ॥

पंचात्मकोजडोदेहस्त्वङ्मांसरुधिरास्थिमान्

कालकर्मगुणोत्पन्नःसोऽप्यास्तेऽद्यापितेपुरः

જો દેહને પતિ માનતી હોય તો આ જડ દેહ, ત્વચા, માંસ, રૂધિર અને હાડકાંમય છે, તે પંચમહાભૂતનો દેહ કાળ અને ગુણથી ઉત્પન્ન થએલ છે. તે દેહ હજી સુધી તારી પાસે પડયો છે. ॥ ૨ ॥

मन्यसेजीवमात्मानंजीवस्तर्हिनिरामयः ।
नजायतेनम्रियतेनतिष्ठतिनगच्छति ॥३॥

જો તું જીવને પોતાનો પતિ માનતી હોય તો પણ શોક કરવાનું કાંઈ પણ પ્રયોજન નથી; કેમકે જીવ નિર્વિકાર છે, તેની ઉત્પત્તિ નથી, મરણ નથી તેમજ તે સ્થિર રહેતો નથી અને ગમન પણ કરતો નથી. ॥ ૩ ॥

नस्त्रीपुमान्वापंढोवाजीवःसर्वगतोऽव्ययः ।
एकएवाद्वितीयोऽयमाकाशवदलेपकः ।
नित्योज्ञानमयःशुद्धःसकथंशोकमर्हति ॥४॥

જીવ, સ્ત્રી, પુરૂષ અને નપુંસક કાંઈ નથી.

કેવળ સર્વ વ્યાપી નિર્વિકાર હોવાથી એકજ છે, તેમાં બીજો ભાવ નથી, તે આકાશના સમાન સર્વ વ્યાપક રહીને પણ અલિપ્ત છે, તેનું સ્વરૂપ ત્રણે કાળમાં નષ્ટ ન થવાવાળું જ્ઞાનમય તથા શુદ્ધ છે તો, તે શી રીતે શોક કરવા યોગ્ય છે ? ॥ ૪ ॥

॥ तारोवाच ॥

देहोऽचित्काष्ठवद्रामजीवोनित्यश्चिदात्मकः ।
सुखदुःखादिसंबंधःकस्यस्याद्राममेवद ॥५॥

આવાં વચન સાંભળી તારાએ કહ્યું કે—હે શ્રી રામ ! જે દેહ કાષ્ટના સમાન જડ અને નાશવાન છે, તથા આત્મબળ, અવિનાશી અને ચૈતન્ય સ્વરૂપ છે. તો હે શ્રી રામ ! પછી સુખ દુઃખનો સંબંધ કોને થાય છે તે આપ મને કહો. ॥ ૫ ॥

श्रीराम उवाच ॥

अहंकारादिसंबंधोयावद्देहेंद्रियैःसह ।
संसारस्तावदेवस्यादात्मनस्त्वविवेकिनः ॥६

શ્રી રામચંદ્રજી કહે છે કે જ્યાં સુધી દેહ અને ઇંદ્રિયોની સાથે 'હું અને મારૂં' એ અભિમાન અર્થાત્ અહંતા લાગેલી છે એટલે એ પ્રકારે બુદ્ધિના વિષય અહંકારાદિકની સાથે સર્વનો સંબંધ છે, ત્યાં સુધી અજ્ઞાનવાળા અંતઃકરણથી આત્માને સંસાર થાય છે. ૬

मिथ्यारोपितसंसारोनस्त्रयंविनिवर्तते ।
विषयान्ध्यायमानस्यस्वप्नेमिथ्यागमोयथा ७

સદા વિષયોનુંજ ધ્યાન કરવાવાળા મનુષ્યને સ્વપ્નમાં અનેક પદાર્થ દેખાય છે, સ્વપ્નમાં દેખાવી વસ્તુ વાસ્તવમાં મિથ્યા હોય છે; તો પણ જાગત સુધી તે પદાર્થ અસત્ય જણાતા નથી, એ દૃષ્ટાન્તાનુસાર મિથ્યામાં આરોપિત કર્યો અને કલ્પિત છે, એ યથાર્થ છે; તોપણ વગર વિચારે નિવૃત્ત થવાવાળો નથી. ॥૭॥

अनाद्यविद्यासंबंधात्तत्कार्याहंकृतेस्तथा ।
नारोप्यर्थकोऽपिस्याद्रागद्वेषादिसंकुलः ८

વાસ્તવમાં નિરર્થક—અત્યંત મિથ્યાભૂત તથા રાગ-દ્વેષાદિ વિકારોથી સંપૂર્ણ ભરેલ આ સંસાર અનાત્મ—જડ વસ્તુ ઉપર આત્મબુદ્ધિ ઠરાવવાથી, અને તે અજ્ઞાનનું કાર્ય જે અહંકાર છે, તે તેથી ઉત્પન્ન થાય છે. ॥ ૮ ॥

मनएवंहिसंसारोबंधश्चैवमनःशुभे ।
आत्मामनःसमानत्वमेत्यतद्बंधभाक् ॥९॥

હે કલ્યાણી ! આ મનજ સંસારનું મૂળ કારણ છે, મનજ સુખ દુઃખાદિ ભોગ તથા બંધનનું કારણ છે, પણ તે આત્મા મનોગત સુખ દુઃખાદિ ભોગોને ભોગવનારો ન છતાં મનની સાથે સમાનતાને પ્રાપ્ત થાય છે. ૯

यथाविशुद्धःस्फटिकोऽलक्तकादिसमीपगः ।
तत्तद्वर्णयुगाभातिवस्तुतोनास्तिरंजनम् ॥१०

જેમ શુદ્ધ સ્ફટિકમણિ સ્વભાવથીજ શ્વેતવર્ણ છતાં પણ લાખની સાથે રહેવાથી તે પ્રમાણેનાજ રંગનો જણાય છે, પરંતુ તેમાં

રંગ વાસ્તવમાં તે નથી. ॥ ૧૦ ॥

बुद्धींद्रियादिसामीप्यादात्मनःसंसृतिर्बलात् ।
आत्मास्वलिंगंतुमनःपरिगृह्यतदुद्भवान् ॥११
कामाञ्जुषन्गुणैर्बद्धःसंसारेवर्ततेऽवशः ।
आदौमनोगुणान्सृष्ट्वाततःकर्माण्यनेकधा १२

તે પ્રમાણેજ બુદ્ધિ તથા ઇંદ્રિયાદિકોના સમીપ હોવાથી આત્મા ઉપર બળાત્કારથી સંસારનો આરોપ કરાય છે. આત્મા પોતે પોતાને અનુમાન કરવાનું જે સાધન મન છે, તેનો સ્વીકાર કરે છે તથા જ્ઞાની થઇને તે મનથી ઉત્પન્ન થવાવાળા વિષયોના ભોગ કર્યાં કરે છે, તેની પાછળ તેને મનના રાગ-દ્વેષાદિ ગુણોદ્વારા બંધાઇ જવાથી પરાધીન થઇને સંસારમાં રહેવું પડે છે. પ્રથમતઃ મન રાગ-દ્વેષાદિ ગુણ ઉત્પન્ન કરીને પછી ગુણોના યોગથી નાના પ્રકારનાં કર્મ નિર્માણ કરે છે. ॥૧૧-૧૨॥

शुक्लोहितकृष्णानिगतयस्तत्सयानतः ।

एवंकर्मवशाज्जीवोभ्रमत्याभूतसंप्लवम् ॥१३

તે કર્મનાં શુકલ–હિંસા રહિત, જપ, ધ્યાન ઇત્યાદિક, લોહિત–હિંસાથી યુક્ત યજ્ઞ યાગાદિ, અને કૃષ્ણ, પાપકર્મ એ ત્રણ ભેદ છે. તે કર્મની ગતિ પણ પ્રત્યેકને તેની યોગ્યતા પ્રમાણે પૃથક્ પૃથક્ ઉત્તમ, મધ્યમ અને અધમ છે. એ પ્રકારે જીવ તે કર્મના આધીન થઈને પ્રલયકાળ પર્યંત ભ્રમણ કર્યા કરે છે. ॥૧૩॥

सर्वोपसंहृतौजीवोवासानाभिःस्वकर्मभिः ।
अनाद्यविद्यावशगस्तिष्ठत्यभिनिवेशतः ॥१४

તેના અંતઃકરણાદિ ઉપર ‘ આ મોત છે ’ એવો પૂર્ણગ્રહ થાય છે એ માટે પ્રલયકાળમાં જગત્ નાશ થયા છતાં પણ તે વાસના અને પોતાનાં કરેલાં કર્મોની સાથે વર્તમાન, તે અંતઃકરણાદિની આદિ કારણ જે અવિદ્યા છે તેમાં લીન થઈને રહે છે. ॥ ૧૪ ॥

सृष्टिकालेपुनःपूर्ववासनामानसैःसह ।

जायतेपुनरप्येवंघटीयंत्रमिवावशः ॥१५॥

પછી નવી સૃષ્ટિ ઉત્પન્ન થવા સમયે જેમ અનાજ વર્ષાકાળ પછી બીજરૂપમાં લીન થઈને બીજી વર્ષા ઋતુમાં પાછું ઉત્પન્ન થાય છે, તેમજ તે જીવ પ્રાચીન વાસના અને કર્મોની સાથે જન્મ લે છે, એ પ્રમાણે તે રેંટમાં બાંધેલ ઘરેડના સમાન પરાધીન થઈને જન્મ મરણની પરંપરા ભોગવ્યા કરે છે. ॥ ૧૫ ॥

यदापुण्यविशेषेणलभतेसंगतिंसताम् ।
मद्भक्तानांसुशान्तानांतदामद्विषयामतिः १६
मत्कथाश्रवणेश्रद्धादुर्लभाजायतेततः ।
ततःस्वरूपविज्ञानमनायासेनजायते ॥१७॥

પછી આગળ કોઈ પ્રસંગથી વા કોઈ વિશેષ પુણ્ય કર્મના પ્રભાવથી પૂર્ણ શાન્ત તથા મારૂં ભજન કરવામાં સદા તત્પર સત્પુરૂષોના સમાગમથી જીવની મતિ મારા વિષયમાં થાય છે; અર્થાત્ ઈશ્વર મહાન, શક્તિમાન અને

સર્વ કર્ત્તા છે, એવી બુદ્ધિ થાય છે. તે બુદ્ધિ થતાંજ મારી કથાના વિષે એવી શ્રદ્ધા થાય છે, જે બીજાઓને દુર્લભ છે, તેથી અનાયાસે જ મારા સ્વરૂપના જ્ઞાનનું સાધન વૈરાગ્ય થાય છે અર્થાત્ વિષય તુચ્છ લાગે છે. તે વિજ્ઞાનથી વિષયોનું સુખ જણાવા લાગે છે. એ પ્રકારે નિત્યાનિત્ય ઈત્યાદિના વિવેકવાળો વૈરાગ્ય થાય છે. ॥ ૧૬-૧૭ ॥

तदाचार्यप्रसादेनवाक्यार्थज्ञानतःक्षणात् ।
देहेंद्रियमनःप्राणाहंकृतिभ्यःपृथक्स्थितम् ॥
स्वात्मानुभवतःसत्यमानंदात्मानमद्वयम् ।
ज्ञात्वासद्योभवेन्मुक्तःसत्यमेवमयोदितम् १९

વૈરાગ્ય થતાંજ આચાર્ય-ગુરૂના પ્રસાદથી તત્ત્વમસિ ઈત્યાદિ મહાવાકયના અર્થ જ્ઞાનના શ્રવણ મનનરૂપ ઉત્સાહથી વારંવાર પવિત્ર કર્મ કરતાં દેહ, ઈંદ્રિય, મન, પ્રાણ અને અહં-કારથી પૃથક રહીને, ત્રણે કાળમાં પણ નષ્ટ

ન થવાવાળા, આનંદમય તથા દ્વૈત રહિત છે, એવું પ્રત્યક્ષ અને અનુભવ સિદ્ધ જ્ઞાન પ્રાપ્ત કરી લે છે, તે જ્ઞાન થતાંજ તત્કાળ મુક્તિ પામે છે. હે તારા ! આ યથાર્થ પ્રકાર મેં તને નિવેદન કરેલો છે. ॥ ૧૮-૧૯ ॥

एवंमयोदितंसम्यगालोचयतियोऽनिशम् ।
तस्यसंसारदुःखानिनस्पृशंतिकदाचन ॥ २०

જે મનુષ્ય મારા આ કહેલા જ્ઞાનનો નિત્ય વિચાર કરે છે, તેને સંસારનાં દુઃખ કદી ભોગવવાં પડતાં નથી. ॥ ૨૦ ॥

त्वमप्येतन्मयाप्रोक्तमालोचयविशुद्धधीः ।
नस्पृश्यसेदुःखजालैःकर्मबंधाद्विमोक्ष्यसे २१

હે તારા ! જો તું મારા આ ઉપદેશનો સૂક્ષ્મ વિચાર કરીશ તો તારી બુદ્ધિ નિર્મળ થશે, તને દુઃખ સમૂહનો સંપર્ક લાગશે નહિ, અને પાછળથી કર્મના બંધનોથી મુક્તિ મળી જશે.

पूर्वजन्मनितेसुभ्रूकृतामद्भक्तिरुत्तमा ।
अतस्तवविमोक्षायरूपंमेदर्शितंशुभे ॥२२॥

હે સુંદરી ! તારાં મહાભાગ્ય છે. પહેલા જન્મમાં તેં મારી ઉત્તમ પ્રકારની ભક્તિ કરી હતી, એ માટે તને મોક્ષ દેવાને મેં આ વિશ્વરૂપ દર્શન દીધાં. ॥ ૨૨ ॥

ध्यात्वामद्रूपमनिशामालोचयमयोदितम् ।
प्रवाहपतितंकार्यंकुर्वंत्यपिनलिप्यसे ॥२३॥

તુ નિરંતર મારા સ્વરૂપનું ધ્યાન અને ઉપદેશનું ચિંતવન કરતી રહે. એથી સંસારના પ્રવાહમાં કાર્ય કરવા છતાં પણ એમાં લિપ્ત થઇશ નહિ. ॥ ૨૩ ॥

श्रीरामेणोदितंसर्वंश्रुत्वातारातिविस्मिता ।
देहाभिमानजंशोकंत्यक्त्वानत्वारघूत्तमम् २४

શ્રી રામચંદ્રજીનું સમસ્ત ભાષણ સાંભળીને તારા પરમ વિસ્મયને પ્રાપ્ત થઇ. દેહ ઉપર અભિમાન હોવાથી–' વાલી મારો પતિ છે ' એમ જણાવાથી તેને શોક થયો હતો, પણ હવે તેણે શોકને છોડી દીધો, અને શ્રી રામચંદ્રજીને પ્રણામ કર્યા. ॥ ૨૪ ॥

आत्मानुभवसंतुष्टाजीवन्मुक्ताबभूवह ।
क्षणसंगममात्रेणरामेणपरमात्मना ॥२५॥

શ્રી મહાદેવજી કહે છે-હે પાર્વતિ! પ્રભુ શ્રી રામચંદ્રજીના એક ક્ષણવારના સમાગમનું કેટલું ફળ છે તે તો જુઓ! તારાને પોતાના સ્વરૂપનો અનુભવ થવાથી ઉત્પન્ન થવા વાળો આનંદ અને જીવનમુક્તિની પ્રાપ્તિ થઈ. ॥૨૫॥

अनादिबंधंनिर्धूयमुक्तासापिविकल्मषा ।
सुग्रीवोऽपिचतच्छ्रुत्वारामवक्त्रात्समीरितम् ॥
जहावज्ञानमखिलंस्वस्थचित्तोऽभवत्तदा २६

તેના અંતઃકરણના મળ દૂર થઈ ગયા અને તે અનાદિ અવિદ્યાના બંધનને છોડી મુક્તિને પ્રાપ્ત કરવા લાગી. શ્રી રામચંદ્રજીના મુખથી નીકળેલ આ ઉપદેશ વચન કાનમાં પડતાં સુગ્રીવનું પણ સર્વ અજ્ઞાન દૂર થઈને ચિત્ત તત્કાળ સાવધાન યુક્ત થઈ ગયું. ॥૨૬॥

ઇતિ તત્ત્વબોધ ગીતા સમાપ્ત.

अथ धर्मव्याधगीता प्रारंभ.

॥ व्याध उवाच ॥

विज्ञानार्थंमनुष्याणांमनःपूर्वंप्रवर्तते ।
तत्प्राप्यकामंभजतेक्रोधंचद्विजसत्तम ॥१॥

વ્યાધ બોલ્યો-હે દ્વિજોત્તમ ! મહા અંધકારમાં વિદ્યમાન ઘટ-આદિને જાણવાને માટે ઘડાના કાણાના બહાર નીકળેલી દીવાની જ્યોતિની પેઠે બ્રહ્મમાં વિદ્યમાન રૂપો આદિ જાણવાને માટે ઇંદ્રિયોના છિદ્ર-દ્વારા બહાર પ્રાપ્ત થયે તૈજસ મન પહેલાં પ્રાપ્ત થાય છે તે રૂપ આદિ વિજ્ઞાન થઇને જાણવા યોગ્ય અર્થમાં કામ, રાગ, દ્વેષ એઓને સેવે છે. ॥ ૧ ॥

ततस्तदर्थंयततेकर्मचारभतेमहत् ।
इष्टानांरूपगन्धानामभ्यासंचनिषेवते ॥२॥

પછી તેઓને માટે ઉપય કરે છે, મોટાં મોટાં કાર્યો આદરે છે, વાંછિત રૂપ ગંધનો

અભ્યાસ કરે છે. ॥ ૨ ॥

ततोरागःप्रभवतिद्वेषश्चतदनन्तरम् ।
ततोलोभःप्रभवतिमोहश्चतदनन्तरम् ॥३॥
ततोलोभाभिभूतस्यरागद्वेषहतस्यच ।
नधर्मेजायतेबुद्धिर्व्याजाद्धर्मंकरोतिच ॥४॥

પછી રાગ થાય છે, પછી દ્વેષ થાય છે, પછી લોભ થાય છે, પછી મોહ થાય છે, પછી લોભથી તિરસ્કાર અને રાગદ્વેષથી હણાયેલો હોવાથી ધર્મમાં બુદ્ધિ ઉપજતી નથી પણ કપટપણે ધર્મ કરે છે. ॥ ૩-૪ ॥

व्याजेनचरतेधर्ममर्थंव्याजेनरोचते ।
व्याजेनसिध्यमानेषुधनेषुद्विजसत्तम ॥५॥
तत्रैवरमतेबुद्धिस्ततःपापंचिकीर्षति ।
सुहृद्भिर्वार्यमाणश्चपंडितैश्चद्विजोत्तम ॥६॥

કુટિલતાથી ધર્મ કરે છે, કુટિલતાથી ધન કમાય છે, કુટિલતાથી સિધ્ધમાન થયેલા ધનોમાંજ હે દ્વિજવર! ત્યાં બુદ્ધિની રમણતા

થાય છે, તેથી પછી પાપ કરવાની ઇચ્છા કરે છે, જો કે પાપકૃત્ય માટે પોતાના મિત્રો અને શુભેચ્છક પંડિત જનો મનાઈ પણ કરે છે; તથાપિ કોઈના કહેવા ઉપર લક્ષ આપતો નથી.

उत्तरंश्रुतिसंबद्धंब्रवीत्यश्रुतियोजितम् ।
अधर्मस्त्रिविधस्तस्यवर्ततेरागदोषजः ॥७॥

હું અસંગ છું, હું ઉદાસીન છું, એવાં પદોને શમ–આદિથી શૂન્ય થયો કહે છે. અસંગપણાને શબ્દથીજ જુવે છે, તેના રાગ દોષથી પ્રકટ થએલા ત્રણ પ્રકારના અધર્મ વર્તે છે. ૭

पापंचिंतयतेचैवब्रवीतिचकरोतिच ।
तस्याधर्मप्रवृत्तस्यगुणानश्यन्तिसाधवः ॥८॥

પાપનુંજ ચિંતવન કરે છે, પાપનાંજ કથન કરે છે અને પાપકૃત્યોજ કરે છે. અધર્મમાં પ્રવૃત્ત થએલા શમ–આદિ ગુણો નાશ થઇ જાય છે. ॥ ૮ ॥

एकाशीलैश्चमित्रत्वंभजंतेपापकर्मिणः ।

सतेनदुःखमाप्नोतिपरत्रचविपद्यते ॥९॥

પોતાના જેવાનીજ મિત્રતા કરે છે તેને પાપ કર્મ વાળાઓ સેવે છે તેના વડે કરીને તે દુઃખ પામે છે અને પરલોકમાં પણ અશાંતિ ભોગવે છે. ॥ ૯ ॥

पापात्मा भवति ह्येवं धर्मलाभं तुमेश्रृणु ।
यस्त्वेतान्प्रज्ञयादोषान्पूर्वमेवानुपश्यति ॥१०
कुशलःसुखदुःखेषुसाधुश्चाप्युपसेवते ।
तस्य साधुसमारंभाद्बुद्धिर्धर्मेषु राजते ॥११

આ પ્રકારે પાપાત્મા થઇ જાય છે, મારાથી ધર્મ લાભને સાંભળી એ દોષોને બુદ્ધિથી પહેલાં જુવે છે. તે સુખ દુઃખોમાં કુશળ છે અને સાધુ જનોને ભજે છે તેની સાધુઓના સમાગમથી ધર્મોમાં બુદ્ધિ પ્રકાશિત થાય છે.

इदं विश्वं जगत्सर्वमजय्यं चापि नित्यशः ।
महाभूतात्मकं ब्रह्म नातः परतरं भवेत् १२

આ પ્રત્યક્ષ-આદિ પ્રમાણુથી સિદ્ધ સંપૂર્ણ સમસ્ત સ્થાવર અને જંગમ સંસાર કર્મથી લભ્ય છે. સર્વ પ્રકારથી આ સંપૂર્ણ આત્મા છે. ત્યાં કોઇ શંકા કરે કે-પશુ બંધ સવ લોકોને જીતે છે, કર્મજય્ય જગતને કેવા પ્રકારે સાંભળેલ છે? સમાધાન કે-ત્રિવિધ પરિચ્છેદ શૂન્ય વસ્તુ બ્રહ્મ આકાશ-આદિ મહાભૂત જીવ અને આનંદરૂપ ઇશ્વર એ ત્ર-યાત્મક છે. ॥ ૧૨ ॥

॥ ब्राह्मण उवाच ॥

सत्वस्य रजसश्चैव तमसश्च यथातथम् ।
गुणांस्तत्वेन मेब्रूहि यथावदिहपृच्छतः १३

આ પ્રમાણે વ્યાધનાં વાકય સાંભળી બ્રાહ્મણે કહ્યું કે-સત્, રજ અને તમના યથાર્થ ગુણોને તત્વથી પૂછવાવાળા મને યથા યોગ્ય કહો.

॥ व्याध उवाच ॥

हंत ते कथयिष्यामि यन्मांत्वं परिपृच्छसि ।
एषांगुणानपृथक्त्वेननिबोध गदतोमम १४

मोहात्मकंतमस्तेषांरजएषांप्रवर्तकम् ।
प्रकाशबहुलत्वाच्चसत्वंज्यायइहोच्यते ॥१५

વ્યાધ બોલ્યો કે–હે બ્રહ્મન્! એઓમાં તમ મોહરૂપ છે, રજ એઓને પ્રવૃત્ત કરાવે છે અને પ્રકાશની બાહુલ્યતાથી સત્ અત્યંત ઉત્તમ છે. ॥ ૧૪–૧૫ ॥

अविद्याबहुलोमूढःस्वप्नशीलोविचेतनः ।
दुर्हृषीकस्ततोध्यस्तः सक्रोधस्तामसोऽलसः

વિશેષ અવિદ્યાવાળો, મૂર્ખ, ઘણું સુઈ રહેનારો, વિચેતન, દુષ્ટ ઇંદ્રિયોવાળો, અંધારાથી યુક્ત અને આળસુ હોય અર્થાત્ એટલાં લક્ષણોએ કરીને જે યુક્ત હોય તે તમોગુણી સમજવો. ॥ ૧૬ ॥

प्रवृत्तवाक्योमंत्रीचयोनराग्र्योऽनसूयकः ।
विधित्समानोविप्रर्षेस्तब्धोमानीसराजसः ॥

વાક્ય કહેવામાં પ્રવૃત્ત, મંત્રિ, મનુષ્યોમાં શ્રેષ્ઠ, પારકા દોષો ન દેખનારો, વિશેષ તૃષ્ણા-

વાળો, નમસ્કાર ન કરતો હોય અને મહત્વ અભિમાનવાળો હોય તો જાણવું કે તે રજોગુણી છે. ॥ ૧૭ ॥

प्रकाशबहुलोधीरोनिर्विधित्सोऽनसूयकः ।
अक्रोधनोनरोधीमान्दांतश्चैवससात्त्विकः १८

વિશેષ પ્રકાશવાળો, ધૈર્યવાન, તૃષ્ણાથી રહિત, પરદોષો તરફ દુર્લક્ષ દેખાડનાર, અક્રોધી, બુદ્ધિમાન્ અને ઇંદ્રિયોનું દમન કરનારો હોય તો જાણવું કે તે સત્વગુણી છે. આ પ્રમાણે ત્રણે ગુણોના વિચાર કહ્યા. ૧૮

॥ इति धर्मव्याधगीता समाप्तम् ॥

ઇતિ ધર્મવ્યાધ ગીતા સમાપ્ત.

अथ अष्टादशश्लोकीगीता प्रारंभ.

॥ अर्जुन उवाच ॥

निमित्तानिचपश्यामिविपरीतानिकेशव ।
नचश्रेयोनुपश्यामिहत्वास्वजनमाहवे ॥१॥

અર્જુન કહે છે—હે કેશવ! હાથથી ગાંડીવ ધનુષ સરી જાય છે, તેમજ મારી ત્વચા બળે છે, તથા મન ભમ્યા કરતું હોય એમ જણાય છે. અને મારૂં શરીર સ્થિર થવાને સમર્થ થતું નથી તથા વિપરીત નિમિત્તોને જોઉં છું; કારણ કે યુદ્ધમાં પોતાના સ્વજન—બાન્ધવોને મારીને કલ્યાણને જોતો નથી અર્થાત્ પોતાનાજ પૂજ્ય અને કુટુમ્બીઓને મારવાથી મારૂં કલ્યાણ થાય તેમ હું જોતો નથી, પણ અકલ્યાણજ જોઉં છું. ॥ ૧ ॥

॥ श्री भगवानुवाच ॥

योगस्थःकुरुकर्माणिसंगंत्यक्त्वाधनंजय ।

सिद्धयसिद्धयोःसमोभूत्वासमत्वंयोगउच्यते

આ પ્રમાણે અર્જુનનું બોલવું સાંભળી શ્રી કૃષ્ણ ભગવાન બોલ્યા કે-હે ધનંજય ! તું યોગમાં રહી ફળની ઈચ્છાને ત્યાગ કરી તથા ફળની પ્રાપ્તિ અને અપ્રાપ્તમાં હર્ષ વિષાદથી રહિત થઇને કર્મોને કર. હર્ષ વિષાદથી રહિત થવું તે યોગ કહેવાય છે; અર્થાત્ તું યોગમાં સ્થિર થઈ સ્વર્ગાદિ ફળની ઈચ્છારૂપ સંગનો હું આ કર્મનો કર્ત્તા છું એ પ્રકારના કર્ત્તાપણાના આગ્રહનો, વેદોક્ત કર્મના સ્વર્ગાદિ ફળ પ્રાપ્તિમાં હર્ષનો અને સ્વર્ગાદિ ફળોની અપ્રાપ્તિમાં ખેદનો પરિત્યાગ કરીને કેવળ ઈશ્વર આરાધનની બુદ્ધિવડે કર્મ કર. ॥ ૨॥

कर्मेंद्रियाणिसंयम्ययआस्तेमनसास्मरन् ।
इंद्रियार्थान्विमूढात्मामिथ्याचारःसउच्यते ३

જે મૂર્ખ પુરૂષ કર્મેન્દ્રિયોને કબજે કરી શબ્દાદિ વિષયોને મનવડે સ્મરણ કરતો નથી તે

મિથ્યા આચારવાળો કહેવાય છે. અર્થાત્ મેં સર્વ કર્મનો સંન્યાસ કરેલો છે એવું અભિમાન કરીને સવ કર્મથી રહિત થાય છે તે પુરૂષ મિથ્યા આચારવાળો કહેવાય છે. ૧ ૩ ૧

श्रद्धावाँल्लभतेज्ञानंतत्परःसंयतेंद्रियः ।
ज्ञानंलब्ध्वापरांशांतिमचिरेणाधिगच्छति ४

શ્રદ્ધાવાળો પુરૂષ ગુરૂની ઉપાસનામાં તત્પર તથા જીતેન્દ્રિય પુરૂષ જ્ઞાનને પામે છે. જ્ઞાનને પામીને તત્કાળ કૈવલ્ય શાંતિને પામે છે. અર્થાત્ શ્રદ્ધાવાન જીતેંદ્રિય અને તત્પરતાવાળો હોય તે જ જ્ઞાનને પામે છે, પણ તે વિના અન્ય જન પામતો નથી. ॥ ૪ ॥

यतेंद्रियमनोबुद्धिर्मुनिर्मोक्षपरायणः ।
विगतेच्छाभयक्रोधोयःसदामुक्तएवसः ॥५

બહાર રહેલા વિષયોને બહાર રાખીને, તથા આંખને બે ભ્રકુટીના મધ્યમાંજ સ્થિર કરીને પ્રાણ, અપાન બેઉનો સમાન નાસિકાની અંદર

ગતિ કરનાર કરીને જીતેલાં છે ઇંદ્રિય મન અને બુદ્ધિ જેણે, નિવૃત્ત થએલાં છે ઇચ્છા ભય અને ક્રોધ જેનાં અને મોક્ષમાં પરાયણ એવો જે મનનશીલ પુરુષ તે સદૈવ મુક્તજ છે.

युक्ताहारविहारस्ययुक्तचेष्टस्यकर्मसु ।
युक्तस्वप्नावबोधस्ययोगोभवतिदु.खहा ॥६॥

નિયમથી આહાર તથા વિહાર કરનારા, પ્રણવ જપાદિ કર્મોમાં નિયમથી પ્રવૃત્તિવાળા, નિયમથી નિદ્રા તથા જાગવાવાળા પુરૂષને તે સમાધિરૂપ યોગ, દુઃખને નાશ કરનાર થાય છે; અર્થાત્ આહાર વિહારાદિના નિયમોથી રહિત પુરૂષને તે સમાધિરૂપ યોગ સિદ્ધ થતો નથી. ॥ ૬ ॥

दैवीह्येषागुणमयीमममायादुरत्यया ।
मामेवयेप्रपद्यंतेमायामेतांतरंतिते ॥७॥

મારી આ સત્વાદિ ગુણરૂપ પ્રસિદ્ધ દૈવી માયા દુઃખથી ઉલ્લંઘન થાય એવી છે માટે જે

પુરૂષો મનેજ સાક્ષાત્કાર કરે છે તે પુરૂ-
ષોજ આ માયાને તરે છે; અર્થાત્ જે પુરૂષો
મારે શરણે આવે છે તે જ પુરૂષ મારી
માયાને તરે છે. ॥ ૭ ॥

अग्निर्ज्योतिरहःशुक्लःषण्मासाउत्तरायणम् ।
तत्रप्रयातागच्छंतिब्रह्मब्रह्मविदोजनाः ॥८

જે માર્ગમાં તેજરૂપ અગ્નિ, દિવસ, શુકલપ-
ક્ષ, માસરૂપ ઉત્તરાયણ ઈત્યાદિક રહેલું છે તે
માર્ગમાં અતિ કરેલા સગુણ બ્રહ્મના ઉપાસક
મનુષ્યો તે સગુણ બ્રહ્મને પામે છે. ॥ ૮ ॥

अपिचेत्सुदुराचारोभजतेमामनन्यभाक् ।
साधुरेवसमंतव्यःसम्यग्व्यवसितोहिसः ॥९

અત્યંત દુરાચારવાળો પુરૂષ પણ જો અન-
ન્ય ચિત્તવાળો થઈ મને ભજે છે તો તે પુરૂષ
શ્રેષ્ઠજ માનવા યોગ્ય છે; કારણ કે તે પુરૂષ
શ્રેષ્ઠ નિશ્ચયવાળો છે. ॥ ૯ ॥

योमामजमनादिंचवेत्तिलोकमहेश्वरम् ।
असंमूढःसमर्त्येषुसर्वपापैःप्रमुच्यते ॥१०॥

જન્મથી રહિત તથા કારણથી રહિત, સર્વ લોકોનો મહા ઈશ્વર એવો મને જે પુરૂષ જાણે છે, તે પુરૂષ સર્વ મનુષ્યોમાં સંમોહથી રહિત થઈ સર્વ પાપોથી મુક્ત થાય છે. ૧૦

मत्कर्मकृन्मत्परमोमद्भक्तःसंगवर्जितः ।
निर्वैरःसर्वभूतेषुयःसमामेतिपांडव ॥११॥

હે પાંડવ (અર્જુન)! જે પુરૂષ મારૂં કર્મ કરનારો હું જેને મુખ્ય છું એવો મારો ભક્ત સંગ રહિત સર્વ પ્રાણીયોમાં વૈર રહિત છે, તે પુરૂષ મને પામે છે, અર્થાત્ જે અધિકારી જન મારી પ્રસન્નતા માટે અગ્નિહોત્રાદિક શ્રૌત સ્માર્ત્ત કર્મ કરે છે, તથા હુંજ પામવા યોગ્ય છું એમ જે મનેજ મુખ્ય રાખે છે તથા જે મારો ભક્ત છે તથા જે સંગ રહિત છે તથા જે પ્રાણી પોતાના ઉપર અપકાર કરે તેના ઉપર

પણ જે દ્વેષ રહિત છે તે પુરૂષ મને પામે છે.

श्रेयोहिज्ञानमभ्यासाज्ज्ञानाद्ध्यानंविशिष्यते

ध्यानात्कर्मफलत्यागस्त्यागाच्छांतिर्निरंतरं ॥

અભ્યાસથી જ્ઞાન અવશ્ય શ્રેષ્ઠ છે અને જ્ઞાનથી ધ્યાન શ્રેષ્ઠ છે અને ધ્યાનથી કર્મના ફળોનો ત્યાગ શ્રેષ્ઠ છે અને ત્યાર પછી મોક્ષ રૂપ શાંતિ થાય છે ॥ ૧૨ ॥

क्षेत्रज्ञंचापिमांविद्धिसर्वक्षेत्रेषुभारत।

क्षेत्रक्षेत्रज्ञयोर्ज्ञानंयत्तज्ज्ञानंमतंमम ॥१३॥

હે ભરત વંશીઓમાં શ્રેષ્ઠ અર્જુન! વળી સર્વ ક્ષેત્રોમાં રહેલા મનેજ તું ક્ષેત્રજ્ઞ જાણ. ક્ષેત્ર અને ક્ષેત્રજ્ઞ એ બેઉનું જે જ્ઞાન છે તે જ્ઞાન મને અભિમત છે ॥ ૧૩ ॥

मांचयोऽव्यभिचारेणभक्तियोगेनसेवते ।

सगुणान्समतीत्यैतान्ब्रह्मभूयायकल्पते ॥१४

જે પુરૂષ મને અનન્ય ભક્તિયોગવડે ચિન્તવન કરે છે તે એ ગુણોને અતિક્રમણ કરીને

પ્રાપ્ત થવા માટે સમર્થ થાય છે. ॥ ૧૪ ॥

निर्मानमोहाजितसंगदोषा अध्यात्मनित्या-
विनिवृत्तकामाः । द्वंद्वैर्विमुक्ताःसुखदुःखसं-
ज्ञैर्गच्छंत्यमूढाःपदमव्ययंतत् ॥१५॥

નિવૃત્ત થએલા છે માન અને મોહ જેનાથી, જીત્યા છે સંગદોષ જેણે, પરમાત્મ સ્વરૂપના વિચારમા તત્પર, નિવૃત્ત થયો છે કામ જેમનો. સુખ દુઃખ નામવાળાં શીત ઉષ્ણાદિક દ્વંદ્વોથી છુટેલા વિદ્વાન પુરૂષો. તે અવિનાશી પદને પામે છે. ॥ ૧૫ ॥

यःशास्त्रविधिमुत्सृज्यवर्ततेकामकारतः ।
नससिद्धिमवाप्नोतिनसुखंनपरांगतिम् ॥१६

જે પુરૂષ શાસ્ત્ર વિધિનો પરિત્યાગ કરીને પોતાની ઇચ્છા માત્રથી વર્ત્તે છે તે પુરૂષ અંતઃકરણની શુદ્ધિને પામતો નથી. તેમ સુખ પણ પામતો નથી તથા સ્વર્ગ મોક્ષરૂપ પરમગતિને પણ પામતો નથી. ॥ ૧૬ ॥

मनःप्रसादःसौम्यत्वंमौनमात्मविनिग्रहः ।
भावसंशुद्धिरित्येतत्तपोमानसमुच्यते ॥१७

મનનો પ્રસાદ, સૌમ્યપણું, અને મનનો નિ-
ગ્રહ, હૃદયની શુદ્ધિ અને આત્મ નિગ્રહ એ
પ્રકારે એ સર્વોત્તમ માનસ તપ કહેવાય છે.

सर्वधर्मान्परित्यज्यमामेकंशरणंव्रज ।
अहंत्वासर्वपापेभ्योमोक्षयिष्यामिमाशुचः ॥

સર્વ ધર્મોનો પરિત્યાગ કરીને એક મને શરણ
પામ. હું તને સર્વ પાપોથી મુક્ત કરીશ. તું
શોક ન કર; અર્થાત્ સર્વ વર્ણાશ્રમ વા સા
માન્ય ધર્મ વગેરેનો ત્યાગ કરીને ધર્મ જ
મારૂં શરણ છે, પણ ઇશ્વર અમારૂં શરણ
નથી. એ પ્રકારે શરણરૂપે તે ધર્મોનો સ્વી-
કાર ન કરતાં તું સર્વ ધર્મોના અધિષ્ઠાનરૂપ
તથા સર્વ ધર્મના ફળદાતારૂપ એવા મને શ-
રણે પ્રાપ્ત થા—એટલે સર્વ કર્મ કાર્યોનો પ્રવ-
ર્તક એવો હું તને બન્ધુ વધાદિક નિમિત્તક

તથા સંસારના કારણરૂપ સર્વ પાપથી પ્રાય-
શ્ચિત્ત વિનાજ મુક્ત કરીશ. ॥ ૧૮ ॥

गीतासारमिदंपुण्यंयःपठेत्सुसमाहितः ।
विष्णुलोकमवाप्नोतिभयशोकविनाशनम् ॥

આ પવિત્ર ગીતા સારને શ્રદ્ધા સહિત જે
કોઈ પાઠ કરે તેના ભય, શોક નાશ થઈ
વિષ્ણુલોકને પામે છે. ॥ ૧૯ ॥

इति श्रीवेदव्यासविरचिता अष्टादश-
श्लोकीगीता समाप्तम् ॥

ઇતિ શ્રી અષ્ટાદશશ્લોકી ગીતા સંપૂર્ણ.

अथ नारदगीता प्रारंभ.

॥ श्रीमतेरामानुजयनमः ॥

॥ नारद उवाच ॥

ॐभूतानांचनरश्रेष्ठज्ञानंकेनचलभ्यते ।
एवंज्ञानंज्ञातमात्रेपुनर्जन्मनविद्यते ॥१॥

નારદજી પૂછે છે કે–હે ભગવન્! હે ભૂતોમાં નરશ્રેષ્ઠ!! જે જ્ઞાનના જાણવાથી પુનઃ જન્મ થાય નહિં તે જ્ઞાનની પ્રાપ્તિ શી રીતે થાય?

॥ श्रीभगवानुवाच ॥

शरीरंसर्वविद्यानांशरीरंसर्वदेवताः ।
शरीरंसर्वतीर्थानिगुरुभक्तिषुलभ्यते ॥२॥

શ્રી ભગવાન કહે છે કે–હે નારદ! સર્વ વિદ્યામાં શરીર, સર્વ દેવતા શરીર, સવ તીર્થ પણ શરીર આવું ઉત્તમ શરીર ગુરૂની ભક્તિ થકી પ્રાપ્ત થાય છે. ॥ ૨ ॥

यावद्गुरुर्नकर्तव्यस्तावन्मुक्तिर्नलभ्यते ।
तस्माद्गुरुश्चकर्तव्योविनागुरुंनसिध्यति ॥३॥

જ્યાં સુધી મનુષ્ય ગુરૂ કરે નહિ, ત્યાં સુધી મુક્તિ પામતો નથી. માટે અવશ્ય ગુરૂ કરવાની જરૂર છે. ગુરૂ વગર સિદ્ધિ નથી. ॥૩॥

विनादीपंयथागेहंतथानिर्गुरुमेवच ।
अवश्यंगुरुचकर्तव्यंसुदृष्टिंलभतेनरः ॥४॥

દીવા વગરનું ઘર જેવું શૂન્ય જણાય છે તેમ ગુરૂ વગરનો મનુષ્ય સિદ્ધિ ન પામવાથી શૂન્ય સદૃશ છે માટે અવશ્ય ગુરૂ કરવો; કારણ કે ગુરૂ કરવાથી નર સુદૃષ્ટિને પામે છે. ॥૪॥

चंद्रहीनायथारात्रीरविहीनंयथादिनं ।
नृपहीनंयथासैन्यंगुरुहीनस्तथानरः ॥५॥

ચંદ્ર વગરની રાત, રવિ વગરનો દિવસ અને રાજા વગરનું જેવું સૈન્ય નિસ્તેજ જણાય છે તેમ ગુરૂ વગરનો મનુષ્ય નિસ્તેજ છે. ૫

॥ नारद उवाच ॥

योगीजंगमसंन्यासीनचास्यब्राह्मणस्तथा ।
दीक्षायांचगुरुंकृत्वाकथंचपुरुषोत्तम ॥६॥

નારદજી પૂછે છે કે–હે પુરૂષોત્તમ ! યોગી, જંગમ, સંન્યાસી તથા બ્રાહ્મણ એ પૈકી ગમે તે હોય તેને દીક્ષા અર્થે ગુરૂ કરવો કે કેમ તે કહો. ॥ ૬ ॥

॥ श्रीभगवानुवाच ॥

योगीजंगमसंन्यासीनचास्यब्राह्मणस्तथा ।
सत्यंसत्यंममवाक्यंदीक्षागुरुश्चवैष्णवाः ॥७॥

શ્રી ભગવાન કહે છે કે–હે નારદ ! યોગી, જંગમ, સંન્યાસી તથા બ્રાહ્મણ ગમે તે હોય પણ મારૂં સત્ય વચન તો એ છે કે–એ વૈષ્ણવ ગુરૂ દીક્ષા અર્થે જોઇએ. ॥ ૭ ॥

दशकर्मव्रतबंधेविवाहेश्राद्धतीर्थके ।
षट्स्थानेषुगुरुर्विप्रादीक्षागुरुश्चवैष्णवाः ॥८

દશ કર્મ વ્રત બંધન, વિવાહ, શ્રાદ્ધ અને તીર્થ એ વગેરે છ સ્થાનને વિષે વૈષ્ણવ ગુરૂ જોઈએ. ॥ ૮ ॥

पाषाणक्रियतेनौकासारभारंनधारयेत् ।
गृहिगुरुनकर्तव्यंनतरंतिनतारयेत् ॥ ९ ॥

જેમ પાષાણનું વાહાણ ભારને સહન ન કરતાં ડુબી જાય છે તેમ ગૃહસ્થી ગુરૂ પણ સંસારથી પાર ન ઉતારતાં ડુબાડે છે, માટે ગૃહસ્થી ગુરૂ ન કરવો; કારણ કે તે પોતે તારતો નથી અને તરતો પણ નથી. ॥ ૯ ॥

नवैष्णवंविनामंत्रंदीक्षाशीक्षाविनानरः ।
उभयोनरकेयांतिगुरुशिष्यरसातले ॥१०॥

વૈષ્ણવ ગુરૂના મંત્ર અને દિક્ષા વિનાના ગુરૂ અને શિષ્ય હોય તો તે બે ગુરૂ શિષ્ય રસાતાળને વિષે નરકમાં જાય છે. ॥ ૧૦ ॥

काष्ठस्यक्रियतेनौकागुरुक्रियतेवैष्णवाः ।
तेमुक्तिचकुलंतस्यभवपारंचगच्छति ॥११॥

લાકડાનું વાહાણુ જેમ સમુદ્રના પાર લઇ જાય છે તેમ વૈષ્ણવ ગુરૂ કરેલ હોય તો તે કુળસહ ભવથકી પાર ઉતારે છે. ॥ ૧૧ ॥

नपंकान्मुच्यतेपंकंक्रियतेकोटिपराक्रमम् ।
निर्मलजलवैष्णवाःकोटिपापात्प्रमुच्यते १२

કરોડો ઉપાય કરો પણ કાદવ પોતાના સ્વભાવને છોડતો નથી; અર્થાત્ કાદવ પાપ થકી મુક્ત કરતો નથી, પણ નિર્મળ જળ કરોડો પાપથી વૈષ્ણવને મુક્ત કરે છે. અર્થાત્ નિર્મળ ગુરૂ હોય તો તે ઉદ્ધાર કરે છે. ॥ ૧૨ ॥

नव्याकरणंविनावाणीव्यंजनंलवणंविना ।
नवैष्णवंविनादीक्षासत्यंसत्यंचनारद ॥१३॥

વ્યાકરણ વગરની વાણી તથા મીઠા વગરનું વ્યંજન જેમ ફીકું લાગે છે તેમ હે નારદ! હું ખરૂં કહું છું કે વૈષ્ણવ વગર દીક્ષા પણ ફીકી લાગે છે. ॥ ૧૩ ॥

[illegible]तेवेदशास्त्राणिवैष्णवान्ब्राह्मणान्निंदते ।
[illegible]सहस्त्राणिविष्ठायांजायतेकृमिः ॥१४

જે વેદ શાસ્ત્રમાં બ્રાહ્મણુની તથા વૈષ્ણુવની નિંદા કરે છે, તે સાઠ હજાર વર્ષ પર્યંત વિષ્ઠામાં કૃમિ થાય છે. ॥ ૧૪ ॥

वैष्णवाश्रेष्ठमध्येतुसंसारमलनाशनं ।
निंदकोनरकेयांतिश्वानशूकरकंपुनः ॥१५॥

શ્રેષ્ઠ વૈષ્ણુવો સંસારના મળને નાશ કરનારા છે અને નિંદક શ્વાન અને શૂકર (ભુંડ) ની પેઠે પુનઃ નરકમાં જાય છે. ॥ ૧૫ ॥

वैष्णवाममदेहिंचसत्यंसत्यंचनारद ।
व्यभिचारीसुतोयेनजारजातकमन्यते ॥१६

હે નારદ! હું ખરેખર કહું છું કે–વ્યભિચારી પુત્ર જેમ જારજાતક કહેવાય છે તેમ વૈષ્ણુવો મારો દેહજ છે. ॥ ૧૬ ॥

गुरुवाक्यंक्रियतेशिष्यगुरुशिष्यसमायुतं ।
आज्ञाभंगंनक्रियतेतस्यमुक्तिर्नसंसयः ॥१७

ગુરૂના વાક્યનું શિષ્યે અનુસરણ કરવું જોઈએ, અને ગુરૂએ શિષ્યને સમ ઉપદેશ આપ-

વો જોઈએ. ગુરૂની આજ્ઞાનો ભંગ ન કરવો અને જે ભંગ કરે છે, તેની મુક્તિ થતી નથી એ નિ:સંશય વાર્તા છે. ॥ ૧૭ ॥

गुरुवाक्यंनक्रियतेगुरुशिष्यंनत्यज्यते ।
तेशिष्यानरकेयांतियावच्चंद्रदिवाकरौ ॥१८

ગુરૂ આજ્ઞા કરે છતાં ગુરૂના વાકયનું અનુસરણ કરે નહિ એવા શિષ્યનો ગુરૂ ત્યાગ કરે નહિ. તેવા શિષ્ય જ્યાં સુધી સૂર્ય ચંદ્ર તપે છે ત્યાં સુધી નરકમાં રહે છે. ॥ ૧૮ ॥

वेदशास्त्रपुराणस्यदानकोटिचतुर्थिकं ।
गुरुभक्तिविहीनस्यनिष्फलंतस्यसर्वशः ॥

વેદ શાસ્ત્રમાં ચાર પ્રકારની કોટીનું દાન કહેલ છે, પણ તે સર્વ દાન ગુરૂની ભક્તિ વગર નિષ્ફળ જાય છે. ॥ ૧૯ ॥

दीक्षाहीनाचक्रियतेपूजास्यात्वन्निरर्थकं ।
चरणोदकंसुरापानंतुलसीदलकर्पुटम् ॥२०

દીક્ષા વગરનો જે મનુષ્ય પૂજન કરે છે તેનું તે પૂજન નિરર્થક છે અને દીક્ષા વગર તુલસીદળ મૂકેલું ચરણામૃત હોય તો તે સુરાપાન સમાન છે. ॥ ૨૦ ॥

पुत्रंविनायथाभार्यायथादेवंविनास्थलं ।
विनादेवविनाभक्तिभक्तिविनानलभ्यतेमुक्तिः

જેમ પુત્ર વગરની સ્ત્રી, દેવ વગરનું મંદિર, દેવ વગરની ભક્તિ, એ બધાં નિરર્થક છે અને ભક્તિ વગર મુક્તિની પ્રાપ્તિ થતી નથી. ૨૧

चांडालस्यदर्शनंचशुद्धंचरविदर्शनं ।
अदीक्षादर्शनहीनस्यनशुद्धंश्रवणंविना ॥ २२

ચાંડાલનાં દર્શન થયાં હોય તો રવિનાં દર્શનથી શુદ્ધ થવાય છે, પણ અદીક્ષાવાળાનાં દર્શનની શુદ્ધિ શ્રવણ વિના થતી નથી અને શ્રવણ સદ્ગુરૂ વગર શી રીતે થઈ શકે? માટે વૈષ્ણવ ગુરૂ જોઈએ. ॥ ૨૨ ॥

[illegible]केवदीक्षाप्यास्तिमर्पिंडंनलभ्यते ।

अधोगतिनरकेयांतिभ्रमतिगोत्रस्तथा ॥२३

જેના કુળમાં દીક્ષા નથી તેના કુળના પિતૃઓને પિંડ પ્રાપ્તિ થતી નથી. તેના ગોત્રોવાળા અધોગતિને પામી નરકમાં ભ્રમણ કરે છે.

तस्यपित्ररुदनंकृत्वाकागामांसंनभक्ष्यते ।

यदिगुरुचकर्तव्यंपंथएकोत्तरंशतं ॥२४॥

તેના પિતૃઓ રૂદન કર્યા કરે છે. કાગડાઓ પણ ગુરૂ વગરના માણસના પુર્વજોના માંસનું ભક્ષણ કરતા નથી અને જો ગુરૂ કરે છે તો તેની ઇકોતેર પેઢીનો ઉદ્ધાર થાય છે. ૨૪

गुरुमंत्रंयदाप्राप्तंतदामुक्तिश्चलभ्यते ।
दीक्षायांगमनंश्रुत्वापितृणांहर्षजायते ॥२५॥

ગુરૂનો મંત્ર જ્યારે પ્રાપ્ત થાય છે, ત્યારેજ મુક્તિની પ્રાપ્તિ થાય છે. દીક્ષા લીધાની વાત શ્રવણ કરતાંજ પિતૃઓ હર્ષ પામે છે. ।।૨૫।।

॥ नारद उवाच ॥

भक्तविक्रियतेस्वादंइन्द्रियाभक्तिमेवच ।

मनमथंविकर्माणियस्यमुक्तिनसंशयः ॥२६॥

નારદજી પૂછે છે કે–હે ભગવન્ ! પ્રકૃતિથી સ્વાદ, ઇંદ્રિયોથી ભક્તિ અને મન્મથથી કર્મ તેને નિઃસંશય મુક્તિ મળે છે. ॥ ૨૬ ॥

॥ श्रीभगवानुवाच ॥

मनमातंगरूपेणज्ञानअंकुशमेवच ।
तत्वात्माशीलवंतंचसर्वपापात्प्रमुच्यते ॥२७

શ્રી ભગવાન્ કહે છે કે–હે નારદ ! મનરૂપી હાથીને જ્ઞાનરૂપી અંકુશે કરી, તત્ત્વ અને આત્મશીલ મુક્ત કરે છે, તે સર્વ પાપ થકી મુક્ત થાય છે. ॥ ૨૭ ॥

एकब्रह्मपंचस्वादंभिन्नंचभिन्नमेवच ।
पंचस्वादंनजानामिसाधवोभुवनत्रयम् ॥२८

એકબ્રહ્મ અને પાંચ સ્વાદ તે ભિન્ન ભિન્ન છે. જે પંચ સ્વાદને જાણતો નથી તે ત્રણ ભુવનમાં સાધુ છે. ॥ ૨૮ ॥

कृतेद्वादशवर्षाणित्रेतायांसत्यमेवच ।
द्वापरेपंचवर्षाणिकलियुगेभक्तिमेवच ॥२९

સત્ય અને ત્રેતામાં સત્ય કહું છું કે બાર વર્ષ અને દ્વાપરમાં પાંચ વર્ષ અને કળિયુગમાં ભક્તિએ કરી યુક્ત હોય છે. ॥ ૨૯ ॥

सत्ययुगेलवलीनंचत्रेतायांध्यानमेवच ।
द्वापरेहोमयज्ञंचकलियुगेभक्तिरेवच ॥३०॥

સત્યુગમાં લવલીનથી, ત્રેતામાં ધ્યાનથી, દ્વાપરમાં હોમ તથા યજ્ઞથી અને કળિયુગમાં માત્ર ભક્તિથી મોક્ષ મળે છે. ॥ ૩૦ ॥

पुनःश्चित्तंपुनर्वित्तंक्रियतेकर्मशुभाशुभम् ।
आत्मानंक्षेमकुलाचतत्रवैष्णवपरंपदं ॥३१॥

પુનઃ ચિત્ત અને પુનઃ વિત્ત–દ્રવ્ય તે શુભાશુભ કર્મ કરે છે અને આત્માનું જે વૈષ્ણવ કલ્યાણ કરે છે, તે પરમપદને પામે છે. ૩૧

मुखपवित्रंसहस्रनामंहस्तपवित्रंसुपात्रदानं ।
शरीरपवित्रंगंगास्नानंपिंडपवित्रंब्रह्मज्ञानम् ॥

વિષ્ણુનાં હજાર નામનો જપ કરવાથી મુખ પવિત્ર થાય છે. સુપાત્રને દાન દેવાથી હાથ

પવિત્ર થાય છે. ગંગામાં સ્નાન કરવાથી શ-
રીર પવિત્ર થાય છે અને બ્રહ્મ જ્ઞાનથી પિંડ
પવિત્ર થાય છે. ॥ ૩૨ ॥

गंगागीताश्चवैष्णवाःकपिलाधेनुमेवच ।
हरिनामयथापद्मंवैष्णवनौकाकलियुगे ३३॥

ગંગા, ગીતા, વૈષ્ણવો, કપિલા ગાય, હરિનું
નામ એ વગેરે જેમ પદ્મ–કમળ જળ ઉપર
રહે છે તેમ એ મનુષ્ય કળિયુગમાં વાહાણ
રૂપ છે. ॥ ૩૩ ॥

तत्त्ववेत्तातपश्रेष्ठनिष्कलंकिनिर्लोभिता ।
षट्शास्त्रविनावैष्णवभक्तिचगुरुनारद ॥३४॥

તત્ત્વવેત્તાઓને તપ શ્રેષ્ઠ છે અને નિષ્કલંકને
નિર્લોભપણું શ્રેષ્ઠ છે. હે નારદ ! વિષ્ણુનાં ગાન
વગરનાં છ શાસ્ત્ર સમાન ગુરૂભક્તિ વગરનો
મનુષ્ય જાણવો. ॥ ૩૪ ॥

शुचीसुमतीसुशीलस्यमासाचारीमहाहदम् ।
गुरुभक्तिगर्भहीनकर्तव्याशिष्यनारद ॥३५

હે નારદ! પવિત્ર, સુમતી, સુશીલ, મહાદઢ, આચાર યુક્ત, ગુરૂભક્તિવાળો અને ગર્વહીન એવાને શિષ્ય કરવો. ॥ ૩૫ ॥

तत्त्ववेत्ताविनानारददीक्षाशिक्षाविनानरः ।
उभयोनरकेयांतिगुरुशिष्यरसातले ॥३६॥

હે નારદ! તત્ત્વને ન જાણનાર ગુરૂ અને દીક્ષા શિક્ષા વગરનો શિષ્ય એ બે ગુરૂ અને શિષ્ય રસાતાળમાં નરકે જાય છે. ॥ ૩૬ ॥

वेदशास्त्रंच्चआत्मानंमनमानंतिनराधमाः ।
अज्ञानंचममद्रोहीनरकेयांतिपुनःपुनः॥३७॥

જે નરાધમ વેદશાસ્ત્રને અને આત્માને માનતા નથી, જે અજ્ઞાની છે અને મારો દ્રોહ કરનાર છે તે જન્મો જન્મ નરકમાં જાય છે.૩૭

इति श्रीकृष्ण नारद संवादे नारदगीता समाप्तम् ॥

ઇતિ શ્રી નારદગીતા સમાપ્ત.